ગુજરાતી પાંચમી ચોપડીનો ભોમિયો.

વાંચન શીખવવા શિક્ષકને સૂચના.

પાંચમી ચોપડીમાં તે વિષે કેટલુંક આરંભે લખ્યું છે તે દરેક શિક્ષકે ધ્યાન દઈ વાંચી–સમજી તે પ્રમાણે વર્તવું. વળી પ્રત્યેક શાળાની લાઇબ્રેરીમાં જે ગૂજરાતશાળાપત્ર નામે **અતિ ઉપયોગી ચોપાનીઉં** રહેછે તેમાં એ સંબંધી પુષ્કળ લખાયું છે, તેનો **દરેક શિક્ષકે હમેશાં અભ્યાસ કરતા રહવું જોઇયે** નહિતો તે પોતાનું કામ કદી પણ ધોરણસર કરી શકશે જ નહિ. અમે પણ એ સંબંધી કંઈ થોડું અત્રે લખીએ છીએ.

સ્કૂલોમાં **વાંચનમાળાની** ચોપડીઓ શીખવવાના **ત્રણ હેતુ** ધારેલા છે. ૧ **વાંચવાની કળા શીખવવી** ૨ **ભાષાજ્ઞાન વધારવું.** ૩ **જૂદા જૂદા વિષયોનું સામાન્ય જ્ઞાન આપવું.**

વાંચવાની કળા—[1]**શુદ્ધ ઉચ્ચારે, સરલતાથી રસભર્યું વાંચવું.** એટલે જે શબ્દો ઉપર ભાર દેઈને જ્યાં જેવી ઢબથી વાંચવાનું હોય ત્યાં તેવી ઢબે વાંચવું. **બહુ ઉતાવળથી નહિ,** તે-

---

૧. છેક પાંચમીમાં ચડેલા છોકરા ક્યાંક નીચેની ભૂલો કરી અશુદ્ધ વાંચતા લખતા નજરે આવેછે તે શિક્ષકે સુધારવું.

૧. ગામડીઆપણાની ભૂલો કરે એટલે **स** ને ઠેકાણે **ह** બોલે. જેમ, **સારૂં** ને **હારૂં**. વાગડવાળા, કુંભાર વગેરે એ ભૂલ ઘણી કરેછે.

૨. **શ ષ સ** તેમને યોગ્યસ્થાને ન બોલે. જેમ **પોષ** નો **પોસ**, **માગશર** ને **માગસર** બોલે, ઈ૦.

૩. **ટ** વર્ગને ઠેકાણે **त** વર્ગ કે તેથી ઉલટું; **ग** નો **घ** કે **घ** નો **ग**; **ळ** નો **ह** કે **र**, **र** નો **ड**, **ड** નો **र**; (કોઇ વખત જા-

૫

મ છેક ધીમાશથી નહિ, પણ સાધારણ અવાજે, રાગ કાઢયા કે લહેકા કર્યા વગર, તેમજ છેડાના અક્ષર કે શબ્દ ઉપર ભાર દીધા વગર, સાંભળનાર સ્પષ્ટ રીતે સમજી શકે તેમ, અને સ્વાભાવિક રીતે ભાવદર્શક વાંચવું, તેજ ઉત્તમ વાંચન છે.

સારૂં ગદ્ય કે પદ્ય, સ્પષ્ટ ઉચ્ચાર, સમજ અને લાગણી સાથે વંચાય અથવા મ્હોડે બોલાય, તેના જેવો -હૃદય કેળવનાર વિષય બીજો કોઇ નથી. એ વાત દરેક શિક્ષકે હમેશ યાદ રાખવી. વર્ગના બધા છોકરા જોઈ શકે તેમ વચ્ચે ઉભા રહી મોટા મોટા ઘાંટા કે બરાડા પાડયા વગર સઘળા સાંભળી શકે તેવે અવાજે વાંચન શીખવવું. (પ્રત્યેક પાઠ શીખવવામાં આ વાત લાગુ પડશેજ) વાંચન સાંભળી ગયા તે વાંચન શીખવી ગયા એમ

ણે શુદ્ધ કરવા જતો હોય તેમ ળ) ज्ञ નો ज, द નો ड કે ड નો द; વગેરે વગેરે. જેમ—હાટ ને હાત, ગેરહાજરને ઘેરહાજર, સઘળુંને સગળું, ઘરને ગર, ઘોડોને ગોરો, તળાવને તડાવ, આળસુને આડસુ કે આરસુ, સાંભળીને સાંભરી, સળગ્યુંને સરગ્યું, જામફળને જામફર; સડેલીને સળેલી, મેડીને મેરી, ખીચડીને ખીચરી, વાછડો ને વાછરો. ગૂંઝું ને ગૂંજું, વાંઝણી ને વાંજણી. સાંઝને સાંજ, ઔદીચ્યને ઔડીચ; દર ને ડર, તેમ ડર નો દર ઇ૦ ન વાંચે તેવી શિક્ષકે તજવીજ રાખવી. વાણીઆના ઘણા છોકરા આવી ભૂલો કરેછે.

૪. વગર જરૂરના અનુસ્વાર ન બોલે, તેમ શબ્દ કે અક્ષર વાંચતાં બેવડે કે છોડી ન દે ઇ૦

કદી ન માનવું; તેમ કોઈ વિદ્યાર્થીને કોઇપણ કારણસર **વર્ગનું** વાંચન સાંભળી જવાનું કદી પણ ન આપવું. એક છોકરાની ભૂલો **બીજા** પાસે સુધરાવવી; અઘરા શબ્દોની ભૂલો સુધારતાં, **કાળું પાટીઉં** વાપરવા કદી ભૂલવું નહિ.

વિદ્યાર્થીના ભાષાજ્ઞાનનું ભંડોળ વધારવાના હેતુથી વાંચનપાઠોમાં એક પછી એક નવા દાખલ કરેલા **શબ્દો** તમારા જોવામાં આવશે. પરંતુ તે શબ્દો વિદ્યાર્થીના મગજમાં તેના ખરા અર્થ સહિત કેમ ઉતારવા તેમાંજ **શિક્ષકની ખરી ચતુરાઇ** રહી છે. **સુશિક્ષિત** અને **અશિક્ષિત શિક્ષક** આ સ્થળે તુરત પરખાઇ આવવાનોજ. જાણે કે પાઠમાં **પારદર્શક** અને **અપારદર્શક** એ બે શબ્દો નવા આવ્યા ત્યારે અણઘડ શિક્ષક જેની આરપાર દેખાય તે **પારદર્શક** અને ન દેખાય તે **અપાર દર્શક** એટલુંજ શીખવ્યું બસ ગણશે. અને કેટલાક તો **મફતનો પગાર** ખાઇ લૂણહરામ કરનારા માણસે સાઠ **દહાડામાટે સ્વસત્તાથી પરીક્ષક બની બેઠેલા વેઠીઆ** તો એટલું કરવાએ તસ્દી ન લેતાં **અર્થની ચોપડી** જે ચલાવવાને **ખાતાની સખ્તમાં સખ્ત મના છે,** તેમાંથી કે તેવીજ હબ્બની[1] **કોઇ નોટ કે તારાગુની ચોપડીમાંથી** છોકરાએ ગોખેલો તેનો અર્થ પૂછી જઇનેજ સંતોષ પકડશે. પરંતુ શિક્ષક પંડે જે **પોતાની ખરી ફરજ સમજનાર-ઈશ્વરથી ડરી-**

---

૧ કેટલીક ચોપડીઓ છેક બચપણથી બોલાતો એકાક્ષરી **મા** શબ્દ બાળકને જણાવતી કે જતેતાનેરૂપે સ્પષ્ટ અર્થ કરી સમજાવવા પ્રયત્ન કરતી નજર પડે છે તેના લખનારને ભાન નથી કે છોકરાને **આથી સરલતા** કરૂંછું કે ખરો અર્થ સમજાવવાના ડોળમાં ઊલટો વધારે ગૂંચવું છું.

ને ચાલનાર-ખાતાના નિયમોને માન આપી વર્ત્તનાર-અને પોતાના દેશના ખરા ઉત્કર્ષની કાળજી રાખનાર હશે તો તુરત એ બે શબ્દોની ભાષામાં શી જરૂર છે, તે વિદ્યાર્થીને પ્રત્યક્ષ કરવા માટે છોકરાંની બુદ્ધિની અણીને ગોખણપટ્ટીના અયોગ્ય ઘર્ષણથી બુઠ્ઠી કરી ન નાંખતા બાળકના મનનાં સ્વાભાવિક વલણો અને શક્તિ કેળવવા માટે તેને સ્લેટ, કાગળ, પાટી, વગેરે જૂદી જૂદી વસ્તુઓ ક્રમે ક્રમે તેના હાથમાં આપી તે આંખ આડે ધરતાં, બીજે પારની વસ્તુ કેમ દેખાતી નથી? અને કાચ મૂકતાં કેમ દેખાયછે? તેનું પ્રત્યક્ષ જ્ઞાન કરાવશે. વળી કેટલીક વસ્તુની આરપાર જોઇ શકાયછે અને કેટલીકની આરપાર જોઇ શકાતું નથી એવો ભેદ વસ્તુમાં રહેલો છે. એ વિચાર પણ બાળકના મનમાં તે પોતાની મેળે ઉત્પન્ન કરશે. એટલુંજ નહિ પણ એવો તર્ક ઉત્પન્ન કરી આપ બળથી તેની પાસે તેવી વસ્તુઓ જૂદી પડાવશે, અને એ ભેદદર્શક ટૂંકાણમાં પારદર્શક અને અપારદર્શક શબ્દો ભાષામાં કેવા ઉપયોગી છે, તે સમજાવશે. એટલે એમ શીખવેલો અર્થ બાળક કદી પણ ભૂલશે નહિ. અને કેળવણી આપવાનો હેતુ સફળ થશે.

મહેતાજી સાહેબ! આ બે શબ્દો વિષે ટૂંકામાં સમજાવતાં પણ કેટલી જગ્યા રોકાઇ? તો આખી ચોપડીના શબ્દો વાસ્તવિક રીતે કેમ સમજાવવા? તે લખતાં કેટલી બધી જગ્યા રોકાય? અને એવાં લખેલાં પુસ્તકોનો ખર્ચ તથા મહેનત કેટલી ભારે પડે? એટલે શિક્ષકનું કામ તો શિક્ષકેજ કરવાનું છે કોઇપણ પુસ્તક ગમે તેવું લખાય તોપણ તે કદી શિક્ષકની જગ્યા લઈ શકેજ નહિ અને તેથીજ ખરી શિક્ષકસંપત્તિ મેળવવી. એમ સહુને ભલા-

મણુ કરી છે. તોપણ **અમે આ ભોમિયામાં શિક્ષક અને શિષ્યને અઘરા પડતાં સર્વ સ્થળો** વિષે જેટલું બન્યું તેટલું **સ્પષ્ટીકરણ** કર્યું છે. તે સાથે **બિન જરૂરી લંબાણ ન થવા પણ પૂરતી ચોકશી** રાખી છે. દરેક **પાઠના પેટાં** છપાવતાં **લંબાણ ઘણું થતું હતું** અને તે કામ ચતુર શિક્ષકને મુશ્કેલ નથી એટલે હાલને વખતે તો પડતું મૂક્યું છે પણ અનુભવીઓની સલાહ મળશે તો **બીજી આવૃત્તિ વખતે** તે વાત ઉપર વિચારીશું. (Explanation) **સમજણ** અને (otherwords) **પર્યાય** એ એનો ભેદ ઘણા શિક્ષકો સમજ્યા વગર શબ્દના ખરા અર્થનો ચિતાર બાળકને ન આપતાં તેનો **પર્યાય** શીખવી **અર્થ શીખવ્યો** ગણે છે એ ભૂલ છે. નાનાં બાળકોને ભાષામાં કયો શબ્દ કેવે અર્થે વપરાય છે તે પ્રથમ શીખવવાનું છે અને એ જ્ઞાન પરિપક્વ થયા પછી તેના **ભાષાજ્ઞાનનો ભંડાળ વિશેષ વધારવા માટે તેને પર્યાય અને તેથી ઉલટા અર્થના શબ્દો** શીખવવા એ ઉપયોગી છે. તેથી આ પુસ્તકમાં તેવા પુષ્કળ **પર્યાય અને ઉલટા શબ્દો** પણ આપ્યા છે. અમે દરેક શબ્દનો ખરો અર્થ સાદી ભાષામાં સમજાવવા યત્ન કર્યો છે તે જોકે કઠિણ શબ્દોનો વાસ્તવિક અર્થ તેના શિક્ષકને[૧] સ્પષ્ટ થાય અને

---

૧. સૌના જાણવામાં હશેજ કે ઘણે ઠેકાણે આ ધોરણ ભણાવનાર સારા હોશિયાર **ટ્રેન્ડ શિક્ષકો નથી** હોતા તેથી તેમને પાંચમી ચોપડી જેવી કાળજીથી શીખવવી જોઇયે તેવી આવડત હોતી નથી—અને આ **ધોરણ ભણી બાળકોને ઇંગ્રેજી ભણવાનું હોય છે.** વળી **ટ્રેન્ડ શિક્ષક** હોયછે તેમાંના પણ કેટલાક પ્રમાદ કે **બીજા કારણથી જોઈતો ઉત્સાહ** પોતાના કામમાં ધરાવતા નથી. **વળી**

તે ભૂલાવામાં ન પડે તે માટે કેટલેક ઠેકાણે મૂળ સંસ્કૃત શબ્દ, આધાર, પ્રત્યય, વ્યુત્પત્તિ અને અઘરી સમજુતી કારણ પ્રસંગે ફક્ત શિક્ષકનેજ વાંચવા માટે આપી છે. સઘળું છતાં પણ આ ભોમિયો તે ખરેખરો શિક્ષકવર્ગનોજ ભોમિયો છે. માટે કોઈ પણ શિક્ષકે આ ભોમિયાને પોતાની જગ્યા આપી દેવાનો યત્ન કરવો નહિ. પણ આમાં લખેલું સઘળું વાંચી જઈ પ્રત્યેક પાઠ શિક્ષણપદ્ધતિના ખરા નિયમ અનુસાર કથિત પાઠ પદ્ધતિયે શીખવવો. (જુવો નમુનો શાળાપત્ર માહે સપ્ટેમ્બર, અકટોબર સને ૧૮૭૮) શિક્ષકને તેના કામમાં મદદગાર થવું એજ માત્ર આ પુસ્તકનો હેતુ છે.

આપણી બાળશાળાઓના વિદ્યાર્થીની નાની ઉમર, બેદરકારી, તેમનાં માવીતરોની બેકાળજી અને તેમના ઓછા જ્ઞાનથી બાળકોની કેળવણી તરફ રખાતું દુર્લક્ષ વગેરે સબબે વિદ્યાર્થીઓની શાળામાં રહેતી અનિયમિત હાજરી, તેમાં વળી ગામડામાં એક મહેતાજીને ઘણા વર્ગોને શીખવવાનું તથા તેમાં જુજ સંખ્યા રહેવાનું, ઇ. ઈ. ઘણાં કારણોથી ઘણા અનુભવી શિક્ષકો પણ પોતાના કામમાં યોગ્ય પદ્ધતિયે

ટ્રેનીંગકોલેજમાં પણ પ્રથમ જેમ પાઠશાળી ચોપડીયો વિષે પુનરાવર્તન થતું હતું તેમ હાલ થતું નથી એમ કહેવાય છે. એટલે કેટલાક શિક્ષક બનેલાઓ પણ વાંચવાની ચોપડી જોઈએ તેવી સારી શાળામાં શીખેલા ન હોવાથી કેટલાંક સ્થળો તેમને યોગ્ય રીતે શીખવવાને મુશ્કેલ પડે છે. તે વાત શાળાપત્રમાં કેટલાક તરફથી ઘણા અજ્ઞાનતા ભરેલા પૂછાયલા પ્રશ્નો પણ સિદ્ધ કરેછે—તેથીજ આગે આ શિક્ષકનો ભોમિયો છપાવવા જરૂર પડી છે.

શીખવતાં ઘણી ભીડાઓ નડતી જણાયછે. અલબત્ત તેપણ ધ્યાન-આપવા યોગ્ય વાત છે. ગેરહાજરીને લીધે શાળાના નિયમિત ક્રમ-માં ભાગ ન લેનાર, ગેરહાજર રહેતા વિદ્યાર્થીને આવા ભોમિયા-વખતે સહાયકારક પણ થઇ શકે. તોપણ દરેક શિક્ષકે એટલું તો ધ્યાનમાંજ રાખવું કે આવા ભોમિયાને ભરૂસે પોતાનો ખ-રો શિક્ષણક્રમ કદી છોડી દેવો નહિ. અને નોટો લખાવી શિક્ષણ આપવાની પદ્ધતિ કદી બંધ કરવી નહિ. એવી રીતે યોગ્ય રીતે શીખેલો વિદ્યાર્થી આવો ભોમિયો વાંચશે તોપણ તેને પણ ઉપયોગી થશે, પરંતુ આટલું તો અવશ્ય યાદ રાખવું કે પ્રથમ શિ-ષ્યને આ ભોમિયાનો પણ ભોમિયો શિક્ષકે કર્યા પછીજ તે-નો કંઇપણ ઉપયોગ તેને કરવા દેવો, પરંતુ શિક્ષકની જગ્યા તેને કદી પણ આપી દેવી નહિજ.

પાઠની ભાષા તેનો અર્થ અને ભાવ જે સ્થળે કઠણ હોય તે શોધી વિદ્યાર્થી સરલતાથી તે કેમ સમજી શકે તેનો વિચાર કરી નોંધ તૈયાર કરવી. ભાષાની કઠિણતા, શબ્દો તથા વાક્યરચના-ની હશે. શબ્દના વાસ્તવિક અર્થ, પ્રત્યય આદિ છૂટા પાડવા અને યોગ્ય પર્યાય આપવા ઇત્યાદિથી ભાષાની કઠિણતા દૂર થશે. નામના એટલે પ્રસિદ્ધિ, અને પ્રસિદ્ધિ એટલે નામના એવા વગર સમજના પર્યાયો આપવાથી શબ્દાર્થ શીખવ્યા એમ કદી ગ-ણવું નહિ પણ ઉપર સમજાવ્યું તેમ શબ્દનો ખરો અર્થ બાળકના ધ્યાનમાં ઊતારવો. વાક્યરચનાની અઘરાશ પદચ્છેદ પાડવાથી દૂર થશે. વાંચન સાથેજ વ્યાકરણ પૂછવું જોઇયે. પદચ્છેદ અનુક્રમે બોલાવી જવાને કેટલાક વ્યાકરણ શીખવ્યું સમજેછે તે તો મોટી

ભૂલ છે. ભાષાજ્ઞાનનો ખરો પાયોજ વ્યાકરણ છે. માટે વાક્યમાં જે શબ્દનો સંબંધ બાળકને ગુંચવાડામાં નાંખે તેવો જણાય તે તુરત પૂછી તેને ન આવડે તો બીજાને. એમ છોકરો પોતે અક્કલ ખર્ચી ધારેલો જવાબ પોતાની મેળે શોધી કાઢે તેમ કરવું. જરૂર પડે ત્યાં શિક્ષકે પણ કહેવું. **વરસાદ** શબ્દ છોકરે વાંચ્યો તો તેનું ક્રિયાપદ શું? **વરસવું**. તેનું ભૂતકાળ શું? રાજ શબ્દ આવ્યો તો રાજ્યનો ઉપરી તે કોણ? એ ઉપરથી કયા શબ્દો થયા? ઇ. ઇ. ઘણા ઉંધા ચત્તા પ્રશ્નોથી **ભાષા ને વ્યાકરણનું જ્ઞાન વધારવું.**

પાઠની કઠિણતા મટાડવા માટે **પ્રદર્શન, ઉદાહરણ** અને **સ્પષ્ટીકરણ** એ ઉપાય છે.

અ પ્રદર્શન—જે વસ્તુ કે બાબત પ્રત્યક્ષ હાજર થઈ શકે તે હાજર રાખવી અને તેમ નજ બની શકે તો તેનું **ચિત્ર** કે **નમુનો** હાજર રાખવો કે પાટીઆ ઉપર પાડવો. અને તેમ પણ ન બની શકતું હોય ત્યારે ઘણું સ્પષ્ટ, સરલ અને સમજાય તેવા આબેહૂબ વર્ણનથી **શીખવવાનાં બાબતનું વાસ્તવિક ચિત્ર** વિદ્યાર્થીના મનમાં પડી રહે તેમ કરવું. **પ્રદર્શનપદ્ધતિ** શિક્ષણમાં અતિશય ઉપયોગી છે જે વસ્તુ વિષે જ્ઞાન આપવું હોય તે વિદ્યાર્થીને નજરે બતાવ્યા સિવાય ઘણા સમજુ અને શિક્ષણ કળા જાણનાર શિક્ષકથી પણ યથાસ્થિત રીતે પાઠ શીખવી શકાતો નથી. માટે પાઠ શીખવવામાં બને ત્યાં **પ્રદર્શન** ખાસ કરાવવું. ભૂગોળ ઇતિહાસના પાઠ શીખવતાં તે સંબંધના નકશા અવશ્ય હાજર રાખવા. તેમાં પાઠમાં આવતાં સ્થળો સમજ અને સંબંધપૂર્વક બતાવવાં. પર્વત, નદી, વૃક્ષો, બાગ, વન વગેરે કુદરતી ચીજો જે પ્રદર્શન માટે સ્કૂલમાં લાવી શ-

કાય નહિ તે ગામની નજીક હોય તો છૂટીને વખતે ત્યાં બાળકોને લેઇ જવાં. અને ત્યાં **તેમની પાસે અવલોકન કરાવી જ્ઞાન પ્રત્યક્ષ** કરાવવું.

સમજાવવાની બાબત યોગ્ય રીતે રચાએલા પ્રશ્નોવડે **પ્રશ્નોત્તર-શૈલીથી જાણીતા ઉપરથી અજાણ્યા** ઉપર જવાના **નિયમે** ઠીક સમજાશે. જેમ બને તેમ સમજાવવા ધારેલા વિષય વિષે બાળક પોતેજ **તર્ક ને અનુમાનો** કરી તેને લગતા બને તેટલા જવાબ પડે આપી શકે એવા **સૂચક પ્રશ્નો** કરવા તે ઉત્તમ છે.

ब. **ઉદાહરણ**—કોઇ ફળ બતાવી તેને ટેકો ન મળે તો શું થાય ? એમ પૂછતાં કહેશે કે પૃથ્વી ઉપર પડે. પણ એની એ વાત **સામાન્ય રૂપે** પૂછીએ કે ટેકા વગર નિરાધાર વસ્તુનું શું થાય ? ત્યારે બાળક તેનો ઉત્તર આપી શકશે નહિ. તેનું કારણ એટલુંજ કે બુદ્ધિ વધારે કેળવાયા વગર સામાન્ય રૂપે કહેલી વાત બાળક સમજી શકતું નથી, માટે પ્રથમ **ઉદાહરણો** આપીને તે ઉપરથી સામાન્ય વાત કઢાવવી જોઇયે.

क. અઘરામાં અઘરા પાઠનું **સ્પષ્ટીકરણ** થવા માટે પાઠનું **પ્રથક્કરણ, સરળ રચના,** અને **ઘટતો વિસ્તાર** થાય તો સઘળું સરલ થઇ જશે.

બાળકોનું સામાન્ય[૧] જ્ઞાન વધવા માટે જૂદા જૂદા વિષય-

---

૧ ધોરણવાર **સામાન્ય જ્ઞાનના** પાઠો, જૂદા સ્વતંત્ર **કથિત** પાઠો તરીકે હાલે **શાળાપત્રમાં** છપાયછે, તે પાઠો ભણનારની યોગ્યતા ઉપર નજરે પ્રત્યેક સ્કૂલમાં આપવા જોઇયે. અને તેવડે બાળકની બુદ્ધિ અને અવલોકન, કારણ, તોલન વગેરે શક્તિ યોગ્ય રીતે ખી-

ના પાઠો વાંચનમાળામાં ગોઠવ્યા છે. પરંતુ તે યોગ્ય રીતે સંબંધ અને સમજપૂર્વક શીખવે ત્યારેજ ફળદાયક થાયછે.

વિદ્યાર્થીની ઉમર, આવડત, સ્થળ વગેરે ઉપર નજરે પાડીને જરૂર કેટલુંક બહારનું સામાન્ય જ્ઞાન વાંચનની સમજુતી ચલાવતી વખત આપવુંજ જોઇયે. જેમ, છોકરાને યૂરોપની ભૂગોળ ચાલી નથી અને લંડન શબ્દ વાંચવામાં આવ્યો ત્યારે તે શહેર ઇંગ્લાંડની રાજધાની છે; વળી તે આખી દુનિયામાં સૌથી સરસ, મોટામાં મોટું, પૈસાવાળુ, સૌથી વધારે આબાદ, વેપાર, ધંધા, મોટાઇ અને વિદ્યાકળામાં દુનિયામાં પહેલા નંબરનું અને ત્યાં જઇએ તો આપણે ઘણું જોવા જાણવા ને શીખવાનું મળે ઇ૦ હકીકત આપી નકશામાં બતાવવુંજ પડશે. એવા પાઠો ચાલતાં નકશો હાજર રાખવો જોઇયે. આવું બહારનું જ્ઞાન નોંધી લેવાનો વિદ્યાર્થીને ઘણો મહાવરો ન હોય ત્યાં લગી શિક્ષકે પંડે છોકરાને લખાવવું, અને તેઓ ઉમર તથા અભ્યાસમાં આગળ વધે તેમ પંડે નોટ લેતાં શીખે એમ કરવું.

[1]ઇતિહાસના પાઠ—જાણે વાંચનનાજ પાઠ હોય તે રીતે ચલે તેમ કરવું. બાળકના મનના સ્વાભાવિક વલણો ને શક્તિને કેળવી ઉત્તેજન આપી સતેજ કરી તેને સન્માર્ગે પ્રેરવી ને ખીલવવી એ શિક્ષણનો હેતુ છે. શિક્ષકે શિક્ષણ આપવામાં બાળકને આંધળાને દોરવા જેવો પ્રયત્ન ન કરવો. પણ માર્ગ બતાવી તેને સ્વતંત્રપણે ચાલવા દેવો.

૧. એક બીજા પાઠોનો સંબંધ સરલતાથી જોવા માટે અમે ઇતિહાસના પાઠ સામટા મૂક્યા છે પણ વર્ગમાં તો જે ક્રમે પાંચમી ચોપડીમાં આપ્યા છે તેમજ ચલાવવું.

લાવવા. પણ ઉપર પ્રદર્શનના પ્રાયદ્ધ થઈ ગયા તે પ્રમાણે જ્ઞાન પ્રત્યક્ષ થવા માટે જે દેશનો પાઠ ચાલતો હોય તેનો **નકશો હાજર રાખી**, ગામો નદી ઇ. આવે તે **નકશામાં** બતાવવાં. ૨ નવો પાઠ શરૂ કરતાં પાછળ **સંબંધ રાખતી હકીકત તાજી** કરાવ્યા બાદ નવી શીખવવી. (આ નિયમ ભૂલ્યાથી છોકરાં નવી વાત સમજશે નહિ અને શીખવેલું નિષ્ફળ જશે.) કાર્ય કારણનો સંબંધ બતાવી **ઇતિહાસની** વાતો **રસિક** રીતે વાર્તાની પેઠે યાદ રખાવવી. ૩ બાળકનું હૃદય, મન, અને વૃત્તિયો કેળવાય તથા તેનાં આચરણ અને વ્યવહાર સુધરે તેમ તેને શીખવાતી દરેક વાતમાંથી તેના મન પર નીતિની અસર થાય એમ કરવું. ૪ દરેક રાજાની હકીકત ઉપરથી પ્રજાની નીતિ રીતિ ને સ્થિતિને થયેલી અસર વગેરેનો **સાર** કાઢી તેનો ચાલતી સ્થિતિ સાથે મુકાબલો કરી જોઇતો ઉપદેશ કરવો. કેટલેક ઠેકાણે એવો સાર આ ચોપડીમાં કાઢી બતાવવામાં આવ્યો છે.

કવિતાના પાઠ—કવિતા મ્હોડે બોલાવી અર્થ પૂછી સમજુતી કરાવી ગયા એટલે કામ બજ્યું એમ ઘણા સમજે છે. પણ એમાં એથી ઘણું વધારે કરવાનું છે. તે વિષે શાળાપત્રમાં વિસ્તાર છે તે જોવો. કવિતા એ વાંચનનોજ ભેદ છે તેથી વાંચન શીખવવાના સઘળા નિયમો એ શીખવવાને પણ લાગુ છે. હાથ ઉપર તાળ દેઇને કવિતા સારા સ્વરથી બોલાવવી. કવિતા વંચાઇ રહે એટલે દરેક શબ્દના અર્થ, અને જોઇતું પદચ્છેદ વગેરે શીખવ્યા પછી [1]અન્વય કરાવવો.

---

૧. અન્વય કોને કહે। તે ઘણા શિક્ષક બનેલા પણ સમજતા નથી. ગદ્યના વ્યાકરણ નિયમ પ્રમાણે પદ્યને ગોઠવવું તેનું નામ અન્વય

વાંચેલા પાઠનો સારસંગ્રહ—કેવી રીતે કરવો અને શું યાદ રાખવું? તે ન જાણવાથી કેટલાક શિક્ષકો **પાઠના શબ્દેશબ્દ છોકરાને** **પાઠે કરાવે છે.** પણ ઘણાક શિક્ષકો વાંચનપાઠ શીખવવો એટલે **પાઠ વંચાવવો તેના શબ્દાર્થ, થોડા શબ્દનું પદચ્છેદ** કે કઇ ભાષાનો **શબ્દ** છે તેની વ્યુત્પત્તિ પૂછી એમ કહી વિષય પૂરો શીખવ્યો સમજે છે. પરંતુ **પાઠમાં કહેલા વિષય છોકરાં સમજ્યાં કે નહિ** તેની તો દરકાર કરવામાં આવતી નથી. તેનું પરિણામ એ આવે છે કે પોતાની જન્મભાષાની કેળવણી સાત સાત વર્ષની લાંબી મુદત સુધી બાળક લે છે તથાપિ તેને **સારા નિબંધ કે વર્ણન લખતાં આવડતું નથી**–એ બધી **શિક્ષણની ખામીજ** છે બાળક જો **પાઠનો અર્થ સંપૂર્ણ અને રસભરી રીતે** સમજે તો તેનો સાર તેને આપોઆપજ યાદ રહે. તેણે સમજવું જોઇએ કે ચોપડીના શબ્દ, વગર સમજે બકીજવા તે **સારૂ** નથી. **સમજ્યા વિનાના શબ્દો** યાદ રાખવાથી કશો **ફાયદો** પણ નથી અને તેવા શબ્દ **લાંબી મુદત યાદ રહેતા** પણ નથી. માટે **પાઠના શબ્દ નહિ પણ મતલબ યાદ રખાવવી.** પાઠનો **સાર** **તો વાંચનારને જન્મપર્યંત યાદ રહે એવો ઉદ્દેશ શિક્ષકનો જોઇયે.** નિશાળ છોડી મહેતાજીને **મહેતાજીનું ભણાવેલું** કંઇપણ **આપી જવાનો હેતુ** ભણાવવાનો નથીજ. **શાળામાં શીખેલું સર્વ જ્ઞાન વ્યવહારમાં ખપ લાગે અને યાદ રહે એજ ઉદ્દેશ** છે. માટે શિક્ષકે **વાંચનપાઠનું પ્રથક્કરણ કરાવવું.** તેમાં અનુક્રમે **કયા કયા મુદ્દા** સમાયા છે. તે મુદ્દાના **પેટામાં** કઇ કઇ બાબત કહી છે તેનું **ચોખ્ખું જ્ઞાન** કરાવવું; અને **મુદ્દાની ટૂંક નોંધ પાટીઆ** ઉપર લખવી. એમ પેટા પૂરા થઇ રહે એટલે છોકરાંને તે યાદ કરાવી તેનું **ક્રમ મુજબ વિવેચન** છોકરાંની **પોતાની ભાષામાં** (ચોપડીના **ગોખેલા શ-**

ચ્હોમાં નહિ) કરાવી પછી તેનો **સાર** લખાવવો. **ચોથી** ચોપડીથી આવા સાર લખાવવાનો આરંભ કરવો. **ચોથી, પાંચમી** ચોપડીમાં **એક બે પારાગ્રાફનો સાર** લખશે તો બસ થશે. પણ **પેટાં તો આખા પાઠનાં** યાદ રખાવવાં અને બાકીનો સાર અનુક્રમે મ્હોએ કહેવડાવવો. પણ પેટાં પાડયાં હોય તે ઉપરથી **છોકરાં પોતાની ભાષામાં** આ વિવેચન કરે એ ઉપર ખાસ ધ્યાન રાખી તપાસવું ને ભૂલ હોય તે સુધરાવવી. **આ પદ્ધતિયે શીખવવાથી વાંચન શીખવવાનો હેતુ ઉત્તમ રીતે ફળીભૂત થતાં ચોપડીનું સારૂં જ્ઞાન થશે.** વિષયને ગોઠવીને સારી ઇબારત અને ક્રમમાં લખતાં અને બોલતાં આવડશે તેથી હાલે **નિબંધ** લખતાં વિદ્યાર્થીમાં એ બાબતની જે ખામી આપણી શાળાઓમાં જણાયછે તે ટળશે.

વિરામ ચિન્હો વિષે.

એ ચિન્હો ઉપર પાઠ વાંચતાં પૂરતુ ધ્યાન આપવાનું છે એટલે થોડી સમજ અત્રે આપી છે.

, **સ્વલ્પ** અથવા **અલ્પવિરામ ચિન્હ.** (ઇ કૉમા) ત્યાં થોડીવાર અટકવું

; **અર્ધવિરામ** (ઇ **સેમીકોલન**) ત્યાં **કોમા** કરતાં જરા વધારે વાર અટકવું

. **પૂર્ણ વિરામ** (ઇ. ફુલસ્ટોપ) વાકય પૂરૂં થાય ત્યાં **વપરાય છે.** પૂરતો દમ લેવો.

: મહાવિરામ (ઇ કોલન) જેમ, આળસ તજો : આળસ સમાન બીજો વેરી નથી એમાં કેમકે અવ્યય વચમાં પડતો મૂકયો છે.

? **પ્રશ્નાર્થ ચિન્હ—સવાલ** કરનારાં વાકયને છેડે વપરાયછે. જેમ, ક્યાં ગયા હતા ?

! **ઉદ્‌ગાર ચિન્હ**—કેવળપ્રયોગી અવ્યય અથવા તે અર્થે વપરાતા કોઈપણ શબ્દ કે શબ્દાવળીની પછી એ ચિન્હ મુકાયછે. ઉભરાનો ભાવ ઓછો હોય ત્યારે અલ્પવિરામ મૂકેછે. જેમ, અરે ! શિવશિવ ! આ તે શો ગજબ ! અરે, મારૂં માથું દુઃખેછે.

! **આશ્ચર્ય ચિન્હ**—તાજુબી તથા વિચિત્રપણું બતાવતાં છેડે વાપરેછે વધારે નવાઇ બતાવતાં એ ચિન્હ એકથી વધારે વાર પણ વાપરેછે.

- **સંધાનરેખા**—(ઇં. હાઇફન) લીટી પૂરી થતાં શબ્દ અધૂરો રહે ત્યારે, અથવા બે પદને એક જેવાં બનાવવાં હોય ત્યાં વપરાયછે. જેમ, ઇંગ્રેજી-ગુજરાતી ડિક્ષનેરી, ચા-દાની.

— **અવચ્છેદરેખા** (ગુરૂરેખા, ડેશ) મહાવિરામ જેવા અર્થમાં કંઈ વધારે કહેવાનું હોય ત્યારે વાપરે છે. કોઇવાર તે બન્ને સાથે (:—) વપરાય છે.

’ **લોપચિન્હ**—શબ્દમાં કોઇ અક્ષર લખ્યો નથી. એમ બતાવેછે. જેમ, પે’લો એમાં હનો લોપ છે.

= **સમાન ચિન્હ**—જેની વચ્ચે હોય તેનું સરખાપણું બતાવેછે. જેમકે કર્ણ=કાન.

ˇ ^ **ભૂલ ચિન્હ**—(કાકપદ કે હંસપદ) જ્યાં ભૂલ હોય ત્યાં એવું ચિન્હ કરી બીજે ઠેકાણે ભૂલ લખેછે.

“ ” **અવતરણ**—કોઇના બોલેલા કે લખેલા શબ્દો તેના તેજ રૂપમાં લખી બતાવવાનું ચિન્હ—જેમ, શિક્ષકે કહ્યું “ નકામા બેશો નહિ. ”

( ) બેઉ ચંદ્ર
[ ] કાટખૂણ (બ્રેકેટ્સ)
{ } બગડીઓ

કૌંસ—જે વિશેષ બાબતો કાઢી લેતાં મળ અર્થ તૂટે નહિ તે એમાં લખાયછે.

પારાગ્રાફ—નવી બાબતની શરૂઆત થાય ત્યાં પડાયછે.

૭૩૪૦

ગૂજરાતી પાંચમી ચોપડીનો ભોમિયો.

વાંચન પાઠમાં વપરાયલાં સંક્ષેપ રૂપોની સમજ.

ના૦=નામ.
પ્રે. પ્ર. ના૦=પહેલા પ્રકારનું નામ.
બી. પ્ર. ના૦=બીજા પ્રકારનું નામ.
વિ૦=વિશેષણ.
પે. પ્ર. વિ૦=પહેલા પ્રકારનું વિશેષણ.
બી. પ્ર. વિ૦=બીજા પ્રકારનું વિશેષણ.
સ૦–સર્વનામ.
ક્રિ૦–ક્રિયાપદ.
અ૦–અવ્યય.
કૃ૦–કૃદંત.
કૃ. ના૦–કૃદંત નામ.
કૃ. વિ૦–કૃદંત વિશેષણ.
કૃ. અ૦=કૃદંત અવ્યય.
ઉ. અ૦=ઉભયાન્વયી અવ્યય.
શ. યો. અ૦=શબ્દયોગી અવ્યય.
ક્રિ. વિ. અ૦=ક્રિયાવિશેષણ અવ્યય.
વ૦–વખત બતાવનાર
રી૦–રીત ,,
સં.–સંસ્કૃત ભાષાનો શબ્દ.
મૂ૦–મૂળ શબ્દ.
અપ૦–અપભ્રંશ શબ્દ.
ઇ૦–ઇત્યાદિ.
પ્ર૦–પ્રશ્ન, ૨ પ્રત્યય.
ઉ૦–ઉત્તર, ૨ ઉપસર્ગ.
આ૦–આશય.
વ૦=વચન.
દા૦=દાખલા.
જા૦=જાતિ.
છ. વિ. પ્ર૦=છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.

ગૂજરાતી પાંચમી ચોપડીનો
મોં[illegible]યો.

વાંચન પાઠ

પાંચમી ચોપડી—ગૂજરાતીભાષાનું જ્ઞાન થવાને જે જૂદી જૂદી પાયરીબંધ ગોઠવણ ચોપડીના આકારમાં કરી છે તે માંહેલું એક પાંચમું પગથીઉં.

પાઠ ૧ લો.

છાતી ચલાવનાર=હિમ્મત કરનાર.
દફતર=ચોપડી રાખવાની ગુગથી. (કોથળી.)
તોબરો (ના.)=પાવરો, ઘોડાને જોગાણ ખવરાવવાની ચામડાની કોથળી જેવું હોય છે તે.
મિજાજ (ના.)—ગયો=રીસ ચઢી, ગુસ્સે થયો.
છેડતા (કૃ. વિ.)=ખીજાય તેમ કરતી.
બનવું=સંપ રહેવો, હળીમળીને રહેવું તે. તેનું કૃદંત. બનતું.
વાજબી (વિ.)=ઘટારત, લાયક, યોગ્ય, બરાબર.

ગેરવાજબી (વિ.)=(ગેર=નહિ+વાજબી=બરાબર) ખોટું, અયોગ્ય, ખરાબ, બરાબર નહિ તે. (ગેર [આદ્યય] આગળ લાગવાથી ગેર મહેરબાની, ગેરહાજર, વગેરે શબ્દો થાયછે.)

પાઠ ૨ જો. ભાગ બીજો.

ભાગ—એકજ વાત લાંબી હોવાથી ઘણા પાઠમાં લખવી પડે ત્યારે ભાગ પાડેછે. આ વાતના ત્રણ ભાગ પાડયા છે તેનો આ બીજો ભાગ છે.
રોષ (ના.)=રીસ, ગુસ્સો, ક્રોધ.
ઉતર્યો=નરમ પડયો, શાંત પડયો.
લેહે (ના.)=ચડસ, પ્રીતિ, મજા લાગવી તે; લગની.
પક્કી=પૂરેપૂરી, ખરેખરી, બરાબર.
મીઠાં વચન=મધુર વચન, મન ખુશ થાય એવા બોલ.
પરીક્ષા (ના.)=બરાબર તપાસીને જોવું તે, તપાસ. [પરિ+ઈક્ષ્+આ]

પાઠ ૩ જો.

સુધારો=સારો ફેરફાર. ઉલટું બગાડો
ભોળો=કપટી નહિ તે, લુચ્ચાઈ વગરનો, વિશ્વાસુ, મૂર્ખ.
યત્ન=(ના.) મહેનત, કોશીસ, દાખડો, ઉપાય.
કદાપિ=(અ.) કોઇ–વખતે–ફેરે, કદાચ (કદા+અપિ=ક્યારેક પણ).
દુર્ગુણ=ખરાબ ટેવ (ખોટું બોલવું, ચોરી કરવી વગેરે). [દુઃ+ગુણ]
હાંસી=(ના.) મસ્કરી, ઠીકડી, ચેષ્ટા.
આખરે (અ૦)=છેવટે, છેલ્લે, અંતે.
ટેવ=(ના.) હેવા, આદત, મહાવરો.

આ ત્રણ પાઠની મતલબ એ છે કે ખરૂં કામ કરતાં ગમે તેટલી અડચણો આવે. તેની દરકાર ન કરતાં તે કરવાને હિમ્મત રાખવાથી છેવટે તે કામ પાર પડેછે ને લોકો બહુ વખાણ કરેછે.

પાઠ ૪ થો.

પક્ષી=પંખી, પાંખ અને ચાંચવાળું પ્રાણી.
રૂવાં=(ના.) ટુંકા ને સુંવાળા વાળ, રૂવાડાં. [ખોટું]
બરડો=(ના.) વાંસો, પીઠ. (બઇડો)
કરોડ=(ના.) વાંસાની વચ્ચેનું હાડકું.
પ્રાણી=જેને જીવ છે ને જે ફરી હરી શકેછે તે પ્રાણી.
ગર(ના.)=માવો, અંદરનો પોચો ભાગ, ગરભ.
છિદ્ર(ના.)=ઝીણું કાણું, વેહ, વીંધ.
ગીધ=મૂવેલાં પ્રાણી ખાનારૂં એક જાતનું મોટું પક્ષી.
ઘૂડ=ઘુઘુરાજા, ઘૂવડ, (તે દિવસે દેખતું નથી.)
લક્કડખોદ=લાકડાં કોતરી ખાનારૂં પક્ષી એને કોઇ વાઢો(સૂતારીઓ)કહેછે.
ચાસ=નીલચાસ, એનો રંગ લીલોછે.
સારસ=એક જાતનું પક્ષી, પાણીકાંઠે રહેછે. તે હમેશાં નરમાદાનું જોડું રહેછે.
દેવચકલી=બુલબુલ પક્ષી, દુર્ગાચકલી.
જળકૂકડી=પાણીમાં રહેનારૂં એક જાતનું પક્ષી, બતક.
કાકાકૌઆ=માથે કલગીવાળું પોપટના જેવું સફેદ પક્ષી. તેને લોકો પોપટની પેઠે પોતાને ઘેર પાળે છે.
દેવતરસ્યો=બપૈઓ, ચાતક, પપૈયો.

☞ બીજાં પ્રાણી ને પક્ષીનો મુકાબલો તથા ચાંચ પગ વગેરેના જૂદાપણાને લીધે પક્ષીઓના જૂદા જૂદા વર્ગ થાયછે, તે સમજાવવા. કહેવત છે કે "મીડાં તેને ઈંડાં ને કાન તેને બાન."

પાઠ ૫ મો. [ખારૂં

સિંધવ(ના.)=સિંધાલૂણ એક જાતનો
યુરોપ=એશિયાની પશ્ચિમે ખંડ છે.
પોલાંડ[1]=યૂરોપી રૂશિયાનો પૂર્વભાગ.
ડોળચી=ટોપલી, સુંડલી. ૨ ચામ-
ડા કે ધાતુની નાની ડોલ.
સુરંગ=જમીન કે પથરામાં ઊંડો
ખાડો કરી દારૂ ભરી સળગાવી-
ઊડાડવાની જગ્યા-ઊડાડે છે તે.
ચોસલું(ના.)=ચોખંડો ચોરસ કટકો.
સ્પેન=યૂરોપખંડમાં દેશ છે.
ઝુમ્મર=બિલોરી કાચનું દીવા બા-
ળવા સારૂ ઝાડ જેવું બનાવેછે તે.
મૂર્તિ=પથરા, લાકડા કે ધાતુમાંથી
બનાવેલા આકાર, પૂતળું.
અછત(ના.)=જોઇએ તે કરતાં થોડું
મળે તે, તાણ, તંગી.
ફીકું(વિ.)=સ્વાદ વગરનું, મોળું.
દુર્બળ(વિ.)=જોર વગરનું, કમજોર,
દૂબળું, નબળું. (દુઃ+બળ)
આફ્રિકાના મધ્યભાગમાં સિંધવ પૈ-
સાને ઠેકાણે ચાલેછે.
મીઠા અને સિંધવનો ઉપયોગઃ-
૧ ખાવામાં, ૨ અથાણામાં, ૩ તે વ-
ગર શરીર દુર્બળ થઇ જાય. ૪એ ખા-
વાથી પેટમાં કરમ થતા નથી. ૫ કો-
લેરાનો રોગ એકદમ અસર કરતો નથી.

પાઠ ૬ ઠ્ઠો.

પાનખરઋતુ(ના.)=ઝાડના પાન ખ-
રી જાય એવી મોસમ પાનખર
ઋતુ પોસ માહામાં હોયછે. કુ-
લ ઋતુ ૭ છે તેનાં નામ. ૧ વસંત.
૨ ગ્રીષ્મ. ૩ વર્ષા. ૪ શરદ. ૫
હેમંત, ૬ શિશિર (પાનખર).
ટીશી(ના.)=ડાળીમાંથી નવો ફૂટેલો,
અણીવાળો ફણગો, કુંપળની કળી.
કુંપળ=નવાં ફૂટેલાં કુમળાં પાદડાં.

પાઠ ૭ મો.

હુંફાળી (વિ.)=ગરમ, હુંફ નામ.
માત (કૃ.)=સમાઈ શકત.
પાતરાં=પાંદડાં, પાન.
કરમાઇને (કૃ. અ.)=ચીમળાઇને.
જગત્કર્ત્તા(ના.)=દુનિયાનો બનાવ-
નાર, ઈશ્વર. (જગત્+કર્ત્તા)
પૂમડું=રૂનું પોતું.
સાર-આ પાઠમાંથી બે શીખામ-
ણ લેવાની છે.
૧ હરેક જણસ તપાસીને જો-
વાથી તેનું ખરૂં જ્ઞાન મળેછે.
૨ પરમેશ્વરના કામમાં કેવી અ-
ણહદ ચતુરાઈ સમાયલી છે.

પાઠ ૮ મો.

મૈલ=અર્ધ ગાઉ (ક્યાંક પોણા ગા-

---

[1] ત્યાંના લોકો એવા દેશ અભિમાનીછે કે તે દેશ જીતાયાથી ત્યાંનાં લોકો શોક તરીકે કાળાં વસ્ત્ર પહેરે છે.

ઉનો પણ મૈલ ગણે છે). મૈલના ફીટ ૫૨૮૦
નામીચું (વિ.)=વખાણાયલું, જાણીતું, પ્રખ્યાત, પ્રસિદ્ધ, નામાંકિત.
વેપાર=કમાવા સારૂ માલ વેચવો, લેવો તે. [સં. વ્યાપાર]
રેલ=નદીમાં પાણીનું પૂર આવે તે. ૨ લોઢાની સડક.
આફ્ત=કંઇ મોટું દુઃખ ઓચિંતું આવી પડે તે, આપત્તિ, સંકટ, વિપત્તિ. (નારીજાતિ.)
સબબ=કારણ, હેતુ.
મથક=મુખ્ય ઠેકાણું.
નબળો=થોડો, ધોકારાબંધ નહિ.
પરૂં=શહેરની વસ્તી વધી જવાથી કોટની બહાર લોકોની વસ્તી હોય તે.
માજી (વિ.)=આગળ થઇ ગએલો.
કોટવાલ=શહેરના ફોજદાર વગેરેનું કામ કરવા ખાસ માણુસ નીમેછે તે.
કલેક્ટર=સરકારી ઉપજ એકઠી કરનાર, રેવિન્યુ ખાતાનો અમલદાર. સરકારી રાજ્યમાં રેવિન્યુ કમિશનરથી ઊતરતો અને મામલતદાર વગેરેનો એ ઉપરી ગણાયછે.
માજીસ્ટ્રેટ=ફોજદારી કેસ ચલાવનાર અમલદાર.
આસિસ્ટંટ=હાથ નીચેનો માણસ, મદદગાર, તેના કામનો વિભાગ હોયછે.
કામદાર=કામ કરનાર મુખ્ય અમલદાર.
કચેરી=ઓફીસ, સરકારી કે દરબારી અમલદાર પોતાના તાબાના માણુસો સાથે જ્યાં બેશી કામ કરે તે ઠેકાણું. ૨ દરબાર. ૩ કોર્ટ.
કોઠી (ના.)=પારકા રાજ્યમાં વેપાર સારૂ બાંધેલી જગ્યા, વખાર.
વલંદા=ડચ લોકો, હોલાંડના રહેવાશી.
બંદર=નદી કે દરિયાકાંઠેના જે ગામમાં વહાણોની આવજાવ થતી હોય ને માલ ચઢે ઉતરે તે.
ફિરંગી=પોર્ટુગાલના રહેવાશી, પોર્ટુગીઝ લોકો—આખા યુરોપખંડના લોકોને પણ ફિરંગી કહેતા.
લાતી (ના.)=માલ ભરવાની વખાર.
મુખ=નદી જે ઠેકાણે દરિયા, સરોવર, કે રણને મળતી હોય તે ઠેકાણું.
મૂળ=જ્યાંથી નદી નીકળતી હોય તે ઠેકાણું.
ભાગોળ=દરવાજો ના કું ગામડાનો ઝાંપો
પૂલ=નદી કે ખાડી વગેરેપર જવા આવવાનો રસ્તો બાંધેલો હોય તે.

પાઠ ૯ મો.

મુગલાઇ (વિ.)=મુગલ લોકની.
અમલદાર=હુકમદાર, અધિકારી.
બક્ષી=ફોજના માણસો--લશ્કર—નો પગાર આપનાર અમલદાર.

દરિયામહેલ=દરિયા કે નદીકાંઠે આવેલો મહેલ. (સૂરતના એક મહેલનું નામ.)
મરામત(ના)=સમું કરાવવું.સમારકામ
સરિયામ (વિ)=ધોરી, જાહેર, મોટો રસ્તો. પાદશાહી–રાજમાર્ગ.
*મ્યુનિસિપાલ ખાતું=શહેર સુધરાઈ ખાતું. ગંદકી મટાડી શહેર સારૂં રાખવું, બધાને ઉપયોગી પાયખાનાં બાંધવાં, તળાવ, કૂવાની સંભાળ રાખવી, શહેરમાં પાણી તથા રોશનીનો બંદોબસ્ત રાખવો, ઇ. ઈ. લોકોની તનદુરસ્તી સાચવવાની તજવીજ કરનાર તથા તે બાબત ઉપર દેખરેખ રાખનારૂં ખાતું. શહેરસુધરાઈ ખાતું.
રેલવે=(રેલ=લોઢાની સડક+વે=રસ્તો) લોઢાની સડકનો રસ્તો(આગગાડી જવાને બાંધેલો રસ્તો.)
સ્ટેશન=આગગાડીમાં ચડવા ઊતરવાનું ઠેકાણું.
મહોલો=ચકલો, શેરી, ફળીઉં.
પોળ=ઘણા ઘરનું એકઠું વસેલું ફળીઉં, તેન મોંપર બારણા હોયછે.
યુરોપીઅન=યૂરોપના રહેવાશી.
ડક્કો=બંદર ઉપર જે જગાએથી વહાણમાં માલ ઈત્યાદિ ઊતરે તે ઠેકાણું, ફુરજો.
કમી (વિ.)=ઓછું, થોડું.
ફુરજો=નદી કે દરિયેથી વહાણમાં માલ કે ઉતારૂ વગેરેને ચડવા ઉતરવા માટે કિનારેથી વહાણ કે આગબોટ વગેરે તરતાં રહી શકે ત્યાં સુધી લાકડાં કે પત્થરની ભીંત બાંધેલી હોયછે તે. માંડવી,
વર્ણ (ના.)=જાત. બ્રાહ્મણ વગેરે.
લક્કડ=લાકડું.
નિરૂપયોગી (વિ.)=કામમાં ન આવે એવું. [નિઃ=નહિ+ઉપયોગી]
બારકસ (ના.)=મોટું વહાણ.
વાસો (ના.)=રાત રહેવું, મુકામ.
આગગાડી=વરાળના જોરથી ચાલતી ગાડી (આગથી આગગાડી ચાલેછે એમ માનવું ખોટું છે.)
મૂલ (ના.)=કિંમત.(ઉલટું અમૂલ)
મારફત (અ.) હસ્તક, એનાંવડે.

પાઠ ૧૧ મો.

અમેરિકા=પૃથ્વીનો એક ખંડ (અમેરિકસવેસ્પ્યુશિઅસ નામ ઉપરથી એ નામ પાડ્યું. પણ તેનો શોધ ઈ. સ. ૧૪૯૨ માં કોલમ્બસે કર્યો છે)તેના બે ભાગ છે.
ગરોળી=ચિચી, ઘલોડી. અંધીલૂછ.
વેંત(ના.)=બાર આંગળ. અંગુઠાથી તે ટચલી આંગળીની ટોચ લગીના અંતર જેટલું માપ, બિલસ.

ભાંગડાં(ના.)=ચામડીનો કઠણ ખડબચડો ભાગ.
તીણા (વિ.)=અણીવાળા, ઝીણા.
મગરી(ના.)=મગરની માદા.
મિસર=આફ્રિકામાં દેશ છે. (તેમાં આ દુનિયામાં સૌથી મોટામાં મોટી **નીલ** નદી છે, તેને ઇંગ્રેજીમાં ઇજીપ્ત કહેછે ત્યાં **પીરામીડ**ની અતિ સુંદર ઇમારત બહુ પ્રખ્યાત છે.)
ઇક્‌ન્યુમન=**મિસરમાં** થતાં છેક ઝીણાં જીવડાં (જે મગરનાં ઇંડાં બહુ ખબરદારીથી શોધી કાઢેછે.)
સૈકડા=સૈકા. સો સો વરસનો જે કાળ તે, સદી, પણ અહીંઆં સૈકાગમે તેથી વિશેષણ.
અદ્‌ભુત=અજાયબ—નવાઇ—જેવી,

પાઠ ૧૨ મો.

સ્થિર (વિ.)=હાલે ચાલે નહિ તે.
તલપ (ના.) કૂદકો, ઠેકડો.
દુર્ગંધ (ના.)=ખરાબ વાસ. (દુઃ+ગંધ)
મરકી (ના.) જેથી એકદમ ઘણાં માણસ મરે એવો રોગ, જેવાં કે કોલેરા, ગાંઠીઓ તાવ, વગેરે.
વ્યાધિ(ના.)=રોગ, મરજ, દરદ.
પૂજા=સેવા, દેવ કે ગુરૂને માન આપવા કે તેની મહેરબાની થવા, ચંદન, ફૂલ, વગેરે ધરાવી આરતી ઉતારવી તે.

પ્રસાદ(ના.)=ખાવાનું, નૈવેદ્ય. **દેવને** આરોગાવેલું તે.
ખુશબોદાર (વિ.)=સારી વાસવાળું, સુગંધદાર.
મસ્ત(વિ.)=જોરાવર, જબરૂ, શરીરે પુષ્ટ. (ખરો અર્થ ગાંડો.)
ભરણપોષણ (ના.)=ગુજરાન, ખવરાવવું પીવરાવવું તે.
ભગત (ના.)=ભક્તિ કરનાર, પરમેશ્વરની (પછી કોઇ દેવની) **મહેરબાની** મેળવવા તેને યાદ કરનાર, સેવક. પૂજારી.

નોટ—**મિસર** અને **સિંધના મૂર્ખ** લોકોમાં જાનવર પૂજવાનો નઠારો ચાલ છે.

પાઠ ૧૩ મો.

બરછી=એક જાતનું અણીદાર **ફળ**વાળું ઘોંચવાનું ભાલા જેવું **લાંબું** હથિયાર.
આરી (ના.)=નાની કરવત, **વહેર**વાનું ઓજાર.
રંદો (ના.)=લાકડું છોલી **લીસું**—સાફ—કરવાનું હથિયાર.
ઓજાર (ના.)=હથિયાર, **જેથી કંઇ** ઘાટ કે કારીગરી બને તે સાધન.
સાધારણ (વિ.)=રોજ વપરાતા.
ગજવેલ (ના.) ખરૂં લોઢું, **પોલા**-

૬, મીઠું લોઢું (કચ્છમાં),
લોઢાનાગજ=લોઢાના લાંબા સળીઆ.
મેર (ના.)=બાજુ, તરફ.
☞ સાધારણ તથા ખરા લોઢામાં તફાવત ને તે બનાવવાની રીત સમજાવવી.

પાઠ ૧૪ મો.

ઘેરો (વિ.)=ભૂરો, ખુલ્લો નહિ તે.
શામળો (વિ.)=કાળો. શ્યામ.
ઓપ (ના.)=ચળકાટ, ઉજેશ.
બરડ (વિ.)=સહેલથી ભાગે કે ફાટી જાય એવું. ચિકાસ વગરનું.
સ્થિતિસ્થાપક (વિ.)=પોતાની જે અવસ્થા અસલ હોય તેની તેજ સ્થિતિમાં રહે, તેવા ગુણવાળું; કંઇ ચીજને વાળી કે દાબીને રાખીએ ને પછી છોડી દઇએ તો પ્રથમ હતી તેવી થઈ જાય તેવા ગુણવાળી. જેમકે રબ્બર, નેતર, ઘડીઆળની કમાન, કૂતરાની પૂછડી.

સાર–પોલાદને પાણી પાવાની રીત. તેના જૂદા જૂદા રંગો, ગુણ વગેરે.

પાઠ ૧૫ મો.

પારિસ=યૂરોપખંડના ફ્રાન્સ દેશનું મુખ્ય શહેર (દુનિયામાં સૌથી સરસ શોભિતું છે.)
બંદીવાન (ના)=કેદી.
ઇતરાજી=(ના) ગુસ્સો, ગેરમહેરબાની, નાખુશી, કડવી નજર.
બંધીખાનું (ના)=કેદખાનું, તુરંગ, જેલ, કેદીને રાખવાનું ઠેકાણું.
કેદ (ના)=પરેજ.
છેક=તદ્દન, બિલકૂલ.
દારોગો (ના)=કેદખાનાનો ઉપરી, જેલર.
સમાગમ=હળવું મળવું તે, સાથે રહેવું.
બાકું (ના)=દર, કાણું.
ઓસાર (ના)=ભીંતની જાડાઈ, પહોળાઇ.
ફાટ (ના)=ચીરો.
બાપજી કરીને=ઘણી નમનતાઇથી, ગરજથી.

પાઠ ૧૬ મો.

સ્વાદ(ના.)=લહેજત, મીઠાશ.
જુક્તિ (ના)=તદબીર, હિકમત, કળા. [સં. યુક્તિ]
મોકળેમને=ખુલ્લા દિલેથી, બીક વગર.
રાવ(ના.)=ફરીયાદ, ચાડી, ધાં, અરજ
મનસૂબો(ના)=ધારેલો વિચાર, ઇરાદો
હિમાયતી (ના)=હિમ્મત આપનાર, ઉપરાણું લેનાર, વાલી, ધણી.
રમુજ (ના)=મજા, ગમ્મત, (વિશે-

પણ સમૂજી).
વીસરવું=ભૂલી જવું.
ડોળ (ના.)=ભભકો, ઠાઠ.
ઝીલી લીધો=અદ્ધરથી લેઇ લીધો.

પાઠ ૧૭ મો.

રકાબી=ધાતુ અથવા કાચનું ઢળતી કોરવાળું છાછરૂં નાનું વાસણ, પહોળા કાંઠાવાળી ચીનાઈ માટીની થાળી.
સૂગ (ના.)=ગંદી વસ્તુને જોઇને મનમાં કંટાળો ઉપજે તે, ઓકારી.
સારાંશ (ના.)=મતલબ, સાર.
રીઝવે=ખુશ–રાજી–કરે.
વિજોગ=જૂદા પડવું. [સં. વિયોગ]
હીજરાયો=શોક (અશાંગરો) કર્યો.
રહેતે રહેતે (અ.)=હળવે હળવે.
હાડછેડ=તરછોડવું તે, તિરસ્કાર.
નર્યા (વિ.)=એકલા, તદ્દન.
એકાંત (વિ.)=જ્યાં કોઈ આવે જાય નહિં તેવી જગ્યા.
માયા=પ્રીતિ, હેત, વહાલ, ચાહ.
વાસ (ના.)=રહેઠાણુ, મુકામ, વાસો.

સાર–એકાંત વાસમાં રહેવા કરતાં ઉંદર જેવા હલકા પ્રાણીની સોબતથી પણ કેટલું સુખ થાય છે?
૨. જે જનાવરનો આપણે તિરસ્કાર કરીએ છીએ તે ઉપર માયા રાખવાથી તે કેવાં હળી જઇને આપણુને કામ લાગેછે.

પાઠ ૧૮ મો.

વર્ણન=બ્યાન, કંઈપણુ બાબત વિષે લંબાણથી હકીક્ત કહેલી અથવા લખેલી તે.
કારખાનું=કંઈપણુ હુન્નર કરવાનું ઠેકાણું. (કેદખાનું, નગારખાનું, વિ.)
ગાળે=રસ કરે.
લાલચોળ (વિ.)=રાતું રાતું.
લાટો (ના.)=ધાતુને દબાવવાનો સંચો.
અસ્ત્રા=સજાયા.
ઓપદાર (વિ.)=ઓપવાળી, ચળકતી.

સાર ૧–પોલાદને ઘડીને બીજી જણુસો કરવા વિષે.
૨. ઇંગ્લાંડના પોલાદનાં કારખાનાંની હકીકત.
૩. સરસ પોલાદ કરવાની રીત.
૪. ત્રણ જાતનું પોલાદ અને તેની બનતી ચીજો.

પાઠ ૧૯ મો.

કારીગરી=હુન્નર, કળા. કસબ.
સરાણુ (ના.)=હથીઆરોને ધાર કાઢવાનું ગોળ ઓજાર.
ચક્કર=લોઢાનું ગોળ પૈડું.
કચકડું=કાચબાની પીઠનું હાડકું.
છીણી (ના.)=ધાતુ કે લાકડું કાપવાનું લોઢાનું ઓજાર.

રેતરડી (ના.)=ધાતુ ઘસવાનું–કાકર સાફ કરવાનું ઓજાર, કાનસ.
કરવત=લાકડું વહેરવાનું ઓજાર.
કટારી=બે પાસે ધાર ને છેડે ટોચ એવું મૂઠ ભેરવીને મારવાનું એક નાનું હથિયાર, કટાર.
કોશ (ના)=ખોદવાનું લાંબું હથિયાર, જેને સૂરત જીલ્લામાં "નરાજ" કહેછે ને કચ્છમાં "ખો" કહેછે. (સ દંતી હોય તો ગાઉ).
ખરૂં પાયું=હલકા લોઢાને ગજવેલ બાંધવી તે; જેમકે કોશ, કોદાળી વગેરેની અણીઓ ગજવેલની કરેછે.
સાર—પોલાદ ત્રણ જાતનું થાય છે. ૧ કાણાવાળું. ૨ ઘડેલું. ૩ ગાળેલું. ચાકુ, સોળ જાણના હાથમાં જાય ત્યારે તૈયાર થાય છતાં થોડી મિનિટમાં તૈયાર થવાનું કારણ કામની વહેંચણી છે.

પાઠ ૨૦ મો.

પનો (ના)=પહોળાઈ.
કોસ=ગાઉ.
મરામત (ના)=પડયું આખડયું ભાગ્યું તૂટયું દુરસ્ત કરાવવું તે, ચેટચાટ કરવો તે, રિપેર, સમરાવું.
પાઘડીપને=લંબાઇ ઘણીને પહોળાઈ બહુ થોડી હોય તે. (પાઘડીનીપેઠે.) **પનો** નામ છે.
ઘેરાવો=ઘેર, ઘેરાવ, પરિઘ, ફરતોવીંટો.
શુમારે (અ.)=આશરે, અડસટ્ટે.
મુસ્કેલી (ના.)=હરકત, અડચણ, મહેનત, કઠણાઈ, અઘરાશ.
મજબૂત (વિ.)=જોરાવર.
જાસ્તી (વિ.)=જોઇએ તે કરતાં વધારે, ઘણુંજ, અતિશય.
દાંડા (ના.)=પાણી વચ્ચે નીકળેલ રેતીના ટેકરા.

પાઠ ૨૧ મો.

અદાલત (ના.)=ઇન્સાફની કચેરી.
કમિટી (ના.)=પંચ, મંડળી.
વરાળ=પાણીની બાફ. પાણી ઉકાળતાં તેમાંથી ધૂમાડા જેવું પણ ધોળું ધોળું નીકળે છે તે.
(એ પાણીનું વાયુ રૂપ છે. નક્કર રૂપ બરફ ને પ્રવાહીરૂપ પાણીછે).
કંપની (ના.)=ભાગીદારોની મંડળી.
લોઢવું=કપાસને પીલીને રૂને કપાશીઆ જાૂદા પાડવા તે, પીલવું.
સસ્તાં (વિ.)=સોંઘાં ફાયદે પડતાં.
રોજી (ના.)=રોજગાર, ધંધો.
વિલાયત=ઈંગ્લાંડદેશ (મૂળ **અર્થ** સ્વદેશ) આરબ લોકો પોતાના મૂલકને **અરબસ્તાન** (વિલાયત) કહેતા હતા. તેથી **અરબસ્તાનના આરબ** હજાુ વિલાયતી આરબ તરીકે ઓળખાય છે. ને બીજા દેશી આરબ કહેવાય છે.

તેથી આપણે જે **પરદેશી** આવતા તેને **વિલાયતી** કહેવા લાગ્યા. એટલે પ્રથમ યૂરોપને વિલાયત કહેતા. પછી ઇંગ્રેજના મૂલકને એટલે **ઇંગ્લાંડને વિલાયત** કહીએ છીએ.

વિલાયતી (વિ.)=વિલાયતમાં બનેલું.

લાચાર (વિ.)=ગરીબ.

શીખામણ—ઘરેણામાં ઘણા પૈસા રોકવાના કરતાં ઉદ્યમ વધારવામાં વપરાય, તો દેશમાં ધંધો વધે તેથી લોક સુખી થાય.

પાઠ ૨૨ મો.

વિદ્વાન્ (ના.)=પંડિત, બહુ ભણેલો.

ચોમેર=ચારે બાજુ, ચોતરફ.

મધમાખી=મધ બનાવનારી માખી.

નાજુક (વિ.)=કૂમળું, સુંવાળું.

ઘટ્ટ (વિ.)=ઘાડું, જેમાં તંતુઓ ઘાડા એટલે પાસે પાસે હોય તે. જાડું.

પતંગીઉં=એક જાતનો સુંદર પાંખવાળો કીડો, ઉડતું જીવડું. (એની એક જાત દીવામાં પડે છે).

ચકચકિત(વિ.)=ઝગમગતું, ચળકતું, શોભિતું.

સાર—જીવડાં અસંખ્ય છે ને તે કામનાં છે, તેનાં વર્ણનનાં પુસ્તક છે.

પાઠ ૩૨ મો.

૨/૩=કોઇ વસ્તુના ત્રણ ભાગ સરખા કરીએ **તેમાંથી બે** ભાગ લઇએ તે.(એમાં બે અંશ ને ત્રણ છેદ છે)

અગર(ના.) મીઠું પાકે છે તે જગ્યા. મીઠું પકવનારા અગરિયા.

લૂણ=મીઠું, લવણ, નીમક, રામરસ.

ગચીઉં(ના.)=મોટું ઢેફું, ગઠ્ઠો, ગાંગડો.

ઝરણ (ના.)=ડુંગરમાંથી પાણીને ઝરવાનું ઠેકાણું.

કકડીને (વિ.)=ઘણા જોસથી, જોરમાં, ઘણી સખત, ભારે.

પારદર્શક(વિ.)=જેમાંથી બીજે પડખે શું છે તે દેખાય એવું. જેમ, કાચ, પાણી, તેલ, વગેરે (તેથી ઉલટું જેની આરપાર ન દેખાય તે અપારદર્શક. જેમ લાકડું, સ્લેટ વગેરે).

છાંટી (કૃ)=ઓલવી, બુઝાવી.

સાર—માણસને અતિ ઉપયોગી ચીજો ઇશ્વરે મોટા જથામાં પેદા કરી છે. તેવી એક ચીજ તે મીઠું છે. મીઠું પકવવાની જૂદી જૂદી રીતો—જેવી કે કચ્છના રણમાં કુદરતી રીતે પાકતું મીઠું, દરિયાના કે કૂવાના પાણીને સૂકવીને કે ઉકાળીને, જમીનમાંથી સિંધાલૂણના જે ગચીઆં નીકળે છે તે

પણ મીઠાને ઠેકાણે વપરાયછે. તળાવના કે ઝરણના ખારાં પાણીમાંથી પણ મીઠું પાકેછે. વડાગરૂં મીઠું એક ત્રીજી જાતછે. જમીનમાંથી મીઠાની ખાણો નીકળેછે. સીંધાલૂણ પણ મીઠા તરીકે વપરાયછે.

પાઠ ૩૩ મો.

ધોધવો(ના.)=ઊંચેથી પડતો પાણીનો પ્રવાહ, ધોધ.
સ્થિર(વિ.)=હાલેચાલે નહિ તે.
ફૂટ=સુતારી અરધો ગજ, ૧૨ ઈંચ. એનું બહુવચન ફીટ.ઈંગ્રેજીશબ્દછે
ભય(ના.)=બીક, ડર, ધાસતી. (અપભ્રંશ. બે, બો.)
તીર્થ[1](ના.)=પવિત્ર જગ્યા, ધર્મક્ષેત્ર, પુણ્યસ્થળ, જ્યાં ન્હાવા ને દર્શન કરવાથી પાપ જાય અને પુણ્ય થાય એવું જાત્રાનું ઠેકાણું.
પેદાશ(ના.)=નીપજ, આવક, કમાઈ, ઉપજ. આમદાની, આયપદ.
સાર—વરાડના લૂનાર ગામના ખારા પાણીના સરોવરનું વર્ણન.

પાઠ ૩૪ મો.

ભલાઈ(ના.)=સારમાણુસાઈ, સાલસાઈ.
કઠોર=જે શબ્દથી સામા માણુસનું મન દુખાય, નમ્રતા વગરનું, સખ્ત, કરડું, નિર્દય.
મોટાઈ=અભિમાન, વડાઈ, બડાઈ.
ધમકી(ના.)=ધમકાવવું તે, ધુરકી, જરબ, ડારો.
નાખુશી=ખુશી નહિ તે, અણગમો, નારાજી, ગેરમરજી, અપ્રસન્નતા.
એકાદું(વિ.)=એકાદ, આશરે એક, કદાચ એક.

બળાત્કાર(ના.) જુલમ, જોરથી કામ કરાવવું તે.
અણગમો(ના.)=ગમે નહિ તે, નખુશી, નારાજી.
બરોબરીઆ(ના.)=સરખેસરખા,સમોવડીઆ, સમાન હાલતના.
ઇચ્છા(ના.)=મરજી, ખુશી, રૂચી, ચાહેના.
વિનંતિ=અરજ, પ્રાર્થના, કાલાવાલા, આજીજી.

માયનો(ના.)=અર્થ, સાર, મતલબ.
અસર થવી(ના.)=મન પલળવું, મનમાં વાત ઉતરવી. [શિક્ષકે આ શબ્દ દાખલાથી સમજાવવો. જેમકે કોઇને વિલાપ કરી રડતું જોઇ રડવું આવે વગેરે.]

---

૧. તીર્થસ્થળના દાખલા વિદ્યાર્થી પાસે બોલાવી પાકા કરાવવા.

નરમાશ(ના.)=નમનતાઇ, નમ્રતા, ભલમનસાઈ, સાલસાઈ.
ઉમંગ(ના.)=ઉમેદ, હોંશ, ખુશી, ઉલટ, ખંત,
વચન=શબ્દ, શુકન, બોલ, વેણ.

સાર—મોટાઇના કે ધમકી આપવાના બોલ બોલીને કામ લેવા કરતાં ભલાઇ ને નરમાશના બોલોથી કામ લઇએ તે સારૂં થાય; કારણ પહેલી રીતે કરેલું કામ ઉમંગ વગર થાયછે, ને ઉમંગ વગર સારૂં કામ થતું નથી. હુકમના રૂપમાં એક શબ્દ બોલીએ તેજ શબ્દ વિનંતિના રૂપમાં બોલીએ તેની સાંભળનારપર અસર જૂદી જૂદી થાય છે. માટે બરોબરીઆ પાસેથી કામ લેતાં વિનતિના રૂપમાં બોલવું જોઇએ.

પાઠ ૩૬ મો.

વાદ(ના)=તકરાર, રકઝક, સામસામા બોલાચાલી થાય તે.
તપીગયા=(ક્રિ.) રીશે ભરાયા, ગુસ્સે થયા.
વટેમાર્ગુ (ના)=રસ્તે જનારો મુસાફર, પંથી, પ્રવાશી, પથિક.
અજમાવો=કરી જુઓ,વાપરી જુઓ, અનુભવ કરો, ખાત્રી કરો.
વાવાઝોડું (ના)=વાનું તોફાન, જોરથી વાતો પવન, વાઝોડું.
લપેટવું=વીંટવું.
વળ્યું (ક્રિ) =ફાવ્યું, ચાલ્યું, ફાયદો થયો, સર્યું.
બફારો (ના.)ધામ, કઠ, પસીનો (છોકરાં **બફારો ને બરફમાં** ભૂલે છે તે સમજાવવું).
મારઝાડ (ના)=જોરજુલમ કરવો તે.

સાર—ઉતાવળ ને બળાત્કારથી કોઈ પાસેથી કામ લેવાથી સારૂં ન થાય, ધીમે ને નરમાશથી લેવાથી ઠીક થાય. ખરી રીતે આ પાઠમાં ચંદ્રમાએ ન્યાય આપ્યોછે તે બ્યાજબી નથી. સૂર્ય અને પવનનાં બળ જૂદી રીતનાંજ છે, વટેમાર્ગુનો ડગલો ઊતરાવવો એ કામ સૂર્યનું છે. પવનથી તે બનેજ નહિ, ભલે તે ગમે તેટલી નરમાશ વાપરે. આ પાઠ બાદ થવો જોઇએ. કારણ બાળકની ન્યાયબુદ્ધિ ખોટો દાખલો આપેછે.

પાઠ ૩૭ મો.

અંગજ્ઞાન(ના)=કુદરતી જ્ઞાન, જન્મે છે ત્યારે જે જ્ઞાન સાથેજ લઇ આવે છે તે. પરમેશ્વરની આપેલી પ્રકૃતિ શક્તિવડે(વિચારશક્તિની મદદ વગર)સહજ કંઈ બને તે. સ્વા-

ભાવિક બુદ્ધિ. ભૂખ, તરશ જેથી લાગે છે તે.
તર્કશક્તિ (ના)=વિચારશક્તિ, અટકળ કરવાનું, બળ, કલ્પના કરવાની શક્તિ. જેમ લાડુમાં કેટલો ગોળ નાખતાં ગળ્યો કે મોળો થાય એ સમજવું તે.
ઝીલાશે=પડતું અદ્ધર લઇ લેવાશે, ખમાશે.
મેળવી=સરખાવી. ૨ ઉમેરી થાય.
કડાકૂટ (ના.)=કંટાળાભરેલી મહેનત, ભાંજગડ, માથાકૂટ, પંચાત, માથાફોડ, ધડમથલ.
ગુમાવે=ગાળે, ખુએ, ફોકટ જવા દે, નકામું કાઢે.
ભેદ (ના.)=તફાવત, ફેર, ફરક, જૂદું પડવું તે.
મરૂડી (ના.)=નાની ઝુંપડી.
ઝુંપડી=ગરીબને રહેવાને છાજથી છાએલી છાપરી. ને મરૂડીમાં કોઇ જાતનાં પાંદડાં છાયેલાં હોય છે.
×ખીવર=એક જાતનું સસલા જેવું જાનવર.
રાફડો (ના.)=સરપ જેવાં પ્રાણી ભોંયમાં ઘર કરીને રહેછે તે.
સાર—૧ પ્રાણીનો અર્થ સમજાવવો. ૨ માણસ અને બીજા પ્રાણીનો મુકાબલો.
૩ માણસને બીજાં પ્રાણી વચ્ચે તફાવત—૧ માણસને અંગજ્ઞાન અને તર્કશક્તિ બન્ને છે,બીજાં પ્રાણીને તર્કશક્તિ નથી અંગજ્ઞાનજછે

પાઠ ૩૮ મો.

ઉદાસ (વિ.)=દિલગીર, શોકાતુર, ગમગીન, નાઉમેદીથી દુઃખી થએલું, ઉદાશી.
સોચના (ના.)=ફિકર, ચિંતા, શોચ, અફસોસ, દિલગીરી.
મધપૂડો=મધમાખીઓનું કાણાકાણાવાળું ઘર.
વાદવિવાદ (ના.)=સામ સામા સવાલ જવાબ કરવા તે, તકરાર, સંવાદ.
વૈદ=રોગ પારખી ઓસડ આપનાર, વૈદક જાણનાર, હકીમ, વૈદું કરનાર. (ઇંગ્રેજીમાં ડાકટર).
વૈદું=રોગ પારખી ઓસડ આપવાનો ધંધો. હકીમી, વૈદનું કામ.
મંદવાડ=બિમારી, રોગ, આજાર, તબીયત બગડવી તે. (વિશે. માંદું)
ગુંચવણ=ગુંચવડો, મુંઝવણ.
ઠોકર (ના..) ખાવી=ભૂલનું ફળ

× પ્રાણીવર્ણનની ચોપડીમાંથી નજરે બતાવવું. બીજાં પણ નવાં નામો માટે એમજ સમજવું; વસ્તુપ્રદર્શન વગર સ્પષ્ટ જ્ઞાન થતું નથી.

(ખત્તા) ભોગવવું.
નકામી (વિ.)=ફોકટ, વ્યર્થ.
જ્ઞાન=સમજણ, અક્કલ, બુદ્ધિ, જાણવું તે. હરકોઈ વાતની જાણ,–માહિતી આવી માહિતીવાળો જ્ઞાની
સ્વભાવ=પ્રકૃતિ, ખાશિયત, ટેવ.
પ્રેરણા=મનમાં પોતાની મેળે થતી અસર; મનને અંદરથી જે ઉશ્કેરણી થાય તે; જેમ જમવાની, પાણી પીવાની વગેરે મરજી થાય તે.
કસર (ના.)=ખામી, મણા, ખોડ, ખાંપણ, બાકી, ખોટ, ન્યૂન.
કમ (વિ.)=ઓછું, થોડું, ઊણું.
બંદોબસ્ત=ગોઠવણ, વ્યવસ્થા, તજવીજ.
તર્ક (ના.)=અટકળ, કલ્પના, વિચાર.
ધીરજ=સબૂરી, ધૈર્ય, ધીર.
ઉદ્યોગ=મહેનત, શ્રમ દાખડો.
ભીલ=જંગલી લોકોની એક જાત છે. તે ડુંગર, કોતર કે રાનમાં રહી, શિકાર, લૂંટ વગેરેથી પોતાનું ગુજરાન કરેછે [અનાર્ય લોકની ઓલાદના છે.]
મહેલ=રાજાને રહેવાનું સારી બાંધણીનું ઘર.
ભક્તિ=ભજન, [પ્રીતિ ને શ્રદ્ધાથી ઇશ્વર, રાજા, ગુરૂ ઈત્યાદિની સેવા કરવી તે.ભક્તિ નવ પ્રકારનીછે.]
બેડોળ (વિ.)=કદરૂપું, ખરાબ સિકલ–આકારનું, બદસૂરત.
પંક્ત (ના.)=હાર, વર્ગ, પાંત, પંગત.
ઉત્તમ=સૌથી સારૂં,તેથી ઉતરતું મધ્યમ અને સૌથી ઊતરતું અધમ.
સાર–માણસ ને બીજાં પ્રાણીમાં તફાવત. ૨ બીજાં પ્રાણીને ખાવાપીવા પહેરવા ઓઢવાનું જન્મથી મળેલું છે. માણસને હથિયારથી મેળવવું પડે છે. ૩ બીજાં પ્રાણી ભૂલતાં નથી ને માણસ ભૂલે છે. ૪ બીજાં પ્રાણી સુધારો કરતાં નથી ને માણસ કરેછે. ૫ ઇશ્વરની ભક્તિ કરવાની શક્તિ માણસમાં છે. બીજાં પ્રાણીમાં નથી. (આ પાંચ બુદ્ધિના તફાવત છે.)

પાઠ ૩૯ મો.

બુદ્ધિ=અક્કલ, સમજણ, [અંતઃકરણમાં જે કાંઈ પણ જાતનું નિશ્ચય કરવાનું સામર્થ્ય છે તે. મનમાં રહેલી, સમજવાની, કારણ જાણવાની, તર્ક કરવાની, વગેરેની શક્તિ, સમજણ.]
મગજ (ના.)=ભેજું [માથાની ખોપરીની અંદરનો કોમળ ભાગ જેની અંદર જ્ઞાનતંતુઓના છેડા

જોયછે તે.]
ક્રારેમેલી=પડતી મેલી, મૂકી દઇ.
રચના (ના.)=ઘાટ, બનાવટ, કૃતિ, ગોઠવણ.
માત્ર=ફક્ત, કેવળ.
માફ્રક=અનુકૂળ, સદે એવું, બંધબેસ્તું, રીતસર.
ટટાર (વિ.)=સીધા.
નહોર (ના).=નખ.
કૃપાળુ (વિ.)=દયાવાળું, કૃપાથી ભરેલું, મહેરબાન, દયાળુ.
સરજ્યું=બનાવ્યું, ઉત્પન્ન કર્યું, પેદા કર્યું.
ગરજ (ના.)=ખપ, જરૂર, અગત્ય, દરકાર, કામ.
પાર=છેડો, હદ, સીમા.
સાર–૧માણસ ને બીજાં પ્રાણીની બુદ્ધિમાં ફેર હોવાનું કારણ મગજમાં ફેર છે.મગજને બુદ્ધિનો સંબંધ.
૨ પ્રાણીના શરીરની રચના તેમાં રહેલું ઇશ્વરનું અદ્દભુત ડહાપણ.

પાઠ ૪૦ મો.

લીલ* (ના.)=સેવાળ, પાણીમાં લીલી ફૂગ બાઝે છે તે)
પર(ના.)=ઝીણાં ઝીણાં ને સુંવાળાં પક્ષીનાં પીછાં.
માદા(ના.)=સ્ત્રીજાતિ, (એથી ઉલટું નર,) બૈરી.
ચારો(ના.)=ચરો,ઢોરનેખાવાનાખોરાકનુંઘાસ,કડબઇ.[ઘણુંકરીઘાસપાનનાખોરાકમાટેઆ શબ્દ વપરાયછે.]
ક્ષણ(ના.)=પળ,જરા–થોડીવાર,આંખ ઉઘાડભીડ થાય એટલો વખત.
વીલું(વિ.)=એકલું, રેઢું,રઝળતું,બેદરકારીથી છૂટું મૂકેલું તે, સૂનું.
ટાઢવાય નહિ=પડે નહિ એમ બોલવાની રીત છે. નાનાં પક્ષી બહુ નાજુક છે. જેથી ઇંડામાંથી ગરમી જલદી નીકળી જાયછે. મોટાં પક્ષી નદી વગેરેના કિનારા ઉપર ઘાસ કે રેતીમાં ઈંડાં મૂકે છે. ટેલર પક્ષી દોર લઇ ચાંચવતી શીવીને પાંદડાનો માળો કરેછે. ચકલી વિગેરે બીજાં કેટલાંક પક્ષી પોતાનાં બચ્ચાંને એક પળ પણ છૂટાં મૂકતા નથી. (કેટલાક ભૂલથી એમ ધારે છે કે છોકરાં કમાઈ દે ને ચાકરી કરે માટેજ માબાપ પ્રીતિ રાખેછે તેમ નથી, પક્ષીનાં બચ્ચાં ક્યાં કમાઇ દે છે કે ચાકરી કરેછે? એ પ્રીતિ કુદરતીજ છે તે સમજાવવું) તેમનાં

---

* સૂક્ષ્મદર્શક યંત્ર મળે ત્યાં લીલની બારીકી બતાવી પરમેશ્વરની કુદરત વિષે સ્વતંત્ર સહાયકારી જૂદો પાઠ આપવો. શહેરની ઇંગ્રેજી સ્કૂલોમાંથી કે ડિસ્પેન્સરીમાં એ યંત્ર મળી શકે.

બચ્ચાંને જન્મતી વખત પાંખો નથી હોતી.

સાર—૧ પક્ષીના માળાની સફાઈ ને તેની જૂદી જૂદી સગવડો; તેમાં ઇંડાં મૂકવા, સેવવાં અને બચ્ચાં થવા વિષે. ૨ ઇંડાંમાંથી નીકળતાં બચ્ચાંની જૂદી જૂદી ખાસીઆતો ઉપરથી તેનાં માબાપોનું જૂદી જૂદી જગોએ માળા બાંધવાનું સૂઝવું.

પાઠ ૪૩ મો.

ચીનાઈ (વિ.) વાસણ=ચીનની બનાવટનું અથવા ચીની મટોડીનું બનાવેલું. (પ્રથમ એ વાસણો ચીનમાં થતાં તેથી એ નામ પડ્યું. પણ હવે તો એવી માટીનાં વાસણ, ઇંગ્લાંડ, ફ્રાન્સ વગેરે ઘણે ઠેકાણે થાયછે તોપણ નામ એજ ચાલે છે.) [શિક્ષકે પ્રદર્શન કરાવી આ પાઠ શીખવવો. લોઢાનાં વાસણોપર પણ ચીનાઈ વાસણ જેવો ઢોળ ચડાવે છે ચીની વાસણનું મુંબઈમાં કારખાનું કાઢ્યું છે.]

બસાણું=પહોળા મ્હોંનો વાડકો.

ચમચો=ચા, દૂધ, વગેરે પીવાનો ધાતુ અથવા કાચનો એક ઘાટ જેને બદામના કે ગોળ આકારનું ચાડું અને લાંબી દાંડી હોયછે તે.

ચકમક (ના)=એક જાતનો પથ્થર, જેને લોઢા સાથે અફાળ્યાથી દેવતાના તણખા નીકળે છે. (એ કાચ કરવાના કામમાં આવે છે.)

ઝારવું (ક્રૂ.)=ઘસારો લગાવી અજવાળવું.

કંદીલ(ના.)=ગોળ ફાનસ, એકજાતનો કાચ; દીવાદાંડીના ફાનસને પણ **કંદીલ** કહે છે.

બિલોરી=હાંડીની જાતનો કાચ.

બારીક (વિ).=બહુ ઝીણું, છેકજ પાતળું.

પ્રવાહી (વિ.)=રેલો ચાલે એવો પદાર્થ (પાણી જેવા રૂપનો).

લીસું (વિ.)=હાથ લપસીજાય તેવું, ખરબચડું નહિ પણ સાફ પસમાઇદાર. સુંવાળું. [લીસી તથા ખરબચડી વસ્તુ કઇ કઇ? તેપૂછો.]

ચાક (ના)=ગોળ ચક્કર, કુંભાર જે પૈડાં ઉપર ગારો મૂકી ઘાટ બનાવે છે તે. (સં. ચક્ર.)

કેળવાએલી=ગુંદીને ચીકણી કરેલી.

[ચીનીમાટીનાં ઠામ કેટલાંક લાવી પ્રદર્શનવડે તે કેમ અને શેનાં બ

ને છે? ઈ. પ્રશ્નથી છોકરાં અવલોકન કરી જાતે શોધ ચલાવે તેમ કરો.]

પાઠ ૪૪ મો.

ડોળીઆં (ના.)=ખોખાં. [કોઇ વસ્તુ બનાવવાને કે પાડવાને આગળથી તેનો આકાર કરી રાખેલો હોય તે.]
ખરાદી (ના.)=ચૂડગર, સંઘાડીઓ, સંઘાડાનું કામ કરનાર, મણીઆર.
સંઘાડો (ના.)=ચૂડા, રમકડાં, લાકડાં, હાથીદાંત વગેરેના ઘાટો ગોળને સફાઈદાર કરી ઉતારવાનું ખરાદી કે ચૂડગરનું ઓજાર.
બરણી=ઘી, અથાણું, વગેરે રાખવાનું ચીનાઇ લાબોટેલું વાસણ.
નાળચું (ના)=વાસણને વળગાડેલી વાંકી નળી.
બીબું (ના.)=આકારનું પોકળ ખોખું.
ચાદાની (ના.)=ચા ઉકાળવાનું ઠામ.
ઝીણી આંચ=દેવતાનો થોડો તાપ.
સાર—આ પાઠ પણ પ્રદર્શનથી ઠીક સમજાશે. ૧ સંઘાડાપર ચડાવી પછી હાથા વગેરે ચોડવાની રીત. ૨ વાસણ પકવેછે કેમ ? ૩ અને ચળકતાં કેમ કરેછે ?

પાઠ ૪૫ મો.

સફેદ (વિ.)=ધોળું, ઉજળું.
રંગીત (વિ.)=રંગેલું.
કરચ=છેક નાની પાતળી કકડી, ઝીણું ભૂકી. ઝીણો ભૂકો, કકડો.
ખબરદાર=હોંશીઆર, ચાલાક.
વિલાયત (ના.)ઇંગ્રેજ લોકોનો દેશ.
સાર—૧ ચીનાઇ વાસણોપર ચિત્ર પાડવાની રીત. ૨ ચીનાઈ વાસણ બનાવવાની શોધ એવા માણસોએ કરી છે કે **જેને હલકી ચીજોપર ધ્યાનથી જોઈ તે પર વિચાર કરવાની ટેવ હતી.**

પાઠ ૪૬ મો.

ઉકાળવું—ઊનું કરવું, તાપથી પ્રવાહી પદાર્થોને ખદખદાવવું.
મેળવણી(ના.) જોગ.
છેટે(અ.)=આઘે, દૂર.
ધર્મશાળા=ધર્મની જગ્યા. મુસાફરોને વગર ભાડે ઉતરવા સારૂ ધર્માદા બાંધેલું મકાન. [શાળા પ્રત્યયના દાખલા લેવા. કન્યાશાળા, ગૌશાળા, વિદ્યા-જ્ઞાન,-સંસ્કૃત,-અશ્વ,-ગજ-હસ્તિ-ઔષધ-શાળા.]
સવાર=ઘોડે બેસનાર સિપાઇ, બીજા વાહનપર ચડ્યો હોય તેપણ સવાર થયો કહેવાય.
લાલચોળ (વિ.)=રંગધગતી.

મેંદો(પે. પ્ર. ના.)=પરસુદી, ઝીણું કરવાળે ચાળેલો ધોએલા ઘઉંનો લોટ.

સાર—૧ ચીનાઇ વાસણ ચળકતાં કરવાની યુક્તિ કેમ સૂઝી? ૨ ધોળાં વાસણ કરવાની યુક્તિ કુંભારને કેમ સૂઝી ? (બાળકોને તપાસીને જોવાની તથા વિચાર કરવાની ટેવ પાડવા બોધ કરવો ને તેનો મહાવરો પાડવો.)

પાઠ ૪૭ મો.

વર્ણન (ના.) બયાન, હકીકત.

વિદ્યાશાળા(ના.) ભણવાનું ઠેકાણું. (ઘ બરાબર ઘણા જણ જોડીનથી જાણતા તે શીખવવું.) [શાળા પ્ર૦ ના દાખલા લેવા]

પ્રતિષ્ઠા (ના.) સ્થાપના, મંડાણ.

વનરાજ=**ચાવડા** વંશનો **ગુજરાત**નો રાજા. એનો શબ્દાર્થ વનનો રાજા (વનમાં જન્મ્યો માટે) એવો થાયછે.

વસાવ્યું=સ્થાપ્યું, નવું શહેર બાંધ્યું.

તાબો (ના.) =ઉપરીપણું.

મામલતદાર=આપણા વહિવટદારને મળતો અધિકારી. (જીલ્લામાં) પરગણાનું વસૂલાત ઉઘરાવનાર અમલદાર તેમ ફોજદારી સત્તા હોયછે. તે કામે **સબોર્ડિનેટ** **માજીસ્ટ્રેટ**.

ખેતર=અનાજ કે ચારો વાવવાને ખેડી સાફ કરેલો જમીનનો કડકો. ખેતર તેનું બહુવચન ખેતરો, ને ખેતરાં **ચરોતર**માં બોલે છે.

પંચાસરા=પંચાસર નગરના (તે કારણથીજ એ નામ પડ્યું. તેનું દહેરૂં **પાટણ**ના બજાર વચ્ચે ત્રણ દરવાજાછે ત્યાં છે.)

પારસનાથ=**જૈન** ધર્મના ચોવીશ **તીર્થંકર** માંહેના એક.

મૂરત=કાંઇ કામ શરૂ કરવાનો અનુકુળ સારો વખત.

થાપના (ના.)=મંડાણ, દેવદેવીની પ્રતિષ્ઠા કરવી તે-બેસાડવું.

હેમાચાર્ય=જૈન ધર્મના મોટા આચાર્ય.(**કુમારપાળ**રાજાનાવખતમાં).

ઉજડ=વેરાન, જ્યાં લોકોની વસ્તી ન હોય તેવું.

સહસ્ત્રલિંગ=હજારલિંગ. મહાદેવનાં તેપર છે તેથી એ નામ પડ્યું છે. **પાટણથી** એક મૈલ ઉપર તૂટેલું તળાવ. (સમાં ર જોડતાં ન આવડવાથી કેટલાક ત્ર જોડે છે તેમ ન થવા ખૂબ સમજાવવું.)

પડખે (અ.) પાસે, બાજુએ.

[આ પાઠ સમજાવતાં નકશો પાસે રાખવો; તેમાં પાટણ પ્રથમ

બતાવી પછી તેનું વર્ણન પાઠ પ્રમાણે કે કંઈ વિશેષ રમુજી હકીકત **રાસમાળા** વગેરે વાંચી તે પ્રમાણે પાઠ રસિક કરી શીખવવું.]

પાઠ ૪૮ મો.

મૂળસ્થાન (ના.)=વતન, પ્રથમ ઉત્પત્તિની જગ્યા.

જૈન (ના.)=શ્રાવકલોક, **જીન** એટલે તીર્થંકર તેને માનનાર પંથવાળા. (**વેદ ધર્મ**થી ઉલટો તે, **બુદ્ધધર્મ**માંથી નીકળ્યો છે. તેનો સિદ્ધાંત જીવદયા, અને શીયળ તથા ખૂબ તપ ને દેહદમન કરવાનો છે; જગતને અનાદિ માને છે.

પુસ્તકભંડાર=ચોપડીઓનો ખજાનો, સંગ્રહ કરવાની જગ્યા. (ઇંગ્રેજીમાં લાઇબ્રેરી.)

તાડપત્ર=તાડનાં પાંદડાં. (લખવાના કાગળને ઠેકાણે વપરાતાં ને વપરાય છે. એમાં ખીલેવતી અક્ષર કોતરાય છે. કાગળનો શોધ નહોતો થયો ત્યારે મોટાં પુસ્તકો એપર લખાતાં) તે નજરે બતાવવાં; તેનો ને કાગળનો મુકાબલો કરાવવો.

પટોળું (ના.)=બાઇડીઓને પહેરવાનું એક જાતનું રેશમી લુગડું. (પાટણનાં બહુ વખણાય છે.)

ડાબલીઆળી (વિ.)=ડાબલીની પેઠે બંધ થઈ રહે તેવી સુડી. [એ સુડીનો કેવો ઘાટ થાય તે પ્રદર્શન કરાવી વર્ણનથી ઠસાવવું.]

રૂદ્રમાળ=[**સિદ્ધપુર**માં મહાદેવનું દેરું છે.] **મૂળરાજે** **સિદ્ધપુર**માં બંધાવેલું. **મહમદ ગિજનવી** વગેરેએ તોડ્યું હતું. ચિત્ર બતાવવું.]

કડવાકણબી=કણબીની એક જાત. (લેઉઆ, કડવા, મુમના, આંજણા વગેરે કણબીની જાતો છે.)

કુળદેવી (ના.)=કુળની માતા. અમુક વંશના લોકો પેઢી દર પેઢી જે દેવીને માનતા આવેલા તે.

કુમારિકા (ના.)=કુંવારી, લગ્ન ન થયું હોય તેવી દીકરી.

પાટણવાડો=પાટણ મહાલ, હાલ તે **કડી** મહાલ ગણાય છે.

સાર–પાટણમાં પ્રથમ જૈન ધર્મીઓનું પ્રબળ હતું તેથી ત્યાં તે ધર્મના પુસ્તકનો ભંડાર છે.

૨ પાટણવાડામાં બનતી ચીજો, તેનાં જાણવાજોગ સ્થળો; **મોઢવાણીઆ**, મોઢબ્રાહ્મણ તથા કડવા કણબીઓનું મૂળ વતન **પાટણવાડો** છે. ૩ કડવા કણબીની લગ્નતિથિ નક્કી કરવાની રીત.

પાઠ ૪૯ મો.

ખંડ=જમીનના જે મોટા ભાગમાં ઘણા દેશો આવેલા તે. (આપણે રહીએ છીએ તે **એશિયાખંડ**.)

ગગન (ના.)=આકાશ.

ઝગઝગે (ક્રિ.)=ઉપરાઉપરી કિરણ નાંખતું હોય તેમ વધારે તેજ મારે, પ્રકાશ કરે.

અરૂણપ્રકાશ=સૂર્ય ઉગ્યા પહેલાં અને આથમ્યા પછી જેવો અહીંઆં પ્રકાશ દેખાયછે તેથી વિશેષ ઝગઝગતો પ્રકાશ **સૈબીરીઆના** ઉત્તરે દેખાય છે તે.

ઢીંગણું (વિ.)=જેટલું ઊંચું જોઈએ તેટલું નહિ પણ વધારે નીચું.

કદરૂપું (વિ.)=બેડોળ, બદસૂરત.

મુકામ (ના.)થોડા વખતનું રહેઠાણ.

પીળચટો (વિ.)=જરા આછો પીળો.

ઉદ્યમી (વિ.)=મહેનતુ, ઉદ્યમ કરનારા, ઉદ્યોગી. (ઉલટું—આળસુ.)

તેજાના (ના.)=મસાલા. [ગરમ મસાલા અને સામાન્ય હવેજનો તફાવત સમજાવવો.] ગરમ મસાલાનાં નામો—તજ, જાયફળ, લવીંગ, એલચી, જાવંત્રી, કેસર, ઇ.

જવાહીર (ના.)=હીરા, માણેક વગેરે.

વર્ણ=રંગ. | **શામળો** (વિ.)=કાળો.

[નકશો જોઈનેઆપાઠ સમજાવવો]

મૂળ પેદાશ—ચાની—**ચીનમાં** ઘુનની—**અર્બસ્તાનમાં.**

પાઠ ૬૨ મો.

ઉલટભેર=ઘણી હોંશથી, ખંતથી. ભેર=**શબ્દયોગી અવ્યય થાય.** ને ઉલટ **નામ.**

મિજાજ (ના)=સ્વભાવ, તબીયત.

ગુણાકાર=એક સંખ્યાને બીજી સંખ્યાએ ગુણવાથી જે રકમ ઉપજે તે, તથા તે કરવાની રીત, સરવાળો કરવાની ટૂંકી રીત.

અકળાવું=મનમાં ગૂંચવાવું, મૂંઝાવું, ગભરાટથી દુઃખી થવું.

દાથરો(ના)=ગુસ્સાવાળું મોઢું. રીસ ચડેલા મોઢાને એ ઉપમા દેછે.

વદી (ના.)=દશકે દશકે એક ગણાયછે તે

ખોડ (ના)=ખામી.

સુરત (વિ.)=આળસુ, એદી

માથાકૂટીઆ(વિ.)=કડાકૂટીઆ

ચીડાઈ (કૃ.) = ખીજવાઈ.

પાઠ ૬૩ મો.

દડદડ (અ.)=ટપક ટપક.

અકળામણ (ના.)=મનમાંનો ગભરાટ, કંટાળો, મુંઝવણ.

દયામણું (વિ.)=જેને જોઈને દયા ઉપજે એવું, દયા ઉપજાવે એવું.

ડસકું (ના.)=રડતાં ગળામાંથી આંચકો આવી અવાજ થાયછે તે, ડચકું, હુસકું, હીબકું.

જીવ લગાડી=ધ્યાન આપી.

ઉમંગ (ના.)=હોંશ, ઉમેદ, ઉલટ.

કોડ, ખુશી.
અચકાતાં (કૃ.)=અટકી અટકીને.
સાંભરતાં (કૃ.)=યાદ આવતાં.
ચીડે=ગુસ્સે થાય, સહેજ સહેજ-માં તપી જાય, લોસે.

પાઠ ૬૪ મો.

કહેવત=જૂના વખતથી લોકમાં કહેવાતું આવેલું શીખામણરૂપ કે દાખલારૂપ વાકય, કહેણી.
ગોખવું=યાદ રાખવાસારૂ તેનું તે ફરી ફરીને ઘણીવાર બોલવું, મ્હોંએ કરવું, પાકે કરવું.
પેટભરૂપણું=ગુજરાન ચલાવવું.
હસમુખો(વિ.)=જેનું મ્હોડું સદા હસતું રહે એવો,ખુશ મિજાજવાળો.
તાળો (ના.)=કાંટો, હિસાબ ખરોછે કે ખોટો તે તપાસવાની યુક્તિ.
ધુંધવાતો (વિ)=મનમાં કકળ્યા કરે તેવો, ચીડિયો, રીસાળ.
વસમું (વિ.)= અઘરૂં.
સાર—કંડીઆવાળા છોકરાની ઉલટથી કામ કરવાની ટેવની વાત સાંભળી ઠાકારે હોંસથી હિસાબ કરવા માંડયો તો ઝટ થયો. દરેક કામ ઉલટથી કરતાં ઝટ પૂરૂં થાયછે. એ શીખામણ ગળે ઉતારવી; ને તેવી ટેવ પાડવી.

પાઠ ૬૬ મો.

સૂક્ષ્મદર્શક (વિ.) = ઝીણી વસ્તુ મોટી દેખાય એવું—દેખાડનાર.
યંત્ર = સંચો [જેથી થોડી મહેનતે ઘણું કામ થાય એવી શક્તિવાળું સાધન.]
ખાબોચીઉં = નાનો ખાડો.
પોરા (ના.) = પાણીમાં રહેનારા એક જાતના ઝીણા જીવડા.
અબજ (વિ.)=સો કરોડ જેટલી સંખ્યા.[મુકાબલેથી ખ્યાલ કરાવો.]
સંખ્યા = રકમ, આંકડો.
જેરવે (ક્રિ.)=પચાવે, હજમ કરે.
પારદર્શક (વિ.)=જેમાંથી આરપાર દેખાય તેવું. (ઉલટું અપાર દર્શક)
ગળીઆર (વિ.)=ગળીના રંગ જેવું.
આમળો (ના.) = વસ્તુને આમળ્યા થકી તેનાપર વાંકા લીસોટા દેખાયછે તે, વળ.
નકશી (ના.) = કોતરકામની કારીગરી.
કોહેલી = સડેલી, બગડેલી.
☞ એ યંત્ર શહેરની ઇંગ્રેજી સ્કૂલો ને ડિસ્પેન્સરીમાં હોય છે.

પાઠ ૬૭ મો.

પ્રખ્યાત (વિ.)=વખણાયલું, પ્રસિદ્ધ, બહુ જાણીતું, નામાંકિત, નામીચું.
રાજ્યધાની=રાજા રહેતો હોય એવું મુખ્ય શહેર.[હિંદની કલકત્તા.]
પરાં = શહેરથી બહાર થોડા જથામાં વસ્તી રહી હોય તે.

રમણીય (વિ.)=જોતાં ઉપર ખુશ થાય એવું, દિલપસંદ, મજેનું. [ચોપડીમાં ણિ છે તે ખોટું.]
પુણ્યશાળી (વિ.) = પુન્યવાન, ધર્માત્મા, ધર્મ કરનાર.[પાઠમાં નથી.]
માંડવી (ના.) = જકાત લેવાની જગ્યા, કષ્ટમહાઉસ, દાણ દેવડી.
ગેંડી (ના.)=નાની ભેંસના જેવું જનાવર. [તેને પગે ખરી હોય છે પણ વાગોળતી નથી. જાડી ચામડી અને નાક ઉપર એક શીંગડું હોયછે. એના ચામડાની ઢાલ થાયછે. હવે એનો ત્યાં નાશ થયોછે. પાઠનું ચિત્ર સમજાવો.]
બેડોળ (વિ.) = ઘાટ વગરનું.
તોપખાનું (ના.) = તોપો રાખવાનું ઠેકાણું. [ખાનું =ઠેકાણું પ્ર૦ ના દા૦—મોદીખાનું, નગારખાનું, કેદખાનું,કારખાનું ને હમામખાનું.

પાઠ ૬૮ મો.

ભદ્ર (ના.)= મૂળ અર્થ કલ્યાણ. **અમદાવાદ**માં એક કિલ્લાનું નામ છે.**ભદ્રકાળી** માતાને લીધે તેને **ભદ્ર**નો કિલ્લો કહેછે.
મોદીખાનું (ના.) = શીધું સામાન વેચવાની નેસ્તીની દુકાન.
ઘીકાંટો (ના.) = જથાબંધ ઘી વેચવાનું ઠેકાણું, **વડોદરા**માં એક જગ્યાનું નામ છે. (**અ**મદાવાદમાં પણ છે.)
પૂર્વજો (ના.) = પહેલાં જન્મેલા, બાપદાદા. (ઉલટું—વંશજ).
કૅંપ (ના.) = છાવણી, જ્યાં લશ્કર પડ્યું હોય તે જગ્યા.
સાહેબ= અંગ્રેજ, ગોરાલોક, (મૂળ અર્થ ધણી છે. અંગ્રેજો **હિંદુસ્તાન**ના ધણી છે માટે સાહેબ. ઉપરી અધિકારી કે મોટા ગૃહસ્થોને માન આપવા માટે તેમજ પરમેશ્વરને પણ સાહેબ કહેછે.
પારસી =**જરથોસ્ત** પેગમ્બરને માનનારા. (મૂળ **ઇરાન**ના રહેવાશી **હિંદુસ્તાન**માં છે તે. **હિંદુ**ની પેઠે ગાય,દેવતા તથા પાણીને પૂજેછે.)
સ્વારી = અસ્વારી. દેશી રાજાઓ અમુક પ્રસંગે પોતાના રાજ્યનો વૈભવ બતાવવા માટે ઘોડા, હાથી, ઊંટ, વાજાં, માણસો વગેરેને શણગારી મોટી ધામધૂમથી—દબદબા ભરેલા દેખાવથી—જાયછે તે.

પાઠ ૬૯ મો.

અરૂણ = મૂળ અર્થ સૂર્ય. ઉત્તરના મુલકમાં રાત વખતે સૂર્યના પ્રકાશ જેવું એક જાતનું તેજ ઝગઝગેછે તેને **અરૂણપ્રકાશ** કહેછે.
ઝગઝગે (ક્રિ.) = વધારે તેજ કરે.
વ્હેલ (ના.) = દરિયામાં રહેનાર

એક જાતનું મોટું માછલું, (મગરમચ્છ—મગર=બાગુ એથીજૂદો.)
જળચર (વિ.) = પાણીમાં રહેનાર પ્રાણી. [ચર પ્ર૦ ના દાખલા, ભૂચર, ખેચર, ખગચર.ઇ૦]
વનસ્પતિ (ના.) = ઝાડપાલો, નાનામાં નાના છોડથી મોટામાં મોટું ઝાડ, તે વનસ્પતિ કહેવાય.
ગુજરાન (ના.) = ગુજારો, નિર્વાહ, ભરણપોષણ, નિભાવ.
નિર્મળ (વિ.) = ચોખ્ખું, સ્વચ્છ.
ફૂલફળાદિ = ફૂલ ફળ વગેરે.
શિખર (ના.) = ટોચ, મથાળું.
બોલી = વાણી, જુબાન.
જવલ્લે = કોઇક વખત, ભાગ્યે.
લિપિ =અક્ષરો લખવાની પદ્ધતિ—રીતિ. (ભાષા બે જાતની છે, બોલવાની અને લખવાની—તેલિપિ.
ગોરા (વિ.) = સફેદ, ઊજળા, ચંદ્રના અજવાળા જેવા, ધોળા.
આછા (વિ.) = થોડા, પાંખા.
માંજરી (વિ.) ભૂરા તથા પીળા ચળકાટ મારતા ડોળાની. [માંજાર બિલાડી તે ઉપરથી બિલાડીની આંખોના જેવી]
તુર્કસ્તાન = તુર્ક લોકોનો મૂલક.
ખ્રિસ્તિ = ઇસુખ્રિસ્તને માનનારા. **વિશ્વાસી.**

પાઠ ૭૦ મો.

પરોપકાર = બીજાનાઉપર ઉપકાર. (ભલું કરવું તે.)પરકલ્યાણ, પારકાને ગુણ કરવો તે.[પર+ઉપકાર.]
દરકાર (ના.) = પરવા; જરૂર.
રળવા (ક્રૃ.)= કમાવા, પેદા કરવા.
બરદાસ (ના.) = સંભાળ લેવી, આગતા સ્વાગતા કરવી.
દેવું (ના.) = કરજ, ઋણ.
સ્થાપન કરેછે = બેસાડેછે, નાખી માંડેછે.
વખાણ (ના) = ગુણ ગાવા તે.
ધર્મ = દુનિયામાં વર્તવાની ફરજ.

પાઠ ૭૧ મો.

ભાંડે - ખરાબ બોલે, ગાળ દે
છો (અ.) = ભલે (જેમ છો કરતા = ભલે કરતા) ર "ચૂનાની છો દેવડાવવી" એમાં છો **નામ.**
ખુલ્લું (વિ.) - ઉઘાડું, સાફ.
સદ્‌ગુણી (વિ.) = સારા ગુણવાળું.
લાયક (વિ.) = યોગ્ય, જોઇએ તેવું, ઘટારત, મુનાસિબ
આદમી (ના.) = માણસ, જન, મનુષ્ય. [**આદમ**થી ઉત્પન્ન થએલા તે. **આદમ**ની સ્ત્રી હવા.]
પ્રીતિ (ના.) = હેત, માયા.
આજ્ઞા (ના) = હુકમ, ફરમાન.
નીતિ (ના.) = સારી વર્તણૂક. [દુનિયામાં સારે રસ્તે દોરી જનારી. માણસે પોતાની સાથે પોતાના સંબંધી સાથે અને માણસ

જાત સાથે વર્તવાની જે જરૂરી ફરજ તે. જેમકે સાચું બોલવું, ચોરી, છીનાળી આદિ દુર્ગુણ ન કરવા. એથી ઉલટું, **અનીતિ.**]
પ્રસન્ન (વિ.) = ખુશ, મગન.
વેરી (ના.) = દુશ્મન, શત્રુ.
ખુલ્લી (વિ.) – ઉઘાડી, જાહેરાત.
કલ્યાણ (ના.) — સારૂં થવું તે.
દેશી (વિ) = પોતાના દેશનો રહેનાર, એક દેશનો રહેનાર,વતની.
સ્વધર્મી (વિ.)=પોતાના ધર્મનો.
નીચ = નીચી જાતનો, હલકો ધંધો કરનાર, ઢેડ, ભંગી જેવા.

સાર—પરોપકાર કરવામાં લોકો તરફની નિંદાનો ભય નહિ રાખવો. પોતાનાં, પારકાં જોવાં નહિ, માત્ર પરોપકાર કરવા લાયક છે, એટલુંજ જોવું,ને તેનું ભલું કરવું.

પાઠ ૭૨ મો.

મોગરો (ના.) – ડોલરના ફૂલજેવું પણ તેથી જરા મોટું સુગંધીદાર ફૂલ અથવા તેનો છોડ. [એ ઘણી જાતના હોય છે. બટ, હજારી મોગરો, ફિરકી મોગરો, દૂધ મોગરો. તે તથા કૌવચ, બને ત્યાં નજરે બતાવવાં.]
કૌવચ (ના.) = શરીરને લાગતાં ઘણી ચળ પેદા થાય તેવા કાંટા જેવાં રૂવાંવાળો વેલો [કચ્છીમાં એને **ચરવલ્લ** કહેછે.]
બેટા (ના.)=દીકરા.(ગીતમાં બેટડો)
અગત્ય (વિ.) = જરૂરની,કામની.
દૃષ્ટાંત = દાખલો, ઉદાહરણ.
માર રૂપી બી = ક્રોધને માર દેવી. [અહીં મારને બીનું રૂપ દીધું છે.]
મીઠાશ = માયા, હેત, ભલાઇ.
ભૂલવી = વીસરવી, યાદ ન રાખવી.
અંતે (અ.) = છેલ્લે, આખરે.

સાર–જેવું કરીએ તેવું ભોગવીએ.

પાઠ ૮૩ મો.

સારીઆતો (વિ.) = સરસ, ઉત્તમ, બીજાથી વધારે–ચડતો.
લેખું (ના.) = હિસાબ, ગણતરી.
ગ્રેટબ્રિટન (ના.) ઇંગ્રેજ લોક રહે છે તે મુલક. [ગ્રેટ = મોટો + બ્રિટન=બ્રિટન લોકનો દેશ. **ઇંગ્લાંડ, સ્કાટલાંડ** ને **વેલ્સ** એ ત્રણે દેશનું એકઠું નામ.]
સુરંગ (ના.) ઊંડો ખાડો ખોદી, દારૂ ભરીને ઊડાડવું તે.
આવજાવ (ના.) = આવવું ને જવું તે, અવર જવર.
આગબોટ = વરાળના જોરથી–પવનની સરખાઇની જરૂર વગર–દરિયાની વાટ જલદી કાપેછે તે. અગનબોટ, સ્ટીમર.
નામદાર (વિ.)=કીર્ત્તિવાળું, પ્રખ્યા-

ન, નામીચું, ઘણી આબરૂવાળું.

વિક્ટોરીઆ = હિંદની તેમ બધા **અંગ્રેજી મુલકની** રાજ કરનાર રાણીનું નામ છે. (**હિંદ**માં તે, કેસરેહિંદ = **શહેનશાહબાનુ** છે.

દર (વિ.) = એકેકું, એકેકું જુદું, એમ ચોકસ ગણતાં વપરાયછે.

વસ્તી (ના.) = રહેઠાણ, વાસો.

ઈંગ્લાંડ આપણા સર્વોપરી રાજકર્તાનો મૂળ દેશ છે. માટે તેનું વર્ણન જાણવાની ખાસ જરૂર છે. **લંડન** શહેર **ટેમ્સ** નદી ઉપર છે, તે વસ્તીમાં તથા પૈસામાં આખી દુનિયામાં સૌથી મોટું છે. **ટેમ્સ** નદી નીચે (પાણીની નીચે)થી, રસ્તો કર્યો છે, અને તેના ઉપર પૂલ બાંધ્યો છે.

પાઠ ૮૫ મો.

રૂપડાઈ (ના.) = શોભા, રૂપ, સુંદરતા, ખૂબસુરતી. (વિ.) (રૂપડું.)

ટાપટીપ (ના) = તાલમેલથી શણગારવું તે.

જંગલી (વિ.) = બેવકૂફ, મૂર્ખ, અણસમજુ, અસુધરેલ.

અજ્ઞાન (વિ.) = જેને જ્ઞાન નથી તે. મૂર્ખ, બેસમજ.

ડોળ (ના.) = આકાર, ઘાટ.

ચોખંડું (વિ.) = ચાર બાજુ અને ચાર ખૂણાવાળું.

શિયામ=**એશિઆખંડમાં હિંદના પૂર્વે** દેશછે. [નકસામાં બતાવો.]

ડામ (ના.)—ટાઢા, ધગધગતા લોઢાનો ઊનો ચબકો, **કચ્છ**માં **ડાંભ.**

સાર——નકામા દુઃખ રૂપ ખોટા જૂના ચાલ ન મૂકાય એમ સમજીને કેટલાક સુધરેલા લોકો પણ ચાલવા દેછે તે શરમભરેલું છે. વળી સમજીને ખોટું ચાલવા દેવું તે એક જાતની નબળાઈ છે. અજ્ઞાન લોકો તેવા ચાલ પોતામાં ચાલવા દે તેમાં નવાઈ નહિ કેમકે તેઓની બુદ્ધિ થોડી છે.

પાઠ ૮૬ મો.

શિકલ (ના.)=મોંનો ચહેરો, ઘાટ, ડોળ, છબી.

કદરૂપું (વિ.) = બેડોળ, બદસુરત, વરવું, બદશિકલ, ખરાબ આકારનું.

કસર = ખામી, મણા, ઘટ.

ઝાંઝીબાર=ઝંગબાર, પૂર્વ **આફ્રિકા**માં દેશ છે. ઘણા કચ્છી ત્યાં જાયછે.

નામાંકિત = જેનું નામ પ્રસિદ્ધિ પામ્યું હોય તે, નામીચું, પ્રસિદ્ધ.

બૂટ (ના.)= કાનની નીચેનો લાલી આગળનો લટકતો ભાગ.

વજન (ના.) = ભાર, બોજો.

ચીબું (વિ.) = બેઠેલું, ચપટું.

જૂદા જૂદા દેશોમાં શરીરને માની લીધેલી ખોટી શોભા માટે કદરૂપું કરવાની જૂદી જૂદી રીતો.

પાઠ ૮૭ મો.

કમર (ના.) = કેડ, કડ.
દરદ (ના.) = દુખાવો, શરીરને થતું કાંઇક પણ દુઃખ, રોગ, કળતર.
સણકા (ના.) = ચસકા.
પાંદડી = બૈરાંને કાનમાં પહેરવાનું એક સોનાનું ઘરેણું.
ચોકડું=(સોનાના તારમાં મોતી તથા સોનાના દાણાવાળું પુરૂષે કાનની બૂટમાં પહેરવાનું ઘરેણું. **કચ્છમાં તંગલ** પહેરેછે તેના જેવું.)
મેસ (ના.) = કાજળ.
ટપકું = છુંદણાં કરાવવા સારૂ રંગનું ટીપું પાડેછે તે.
નીચ વર્ણ=હલકી જાત, ઢેડ, કોળી વગેરે. તેથી ઉલટું **ઉચ્ચવર્ણ.**
હડપચી (ના.) = દાઢી.
છુંદણાં (ના.) = ત્રાજવાં. સ્ત્રીઓ પોતાના શરીર ઉપર મેસ કે કાંઈ રંગ કે ઝાડના રસનું ટીપું મૂકી સોયથી છુંદાવી ટપકાં પાડેછે તે.
છુંદે = સોયની અણીથી ઉપરા ઉપરી ચોબા દે.
વેલ = ઝાડના વેલાનો આકાર.
રેખ =દાંતમાં જડેલી સોનાની મેખ.
બુટ્ટા = ગોળ બુટ્ટા જેવું.
ચોટ = ત્રાટો, ટોટો, તંગાસ.

સાર—અંગ્રેજ લોકોની સ્ત્રીઓની કમર પાતળી રાખવાની રીત, તથા આપણા દેશમાં નાક કાન વીંધાવવાની તથા છુંદણાંની ચાલ ખોટી છે. એમ કરવું તે પરમેશ્વરની ઇચ્છા વિરૂદ્ધ છે અને હાથે કરીને દુઃખી થવા જેવું છે. પણ કાન વીંધાવવામાં વિધરાવળ ન ઉપડે એ ફાયદો કહેવાય છે.

પાઠ ૮૮ મો.

માનતા (ના.) = બાધા, આખડી. [આ, જેને છેડે હોય ને નારીજાતિ હોય એવા દાખલા: માતા, મમતા, શાતા, અસાતા, રાધા, બાધા.]
સિંહાસન = ગાદી, ઠાકોરજી કે રાજાને બેસવાનું તખ્ત. [સિંહ+આસન = સિંહના આકારનું]
દેવળ (ના.)=દેરૂં, દેવસ્થાન, મંદિર.
સૈકો (ના.) = સો વર્ષનો વખત, સદી, સૈંકડો, શત, એકથી સો વર્ષ થતાં લગી પહેલો સૈકો. એકસો એકથી બસો વર્ષ સુધી બીજો સૈકો, એ પ્રમાણે આગળ પણ જાણવું. હાલે **ઇસ્વીસન**નો **૧૯ મો** અને **વિક્રમ સંવત**નો **૨૦ મો** સૈકો ચાલે છે.
સ્તંભ (ના) = થાંભલો.
સલાટ = પથ્થર ઘડનારા કડીઆ.
ચોઘડીઉં = ચાર ચાર ઘડીએ મોટાં દેવસ્થાન કે રાજમંદિરમાં વાગતું નોબત વગેરેવાળું વાજું.
દાંતા = ગૂજરાતની ઉત્તરે ગામ છે.

ત્યાંના રાજ્યકર્તા **રાણા** કહેવાય છે.

ભેટ (ના.) = દેવને જે અર્પણ કરેછે તે, નજરાણું. [**બક્ષીશ**—મોટા, નાનાને આપે તે. અને **ભેટ** કે **નજરાણું** નાના, મોટાને આપે તે.

આરસપહાણ = લીસો, ચળકતો, એક જાતનો પથ્થર, સંગેમરમર તે **આરાસૈકોર**ના ડુંગરમાંથી નીકળેછે માટે **આરસપહાણ.**

પાળીઓ = પથ્થરમાં પૂતળું કોરી ખોડેલું હોય તે. (કોઇ શૂરવીર કે સતીની મરણની જગોએ તેની યાદગીરીમાં ખોડવામાં આવે છે.)

આબુ = **ગુજરાત**ની ઉત્તરે એક પર્વત

કુંભો રાણો—**ચીતોડ**નો રાજા, પ્રખ્યાત **મીરાંબાઇ**નો વર.

પાઠ ૮૯ મો.

ગુમાસ્તો = શેઠનો વકીલ કે વાણોતર.

બારસાખ (ના) = બારણા સાથેનું ચોકઠું.

લેખ = લખત, પથ્થર (શિલા) કે ત્રાંબાના પત્રાપર કોતરેલ હોયછે. (તે કાગળપર પણ લખી શકાય..

કમાણી (ના.) = કમાઇ, પેદાસ.

દશાંશ (ના.) = દશમો ભાગ. (દશ+અંશ) **દર** = દરેક.

અર્પણ (ના.)=ચડાવવું તે. ભેટ.

જબ્બર (વિ.) = જબરા, જોરાવર.

જ્વાળા = બળતું, ઝાળ, ભડકો, ધગધગતો **અગ્નિ** તથા **તેમો** તાપ.

જ્વાળામુખી(વિ.) બળતાં મ્હોનો. [**જ્વાળામુખી** પહાડનું ચિત્ર **ચોથી ચોપડી** કે બીજેથી બતાવવું.]

પાઠ ૯૦ મો.

માયાળુ (વિ.) = હેત રાખનાર. હળીમળીને ચાલનાર, મમતાળુ.

આપસ્વાર્થી (વિ.) = પોતાનો સ્વાર્થ સાધનાર, આપમતલબી.

પરવા (ના.) = દરકાર, ગરજ.

ગોઠીઆ (ના.) = ભાઇબંધ.

મોટા મનવાળો = ઉદાર, સખી, સાંકડા દિલનો—મખ્ખીચૂસ નહિ તે.

પાઠ ૯૧ મો.

ખડખડાટ (ના.) = બે અથવા વધારે નક્કર વસ્તુઓ સાથે અથડાવાથી જે અવાજ થાય છે તે. [આટ પ્ર० ના દા० ગડગડાટ. ધડધડાટ, ફડફડાટ. ઈ०]

ભચરડાઈ (કૃ) = બે વસ્તુઓ વચ્ચે દબાઈ—કચરાઈ.

ફસાઇ (કૃ)—સપડાઈ, કબજ આવી.

ધાસ્તી (ના.) = બીક, ભય, ડર.

પાઠ ૯૨ મો.

ભોજનક્રિયા (ના.) = જમવાની રીત—તરેહ.

ભેરવી = પરોવી. અંદર ઘાલી.

અવધડ (ના.) = અડચણ, અઘરૂં પડે એવું તે. (એથી ઉલટું સગવડ.)
વેણ(ના.) = વિપત, આપદા.
વાનાં (ના.) જૂદી જૂદી તરેહની વસ્તુઓ, જૂદી જૂદી તરેહનાં પકવાન. પે. પ્ર. ના. સામાન્ય જા. બહુવ૦
ટગરટગર (અ.) = એક નજરથી, ટગટગ.
ઘેંસ (ના.) = ભડકું, બાજરી કે જારના લોટની મીઠું, મસાલો નાંખી ઉકાળેલી રાબડી.
કકડીને (વિ.) ઘણી સખ્ત, ઘણીજ.
ગટગટાવી (કૃ.) = એકદમ ઝડપથી પી.
પ્રથમ—વેળા બ૦ ક્રિ૦ વિ૦ અ૦

પાઠ ૯૩ મો.

ચોરસ (વિ.) = ચાર સરખી બાજુ તથા કાટખૂણાવાળી આકૃતિ.
ખૂમચો (ના.)= રકાબી જેવી ઢળતી કોરનું મોટી થાળી જેવું છીછરૂં વાસણ. રકાબી વચ્ચમાંથી ઉપસેલી ન હોય ને ખૂમચો વચમાંથી ઉપસેલો હોય. [નજરે બતાવવાં]
કાવો = ચૂનનો ઉકાળો.
મોળી (વિ.) = મીઠાસ, વગરની.

પાઠ ૯૪ મો.

મોકળો (વિ.)= પહોળો.
ઘાટ (ના.) = નદીકાંઠે ન્હાવા, ધોવા, પાણી ભરવાને બાંધેલી ઢળતી જગ્યા, ઓવારો, આરો.
શિખાલેખ (ના) = પથ્થર ઉપર કોતરેલો લેખ. પાળીઓ.
હરસાલ (ના.) = વરસોવરસ દરસાલ.
ઉચકો (વિ.)=ઉધડ ઠરાવેલી રકમ.
સંઘ (ના.) જાત્રાએ જનારૂં ટોળું.
ટુંક (ના.) = શિખર, ટોચ, મથાળું. ડુંગર ઉપર ચણાવેલું દેરૂં, કે તેનો જથો.
રાતવાસો (ના) = રાતનો મુકામ.
સદાવ્રત = મુસાફર યાચકને સીધું કે કાંઇ બીજું ખાવાનું હમેશ ચાલુ મફત—ધર્માદા—દેવાનો નિયમ.
મરકી (ના.) = જે રોગથી બહુ માણસ મરે તે. કોગળીઉં,છાલક.

પાઠ ૯૫ મો.

ભૂમધ્ય=(ભૂ = જમીન+મધ્ય=વચ્ચે) જમીનની વચ્ચે આવેલો. **યુરોપ, એશિયા અને આફ્રિકાની વચ્ચે આવેલો હોવાથી ભૂમધ્યસમુદ્ર** નામ પડ્યું.
રાતો સમુદ્ર = એના કિનારાની રેતી રાતી છે તેથી રાતો કહેવાયછે.
વાદી (ના.)=ઝાડ પાનવાળી જગો.
રેતાળ (વિ.) રેતીવાળી.
જવલ્લે (અ.)–કોઈ વખત.

પાઠ ૧૦૬ મો.

સહરા = આફ્રિકાનું મોટું રેતીનું રણ.
પૂર (ના.) રેલ.

કાંપ (ના.) = નદીમાં રેલ આવવાથી ખાતરને લાયકની તણાઇ આવલી માટી; રેલ ઉતરી ગયા પછી તળીએ જે કચરો, રેતી, માટી વગેરે ઠરી રહે છે તે.

મૂર = આફ્રિકાના ઉત્તર ભાગના રહેવાશી. (**મોરૉકો** દેશ ઉપરથી)

નિમકહલાલ (વિ.) = હકનું ખાનાર, જેનું અન્ન ખાધું કે જેનાથી લાભ પામ્યા તેનું ખરા દિલથી ભલું ચહાનાર, કૃતજ્ઞ, ખેરખાં, વફાદાર. (એથી ઉલટું નિમકહરામ.=હરામનું ખાનાર.)

શામળા (વિ.) = કાળા.

કેપ ઑવ ગુડ હોપ = આફ્રિકાની દક્ષિણે ભૂશિર. [એ અંગ્રેજી શબ્દનો અર્થ (કેપ=ભૂશિર+ઑવ=નું+ગુડ=સારી+હોપ=આશા)= સારી આશાનું ભૂશિર થાય. અહીં **વાસ્કોડીગામાને હિંદુસ્તાનની** ભાળ લાગવાની **આશા** બંધાણી માટે એ નામ પાડયું.]

હિંસારી (વિ.) = હત્યા કરનાર, મારી નાંખનાર, હિંસક, પાપી.

ઝોળેઝોળાં (વિ.) = ટોળેટોળાં

ખૂની (વિ.) = ખૂન કરનાર, હત્યારો, નિર્દય, ઘાતકી.

[**મિસર**ના લોકો જૂના વખતમાં વિદ્વાન ને જબરા હતા. **બાણાસુર**નું **શોણિતપુર**નું રાજ્ય **મિસર**માં હતું એમ કહેવાય છે.

સહરાની પૂર્વે **મિસર** છે. ઉત્તરમાં **મૂર**, ને દક્ષિણમાં **સીદી** રહે છે. તેમ **ઇંગ્રેજી સંસ્થાનો** પણ છે.]

પાઠ. ૧૦૭ મો.

ગોળાર્દ્ધ (ના.)—ગોળનો અર્ધો ભાગ, પૃથ્વીના ગોળાનો નકશો દેખાડવા સારૂ તેના બે ભાગ (૧ પૂર્વ. ૨ પશ્ચિમ) કરી કાગળ ઉપર ચીતરે છે તેમાંનો એક.

વહાણવટી(ના.)=વહાણ ચલાવવામાં જાણીતો માણસ, નાખુદા.
ખરેખાત(અ)=સાચેસાચ, નક્કી.
ઢગલેઢગલા (વિ.)=ઘણુંજ, ઢગલાબંધ, પુષ્કળ, અતિશય.

સમઘાત (વિ.)=ગરમ નહિ તેમ ઠંડું પણ નહિ એવું, મધ્યમ, વચથરૂં.

[**કોલમ્બસ**ની કલ્પનાશક્તિ ને હિમતે મોટો ખંડ શોધી કાઢયો, તેથી યૂરોપિઅનો ઘણા સુખી થયા છે. એવા તર્કબાજ ને હિંમતવાન માણસોથી દેશનો દહાડો વળે. તે વાત પૂરતી ઠસાવવી.]

પાઠ ૧૦૮ મો.

વહેમ = અણુસમજથી ખોટાને ખરૂં માની લેવું તે, શક, ભ્રમ.

ભૂત (ના.) = મરતીવેળા મરનારનું મન કશામાં રહી જવાથી શરી ગયા પછી જેના જીવની અસદ્ગતિ થવાનું લોકો માને છે તે. પીશાચછે. તેની એક જાતછે.

ઝાડઝપટ (ના.) = ભૂત વગેરેની અસર–ચોટ, ઓછાયા, તે પણ વહેમ છે.

નજર (ના.) = ડણોટા પ્રાણીની ખરાબ દ્રષ્ટિ, ચોટ.

કરડી (વિ.) = આકરી, સખ્ત.

વાડકો ચોટી જવાનું કારણ–ગરમીને લીધે વાડકામાંની હવા તપીને પાતળી થઇ ઓછી થઈ જાયછે. એટલે બહારની હવાના દબાણ (ભાર)થી વાડકો ચોંટી રહે છે. એ રીતે જ્યારે ચોંટાડે ત્યારે સાવધાનીથી ચોંટાડે તો ચોંટે, એમાં કાંઇ નજરનું કારણ નથી; વાડકામાં બહારની હવા જઇ શકતી હોય તો ચોટશે નહિ. શિક્ષકે વર્ગમાં તે કરી બતાવવું.

પાઠ ૧૦૯ મો.

પ્રયોગ (ના.) = કરી જોવું તે, અજમાયશ, અખ્તરો.

છમછમ = એવો થતો અવાજ. ધાતુની કે માટીની કોઇપણ ચીજ દેવતામાં તપાવી પાણીમાં બોળીએ તો અવાજ થાયછે તે.

યુક્તિબંધ (અ.) = જોઇએ તેવી ગોઠવણુ સાથે–હિકમતથી.

ખબરદારી (ના.) = હોશિયારી-સાવધાની, સાવચેતી, સંભાળ.

ચોકશી (ના.) = બારીક તપાસ

મંછા (ના.) = મનના તુરંગ, ઇચ્છા, કલ્પના.

શંકા (ના) = વહેમ, શક, સંદેહ.

ડાકણ (ના.) = ડેણ, ચૂડેલ. મેલી વિદ્યા જાણનારી બૈરી. [જેના નજર પડ્યેથી કંઈ દુઃખ થાય એમ વહેમી લોક માને છે]

પાઠ ૧૧૦ મો.

ભાવસાર – હિંદુની એક જાત જેને છીપા કહે છે. તે લુગડાં છાપવાનો ધંધો કરેછે. [ગૂજરાતમાં તેની વસ્તી વધારે છે.]

ચાંદરડું = છાપરાના બાકામાંથી આવતું ચંદ્રનું અજવાળું.

વંત્રી (ના.) = પિશાચણી, ડાકેણ

આણ (ના.) = સમ, સોગન, પ્રતિજ્ઞા, કસમ, દુવાઇ.

થરથર = કંપવાની ગતિની રીત માટે એ શબ્દ વપરાયછે.

રાણ (ના.) = કળકળાટ, ધાંધ-
ળ, તોફાન.

ડામચીઓ (ના.) = ગાદલાં ગોદડાં રાખવાનો લાકડાંનો બનાવેછે તે.

સ્વામી (ના.) = ગુરૂ, સન્યાસી.

વિખ્યાત (વિ.)=પ્રખ્યાત.

મસાણ=મુડદાં દાટવા કે બાળવાની જગ્યા, સ્મશાન.[મુસલમાન કબરસ્તાન ને પારસી દખમું કહેછે]

ફાસફરસ(ના)=ઝાડમાંથી નીકળે છે તે. બહારના વાને મળવાથી બળતું થાયછે, હવામાં સળગી ઉઠે એવો એક જાતનો પદાર્થ.

સાર—આ પાઠોમાં કેટલાક વહેમના ખુલાસા કર્યા છે તે પરથી વિશેષ સમજવું કે બીજા વહેમો છે તે વિષે પણ બારીક તપાસ કરતાં તેનાં ખરાં કારણ મળી આવે માટે વહેમમાં તણાઇ હેરાન થવું નહિ. મસાણ કે નદી કિનારે **ફાસફરસ**ના ભડકા થતા દેખાય છે લોકો તેને ભૂતના ભડકા વહેમથી ઠરાવેછે.

પાઠ ૧૧૨ મો.

જૂવો (ના.) = ભૂત, ડાકણ કહાડવા માટે ધૂણીને ઢોંગ કરેછે તે.

મૂઠ (ના.) = કોઇને પીડા કરવાનો, મારી નાંખવાનો જે મંત્રપ્રયોગ કરવાનું વહેમી લોકો માનેછે તે.

ચોટ (ના.) - ઘા. [બેલ અર્થ ખોટો છે]

શીખાઉ (વિ.) = નવો શીખનાર. કામ શીખાઉ ભૂલથી કરે તો.

સળો (ના.) = કોહોવું, સડવું તે. [કેટલાક સડવું ઉપરથી નામ સળો થાય છે માટે સડવું લખવામાં પણ ડ નો ળ હશે એમ સમજીને ભુલેછે.]

ઢોંગ (ના.) -- ધતાંગણી. (કામુલ તરફ થાયછે).

વશીકરણ -- વશ કરવાનો મંત્ર વહેમી લોકો માને છે તે.

શુકન (ના.) = કોઇપણ કામને આરંભે દેખાતાં ચિન્હ. તે ઉપરથી તેનું સારૂં કે ખરાબ પરિણામ માની લેવું તે.

અપશુકન (ના.) = ખોટાં ચિન્હ, ખોટાં ખરાબ શુકન. (અપ ઉપસર્ગના દા૦— **અપશબ્દ**. અપયશ, અપમાન, અપકાર.

રતનજોત (ના.) હીરવણી.

સાર–હીરવણીનાં રાતાં ફૂલ ચપ્પુને લગાડી તેવતી લીંબુ ચીરે તો પણ **લોહી** જેવો રાતો **રસ** નીકળે છે એ યુક્તિ છે. ઝાડને મૂઠ મારવા વિષે જૂઠો વહેમ છે. ઘણી જાતના વહેમો, તેનું ખોટા-

રે. છોકરાના મનમાંથી તેવા વહેમો દૂર કરાવવા પ્રયત્ન કરવો.

પાઠ ૧૧૩ મો.

પ્રસિદ્ધ (વિ.) = નામીચું, બહુ જણાએલું, પ્રખ્યાત, જાહેર, નામાંકિત.
ધામ (ના.) = મૂળ અર્થ રહેવાનું ઠેકાણું, પછી યાત્રાનું ઠેકાણું, હિંદનાં ચાર મુખ્ય ધામ છે. ઉત્તરે **હારદ્વાર** ને **બદ્રીનાથ**. પૂર્વે **જગન્નાથજી**, દક્ષિણે **રામેશ્વર**, પશ્ચિમે **દ્વારકા**.
ઢાળીઉં (ના.) = ઢાળવાળું છાપરું, એક ઢાળીઉં.
ગૌશાળા (ના.) = ગાય વગેરે ઢોર બાંધવાની જગ્યા. [ગૌ = ગાય + શાળા = જગ્યા.]
નગારખાનું (ના.) = નગારાં વગાડવાની તથા રાખવાની જગ્યા, નોબતખાનું. (ખાનું પ્ર૦ ના દા૦— તોપખાનું. કેદ—હમામ- દવાખાનું).
ચોરસી (ના.) = ચોખૂણ કટકો, ચોસલું, છીપરો.
રંગમંડપ = નિજમંદિરની આગળનો ભાગ. ઠાકોરજી આગળ રંગતાન વગેરે કરવાને દેરાંની જે જગા મુકરર કરેલી હોય છે તે.

પાઠ ૧૧૪ મો.

શણગાર (ના.) = લુગડાં ઘરેણાં વગેરે શોભા માટે પહેરવાનાં આભૂષણ. | **સેન**=ઠાકોરજીને પોઢવાનું.
ઝાકઝમાળ (વિ.) = તેજથી ચળક ચળક થતું.
છપરખાટ (ના.) = છત્રીવાળો પલંગ.
માણેકઠારી (ના.) = આસો શુદી ૧૫.
તલપૂર (વિ.) = તલ રહે તેટલી.
ખરીદી (ના.) = ખરીદવું તે.
રણછોડજીની ચાર મોટી જાત્રાઃ— **કારતક**, **ફાગણ**, **ચૈત્ર**, તથા **આસો**ની પૂનમને રોજ થાય છે.

પાઠ ૧૧૫ મો.

અંગે (ના.) = અહીં તાબે, પણ તેનો ખરો અર્થ લગતું.
સારે છે (ક્રિ.) = પૂરી પાડે છે.
આરો (ના.) = ઘાટ, કાંઠો, પાણી ભરવા કે કપડાં ધોવાં વગેરે સારૂ બાંધેલી જગ્યા. ઓવારો, પનઘટ.
મગર = ગરોળીની જાતનું પાણીમાં રહેનાર મોટું જનાવર, બાઘ.
સ્વચ્છ = ચોખ્ખું, સાફ, નિર્મળ.
કમળ (ના.) પોયણીનાં ફૂલ.
દેવસ્થાન = દેવને રહેવાનું ઠેકાણું.
સાધુ = સદાચરણી, પવિત્ર મનનો સારો માણસ. ત્યાગીને પણ સાધુ કહે છે. વેરાગી, બાવા.
વસૂલ (ના.) જમે. | ખીચોખીચ (વિ.) = છેક જ પાસે પાસે આવી ગએલું લગોલગ, અડાઅડ.

પાઠ ૧૧૬ મો.

ધાત = જેથી મોતની બીક ઉપજે એવી બહારના કોઈ પદાર્થથી

શરીરને થએલી અસર, ભારે જખમ થાય તે. અથવા કાંઇ ભાગ ખડી જાય તે. (લાગવું.)

ઝારવું (ક્રિ) = થોડું થોડું પાણી ઉપર રેડવું. ઊના પાણીથી સેકવું.

બળતરા (ના.) = આગ, લાહ્ય.

જળો (ના.) = એક જાતના કાદવમાં રહેનારા ખરાબ લોહી ચૂશી લેનારા લાંબા જીવડા. એ શબ્દ બહુ વચનમાંજ વપરાય છે. **ઓકારાંત નારીજાતિના શબ્દ છો, ઢ્રો, ખો, ઘો, ને ગળો છે.**

ગળો=લીમડા પર લાંબો ચડેલો વેલો.

ઇસ્પિતાલ (ના.) = દવાખાનું, રોગીને મફત દવા મળે તે ઠેકાણું. [**ડિસ્પેન્સરી**–જેમાં માત્ર દવા મળે તે. **ઇસ્પિતાલ**–જેમાં દરદીને ખાવાનું આપી રખાય તે.

ડાકટર (ઇં.ના.)= ઇંગ્રેજી રીતે વૈદુ કરનાર. આપણા જૂના શાસ્ત્ર પ્રમાણે કરનાર **વૈદ્ય**. અને યુનાની શાસ્ત્ર પ્રમાણે કરનાર **હકીમ**.

ખપાટીઉં = વાંસની ચીપ, ખાપ.

કળતર (ના.) દરદ, દુખાવો.

કરાર =સુખ, ચેન, આરામ, નિરાંત.

સાંધામાં કળતર થવાનું કારણ–નસનું તુટવું કે લાંબું થવું છે.

પાઠ ૧૧૭ મો.

ચંઠાઇ (ફા.) = સંધાણ, બંધ ઇ.

ઝાકીલું (વિ.) = નવશેકું.

ટેભા (ના.)=ચાની આજુબાજુની ચામડી સાંધવાને મારેલા ટાંકા.

ઘાએલ (વિ)=જખમી.

કામડી = વાંસની ચીપ.

લાગલોજ (અ.) = એકદમ, તુરતાતુરત, તેજ વખત, તરતજ.

રેડરેડ = નાંખ નાંખ.

સાર.—ઘારો પલળેલો રાખવાની તથા ભાગેલું અંગ હલાવવાની જરૂર છે. નાના તથા મોટા ઘાની માવજત સમજીને કરવી. ધોરીનસ કપાય તો ઘા ઉપર સખ્ત બાંધો લઇ ડાકટરની મદદ લેવી.

પાઠ ૧૧૮.

પરોઢ (અ.) = આજુએ, સોડ, પડખે. (પાસાભેર = પડખા સાથે.)

હમરામાર (ના.) = હાલચાલ, ઉથલ પાથલ, સખલડખલ.

શ્વાસોશ્વાસ (ના.) = દમ લેવો અને બહાર કાઢવો. [દમપર દમ]

શેક (ના.) લુગડું, ઇંટો, ફલાલીન, શીશા વગેરેથી શરીરના કોઇ ભાગને દેવાની ગરમી દેવી તે.

કામળો = ધાબળો [સં. કંબલ]

લાગલગાટ = એકદમ, હમેશા, દરરોજ, કાંઇપણ મુદ્દત ગાળ્યા વગર ઝટ ઝટ, હમેશાં–જારી.

ઝેર [ફા. ઝેહર]=વિષ–દુખ. (બીજો અર્થ અદેખાઇ.)

ઉબકી (ના.)= શરીરમાંથી ખાધેલું

પીધેલું વગેરેનું જે બહાર પાછું નીકળવું તે, ઓકારી, ઓક.

સરવળ સરવળ (અ.)=ચળવળાટ, ગિલગિલીઆં, ગલીપચી.

બૂન (ના)=એક જાતનાં બીઆં, જેનો ઉકાળો પીવાયછે તે. કાફી—(મૂળપેદાશ **અરબસ્તાન**માં)

કાવો (ના.)=ઊકાળો.

સફેદી=ઇંડાને ભાંગતાં માંહેથી જે ધોળો પદાર્થ નીકળે છે તે.

પાણીમાં ડૂબેલા ને ઝેર ખાધેલા માણસની માવજત કરવાની રીત ખૂબ પક્કી કરાવવી. કેમકે માણસ જાતપર ઘણી વખત એવી આફતો આવેછે; ત્યારે એવું જ્ઞાન બહુ ઉપયોગી થાય છે.

અફીણ [સં—અહિફીન કે અરબી અફ્યુન ઉપરથી] ખસખસનાપોષમાંથી કાઢેલો રસ,અફીમ,અમલ

પાઠ ૧૧૯ મો.

આસ્ટ્રેલિઆ—એશિઆના અગ્નિખૂણામાં ખંડ છે. [આસ્ટ્રલ=દક્ષિણ ઉપરથી એ નામ] ત્યાંના **ઘોડા** વખણાયછે. ઇંગ્રેજી લશ્કરનાં **કટીલ** ત્યાંથી આવેછે. **ન્યુઝીલાંડની** પશ્ચિમે. તેની રાજધાની **સિડની**

અમેરિકા—ખંડનું નામ. તે ૧૪૯૨માં **કોલમ્બસે** શોધી કાઢ્યો. છતાં તેનું નામ **અમેરિકા** પડવાનું કારણ—**કોલમ્બસનો** હરીફ અમેરિકસ વેસ્પ્યુસિયસ પણ તેની સાથે વહાણમાં હતો તેને જણાયું કે નવી ભૂમિનો શોધ લાગ્યો એટલે તુરત પાછા વળી જઇ સ્પેનના રાજાને એ વાત જાહેર કરી તેથી તેના નામ ઉપરથી ખંડનું નામ "અમેરિકા" પડ્યું, પણ પાછળથી કોલમ્બસે એ પોગળ ખુલ્લું કર્યું તેથી ઇંગ્રેજી કવિતામાં કોઇ વખત **કોલમ્બિયા** પણ લખે છે.

વિલાયત [અરબી] = મૂળ અર્થ સ્વદેશ—પોતાનો દેશ. ઇંગ્રેજ લોકનો વિલાયત = ઇંગ્લાંડ એવો અર્થ છે.

વિકટ (વિ.)=મુશ્કેલીથી જઇ શકાય એવું, અવઘડ પડે તેવું.

અનાડી (વિ.) સમજણ વગરનો, જંગલી, મૂર્ખ, ગમાર, ઊંધાં કામ કરનાર

ઝોળેઝોળાં (ના.) - ટોળેટોળાં.

ટક્કર (ના)=ચોટ, માથું મારવું તે.

ન્યુ ઝીલાંડ—આસ્ટ્રેલિઆને જોડાજોડ બેટ છે તે. (ન્યુ=નવું+ઝીલાંડ=યુરોપમાં ડેન્માર્ક તાબે **ઝીલાંડ** કરીને બેટ છે તે ઉપરથી આ નવા જડેલા બેટનું નામ **ન્યુઝીલાંડ** પાડ્યું.[એવાં બીજાં ઘણાં નામો પડ્યાં છે. જેમકે—ઇંગ્લાંડમાં "**ન્યુયાર્ક**" **શહેર** છે, તે

ઉપરથી **અમેરિકામાં** નવા વસેલા શહેરને "ન્યુયોર્ક;" અને ફ્રાન્સમાં "**આર્લિઅન્સ**" શહેર છે, તે ઉપરથી અમેરિકામાં નવું વસેલું શહેર "ન્યુ આર્લિઅન્સ.]

જોડાજોડ (અ.) = પાસેપાસે. સાથે સાથે, જોડાવલાં હોય તેમ.

વતની (ના.)=રહેવાશી, મૂળ દેશી.

૨૦—**આસ્ટ્રેલિયા ને ન્યુઝીલાંડ** પ્રથ્વીના નકશામાં તો બહુ છેટે દેખાય છે. ત્યારે જોડાજોડ કેમ ?

જવાબ—**પૂર્વને પશ્ચિમ** ગોળાર્દ્ધ એ તો પૃથ્વીનો આકાર બતાવવા માટે જુદા કાઢ્યા છે. એ બે કટકા ખરેખર જુદા નથી. એટલે જો બંન્ને જો એકઠા કરીએ તો બેટો પાસે પાસે આવી જાય.

પાઠ ૧૨૦ મો.

બહેકેલો (વિ.) = છાકેલો, લાડમાં વંઠીગએલો, ફાટેલો.

સરકાર (ફા.) = રાજ્ય કરનાર.

કુકર્મ (ના.) = નઠારાં કામ.

ન્યાયાધીશ (ના.) = ઇન્સાફ કરનાર અધિકારી, જડજ.

અદાલત (ના.)=ઇન્સાફની કચેરી, કોર્ટ.

ગોઠીઆ = બાઝબંધ, મળતીઆ.

હાજર = રજુ, હાજર કર્યો.

ઠર્યો = સાબીત—થયો.

મારી ખાતર = મારી લાલચે, મારો મિત્ર છે તે સારૂ.

તરફદારી (ના.) = તરફેણ, પક્ષ.

ક્રોધ (ના) = રીસ, ગુસ્સો.

ઇંગ્લાંડ = [એંગલ+લેન્ડ=એંગલ લોકની જમીન] = અંગ્રેજ લોકનો દેશ. તેની રાજધાની **લંડન**

બેઅદબી (ના.) = મર્યાદા સાચવવી નહિ તે. અસભ્યતા.

અમલમાં આણવું = બજાવવું. હુકમ મુજબ કરી બતાવવું.

પાટવી—ગાદીએ બેસનાર (પાટ = ગાદી ઉપરથી.) [આ વાત ઇંગ્લાંડના ઇતિહાસની છે. આમાં જે પાટવી કુંવર કહ્યો છે તે **ચોથા હેન્રીનો** દીકરો **પાંચમો હેન્રી**]

સાર— ૧ બહેકેલા મૂર્ખ જુવાનીઆઓ અયોગ્ય છૂટ લે છે.

૨ દ્રઢ વિચારના પ્રમાણિક માણસો દબાણ કે લાલચને દૂર કરી ફરજ બજાવવામાં ચૂકતા નથી તેવા આ પાઠમાં કહેલ ન્યાયાધીશને ધન્ય છે.

પાઠ ૧૨૧ મો.

વીલો (વિ.) = ફીકો, ઝાંખો, ઝંખવાણો, કાળું મ્હો થવું તે.

શરમીંદો = ભોંઠો, ઝંખવાણો.

નિર્ભયપણું = બેધડકપણું, કોઇપણ બીક ન રાખવી તે, નિશ્ચિંતપણું.

આતુર (વિ.) = હોંશીલું, કંઇ કરવાને તૈયાર થઇ રહેલું તે.

ઉમરાવ = અમીર, મોટો માણસ.
દુરાચરણી(વિ.)=ખરાબ ચાલચલણ વાળું.(દુઃ=ખરાબ+આચરણ+ઈ)
કારભારી (ના)= કારભાર-રાજ્યનું કામકાજ કરનારો.
હાથ તળે=તાબામાં.
સમરશે (ક્રિ.)= સુધરશે, સારી થશે.
તંગી(ના)=તંગાશ, અછત, ખામી, ખર્ચની તાણ. એથી ઉલટું છત.
નભે = ઘણા વખત સુધી ચાલે. ગુજારો થાય;
દરમાયો (ના.) = મહિને મહિને જે પગાર આવતો હોય તે, મુસારો.
બહાલ = મુકરર, કાયમ, નોકરી ઉપર જાથુ માટે રહેલ એવું.
નિમકહલાલ (ફા.) = હકનું ખાનાર. (નિમક = મીઠું + હલાલ = વાજબી એ ફારસી શબ્દ છે.)
સાર-પાટવી કુંવરનું સુધરવું; ન્યાયાધીશની પવિત્ર વર્તણુકનો જય.

પાઠ ૧૨૩ મો.

એકલશરો = જેને એકલુંજ ગમે, અને કોઈસાથે બોલેચાલે નહિ તે.
હસમુખો (વિ.) આનંદી.
લક્ષણ (ના.) =ગુણ, ટેવ, ચાલચલણ, વર્તણૂક.
મશ્કરો (વિ.) = મશ્કરી કરનારો.
ચપળ (વિ.) = હુશિયાર, જલદી શીખી લે એવો, ચાલાક.
ઉદમાત (ના.) = તોફાન, મસ્તી.
ઠાવકું (વિ.) = મર્યાદા-અદબથી બોલે-વર્ત્તે તે, વિવેકી, ડાહ્યું.
ગેરહાજર (વિ.)=હાજર નહિ તે. (હાજરથી ઉલટું) (ગેર+હાજર)
કેવળ (અ.)-તદન.

પાઠ ૧૨૪ મો.

રંડીરાંડ (ના.) = જેનો ધણી મરી ગયો હોય તેવી સ્ત્રી, વિધવા.
થાકીપાકી=થાકી ગયેલી, કંટાળેલી.
શિક્ષક = શીખવનાર. (શીખનાર તે **શિષ્ય** કહેવાય.)
ઉમેદ (ના.) = આશા, ભરોંસો, ઇચ્છા, હોંસ.
તુરંગ (ના.) = વિચાર.
ભરણપોષણ (ના.) ગુજરાન, પાલણપોષણ, નિર્વાહ.

પાઠ ૧૨૫ મો.

ભાંડુ (ના.) = ભાઇ બેનના સગપણવાળું, એક એકમાં ભાઈ બેન થતાં હોય તે. ભાંડરૂ.
વાજઆવે (ક્રિ.) = કંટાળી જાય, કાયર થાય.
સાંભરીઆવે=યાદ આવે,ચિત્ત ચડે.
વીસરી = ભુલીજઇ, યાદ ન રાખી, યાદમાંથી ખશી જવું તે.
સરદારી (ના.) = ઉપરીપણું.
મનભંગ = નાઉમેદ, નિરાશ. (ભંગ. કૃદંત).

મળતાવડો (વિ.) = સૌમાં હળી મળી જાય તેવો, મિલાપી.

સાર—બીજા છોકરાને શિવશંકર એકલશૂરો લાગે કારણકે તેમની સાથે રમતો નહિ, પણ રમવા કરતાં તેની બીજી ઉપયોગી ફરજ તે બજાવતો હતો, માટે ખરેખરો તે સારો હતો, પણ કહાનદાસ આ પાઠમાં વર્ણવેલ તેના ગુણ પ્રમાણે એકલશૂરો હતો.

પાઠ ૧૨૬ મો.

મહાસાગર = મોટો દરિયો.

ભંડાર (ના.) = ખજાનો [મહાસાગર એ જળનો કુદરતી ભંડાર છે. પૃથ્વીનો મોટો ભાગ મહાસાગરથી ઢંકાએલો છે.]

ખાણી (ના.) = બે ટેકરા વચ્ચેની જમીન.

બેટ = બરાગો, દરિયાના પાણીમાં ઢંકાએલો નાનો ટેકરો.

ભારી (વિ.) = મોટો, શરિયાબ.

પાસિફિક = (શાંત, બીજા કરતાં તોફાન ઓછું માટે એ નામ.) એ મહાસાગર પૃથ્વીના અર્દ્ધ ભાગમાં છે. અને તેમાં બેટ ઘણા છે તે સર્વથી મોટો છે.

આટલાંટિક = (**આફ્રિકાના** ઉત્તર ભાગમાં આવેલા **અટલાસ** પર્વત ઉપરથી એ નામ) એમાં તોફાન ઘણું. તે **પાસિફિક**થી અર્દ્ધ છે.

હિંદી = (**હિંદ**ને લગતો, હોવાથી એ નામ.) **આટલાંટિક**થી અર્દ્ધો.

કલ્પ્યા = અટકળથી નામ આપ્યાં.

વિસ્તાર (ના.) = ફેલાવ, વધારો, લાંબું પહોળું પથરાવું, પથારો.

પાઠ ૧૩૩ મો.

ઇશારત (ના.) નિશાની, સાન.

વાયદાસર = ઠેરવેલી મુદત–વખત પ્રમાણે. (સર–શ. યો. અ.)

અબઘડી = હમણાંને હમણાં. અબઘડીનો પાર એ વાક્યમાં અબઘડી નામ.

ઇંડિયન (ના.) = અમેરિકાના જૂના વતની. [એ નામ પાડવાનું કારણ એ છે કે **હિંદ**ના શોધ માટે નીકળતાં **અમેરિકાનો** શોધ થયો તેનેજ **હિંદ** છે એમ માની ઇંડિઆ નામ પાડ્યું. એટલે ત્યાંના લોકોનું નામ ઇંડિઅન આપ્યું. પછીથી જણાયું કે **હિંદ** ના બીજા દેશ છે. તોપણ લોકોનું એ પડેલું નામ કાયમ રહ્યું.]

પ્રાર્થના (ના.) = ઇશ્વરની સ્તુતિ.

પાઠ ૧૩૪ મો.

નકશી (ના.) = ઝીણું કોતરકામ.

અઢીંગી (કૃ) = અઢેલી, ટેકો દઈ.

ચાપાચીપીઆ (વિ) = નજીવી બાબતમાં પણ ઘણું તપાસી કામ કરનાર.

બિરાજી (વિ.) = શોભી, દીપી.

દિલગીર = નાઉમેદથી દુઃખી થ-
એલું, ઉદાસ, શોકાતુર, ગમગીન.
ટકાઉ (વિ.)= ઘણી મુદત સુધી
ભાગે નહિ તેવું.
લલચાયું = લોભાયું, લાલચ થઇ.
ખુચ્યા (વિ.) = લુચ્ચા.
ઘચના સાટવામાં ઇંડિઅન લોકો
ની પક્કાઇ તથા ચાપાગીપીઆ-
ણું ને ધારેલી વસ્તુ લેવાની તેની
સ્ત્રીઓની ખંત જાણવા યોગ્ય છે.

પાઠ ૧૩૫ મો.

[illegible]ના = સુરત પાસે ગામ છે.
ખોડી (વિ.) = લંગડી, લુલી.
લંગડી (વિ.) = જેના પગ વાંકા
વળી ટુંકા થવાથી બરાબર ચા-
લાય નહિ તે, ખોડી, લુલી.
ઠીંગણી (વિ.) = ઠાવણી, બહુ નાની, ટી-
ચકડી, જોઈએ તેવી ઊંચી નહિ.
બેઢંગુ (વિ.) = કઢંગુ, ઢંગ વગરનું.
શામિલ (અ.) = દાખલ, કામ ક-
રવામાં સાથે મળેલ હોય તે.
બાવરી (વિ.) = ગાભરી, ગભરા-
એલી, બેબાકળી, કાંઇ સુઝ ન
પડવાથી અકળામણમાં પડી ગએ-
લ ચેહેરાવાળી.
ટીંગ (અ.) = અજાયબ, છક.
સાર—ખોડવાળા મનુષ્યપર દયા ક-
રવી જોઇએ. તેને બદલે તેને
ચીડવેછે તેને પાપ લાગેછે. એ-
વું પાપી કામ કોઇએ કરવું
નહિ. આપણી ગમત સારૂ કો-
ઇને દુઃખ ન દેવું. નિર્દોષ ગમ-
ત મેળવવી.

પાઠ ૧૩૬ મો.

જટા (ના.) = લાંબા ચોટલાની
પેઠે બધા માથા ઉપર વધેલા વા-
ટા વણાયલા વાળ હોય તે. [ટા પ્ર૦
ના દાખલા ઘટા, છટા. ઇ૦]
ડાંગ = (ના.) લાંબી જાડી અથ-
વા બે છેડે લોઢાની કડીઓ વાળી
મજબુત લાકડી.
થરથરી (વિ.) = ધ્રુજી, કંપી.
ખેતરવા (ના.) = આશરે ખેતર જેટ-
લી દૂર જગા [ઘાંટો: મોટો સાદ.
ઉઝરડા (ના.) = ઉઝેટો, શરીર
ઉપર નખ કાંટા વગેરે અણીદાર
ચીજ જેનાથી ઘસરાવાથી જે લી-
સોટા પડે તે, [illegible].
ગાળો (ના.) = જમીન ઉપર પ-
ડેલો ગાડાં ચાલવાનો જે રસ્તો
તે, ધરેડ, ગાડાવાટ.
ઘુંટણપુર = ગુઠણ બુડે એટલી.
ગણીઓ—વાઘરો. પાર=છેડો, અંત.
સાર—કોઇને આપણે દુઃખ દીધું
હોય તો તેના તરફથી કોઇ વખત
સામું દુઃખ થવાનો ભય રાખવો
પડેછે. સુખી માણસે બેદરકારીથી
કોઇથી બગાડવું નહિ કેમકે વ-
ખતે પોતાની સ્થિતિ એવી
થઇ પડેછે કે ગરીબની પણ મ-

દદની જરૂર રહેછે.

પાઠ ૧૩૭ મો.

દિલાસો (ના.) = દિલને ધીરજ આપવી તે. | **સરભરા** (ના.)= સેવાચાકરી, આગતાસ્વાગતા, પરોણાની બરદાસ, મેમાનગત.

વીતેલી (કૃ.) = ગુજરેલી, વેઠેલી, પોતે સહન કરેલી.

લોચ (ના.)= થાકથી છેક નરમ, ઢગલો થઇ પડેલું. | **ફાળ** (ના.) = ધડકો ધ્રાસકો, એકાએક મોટી બીક પેદા થાય તે.

હામ (ના.) = હિંમત, આ[illegible]ગોએ શક્તિ, આય.

સાર—સુંદર સ્વચ્છ ઝુપડી ગંદા મોટા ઘર કરતાં આનંદકારી છે. જીવલીને દુઃખ દીધેલું ત્યારે અમરતે નહોતું વિચાર્યું કે આ ખોટું કરૂંછું, તે મને નડશે; પણ આજે જો જીવલી સમજણી ને ભલી ન થઇ હોત, તો અમરતના શા હાલ થાત? અમરતના જેવી કોઇને પણ કારણે દુઃખ દેવાની રીત ન રાખતાં જીવલીની પેઠે ભૂંડું કરનારનું પણ ભલું કરવાની ટેવ રાખવી; તેથી પ્રભુ રાજી થાયછે.

પાઠ ૧૩૮ મો.

વિસામો (ના.) = થાક લાગે તે ઉતારવો. આરામ.

પજવી = દુઃખ દીધું, રીબાવી.

અપરાધ (ના.) = દોષ, ગુન્હો.

દોહિલી (વિ.) = દુઃખી, હેરાન.

કોપ (ના.) = ગુસ્સો, રીસ, ક્રોધ.

સાર—કોઇ સ્વાભાવિક ખોડવાળા માણસની આપણે મશ્કરી કરવી નહિ. આપણે અનેક ગુન્હા દરરોજ કરી ઇશ્વર તરફથી માફી ઇચ્છીએ છીએ. ત્યારે આપણે પણ બીજાને માફી આપવી જોઇએ. નહિતો પરમેશ્વર આપણને માફ કેમ કરે? કોઇને માફ કરવાથી પરમેશ્વર રાજી થાયછે.

પાઠ ૧૩૯ મો.

ઉપસેલી (વિ.) = ઉપરથી આવેલી, બહાર ઉપડેલી. | **ચપટી** (વિ.) = માંહે બેઠેલી, દબાએલી.

દૂરબીન (ના.) = છેટેની વસ્તુ પાસે દેખાય તેવા કાચનું યંત્ર.

વખરા (વિ.) = સાથમાંથી જૂદા પડેલા.

ઢાળ (ના.) = ઢોળાણ, ઊંચેથી થોડે નીચે જતી જમીન, ઢોળાવ. (તેથી ઉલટું ચઢાણ, ચડ, ચઢાવ.)

વેગળે (અ.) = છેટે, દૂર, આઘે.

પૃથ્વીનો ગોળ આકાર આપણે પૃથ્વીથી અલગ રહીને જોઇ શકતા નથી. પરંતુ કેટલાંક કારણોથી સિદ્ધ થયું છે કે તે **ગોળ** છે.

પાઠ ૧૪૦ મો.

ગાળો (ના.) = ભાગ.
નિશ્ચય (ના.) = નક્કી કરેલું તે.
સંદેહ (ના.) = વહેમ, શક, શંકા.
ભાસે (ક્રિ.) = મનને લાગે–દેખાય.
નક્કી (ક્રિ. અ.) ખચીત.

સ.—આપણી સામેના લોક પડી કેમ નથી જતા ?

જ.—જેમ આપણને પૃથ્વી આકર્ષણ કરેછે તેમ તેમને પણ કરેછે તેમને પણ આપણી પેઠે પગ તરફ પૃથ્વી ને માથે તારા ને આકાશ છે. તો જેમ આપણે નથી પડતા તેમજ તેઓ પણ પડે નહિ. આપણી સામે **અમેરિકા ખંડ** છે. અહિં જ્યારે મધરાત થાય ત્યારે આપણી સામી બાજુની જગ્યાએ (અમેરિકામાં) બપોર થાય.

પૃથ્વી સપાટ દેખાયછે તેવી નથી પણ **ગોળ** છે. તે નારંગીની પેઠે ઉત્તર દક્ષિણ ચપટી ને પૂર્વ પશ્ચિમ ફૂલેલી છે. પણ સંપૂર્ણ ગોળ નથી. **ઉત્તર દક્ષિણ ગોળ છે તેનાં કારણ.**—

૧. જેમ જેમ ઉત્તરમાં આપણે જઈએ છીએ તેમ તેમ ધ્રુવ તારો ઊંચો દેખાતો જાયછે. જો પૃથ્વી સપાટ હોત તો બધે ઠેકાણેથી સરખો ઊંચો દેખાત.

૨. ઉત્તર અથવા દક્ષિણમાં ઘણે દૂર સુધી જઈએ તો નવા તારા નજરે પડેછે અને જૂના દેખાતા બંધ થાયછે.

પૂર્વપશ્ચિમ ગોળ હોવાનાં કા૦

૧. પૃથ્વી ઉપર સૂર્ય બધે ઠેકાણે એકજ વખતે ઉગતો કે આથમતો નથી પણ જો સપાટ હોત તો સૂર્ય બધે ઠેકાણે એકજ વખતે ઉગત. અને હાલે જેમ **મદ્રાસમાં મુંબઈ** કરતાં ના કલાક **વહેલો** અને **મુંબઈથી કલકત્તામાં** એક કલાક વહેલો ઉગેછે એવો ફેરફાર ન થાત.

બધીતરફથીગોળહોવાનાંકા.—

૧ ચંદ્રગ્રહણ, પૃથ્વીની છાયા પડવાથી થાયછે. અને તે છાયા ગોળાકાર પડેછે તો પદાર્થ જાતે ગોળ હોય તોજ તેની છાયા ગોળ પડે માટે પૃથ્વી ગોળ છે. ૨ દિશા બદલ્યા વિના પૃથ્વી પ્રદક્ષિણા થઈ શકેછે.

૩ આકાશના સૂર્ય ચંદ્ર વગેરે બધા પદાર્થો ગોળ છે તો પૃથ્વી પણ ગોળ હોવીજ જોઇએ.

૪ દરિયામાં **જતાં** વહાણનો પ્રથમ નીચેનો ભાગ દેખાતો બંધ થાયછે, **પછી** ઉપરનો બંધ પડેછે તેમ **આવતા** વહાણનો **પ્રથમ** ઉપરનો અને પછી નીચેનો ભાગ

દેખાય છે, કારણ પૃથ્વી ગોળ હોવાથી વચલો ઉપસેલો ભાગ આડો આવેછે.

[આ પાઠો અથરા ને અતિ અગત્યના છે માટે મહેતાજીએ પ્રદર્શન પ્રયોગ અને નકસાવડે ખૂબ સમજાવવા.]

પાઠ ૧૪૧ મો.

વ્યાકરણ = ભાષાના નિયમો ખોળી કાઢી એકઠા કરી અનુક્રમે ગોઠવીને લખવાની વિદ્યા.

વિભક્તિ = વાક્યમાં નામ અને ક્રિયાપદ વચ્ચે, અને નામ નામની વચમાં જે સંબંધ હોયછે તે બતાવવાને નામનાં પ્રત્યય લાગીને અથવા લાગ્યા વગર જે રૂપ થાય છે તે.

સર્વનામ=જે શબ્દો નામને ઠેકાણે આવે તે હું, તું, તે, આપણુ આપ [illegible] કોણ ઇ૦.

ઇત્યાદિ=એ આદિ લઇને બીજા.

સંબંધ=[illegible] **કાજે, માટે** એ શબ્દ એ થીના પ્ર. ને જોડે આવે તેવું પદ એ ઉદ **શબ્દયોગી અવ્યય** કરવું.

સંબોધન=કોઇને નામ દઇને, હાક મારીને, હે, ઓ, રે, હો, લગાડીને બોલતાં જે વિભક્તિ વપરાયછે તે. કેટલાક એને આઠમી વિભક્તિ પણ કહેછે. તેનું રૂપ પહેલી જેવું છે. (હોપ સાહેબે પહેલીને સંબોધન અર્થે ગણી છે.)

પાઠ ૧૪૨.

પધારો (ક્રિ.)=આવો. (માન આપતાં બોલાય.)

સવાલ (ના.)=પ્રશ્ન, કાંઇ પૂછવું તે.

વિશેષણ = બીજા શબ્દનો **ગુણ** તથા **સંખ્યા** દેખાડનાર શબ્દ.

મુકરર (વિ.)=નક્કી કરેલ, ચોકસ, ઠેરવેલ.

પાઠ ૧૪૩.

ક્રિયાપદ=જે શબ્દથી ક્રિયાનો બોધ થાયતે. જેમ લખેછે. દોડયો. એમાં લખવા, દોડવાની ક્રિયા થઇ

સકર્મક=કર્તા [illegible] સ = સ.શે + કર્મ + ક [illegible]]

અકર્મક=કર્મ [illegible] નહિ તે. જેમાં કર્તા [illegible] કર્મ [illegible] તે. [અ=નહિ [illegible] કર્મ સાથે નહિ તે.]

[illegible]=છે હતું, થશે એવો નક્કી [illegible] ક્રિયાપદનો પ્રકાર. એટલે જેમાં મૂળધાતુને અસલ રૂપમાંજ કાળના પ્રત્યયો લાગેલા હોય તે. જેમ લખ્યું, વાંચ્યું દોડો, રમ્યો, લખશે, ગયો.

શક્યભેદ=છે, હતું ને થશે એવું નક્કી નહિ બતાવતાં થઇ શકશે એવું અનિશ્ચિત બતાવનાર **ક્રિયાપદનો પ્રકાર**. તેમાં મૂળ ધાતુ મરડાઇને તેને પ્રત્યય લાગેછે. જેમ **લખાયું, વંચાયું, જવાયું**. તે-

માં મૂળ કર્તા પાંચમી વિભક્તિમાં આવેછે. | કાળ=વખત,(ક્રિયા કયે વખતે થાયછે તે બતાવેછે.) વર્તમાન=ચાલતું. | ભવિષ્ય=હવે આવવાનું. | ભૂત=થઈ ગએલું.

સાર.—કોઇપણ ક્રિયાપદને કોણ ને શું ? એ સવાલ પૂછતાં એક જવાબ આવે તો તે અકર્મક. અને જુદા જુદા આવે તો સકર્મક. કોણનો જવાબ આવે તે કર્ત્તા. અને શું નો જવાબ આવે તે કર્મ. ક્રિયાનો કરનાર તે કર્ત્તા. અને જેનાપર ક્રિયા થાય તે કર્મ. જેમ સુતારે ગાડી ઘડી; એમાં સુતાર કર્ત્તા. અને ગાડી જેના ઉપર ઘડવાની ક્રિયા થઇ તે કર્મ.

પાઠ. ૧૪૪

અવ્યય=જે શબ્દના રૂપમાં કાંઇ પણ વધઘટ એટલે ફેરફાર થાય નહિ ને હમેશાં પોતાને રૂપે રહેછે તે; જેને જાતિવિભક્તિ ને વચન લાગતાં નથી એવો શબ્દ.

ઉભયાન્વયી=[ઉભય=બે+અન્વયી=જોડનાર] બે શબ્દ કે બે વાક્યને જોડવાવાળો. જેમ અને, તથા, કે, પણ, વળી. તો ૪૦.

શબ્દયોગી=શબ્દની સાથે જોડાઇને શબ્દ તથા ક્રિયાપદ વચ્ચેનો સંબંધ દેખાડે છે તે, જેની પહેલાં નો, ની, નાં પ્રત્યય મુકેલા કે અધ્યાહાર (ઉપરથી સમજાતા) હોયછે.

અચરતી (ના.)=નવાઈ,અચરજ.

ઊભરો (ના.)=દિલમાંનો જોસ-જુસ્સો બહાર પાડવો તે.

કેવળપ્રયોગી=મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ તિરસ્કાર વગેરે ઉપજ્યાથી જે શબ્દો જુસ્સામાં છૂટા બોલાઈ જાયછે તે. જેમ અહાહા! [ઉદ્ગાર અવ્યય].

ક્રિયાવિશેષણ=ક્રિયાપદનો ગુણ બતાવનાર અવ્યય. તે ૬ જાતના છે. ૧ વખત. ૨ ઠેકાણું. ૩ રીત. ૪ નકાર. ૫ નિશ્ચયાર્થક. ૬ બીજા પરચૂરણ.

પાઠ ૧૪૬ મો.

કાવતરૂં (ના.)=કપટ, છેતરપીંડી, છળ.

માપ (ના.)=જેથી કોઇ ચીજ ભરી અપાય તે. પાલું, માટલી, ગજ, દોરીઓ, ગળિયો, વગેરે.

ચોખાપૂર=ચોખા સમાય તેટલું.

શરત (ના.)=બોલી,પરઠણ,કબૂલાત.

દામ=પૈસો, ગર્થ, લક્ષ્મી, નાણું.

પેટ સૌને લાગ્યું છે=સૌને ખાવા જોઇએછીએ. કાટલાં(ના.)=તોલાં.

સાર.—મૂલમાં સાટું પણ તોલમાં સાટું નહિ.=ચીજ લેતાં કિંમત ઠરાવવી પડેછે, પણ તોલ તો પહેલાંથી નક્કી થએલ છે. જે તોલ ચાલતો હોય,તે પ્રમા-

ણે પૂરૂં આપવાની વેપારીની ફરજ છે માટે તોલનું સાટું કરાય નહિ. ખરીદી અને વેચાણમાં છેતરપિંડી નહિ કરતાં સત્યતાથી વર્તવું. ધંધામાં છેતરપિંડી કરતાં પાપ નથી લાગતું એ માનવું ખોટું છે.

પાઠ ૧૪૭.

બલા (ના) = આપદા, પીડા.
બહાનું = નિમિત, કારણ, મસ.
ચાર દહાડાનું ચાંદરડું = થોડા વખતનું સુખ, ચંદ્રમાનું અજવાળું લગભગ ચાર દહાડા પૂરૂં દેખાય છે. તે ઉપરથી એ કહેવત નીકળી.
વક્કર (ના.) = ભારબોજ, વજન, મોભો, આબરૂ, પ્રતિષ્ઠા, માન.
જે (ના.) = ફતેહ, જીત, જય.
ખે (ના.) = નાશ, પાયમાલી, ક્ષય.
સોદો (ના.) = માલમતા, સામાન.
સાર—૧ ઘરાકને છેતરવાનું કામ વાજબી નથી. ૨ છેતરપિંડીથી ન્યાલ થએલાનું પરિણામ સારૂં નજ આવે; કારણ "અંતે ધર્મે જે ને પાપે ખે." ૩ છેતરપિંડી કરનાર વેપારી પાસેથી કોઇએ માલ ખરીદ કરવો નહિ; તો તેનો વેપાર ચાલશે નહિ અને સુધરવું પડશે.

પાઠ ૧૫૩ મો.

લાલચ (ના.) = લોભ.
ઝૂમી (કૃ.) = લટકી, નમી.
દાઢસળકી (ક્રિ.) ખાવાનું મન થયું.
વિસાત (ના.) માલ, ગુંજ.
પીળાંચ્ચક = બહુ પીળાં.
શાખીઉં (ના.) = પાકવાપર આવેલી કેરી, શાખ. | એકલપેટો (વિ.) = આપમતલબી, સ્વાર્થી, માત્ર પોતાનુંજ હિત ઇચ્છનાર.
સાર—એક ગુન્હો કરનારને પાછળથી ઘણાક ગુનાહ કરવા પડેછે. તેમ ખોટી લાલચથી જે પ્રથમ થોડું હરામનું લેછે તે પછી ઘણું લેતાં શીખેછે. ને અંતે મોટી ચોરીઓ કરવા માંડેછે. તેમાંથી છેવટે દુઃખી થાયછે માટે અયોગ્ય કામ નજીવું હોય તોપણ ન કરવું.

પાઠ ૧૫૪ મો.

વેર વાળવું = આપણું ભૂંડું કરે તેનું સામું ભૂંડું કરવું. | ક્ષમા (ના.) = માફ, માફી આપવી તે, જવાદેવું તે.
સાલસ (વિ.) = ભલું, સીધું.
પસ્તાય = અફસોસ—ધોખા કરે.
વીલો (વિ.) ફિક્કો, ઝાંખો, ઝંખવાણો.
કમનસીબ = ઓછા નસીબવાળો, અભાગીઓ, હિણભાગ્ય કમબખ્ત.
નિર્ધન = ધનવગરનો, ગરીબ, રંક.
અમથું (વિ.) = કારણ વિનાનું, ફોકટ, નકામું, નિરર્થક, લેવાદેવા વગર, સહેજ, અમસ્થુ. ખોટું.
ઝીબાળી (વિ.) = ભૂંડી, નઠારી.
ચીડી = ગુસ્સે થઇ, કોપી, રીસ કરી.
બચ્ચા = સામા માણસને લપકો

ખારી બોલતાં વપરાય છે. દુષ્ટ સ્વભાવનાં માણસને સારી શીખામણ અસર કરતી નથી પણ ઉલટું પરિણામ આવેછે.

પાઠ ૧૫૫ મો.

રંદા નાંખવું = ચૂંથી–ખરાબકરી–કચરી નાંખવું.
ખાટું (વિ.) = દિલગીર; નાખુશ.
ભંગ (વિ.)=ભાગી જવું,નાઉમેદ.
ઉમેદભંગ થઇ = નિરાશ થવું, નાઉમેદ થયો.
ચોળાઇ=(કૃ.)ડોહોળાઈ,ઘુંટાણી, એજ વાત મનમાં આવ્યા કરી.
કઢાપો (ના)=અપશોષ, દિલગીરી.
જોમ (ના.) = જુસ્સો, મનની ઉશ્કેરાયલી હાલત. | નિયમ=ધારો, કાયદો, નક્કી કરેલું તે, ઠરાવ.

પાઠ ૧૫૬.

આંસુ (ના.) = આંખમાંથી દુઃખની કે હર્ષની વખતે પાણી પડેછે તે.
ઠીકઠાક (અ.) જ્યાં જેવું જોઇએ ત્યાં તેવું. બરાબર. | ચોળાચોળ (ના.)= એની એ વાત કર્યા કરવી તે. ડોળાડોળ, ચકચાક, પંચાત.
ગાંઠ (ના.) વાળી = દૃઢ નિશ્ચય–નક્કી ઠરાવ કર્યો. | લગામ = ચોકડું, ઘોડાને કબજામાં રાખવાને તેના મ્હોમાં ઘાલે છે તે.
મરણતોલ-(અ.)=મરણ થાય તેવું, મરવા જેવું. | અધમુઓ (વિ.)= અડધો મરેલો. | વિગત =માલ, બાબત,| બીજેત્રીજે=બેત્રણ દહાડે.

સાર–રાજારામનું મોટું દિલ, ક્ષમા કરવાનો મોટો ગુણ, મોરારનું ભલું કરવાનો તેનો નિશ્ચય.

પાઠ ૧૫૭.

અબઘડી = આ ઘડી, તુરતાતુરત.
મીઠાશ = માયા, હેત.
નામ ભૂંડું = મુદ્દલ, બિલકુલ.
રહેણી (ના.) વર્તણુંક,ચાલચલગત.
ભલામણ = (ના.) સિફારસ.
ઘટારત = લાયક, યોગ્ય, વ્યાજબી.

સાર.—ભલા રાજારામે અપકારને બદલે ઉપકાર કર્યો.

પાઠ ૧૫૮ મો.

પરઠણ (ના.)= કરાર, શરત, બોલી.
જાન (ના.) = નુકશાન, બિગાડ
ખરખરો (ના.) = પસ્તાવો, પોતાથી કંઇ ખોટું કામ થઇ ગયું હોય તેનો અફસોસ થાય તે.
ચેન = સુખ, નિરાંત, કળ, કંઇપણ ચિંતા નહિ તે.
ગળગળતે (અ.) = છાતી ભરાઇ આવવાથી નીકળતે ધીમે સ્વરે.
ભો (અ.)=ભલે. ગુન્હો=અપરાધ.
વય (ના) = ઉમર.

સાર—આપણે બીજાના અપરાધ માફ કરવા જોઇએ કારણ જો આપણે બીજાના ગુન્હા માફ ન કરીએ તો ઈશ્વર આપણા

અપરાધ શી રીતે માફ કરે? જ્યારે આપણે બીજાને માફ કરીએ ત્યારે ઈશ્વર જાણે કે આપણે માફી માગીએછીએ તે ખરા દિલની છે. રાજારામે મોરારનું બહુ ભલું કીધું તેથી તેનાં બહુ વખાણ થયાં ને પરમેશ્વર રાજી થયા.

પાઠ ૧૬૦ મો.

દૈત્ય (ના.) = રાક્ષસ, [દેવતાના ઓરમાન ભાઈ, શત્રુ. શાસ્ત્રપુરાણમાં વર્ણવ્યા છે તે. અહીં માણસ કરતાં ઘણા જોર—શક્તિવાળું કલ્પિત પ્રાણી.]

જાતે ઘરડું પાન = બહુજ ઘરડો (ઘરડું સૂકું પાંદડું પીળું પડી જતાં હમણાં પડું પડું થઈ રહ્યું હોય તેમ ઘરડું માણસ પણ મરૂં મરૂં થઈ રહ્યું હોય માટે એ ઉપમા)

ઉતારો = રાતવાસો રહેવાની જગ્યા.

વસ્તારી (વિ.) = છોકરાં છૈયાં વાળો.

કોઢાઈ (ના.) = ઢોર બાંધવાની જગ્યા.

એકના એકવીશ કરો = બ્રાહ્મણે આશીર્વાદ આપ્યો કે તમારો એકનો વંશવધીને વધારો થાઓ.

સાર—કરસન દેશાઇને ઘેર બ્રાહ્મણ ઉતર્યો હતો ત્યાં દેશાઇના છોકરાંની વાર્તા સાંભળવા મરજી થતાં હરીએ અકકલની અને બીજાએ દૈત્યની વાર્તા સાંભળવા મરજી બતાવી તેથી બ્રાહ્મણે બન્નેને રાજી કરવા અક્કલને રમુજ બન્ને આવે તેવી ગમ્મત દૈત્યની વાત ચલાવી.

પાઠ. ૧૬૧ મો.

અગણોતેરો (વિ.) = સંવત્ ૧૮૬૯ માં મોટો દુકાળ પડયો હતો તે. કેટલાક આનું પદચ્છેદ ભૂલથી વિશેષણ કરી તેનું વિશેષ્ય કાળ ગણે છે પણ ખરૂં જોતાં એ ખાસ **વિશેષનામ** છે.

વખાના માર્યા (ના.) = દુઃખના માર્યાં, જેના ઉપર કાંઈ આફત પડી હોય તેવા.

વાવાઝરડું (ના) = વાનું જોરથી વાવું, વાવાઝોડું, વાઝોડું.

ડામાડોળ (વિ) = ડોલા ખાતું, ડગમગતું, વાંકુંચુકું થતું, આડાંઅવળાં ઝોકાં ખાવાં તે.

દમડી = બદામડી (૧/૪ પાઇ)

ટાંકયા (ક્રિ.) = ટાંકણાથી ચોબાટોચા માર્યાં, લીસા પથરામાં ટાંકણાવતી આછીમાં આછી ખાડા પાડવા કે તે ચણવાનાકામમાંઆવે.

ચમત્કારી (વિ.) = નવાઇ જેવી, આશ્ચર્ય ઉપજાવે તે. [ચમત્+કાર + ઇ]

ખચાઇ (ના.) = અટકી. (ચાલતાં ચાલતાં કાંઇ બીક જેવું જણાવાથી)

જાભો = જૂના વખતના માણસો પહેરે છે તે—ઝૂલવાળું ઘેરદાર અંગરખું

અંગરખું.
ઊજળો જામો પહેર્યો = પાણી ઊજળું દેખાતું હતું. તેને જામો પહેર્યો કહ્યું છે.
મીઠી નજરે જોવું = અહીં આગળ જોવાનું કંઇ નથી, પણ પાણી શાંત હતું એટલે તેણે મીઠી નજરે જોયું એમ પાણીને માણસનું રૂપ આપી લખ્યું છે.
ગરક (વિ.) = જોવામાં લીન,-બૂડી જવું.
સાર—વાર્તા વડે કાંઇ પણ નવી વાત સમજાવવાથી તે મનમાં રસિક લાગી બરાબર ઠસેછે; તે સારૂ પાણી, પવન, અને અગ્નિની મદદથી અનેક અદ્ભુત કાર્યો થાય છે, તે સમજાવવા તેમને રાક્ષસનાં (અદ્ભુત કામો કરવાની શક્તિને માટે) નામ આપી વાર્તા કરી છે. ઉતારૂને અજાણ્યા બેટમાં **ઉદક પ્રવાહ** એટલે (પાણીનું વહેતું-વહન) નો ઉપયોગ કરવાનું સુઝ્યું તેને દૈત્ય કલ્પ્યો.

પાઠ ૧૬૨ મો.

પાછેપગે = જે રસ્તે આવ્યો હતો ને રસ્તે એકદમ બીકથી નાસતાં માણસને પાછે પગે નાઠો કહેછે.
પલાણ (ના.) = વાહન ઉપર જે મૂકીને બેસાય તે. બેસણું, આસન, કાઠું.
સપાટાબંધ (અ.) = જોસબંધ, ઝપાટભેર, એકદમ ઝડપથી.
જીવ ઉડી ગયો = હોશ ઉડી ગયા, બેભાન જેવી થઈ ગઈ.
હોઇઆં (અ.) = ગટ, ગળી જવું, ખાઈ જવું. ખાધા પછી ધરાયાનો જે ઓડકાર આવેછે તે.
સાર—પાણીના વહેવાને **ઉદક પ્રવાહ** રાક્ષસ ગણ્યો છે માટે તેનું વર્ણન કરતાં જગાની સ્ત્રીને ડર લાગે વગેરે વાતો કરવી યોગ્ય ધારી છે. નદીનું વહન ઘર નજીક હોવાથી તે વડે **જળચક્કી** ચલાવવી શરૂ કરી.

પાઠ ૧૬૩ મો.

શરદી (ના.) = ઠંડી, ટાઢી હવા.
ઝપાટાબંધ (અ.) જલદીથી, ઝડપથી, ઉતાવળથી.
પટલાણી (ના.) = પટેલની બૈરી.
સંઘર્યો (ક્રિ.) = રાખી મૂક્યો.
સંઘર્યો સાપ કામ લાગે = તુરત ઉપયોગમાં ન આવે એવી ચીજ ફેંકી ન દેતાં રાખી મૂકવામાં આવે તો કોઈક વખત ઉપયોગી થઇ પડે એવા મતલબથી આ કહેવત ચાલેછે.
સાર—જગા પટેલનો મેટો (મેડી) કરાવવાનો વિચાર થતાં પાટીઆં લાવવાનું, તથા વહેરવાનું રાક્ષસને સોંપ્યું, (જળ વાટે બહુ દૂર થોડી મહેનતે કેમ લઇ જવા-

ચઢે ને ગાડાં કરતાં વહાણની કેવી સુગમતા થાય છે તે સમજાવવું.) માળો જડવા સારૂ જગો સુતાર લાગ્યો તેને મજૂરી બદલ લોટ દળાવી આપવાથી **રાક્ષસની** વાત ગામમાં ફેલાઇ. તેથી લોકોની દળવા અને વહેરવા વગેરે કામો કરાવવાની માગણી થઇ; ને તેને બદલે જગા પટેલને તરવાર બદલો મળ્યો. એક જણ રૂપિયાની કોથળી લાવ્યો, પટેલે તે વખતે તેનું નિરૂપયોગીપણું બતાવ્યું, પણ છેવટ પટલાણીના આગ્રહથી તે કબૂલ રાખ્યું. [અર્થશાસ્ત્રની રીતે એક બીજાની મહેનતનો અદલોબદલો ને તેમાં પૈસાનો ઉપયોગ સાદી ભાષામાં શિક્ષકે સમજાવવો.]

પાઠ ૧૬૪ મો.

ગુજર (વિ.) હલકી, થોડી. નજીવી કિમતની, જરા, માલ (વિસાત) વગરનું.

અલમસ્ત = જબરો, ઘણો જોરાવર, મસ્તાન, લટ્ઠ, મદમાતો. વિશેષણ **નામ** તરીકે અહીં છે.

મસ્તાન (વિ.)=ઉદમાતી, તોફાની.

ઉદક પ્રવાહ (ના.) = પાણીનું વહેવું—પાણીનો ધોધ. એને રાક્ષસની ઉપમા આપી છે. કારણ કે પાણીના વહેવાના જોરથી તેણે જગાચક્કી ફેરવી લોટ દળવું અને પાટીઆં લાવવાં તથા વહેરવાનું કામ કરાવ્યું હતું.

બુમરાણ (ના.)=પોકાર, સુસવાટો.

સાર—એક ગરીબ ડોશીની માગણીથી જગા પટેલે તેને મફત કામ કરાવી દીધું. તેમ નિરાધાર ગરીબ માણસને મદદ કરવી તેથી પુણ્ય થાયછે. એ અલમસ્તની એવીજ માગણીની પટેલે ના પાડી અને શીખામણ આપી જે પોતાનું ગુજરાન ચલાવવા શક્તિમાન છે તેને દાન આપવામાં પુણ્ય નથી. ઉદક પ્રવાહની મદદથી જગા પટેલને ઘેર આવદાની થઈ. યુક્તિ અને હુશિયારીથી કામ લેનારને બહુ લાભ થાય છે. ઉદકપ્રવાહ અને તેના ભાઇબંધનો **વાત પ્રવાહનો** મુકાબલો:-

૧ **ઉદકપ્રવાહ** ડુંગર નીચે રહે. (કારણ, પાણીનો પ્રવાહ ડુંગરમાંથી નીકળેછે.) અને **વાતપ્રવાહ** તો ઊંચો રહે. (કારણ, પવન ઊંચાણમાં વધારે હોય.)

૨ **ઉદકપ્રવાહ** નિયમસર કામ કરે, **વાતપ્રવાહનું** ચિત્ત ભમતું.(એટલે પાણી તો હમેશ નિયમિત-વહેતું હોય છે ને પવન તો સરખો વાય તો કામ થાય, નહિ તો નહિ.)

૩ **વાતપ્રવાહ** સંસવાટા કરી ઉદકપ્રવાહને સંતાપે. (એટલે તોફાનથી પાણી ઉછળે.)

પાઠ. ૧૬૫ મો.

ગરૂચા (ના.)=ચાલેલી વાતચિત સારી રીતે ચુંથવી તે, વિવેચન.
વાતપ્રવાહ=પવનનું વાવું. એને રાક્ષસ કલ્પ્યો છે. | **એ.ઝો**=પડછાયો.
બેસણું (ના.)=જે ઉપર બેસવાનું તે, બેઠક, આસન. | **ધનધન**(અ.)=સાબાશ. (સં. ધન્ય ધન્ય.)
ભગતરૂં (ના.)=પાંખવાળું એક જાતનું ઝીણું જીવડું.
જોઈશું=જોઇશે ને બદલે ગૂજરાતમાં બોલેછે. | **ચપટી** (વિ.)=ચપટી વગાડીએ એટલી વાર, જરા, સાહેત. | **શેઠાણી**=શેઠની બાયડી. | **પારદર્શક** (વિ.) જેમાંથી આરપાર દેખાય તે. [પાર+દર્શક.]
સાર—હુશિયાર માણસ થોડી વાત સાંભળીને પણ મોટા શોધ કરી શકેછે. મોરારદાસે **વાતપ્રવાહ** સંબંધી વાત જાણી તેને જંગલમાં મળી તેનો ઉપયોગ લીધો. એટલે ટેકરાની ટોચ ઉપર **પવનચક્કી** મંડાવી. | મારી નજરમાં આવે ત્યાં લગી કરૂં=પવનનું જોર વધતું ઓછું કરવું માણસના હાથમાં નથી, એટલે તે પોતાની મરજી પ્રમાણે થાય ત્યારેજ સંચો ચાલે.

ઉદકપ્રવાહ પગ ઘસડતો ચાલે=પાણી બોય સાથે ઘસડાઇને ચાલે છે માટે **પગ ઘસડતો** કહ્યું છે.
વાતપ્રવાહ કહે કોઈવાર તેને મદદ કરીશું=સમુદ્રમાં, વહાણ પવન નહોય તો ચાલતું નથી, પણ જો પવન પાછળથી વાય તો ઝપાટાબંધ ચાલેછે, તેથી વહાણ ચલાવવા માટે **વાતપ્રવાહે ઉદકપ્રવાહ**ને મદદ કરી કહેવાય.

પાઠ ૧૬૬ મો.

સટ=તાબડતોબ, ઝટ, એકદમ.
વેંતીયા (વિ.)=વેંત જેટલા લાંબા.
સડસડાટ (અ.)=સપાટાબંધ.
જીક્કર (ના.)=જીદ, હઠ, બોસ, વાદ, હઠભરેલી તકરાર, ખેંચતાણ.
બૂમ પાડે ને હાથ પછાડે=ઘૂ ઘૂ અવાજ થાય ને મોજા ઉછળે.
ઉદકપ્રવાહ બડબડતો રહ્યો=પવન બંધ થવાથી પાણી થોડું થોડું ઊછળે તે.
ટાઢો પડયો=પાણી ધીમું વહેવા માંડયું. | **સમરી**=સુધરી.
પાંખો પહોળી કરી=વહાણનું સઢ પહોળું કરી તેમાંજ પવન ભર્યો.
સાર—વાતપ્રવાહ, ઉદકપ્રવાહની ખબર લેવા ગયો ત્યાં બેની લડાઇ થઈ. એટલે પાણીનો પ્રવાહ જે ગમ ચાલતો હોયછે તે તરફ વહાણ કે તરાપો ઘસડાતો

જાયછે. તેને પૂંઠે પવન હોય તો મદદ થાયછે ને ઝપાટાબંધ ચાલે, પણ સામે પવન હોય તો વહાણ ચાલી શકે નહિ ને ખાડું ઊભું રહે. બાળ પ્રવાહ અનમોળ હો-વાથી તેનું ઉદકપ્રવાહથી ઓછું ઉપયોગીપણું. અને તે બન્નેથી બેટને ઘણો ફાયદો. ઉદકનો પ્ર-વાહ ધીમે ચાલેછે, ને પવનનો બહુ ઉતાવળે ચાલેછે.

પાઠ ૧૬૭ મો.

બાળ (ના.)=ખબર, શોધ, પત્તો, વાવડ. | ઊનું = ગરમ.

ઉષ્ણતાબાઇ = ગરમી. એમાં ગ-રમીને સ્ત્રીનું રૂપ આપ્યું છે. એ વરાળીઆની મા છે. કારણ, ગ-રમીમાંથી વરાળ થાયછે.

ખાતરી=વણકરની એક જાત, ખત-રી. ૨ રંગરેજ, ૩ ખાંભાત્રી.

હિમત હારવી = હિંમત છોડી દે-વી, નાહિંમત—નાઉમેદ થવું.

વેગળો = દૂર, છેટો, આઘો.

બાળીઓ (વિ.) = જોરાવર.

સાર—ઉદક એટલે પાણીને ગ-રમી મળે તો વરાળ થાયછે, માટે ઉષ્ણતાબાઇને વહુ તથા વરાળી-આને દીકરો કલ્પ્યો છે. વિઠુલે વ-રાળીઆની પૂછેલી વધારે હકીક-તથી તેનો ઉપયોગ કેમ થઇ શકે તે સમજાવ્યું.

પાઠ ૧૬૮ મો.

ભભકો (ના.) = જોસ. | ડાટો = બૂચ, ઢાંકણું. | સિંગાઈ (ના.)= ચંબુ. | સજજડ(વિ.) મજબૂત.

વરાળીઓ = પાણીમાંથી વરાળની-કળેછે તેને રાક્ષસનું રૂપ દીધું છે.

વેઠ (ના.) = આપદા, દુઃખ.

સાર—વરાળ જેમ સંકોચાય તે-મ જોર કરેછે. ઉદકપ્રવાહ સાથે વિઠુલે કુંડ ઉપર જઇ વરાળી-આને પકડ્યો તેથી વરાળીએ કામ કરવાનું કબૂલ્યું, એટલે લુગડાં વણવાનું તેને સોંપ્યું.

પાઠ ૧૬૯ મો.

બગાસાં ખાય = આળસ ખાય. મા-ણસ નવરો હોય તો બગાસાં આ-વેછે, તેથી નવરો એમ બતાવ્યું.

ત્રણ રાક્ષસો લડવા મંડ્યા = વરા-ળ, પાણી અને પવન એ ત્રણેનો આગબોટમાં ખપ પડેછે, માટે તૈયાર કરેલું વહાણ કયે સંચે ચ-લાવવું તેની લડાઇ થઇ.

દોલતવાળા (વિ.)=પૈસાવાળા.

ગુજારીશ = પહોળી કરીશ.

સસ્તી (વિ.) = સોંઘી.

સાર—રાક્ષસની મદદથી તે બેટ-વાળા દોલતમંદ થયા. ઉદ્યોગ-થી દોલત વધેછે, સોનું એજ કંઈ દોલત નથી. સોનું રૂપું તો દ્ર-વ્યના અદલાબદલાનું સહેલું સાધ-

ન છે, તે સમજાવવું. રાક્ષસની મદદથી લોકો નવરા પડ્યા દેખાયા, પણ ઉલટું વધારે કામ જાગ્યું. વરાળયંત્રના સંચા દાખલ થવાથી મજુરને રોજી મળે નહિ એ માનવું ભૂલભરેલું છે. માલનો વધારો થાય તો પરદેશ મૂકાયછે તેથી ઘણા નવા ધંધા વધેછે.

પાઠ ૧૭૦ મો.

પેલીગમ = પેલી બાજુ.
અથડાવું (ક્રિ.) = રખડવું.
વરાળીઆનો કાકો=વાતપ્રવાહ. (કારણ તે, જળપ્રવાહનો ભાઇ છે અને વરાળ જળમાંથી ઉપજે છે માટે.)
કાકો રીસાય ને સામો થાય=પવન સવળો ન હોતાં સામો હોય તે.
બાથંબાથા (અ) = સામસામા આવી બાથ ભીડી લડવું તે. કાકા ભત્રિજાની બાથંબાથા એટલા માટે કે પવન સામે વરાળ જોર કરે.
વૈભવી = (વિ.) વૈભવવાળું, સુખ ભોગવનારૂં, સુખીઆ.
ઉત્પન્ન કરવું = પેદા કરવું.
ખળખળ — વહેતી વખત પાણીનો અવાજ થાયછે તે.
જળચક્કી (ના.) = પાણીના વેગથી ચાલતી ઘંટી.
ગમી (ક્રિ.) = પસંદ પડી. નામ હોય તો અફસોસ.
મણા (ના.) = ખામી, કસર.

સાર—વરાળીઆ તથા જલપ્રવાહના કામનો મુકાબલો, તેથી લાભ. ભટ્ટજીએ આ વાતમાં રહેલી અક્કલની સમજ પાડવા માંડી. ઉદકપ્રવાહ વિષે સમજુતી આપી.

પાઠ ૧૭૧ મો.

પવનચક્કી (ના.) = પવનના જોરથી ચાલતી ઘંટી. | ખાનું (ના.) = કારખાનું. | • જેના (વિ.) સારો.
આચઠ (ના.) = હઠ હઠ, આઘરો.

સાર—ભટ્ટજીએ વાતપ્રવાહ તથા વરાળીઆ વિષે સમજણ પાડી. આપણા દેશમાં એ શક્તિ લેવાની કેટલી જરૂર છે ? તે સમજાવ્યું છે. આપણા લોકમાં રાક્ષસ વિષે એવો વહેમ છે કે તેઓમાં અસાધારણ શક્તિ હોય છે તેઓ ગમે તેવાં રૂપ ધારી શકે અને મુશ્કેલ કામો કરી શકે છે. તેથી તેવાંજ કામ પાણી વહેતું હોય તેની, પવનના અને વરાળની મદદથી કરાવી શકાય છે. માટે તે ત્રણેને અનુક્રમે ઉદકપ્રવાહ, વાતપ્રવાહ અને વરાળિઆ એ ત્રણ રાક્ષસનાં રૂપ આપી આ કલ્પિત પાઠ લખ્યા છે. હિંમતવાન ને બુદ્ધિવાન ઉદ્યોગી માણસો શોધ કરી એવી કુદરતી શક્તિઓને દુનિયાના ઉપયોગમાં

આખી સર્વે લોકને ફાયદો કરેછે. એ ત્રણે શક્તિઓ સૃષ્ટિની ઉત્પત્તિ કાળથી ચાલુ છે, પણ તેને ઉપયોગમાં લેવા માંડી ત્યારથી પાણીને લીધે જળચક્કીઓ, પવનને લીધે પવનચક્કી તથા વહાણો, વરાળને લીધે આગગાડી, આગબોટ અને અનેક તરેહના સંચા ચાલી સર્વનાસુખમાંવધારોથયોછે. કેટલીક હવાનો બાળવાના કામમાં ઉપયોગ થવા માંડયો છે. મુંબઈ તથા બીજા સુધરેલ દેશમાં વાટ ને દીવેલ વિના ગ્યાસના દીવા બળેછે તે ઉપરાંત વીજળીના દીવા કરવા માંડયા છે. હાલમાં **વીજળીથી યંત્રો** ચલાવવાના અખતરા ચાલેછે. તાર પણ તેના જોરથી કામ કરેછે. એ બધી શક્તિઓથી કામ લેવાને **યાંત્રિકવિદ્યા** આવડવી જોઇએ. તેનો શિક્ષકે ખ્યાલ આપવો.

પાઠ ૧૭૩ મો.

એકસંપ (ના.)=એકમત, એકદિલ, સલાહ. | છેક (અ.)=સમૂળગો.

લુગડાંલત્તાં = લુગડાં તથા તે જેવું બીજું કાંઇ. (એમ શબ્દ બેવડાવી બોલવાની રૂઢી છે). [ણુકોરૂં.

ખાદી (ના.) = દોટી, જોડી, પા-

વિદ્યા = જ્ઞાન, સમજણ, ભણતર. [પરમાણુથી પરમેશ્વર લગીના સર્વ પદાર્થને યથાર્થ રીતે જાણવા તેનું નામ વિદ્યા છે. વિદ્—જાણવું+ય+આ].

સાર—ચાલ જૂના છે માટે ન છોડવા એ દુરાગ્રહ છે. આગલા જમાનાને અનુકૂળ હોય તે હાલ પણ અનુકૂળ હોયજ એમ માનવું તે ભૂલ છે. સારા નરસાની પરીક્ષા કરી **સારા ચાલ રાખવા ને નઠારા હોય તે જૂના હોય તોપણ છોડી દેવા** ? એમાં લાભ છે.

પાઠ ૧૭૪ મો.

આગગાડી=અગ્નિ(વરાળ)ના જોરથી લોઢાના પટ્ટા ઉપર ચાલે તેવી ગાડી.

બટ્ટો (ના.) = લાંછન, એબ.

કદાચિત (અ.) = કોઈ વખત.

સાર—ગયા પાઠ કરતાં બાકી રહેલા છોડી દીધેલા ચાલો બતાવી નઠારા ચાલો છોડવામાં કાંઇ એબ નથી, માટે જૂના ચાલમાંથી સારા રાખવા ને નઠારા છોડવાનો બોધ આપ્યો છે. કેટલોક સુધારો આપણામાં દાખલ થઈ ગયો છે ને હજુ પણ પ્રયત્ન કરીએ તો થાય; ચોપડીમાં નથી લખ્યા તેવા સુધારા—

આપણા વડવા, કાસદ વગેરેથી કાગળો મોકલતા. આપણે ટપાલમાં મૂકીએછીએ. તારનો લાભ લઇએછીએ. આપણા બાપદાદા

અંધારામાં ચાલતા, આપણે શહેર સફાઈ કરી રોશની, છરકાવ, સડક વગેરેનો લાભ લેઇએ છીએ. આપણા વડવા તીર, તલવાર કે બરછીથી લડતા, હવે તરેહતરેહની તોપ, બંદુક વગેરે વપરાયછે. ફોટોગ્રાફ, વીજળીના દીવા, ટેલીફોન વગેરેનો આપણે લાભ લેઇએ છીએ. વીજળી ને સુરજની ગરમીથી આગગાડી ચાલેછે.

જે જે હુન્નર અને શોધોનું આપણા વડવાએ નામ પણ નહોતું સાંભળ્યું તે આપણે ભોગવવા લાગ્યા છીએ. એ સર્વ વિદ્યાનો પ્રતાપ છે.

પાઠ ૧૭૫ મો.

આશીર્વાદ (ના.) = ભલું થાય એમ કહેવું તે. આશિષ, દુવા.

હજૂરનો=રાજાની હજૂરમાં રહેનાર, ખીદમતગાર. ઇર્ષા=અદેખાઇ.

દક્ષણા (ના) = ધર્મે સારૂ બ્રાહ્મણને રોકડું નાણું આપવું તે.

ફજેતી (ના.) = ગેરઆબરૂ.

દેવડી (ના.) = ડેલી, મકાન.

બળતે (વિ.) = બીજે.

સાર—" ખોદે તે પડે " જે અદેખાઇથી બીજાનું સારૂં ચહાતો નથી તેનું પોતાનુંજ ખરાબ થાય છે. જેમ હજામે બ્રાહ્મણનું બુરૂં વાંછતાં તે પોતેજ દુઃખી થયો.

પાઠ ૧૭૬ મો.

પાકું હૈયું=જેનું મન ડગે નહિ એટલે જેના મનમાં એક વાત સારી છે એમ ઠસ્યું તો તેની પછવાડે મચે ને કર્યા વગર છોડે નહિ તથા કશાથી ડરે નહિ એવું દૃઢ—મજબૂત—વજ્ર—રીદું મન.

ઝીણી નજર=બારીક નજર; ફાયદા ગેરફાયદાનો ઊંડા ઉતરી વિચાર કરવો તે । આરંભ (ના.)=શરૂઆત.

નિશ્ચય = નક્કી, ખચીત, મુકરર.

ઢાંકણું (ના.) = અહીં બંધન.

ફગવું (ક્રિ.) =બોલ્યું ન પાળવું, પલટવું, બદલાવું, વચન તોડવું.

ધિટકાર (ના.)=તુચ્છકાર, ધિક્કાર.

મન ખાટું થાય=નાઉમેદ થાય, મન હઠી જાય. । ડગમગતું (ક્રિ.)=હાલતું.

મરદ (ના) = ભાઇડો, પુરૂષ.

સાર—કાચા ને પાકાં હૈયાના માણસનાં આચરણ ને તેનો તફાવત બતવી મનુષ્યે દૃઢ નિશ્ચયના થઈ વ્યવહાર કરવા શીખામણ આપી છે. સારા નરસાનો વિચાર કરી પછી સારૂં જણાય તે પ્રમાણે દૃઢતાથી વર્તવું. દૃઢતા વગરનો માણસ અગત્યનું કાંઈ કામ કરી શકતો નથી.

ઇતિહાસના પાઠો.

પાઠ ૨૪ મો.

પ્રાંત=દેશનો એક મોટો ભાગ, જેમાં ઘણા તાલુકા ને જીલ્લા હોય તે.
મહારાષ્ટ્ર=પ્રાંતનું નામ, મરેઠાનો દેશ.
પંજાબ = હિંદુસ્થાનનો એક પ્રાંત. (પંજ = પાંચ + આબ = પાણી.) તેમાં પાંચ નદીઓ ભેગી મળેછે તેની આસપાસનો દેશ.
ખુણીઓ (વિ) = ખુણાવાળો.
હિંદુસ્થાન (ના.) = હિંદુઓનો દેશ, ભરતખંડ, હિંદ, આર્યાવર્ત્ત. [ઇન્ડસ સિંધુ નદીનું નામ છે તે ઉપરથી ઇન્ડિયા ઇંગ્રેજીમાં કહેછે.]
હિમાલય = પર્વતનું નામ. (હિમ=બરફ+આલય = ઠેકાણું) = બરફનું ઠેકાણું. આ પર્વત દુનિયામાં ઊંચામાં ઊંચો છે [આલય પ્ર० ના દા०—દેવાલય, શિવાલય, વિદ્યાલય.]
વિકટ(વિ) =મુશ્કેલીભરેલો, અ[illegible].
ઘટૈયો(વિ) =મોટો લ[illegible]નાંગ, જોદ્ધો.
બરફ (ના) = પાણી ટાઢથી ઠરી જઈને બંધાઈ જાય તે [પાણીનું નક્કર રૂપ. બધા પદાર્થનું નક્કર રૂપ, પ્રવાહી અને વાયુરૂપ કરતાં ભારે હોયછે. પણ તેથી વિરૂદ્ધ બરફ તો પાણી કરતાં હલકું હોય છે. તેથીજ તે પાણી ઉપર રહેછે અને દરિયો જામી જતો નથી. એ પરમેશ્વરની કૃતિની ખૂબી છે.]
રસાળ (વિ.) ફળદ્રુપ, રસાંગવાળી.
ફળાદિ (ફળ + આદિ)=ફળ વગેરે.
પૂર (ના.)=નદીમાં રેલ આવે છે તે.
નાવડું (ના.)=છેક નાનું હોડું. [નાવ ઉપરથી લઘુતાવાળો શબ્દ નાવડું.]
સીમાડો (ના.)= હદ, સીમા, છેડો.

પાઠ ૨૫ મો.

અસલ હિંદુસ્થાન=અસલના વખતનું હિંદુસ્થાન, ગંગાજમુનાવચ્ચેનો પ્રદેશ. [જે **આર્યાવર્ત્ત** કહેવાતો]
કાચું સોનું પાકે એવો = સોનું કંઇ પાકે નહિ પણ એતો ઉપમા છે, એનો અર્થ ઘણોજ રસાળ.
કસ (ના.) = રસાંગ, સત્વ, રસ.
ભાલોડું (ના.) = ભાલો, વાંસની અંદર બેસાડેલું લોઢાનું ફળ.
તળેટી (ના) = ડુંગરના નીચલા ભાગની ઢળતી જગા.
કરીઆણું (ના.) = ગાંધીને ત્યાં ઓસડ, મસાલા વગેરે વેચાયછે તે.
લલચાઈ (ક્રૃ.) = લાલચમાં પડી, લોભમાં લેવાઈ, લોભાઈ.
ચિત્તા = ચીતરો, વાઘની એક જાત, એના રૂવાંનો રંગ પીળો અને બાજુએ કાળા પટ્ટા હોય છે.
વાઘ = એક જાતનું પીળા રંગનું ને કાળા પટ્ટાવાળું ફાડી ખાનારૂં વગડાઉ જનાવર.
તડ(ના.)=નાતમાં કે મંડળીમાં જે

ભાગ પડી જાય તે. બ. વ. તડાં.
ચાર—હિંદુઓની અસલની જાતો, જાહોજલાલી વગેરેનું વર્ણન છે. હિંદુની મુખ્ય ચાર જાત છે, બ્રાહ્મણ,ક્ષત્રી, વૈશ્ય, શુદ્ર ને ઉપરથી ઘણીક નાતો થઇ છે. તેમાં પહેલી ત્રણ જાતિ દ્વિજ બેવાર જન્મેલા (એક ખરેખર જન્મે તે અને બીજો જનોઇ લે ત્યારે)કહેવાયછે.દ્વિજને જનોઈ પહેરવાનો અધિકાર છે.બીજાને નથી.

પાઠ ૨૬ મો.

ઇતિહાસ (ના.) = જુના વખતમાં બનેલીવાત,દેશના રાજની કોઇવાત [દેશ,રાજ, લોકો ઉપરજે જેગુજર્યું હોય તે તે બનાવોની જે લખેલી અથવા વંશપરંપરા મહોડે ઉતરતી આવેલી હકીકત;]તવારીખ. કલ્પિત નહિ પણ ખરેખરો હેવાલ [વિદ્યા ને ઇતિહાસનો ભેદ શિક્ષક સમજાવવો]
પઢી (ના.) = હેદ્દો, દરજ્જો.
શૂરો (વિ.) = બહાદુર માણસ.
વ્યવહાર = આપવું, લેવું, જમવું, જમાડવું વગેરે ઘણી બાબતમાં એકબીજા સાથે વર્તવાનો સંબંધ.
જ્ઞાન = સમજણ, માહિતી, ખબર.
હકૂમત (ના.) = સત્તા, હાકમી.
સલાહ = વિચાર, મસલહત, મત, (કોઇની પૂછવી, લેવી, આપવી.)
વહીવટદાર = વહીવટ ચલાવનારો રાજની ઉપજ વસુલ કરનાર, તાલુકાનો રેવિન્યુ અધિકારી.
વજે (ના.) = રાજભાગ, ખેતીની ઉપજમાંથી રાજા તરફથી અમુક ભાગ લેવાયછે તે, જમાબંધી.
વસૂલ (ના.) કરવું=ઉઘરાવી લેવું.
જકાત(ના.)=મહેસૂલ, દાણ, આવતા જતા માલ ઉપર રાજા કર લે છે તે.
વસવાયાં (ના.) = કસબી વર્ણ—કુંભાર, મોચી, સઈ, સુતાર, લૂહાર, ધોબી વગેરે. એવા હલકી વર્ણના કસબી લોક. કમીકસબી. [આવીને વસેલા માટે એ નામ].
વેઠ (ના.)=કાંઇપણ બદલો આપ્યા વગર મફત કામ કરાવવું તે, બેગાર [કચ્છમાં બદલો આપેછે.]
ખૂન (ના.) = હથિયારથી કે ગમે તે પ્રકારે કોઇને મારી નાંખવું તે. હત્યા ઘાત
શૂળી (ના.) = ભાલાના ફળવાળું શંકુ આકારનું મેતની સજા કરવાનું લાકડું.
ધર્મદાન (ના) = ખેરાત, ધર્મને અર્થે દાન આપવાં તે, પુણ્યદાન.
નરક (ના.)=પાપી માણસને મુઆ પછી દુઃખ ભોગવવા માટે જે જગાએ (હિંદુઓને મતે)મોકલેછે તે, દોજક
ઇનસાફી (વિ.)=વ્યાજબી—અદલ—

રાહે. ચાલનારો, ન્યાયી. આદિલ.
બાર—બંગાળ અને આના પ્રદેશમાં થએલા રાજાઓને મોટી પદ્ધી મળી તેનું કારણ—તેમની રીતભાત ઉત્તમ, કાયદા સારા તથા તેઓ સદ્‌ગુણી હતા. વસ્તી વધેછે ત્યારે લોકોએ અરસ્પરસ સારી રીતે વર્તવા માટે **કાયદા બાંધવામાં આવેછે**. કાયદાનો અમલ કરવા **રાજા**, તેને મદદ કરવા સારૂ **લશ્કર**, ને કામ વધવાથી **કારભારી** નીમવા પડેછે.
ધર્મ સંબંધી જ્ઞાન એ ઉત્તમ જ્ઞાન છે તે જાણનાર અને કહેનાર (બ્રાહ્મણો.) અસલ તેને ઘણું માન મળતું. રાજ્ય ચલાવવાનું કામ શૂરાઓનું છે. તે કરનારા ક્ષત્રી. એ બેમાંથી એકે વાતનું જેને જ્ઞાન નથી તે ઊતરતા ગણાયા.—વૈશ્ય, અને શુદ્ર.
ઉડાઉ થઇને છોકરાં સારૂ કાંઇ મૂક્યા વગર મરી જાય તે **નર્કે** જાય. એ વિચાર જૂના હિંદુઓનો સારો હતો. તેઓ બહુ કરકસર ને સાદાઈથી ચાલતા. હાલ ઉડાઉ ને ભભકો દેખી છોકરાં શીખેછે તે ખોટું છે. એમ ગળે ઊતારવું.

પાઠ ૨૭ મો.

હાકેમ (ના.) = અમલ કરનાર, સૂબો, અધિકારી, સરદાર
વાર=દિવસ. | **ડાલી**=શૂલી.
તેહવાર = ખુશાલીનો દિવસ. કોઈ મહાપુરૂષ કે દેવદેવીનાં જન્મદિવસનો દહાડો, ઓચ્છવ.
કસબી = કસબભરેલું, જરીનું.
રથ = ચાર પૈડાંવાળો ઉપર ઘૂમટવાળું સુશોભિત વેહેલને મળતું રાજદરબારમાં વપરાયછે તે.
પીછાળાં (વિ.) = પીછાંવાળાં.
મોહ પામવું = લલચાવું.
યુનાન=ગ્રીસ (યૂરોપખંડમાં દેશ.)
બાબીલન=એશિયાઇ તુર્કસ્તાનમાં એ શહેર જૂના વખતમાં હતું. ત્યાં મહાન સિકંદર મુઓ હતો.
પડાવ (ના.) = લશ્કરનો મુકામ.
પડતી મૂકી = છોડી દઈ.
શાણી (વિ) = ડાહી, સમજુ.
સરકાર = મોટા રાજ્યકર્તા.
રાજ્યનીતિ (ના.) = રાજ્યચલાવવાની રીત, રાજ્ય ચલાવવા સંબંધી વિદ્યા.
સોનેરી (વિ.) = સોનાવાળા, સોનાને હીર સાથે વણેછે તે.
સાજ=ઘોડાના ઉપર બેઠક સારૂ જે મૂકવામાં આવેછે તે સામાન.
સાર—પરદેશી રાજા હિંદુસ્તાન ઉપર તેની **મોટાઈ અને દોલત**થી **લોભાઈને** સ્વારી કરવા આવેલ હતા. આપણે હિંદુ લોકો મૂર્ખાઈ અને માંહોમાંહે **કુસંપથી** આપણી આગલી મોટાઈ ખોઇ

બેઠા છીએ તે પાછી મેળવવા અંગ્રેજ સરકારની વિદ્યા, રાજ્યનીતિ અને એ લોકોના સારા ગુણ શીખવા જોઇએ. (પણ તેમના નઠારા ગુણ ન શીખવા.)

અસલના હિંદુ સુધરેલા હોવાથી તેમનો વૈભવ સારો હતો. વળી તેઓ સંપીલા ને બુદ્ધિમાન હતા. તેથી સિકંદર જેવો મહાન્ બાદશાહ પણ હિંદ જીતી શક્યો નહિ.

પાઠ ૨૮ મો.

ફેલાવો (ના.)=વિસ્તાર, પથરાવું.
છેવાડે (અ.)= આઘે, દૂર.
સિકંદર=યુનાન દેશનો પાદશાહ. (ઇંગ્રેજીમાં એલેક્ઝાન્ડર.)
કેડો (ના.)=પીછો, પછવાડે લાગવું.
ગ્રંથ = પુસ્તક, ચોપડી.
રાજ્યધાની (ના)=મુખ્ય—રાજગાદીનું શહેર, જે શહેરમાં રાજા રહેતો હોય તે, પાટનગર. રાજનગર. [મગધના મૌર્યવંશી ચંદ્રગુપ્તને ગ્રીક લોકો સાંદ્રાકોટસ કહેતા.]
બુદ્ધ ધર્મ=વૈદિક ધર્મની સામે શાક્યસિંહે જે ધર્મ ચલાવ્યો તે. [જગતનો કોઈ કર્તા નથી તે અનાદિ છે અને મોક્ષ બધાને સરખો છે. વગેરે એ ધર્મના સિદ્ધાંત છે. તે હિંદમાં પેદા થયો, પછી અહીંથી બ્રાહ્મણોએ તેને કાઢી નાંખ્યો. તે હવે ચીન, તિબેટ, જાપાન, લંકા વગેરેમાં છે.
મહિમા=વર્ણન કરવાજોગ મોટાઈ.

સાર—હિંદુસ્તાનપર હુમલો થવાનું કારણ. તથા પરદેશીઓની દેશ લેવાની રીત. હિંદના જૂદા જૂદા ભાગમાં ક્ષત્રી, રજપૂત ને બ્રાહ્મણોનું વસવું; દ્વારકામાં કૃષ્ણના રાજ્યની સ્થાપના, સિકંદરની ચઢાઈ, હિંદમાંહેલા રાજ્યોમાં ચંદ્રગુપ્તના પૌત્ર અશોકે બૌદ્ધધર્મને આપેલો આશરો.

પાઠ ૨૯ મો.

પરાક્રમી(વિ.)=શૂરવીર, ઘણી બહાદુરીનાં—ભારે કામ કરનાર.
અજીત (વિ) (અ=નહિ +જીત= જીતાય એવું) = કોઇથી જીતાય નહિ તે.
ગાંજ્યો (ક્રૃ.) = જીતાયો, હાર્યો.
શક=શાલીવાહનથી જે વર્ષ ગણાયછે તે. હાલ ૧૮૨૧ છે.
સંવત=ઉજ્જનના રાજા વિક્રમથી જે સાલ ગણાયછે તે. (ખ્રી. સ. પહેલાં ૫૬—૫૭થી ગણાયછે. હાલે ૧૯૫૬ છે.
વિક્રમાજીત= માળવાનો એક પરદુઃખભંજન પરાક્રમી પ્રખ્યાત રાજા.
ખંડિયેર (ના.) =પડી ગયેલું ઘર.
લગોલગ (અ.)= પાસે પાસે, અ-

કે બીજાને અડકે તે.

ક્રીસન=ખ્રિસ્તી ધર્મ ચલાવનાર ઇસુખ્રિસ્ત (ક્રાઇસ્ટ)ના વખતથી જે સાલ ચાલેછે તે. [ઇસુની ચાર વર્ષની ઉમરથી ખ્રિસ્તી લોકો સન ગણેછે. હાલ ૧૯૦૦ ચાલેછે].

સંસ્થાન(ના.)=નાનું ખંડીઉં રાજ્ય.

કુંટાયો = ટીલાયત કુંવરથી જેટલા નાના કુંવર હોય તે બધા. (રાજાનો મોટો કુંવર તે પાટવી કહેવાય.)

દૈવયોગ (ના.)=ઇશ્વરી બનાવ, બનાકાળ. [માણસની બુદ્ધિ કે મહેનત વગરનો નસીબયોગે એકાએક કાંઇ બનાવ બને તે, ઇશ્વરેચ્છા]

જુના વખતમાં અયોધ્યા પછી મગધ, માળવા, વલ્લભીનગર અને અણહિલવાડ વગેરે રાજ્યો ઉત્તર હિંદુસ્તાનમાં, ને દક્ષિણમાં મદુરા, કાંચી, કેરલ(મલબાર) વગેરે દ્રવિડ, કર્ણાટક મહારાષ્ટ્ર એ રાજ્યો હતાં. કેટલાક લે પ્રાંત જંગલી હતો જેમાં માછળાથી શિવાજીએ જબરૂ રાજ્ય સ્થાપ્યું.

પાઠ ૩૭ મો.

વૈભવ (ના.)=સુખ, સાહેબી, ઠાઠ.

કવિતા(ના.) = રસ ઉત્પન્ન કરનારી વાણી. [તાળ સાથે અક્ષર કે માત્રાની અમુક ગોઠવણથી રચેલી.]

કવિતારૂપી (વિ.)=કવિતાના આકારમાં. પદ્યમાં. [ગદ્ય પદ્યનો તફાવત સમજાવો.]

મનુ = એક ઋષિનુ નામ. બ્રહ્માનો પુત્ર. હિંદુઓના કાયદા બાંધનારો, તેણે મનુસ્મૃતિ કરી છે.

મહાભારત = વ્યાસે કરેલું કૌરવ પાંડવની મહાભારત નામે લડાઇના વર્ણનનું વીરરસ કાવ્ય.

રામાયણ =વાલ્મિક મુનિએ કરેલું રામના વનવાસ વગેરેના વર્ણનનું વીરરસ કાવ્ય [પ્રાકૃતમાં કવીશ્વર તુલસીદાસે અને ગુજરાતીમાં કવિ ગિરધર આદિ કવિઓએ કર્યું છે.]

નાટક (ના.) = ખેલ, માણસના જુદા જુદા સ્વભાવ [illegible] વગેરે વેષ કાઢી આબેહુબ કરી (બતાવી) બતાવવું તે

દેવસ્થાન (ના.)= [illegible], મંદિર

[illegible]

[illegible] (ના.)= [illegible]

લેખ= કાગળ, પથ્થર કે [illegible] ઉપર કોઇ બાબત [illegible] કરાર.

તકાવવું= [illegible] લેવાનો લાગ જોયા કરવું.

બંધન = અટકાવ, બંધી, અમુક કામ અમુક નાતથી થાય અને ફલાણું ન થાય એવો જે નાતશાહી કાયદો તે. | છૂટ (ના.)=રજા.

નાચ = નાયકાનુ નાચવું, નૃત્ય.

સાર—વિદ્યા, વૈભવ, રીતરિવાજ

ગ્રંથો, સદ્‌ગુણ, નીતિ, વગેરે સંબંધે જૂના હિંદની સ્થિતિનું વર્ણન.

આ પાઠ શીખવતી વખતે હાલના હિંદુઓની સ્થિતિ સાથે બને તેટલો વિગતવાર મુકાબલો કરી સાચો સુધારો કરવા સૂચવવું. સાચું સ્વદેશાભિમાન જાગૃત કરવું. **વ્યાસજી** માછણના દીકરા, અને **વાલ્મીક** પ્રથમ કોળી હતા. તેમાંથી ઋષિ થયા. તે ઉપરથી જણાયછે કે હાલની પેઠે પ્રથમ જાતિ નહોતી પણ ઉત્તમ આચરણથી હલકી જાતમાંથી ઉત્તમ થવાતું. એટલે કર્મ પ્રમાણે જાતિ હતી **કાળીદાસ** અને **ભવભૂતિ** એ બે કવિ **ઉજ્જનના** હતા.

પાઠ ૩૧ મો.

સ્થાવર (વિ.) = સ્થિર, ખસે નહિ તે, ઉપાડી જવાય નહિ એવી મિલકત (ઘર, ખેતર, વાડી વગેરે.) એની ઉલટું જંગમ (રોકડ, રાચરચીલું વગેરે બીજે ઠેકાણે લઇ જઇ શકાય એવી મિલકત.)

વારસો (ના.) = મરનારની મિલકતમાં પહોંચતો હક.

હિસ્સો (ના.) = ભાગ, પાંતી.

તવંગર (વિ.)=પૈસાદાર, ધનવાન.

પરવાર (ના.)= નવરાશ, ફુરસદ.

ગણતી = ગણતરી, હિસાબ, લેખું.

હુન્નર=કસબ. દાખલ (વિ.)=સામેલ.

સાર—હિંદુઓની અસલથી ચાલતી આવેલી નુકશાનકારક રીતો—જેવી કે જ્ઞાતિબંધન, સ્થાવર મિલકતના વારસા બાબતનો રિવાજ. **હિંદુઓની** સ્થિતિ સુધારવા માટે સારી ચાલ, વિદ્યા, હુન્નરના વધારાની જરૂર.

નાતોનાં બંધનોથી ભોગવવા પડતા ગેરફાયદા:—૧ ઉદ્યમ ચલાવવામાં હરકત પડેછે. ૨ પરદેશ જઇને નવા વિદ્યા હુન્નરનો સુધારો શીખી શકાતો નથી. ૩ નાતનો અયોગ્ય પક્ષપાત થવાથી કેટલીક ખરાબી થાયછે. ૪ નાની નાતોમાં કન્યા કે વરની અછતને લીધે યોગ્ય જોડાં ન બંધાતાં ઘણાંનો ભવ બગડે છે. હાલ તુરતમાં તો જેને જન્મના **વહેવાર** છે તે ફક્ત **વહેવાર** કરે તો ઘણી મુશ્કેલી મટે.

સ્થાવર મિલકતને લગતા કાયદાથી થતા ગેરલાભ:—એક મોટી આસામી ભાગ પડવાથી તૂટી જઇ ગરીબ સ્થિતિમાં આવી જાય છે. નાના નાના ઘણા આસામી થવાથી તેઓ મ્હોટું કામ આરંભી શકતા નથી. ને તેમનો પિતા પણ પરિણામે ઘણા ભાગ પડશે ને થોડી પૂંજીએ કામ નહિ ચાલે એમ ધારી મોટાં કામ આરંભતો

નથી તેથી દ્રવ્ય નકામું પડ્યું રહી ધંધો રોજગાર ઓછો ચાલી દેશ આબાદ થતો નથી. ને દેશમાં ઘણા પૈસાદાર ન હોવાથી સહુ ગુજરાન ચલાવવામાંજ વખત ખૂએછે અને હુનર તથા વિદ્યાના નવા શોધ માટે કોઇ પરવારતો નથી તેથી દેશ ગરીબ રહેછે

પાઠ ૫૦ મો.

ઉત્પત્તિ (ના.)=પેદા થવું, જન્મ.
નગર = વધારે વસ્તીવાળું શહેર.
બેસુમાર (વિ.)=સુમાર વગરનું, અટકળ ન થાય એટલું, ઘણુંજ, અઢળક, અત્યંત, અપાર.
રૂપસુંદરી=જયશિખરીની સ્ત્રી.
રૂટડી=રૂપાળી, ખૂબસુરત, સુંદર.
વંશ = એક મૂળ પુરૂષથી એક પછી એક ચાલેલા છોકરા, પોતરા, વગેરેનો જે ક્રમ તે. પેઢી, ઓલાદ, કુળ, પરિવાર.
મહા બળવાન (વિ.) =ઘણા જોરવાળો.[મહા આદ્યયના દાખલા—મહાશય, મહાદ્વીપ, મહારાજ, મહાદેવ, મહાભારત,મહાપ્રતાપી.]
જોદ્ધો (ના.) શૂરવીર, લડવૈયો
પણ (ના.) = અમુક કામ કરવાની પ્રતિજ્ઞા,નીમ,સોગન,ટેક,પાણી.
પાયદળ = પગે ચાલનારૂં લસ્કર.
ભાટ=કવિતાકરી માગી ખાનારજાત.
ચારણ=ભાટને મળતો ધંધો કરનારી પણતેનાથી જુદી હિંદુનીએકજાત.
લસ્કર = લડાઇ કરનાર માણસોનો મોટો જથો. સેના, સૈન્ય, સેન.
પરાક્રમ (ના.) જેથી લોકોમાં જશ મળે એવાં ભારે કામ કરવાની માણસમાં જે શક્તિ તે. ૨ ભારે કામ.
ભારે = બહાદુરીનું.
દક્ષિણના **કલ્યાણમાં ભૂવડ** રાજ્ય કરતો હતો. તેની ગૂજરાત માંહેલા **પંચાસરના** રાજા **જયશિખરી** ઉપર ચઢાઇ.

પાઠ ૫૧ મો.

પો ફાટતાં (અ.)=પરોડમાં, સવારમાં. [પોનું પદચ્છેદ નામ કરી ફાટતાં કૃદંત પણ થઇ શકે.]
ગર્ભવંતી(વિ.)=ઓધાન-હમેલ-દહાડાવાળી, બેજીવવાળી, મહિના હોય તેવી સ્ત્રી. સગર્ભા.
રણ = લડાઇની જગો.
ગત (ના.) = વલે, હવાલ.
કુળાદિ = કુળ વગેરે. [આદિ પ્ર૦ ના દા૦ અનાદિ, પડવાદિ.]
અવતર્યો = પેદા થયો. જન્મ્યો.
સમજણો=સમજીશકે એવીઉમરનો.
કાસદ (ના.) = ખેપીઓ, કાગળ લાવનાર.
અમલદાર =હુકમત કરનાર [દાર પ્ર૦ ના દા૦. આબરૂદાર, કામ—અરજદાર.] | રચ્યો = બનાવ્યો.
લાંછન (ના.) =એબ, બટ્ટો, કલં-

ક, ડાઘ, ખોટું કામ કરવાથી લોકોમાં આબરૂ ઘટે તે.
ઉલટું (અ.)=સામું, વિરૂદ્ધ, તેને બદલે, બીજી તરફનું.

સાર—લડાઈમાં જયશિખરીને ફરી જવાનો સંભવ જણાતાં રૂપસુંદરીને વનમાં નસાડી મૂકી. **વનરાજ** વનમાં જન્મ્યો તેનો ઉદય ને **અણહિલવાડ** વસાવ્યું વનરાજના દીકરા **યોગ્યરાજ** વિષે. **યોગ્યરાજ**ના દાખલા ઉપરથી વિદ્યા ભણવાની રાજાને જરૂર વિષે બોધ. જેના સારા નરસા થવા ઉપર લાખો માણસોનો આધાર હોયછે, તેમને તો બીજાથી પણ વધારે **વિદ્યા** ભણવાની જરૂર છે.

પાઠ પર મો.

મુદ્દલ (વિ.)=બિલકુલ, જરાપણ.
બખેડા (ના.)=હુલ્લડ, તોફાન, ફિતુર, બંડ, ફિસાદ, બળવો.
સુખચેન=આનંદ, સુખશાંતિ, મજા.
કાંપતા=ધ્રૂજતા, બીતા, ડરતા.
ડાક=ભભકો, દબદબો, ડમાક, શોભા.
સંતાન (ના.)=છૈયાંછોકરાં, સંતતી, વસ્તાર, ઓલાદ, પ્રજા.
પડયા (ક્રિ.)=મૂઆ, મરણ પામ્યા.
સમાપ્તિ (ના.)=પૂરૂં થવું, આખર.
ભેરે=સાથે. શબ્દયોગી અવ્યય.
કુંવર (ના.)=રાજાનો દીકરો.
મહાસમર્થ (વિ.)=ઘણો જોરાવર, બળવાળો, શક્તિવાળો.
ગિરનાર પર્વત=જુનાગઢપાસે છે.
રાજપાટ (ના.)=રાજની ગાદી.
ક્ષેત્ર (ના.)=તીર્થની, ધર્મની જગ્યા. જાત્રાનું ઠેકાણું કોઇ દેવતા નદી, વગેરે તીર્થની જગ્યા. જ્યાં પુણ્યનાં કામ કરવાથી વધારે ફળ થાય એવું મનાતું ઠેકાણું.
દાન (ના.)=ધર્મ અર્થે આપવું તે, ધર્મની બુદ્ધિથી કોઇને કાંઇ આપવું તે.
દેહ છોડી=મરી ગયો, જીવે શરીર મૂક્યું. | **વંશજ**(ના.)=વંશમાં જન્મેલો, ઉત્પન્ન થએલો. તેથી ઉલટું પૂર્વજ=આગળ થઇ ગએલાં માવિત્રો.
પડતી દશા=નબળો દહાડો, નઠારી હાલતમાં આવવું તે. પૈસા જવા, અપજશ મળવો, વાલી મરવાં, રોગી થવું વગેરે. એથી ઉલટું ચડતી દશા.
માંહોમાંહે=એકબીજામાં, પરસ્પર, અંદર અંદર, અરસપરસ.
રાજ્યકન્યા(ના.)=રાજાની કું. દીકરી.

સાર—૧ ચાવડા વંશમાંથી સોલંકી વંશમાં ગાદી કેમ ગઇ? ૨ મૂળરાજનાં કામો. ૩ રજપૂતોને માંહોમાંહે લડાઈ થવાનાં કારણઃ—
૧ પોતાની મોટાઇ તથા બહાદૂરી દેખાડવા. ૨ રાજ્યકન્યા પરણવા.

પાઠ ૫૩ મો.

તૂટીપડયો(ક્રિ.)=એકદમધસારોકર્યો.
તુર્કી (ના.)=તુર્કસ્તાન દેશનું.
સરદાર (ના. =લશ્કરનો ઉપરી.
દેવળગામ=હાલે કરાંચી છે તે.
સરકરવું(ક્રિ)=જીતી લેવું,તાબે કરવું.
ચિત્તા (ના.)=ચેહે, જે ગે ઠવેલાં લાકડાં ઉપર મુડદાં મૂકી બાળેછે તે.
ખડકવું=વસ્તુ ચીજને એક ઉપર એક એમ મૂકવી, ઉપરા ઉપરગોઠવવું.
ગંધાતા(વિ.)=ખરાબ વાસ-દેતાં-મારતા, સોડતા, છુટાતા.
ગુલામ(ના.)=વેંચાતો લીધેલો ચાકર, ગોલો. | મેર=બાજુ, તરફ.
ગિજની=અફગાનીસ્તાનમા શહેરછે.

સાર—મુસલમાની રાજ્યની ઉત્પત્તિ ને તેમની હિંદપર ચડાઈ. સિંધના **અલોર**ના રજપૂત રાજાપર **મહમદકાસમ**ની ચડાઇ ને તેની જીત. કાસમ ઉપર તેના ધણીની ઇતરાજી ને તેનું મરાવું; ત્યારબાદ રજપૂતોનું પાછા આવી સિંધમાં રાજ્ય કરવું. ગિજનીનુ મુસલમાની રાજ્ય.

પાઠ ૫૪ મો.

ચડ(ના.)=પડોશ.
કુમક(ના.)=મદદ. ટેકો.
ગભરાગયો=બી ગયો, અકળાયો.
છાવણી(ના.)=લશ્કર મુકામ કરી પડ્યુ હોય તે, કાંપ, લશ્કરનોપડાવ.
તમામ(વિ.)=બધો,પૂરો,આખો,કુલ.
ગુજરી=મરી, નાશ પામી.
અપમાન(ના.)=ગેરઆબરૂ, માન નહિ તે, તિરસ્કાર.
સહેવાયું=ખમાયું, સહનકરાયું, સંખાયું, વેઠાયું.
આપઘાત(ના.)=પોતાને હાથે પોતાનો જીવ કાઢવો તે, પોતાનો પોતે ઘાત કરવોતે, આત્મહત્યા, આત્મઘાત [ક્રિય તેવા.
ભેગા (અ.)=એકઠા, સાથે મળેલા
ખરચી(ના.)=ખરચને વાસ્તે જે નાણું તે-વાપરવાની રકમ.
દગો(ના.)=કાવતરૂં, કપટ, વિશ્વાસ ઘાત, દગો, ફટકો.
વખેરાઇ=છુટાં પડી જઇ, વેરાઇજઇ
તળેટી(ના.)=ડુંગરના નીચલા ભાગની જગ્યા, તળીયું, તળેનો ભાગ
રોકડાં(વિ.)=નગદ, રોકડનાણું. [બીજા અર્થમાં નહિ પણ સિક્કા.]
સુમાર (ના.)=અટકળ, અડસટ્ટો
દ્રવ્ય=પૈસો, ધન, નાણું, મિલ્કત.
ઠેઠ=ઠેક. | ઘરેણાંગાંઠાં=દાગીના.

સાર:—ગિજનીના **સબકતગીન**ને જીતવા લાહોરના **જયપાળ**ની ચડાઈ; તેમાં હિંદુનીહાર. મહમૂદના હિંદ ઉપર સ્વારી તે વખતે હિંદના રાજા મહમૂદની જયપાળ ઉપર સ્વારી અને તેનો આપઘાત; તમામ રજપૂતો ભેળા થઇ **અનંગ**પા-

ળની સરદારી તળે મહમૂદની સાથે લડ્યા તેમાં મહમૂદની જીત. મહમૂદે નગરકોટનું દેરૂં લૂટયું.

જયપાળની મદદે ગએલાં રાજ્યો:- દિલ્હી, અજમેર, કલિંજર અને કનોજ. રજપૂતોનો સરદાર મરાયાથી નાશી જવાની ખરાબ ટેવ-અંગ્રેજોમાં સરદાર મરાય તો તુરત તેના હાથ નીચેનો તેની જગ્યા લે અને કામમાં હરકત ન આવે, પણ તેવું આપણામાં નહોતું તેથી ઘણીવાર હિંદુરાજાની હાર થઇછે.

મહમૂદને નગરકોટનું દેરૂં લૂટતાં ૭૦૦ મણ સોનું, ૨૦૦૦ મણ રૂપું, ૨૦ મણ ઝવેર, અને સુમાર વગર રોકડ નાણું મળ્યું. આ અંકોનો વાસ્તવિક ચિતાર આવે એમ મુકાબલાથી સમજ પાડવી

પાઠ ૫૫ મો.

લૂટફાટ=જબરજસ્તીથી ખૂંચી લેવું, લૂટવું તથા મારવું.

વતન (ના.)=જે દેશ, પ્રાંત, શહેરમાં જન્મ થયો હોય તે ઠેકાણું; સ્વદેશ.

કોલકરાર=કરાર. એક બીજાની જવાબદારી વિષે વચન સાથે કરેલો બંદોબસ્ત. દોસ્તી (ના.)=મિત્રાઇ.

ખાલસા(વિ.)=અમુક મોટા રાજના પોતાના તાબાનું. ૨ સરકારી. ૩ કચ્છમાં તેમજ બીજાં દેશી રાજમાં દરબારી.

જાથુ(અ.)=હમેશાં ચાલ્યા કરે તે.

પ્રસન્ન(વિ.)=રાજી, ખુશી, મગન.

મહાપાપી(વિ.)=ઘણો દુષ્ટ-પાપ કરનાર, ધર્મથી ઉલટો ચાલનાર.

હરડતા(વિ.)=લડવાને આતુર થએલા, જનુની; કહે. હરડતા ભગત કહેવાય.

જમાવ(ના.)=એકઠું. એક જગે કરવું. સાર-મહમૂદગિજનવીની સ્વારીનો હેતુ હિંદમાં લુંટફાટ કરવાનો હતો. પણ રાજય સ્થાપવાનો નહિ હતો.

મહમૂદનીકાશ્મીર, થાનેશ્વર, મથુરાં અને મુંજપર સ્વારી; કનોજના રાજા સાથે કોલકરાર; અનંગપાળને હરાવી લાહોર ખાલસા કર્યું. (મુસલમાનની જાથુ વસ્તી એ વખતથી હિંદમાંથઇ.) ધર્મને બહાને મહમૂદની સોમનાથ ઉપર સ્વારી.

પાઠ ૫૬ મો.

શરાતન=બહાદુરી, લડવાનો જુસ્સો.

મંડપ(ના.)=નિજ મંદિરની આગળ થોડે દૂર જે ઓટક દેશમાં હોય તે.

પ્રાર્થના(ના.)=ભક્તિ, ઇશ્વરની સ્તુતિ કરી કાંઇ માગવું તે, અરજ.

સહાય થવું=મદદ કરવી.

હઠાવવું=પાછા કાઢવું, ખસેડવું.

હાર(ના.)=હારવું તે, પરાજય.

નિશાન(ના.)=વાવટો, ધજા, ઝુંડો;

રગદોળાયું=આળોટાયું, રખડયું.

કાચ કર્યું (ક્રિ.)=તાબે કર્યું.
શિવલિંગ=મહાદેવનું લિંગ–બાણ.
ગણો (ના.)=પરગણાનો હાકેમ.
ખાળ્યો (ક્રિ.)=અટકાવ્યો, રોક્યો.
તંગાશ (ના.)=હરકોઇ ખપતી ચીજનું થોડું હોવું–ન મળી આવવું તે, અછત, તાણ, સંકોચ.
હોંશેહોંશે (ના.)=ઘણી ખુશીથી, ચાહનાથી, ઉમંગથી. ઉલટથી.
ખરે બપોરે=બરાબર મધ્યાન્હે.
સાર–મહમુદ ગિજનવીની સોમનાથના દેહેરાપર ચડાઈ, મૂર્ત્તિ ભાંગી દેરૂં લુટયું. ત્યાંથી અણહિલવાડ આવી વલ્લભને બદલે દુર્લભને ગાદીએ બેસાડયો. ત્યાંથી તેને દેશ જતાં રેતીના રણમાં સેના સહિત દુઃખી થયો. હિંદુઓને વગર વાંકે મારવાનો બદલો પામ્યો. મહમૂદની સ્વારી વખતે ગુજરાતની ગાદીએ ભીમદેવ (૧૦૨૨)હતો અને તેને બે વર્ષ રાજ કરતાં થયાં હતાં. પાઠમાં "વલ્લભને બદલે દુર્લભને મહમૂદે ગાદીએ બેસાડયો." એમ લખ્યું છે તે ખોટું છે. એ ભૂલ થવાનું કારણ એ છે કે ફારસી તવારીખ લખનારાએ દાબસેલિમને ગાદી આપ્યાનું લખ્યું છે તે ઉપરથી દુર્લભસેનની કલ્પના થઇ છે. પણ તે ખરી નથી. કારણકે દાબસેલિમનો ખરો અર્થ જૂના પ્રખ્યાત વંશનો રાજા એવો થાયછે. વલ્લભસેન ૧૦૧૧માં અને દુર્લભસેન ૧૦૧૯માં મરી ગયા હતા. એટલે મહમૂદ કોઈ જૂના વંશજ(ચાવડા?) ને આપીને ગયેલો પણ તેના પાસેથી ભીમદેવે તુરત રાજ લેઇ લીધું તેનું નામ માલૂમ પડતું નથી.

પાઠ ૫૭ મો.

શરાતન (ના.)=બહાદુરી, લડવાનો જુસ્સો, | કાવ્ય (ના.)=કવિતા.
પાઠશાળા (ના.)=કોલેજ, ઊંચા દરજ્જાની નિશાળ.[જ્યાં ભાષા અને શાસ્ત્રવગેરેનું જ્ઞાન અપાતું હોયતે.]
સ્થાપી (ક્રિ.)=નવી માંડી, ઉભી કરી.
ઇતિહાસરૂપ (વિ.)=ઇતિહાસના આકારમાં હોય તેવું. ઇતિહાસ સરખું, ખરી બનેલી–વાર્તારૂપે–કથારૂપે.
રચના (ના.)=બનાવટ, યુક્તિસર ગોઠવણી. ૨ શોભા.
તરજુમો=એક ભાષામાંથી બીજી ભાષામાં ઊતારો કરવો–લાવવું તે, ભાષાંતર.
અવગુણ(ના.)=ખરાબ ટેવ, નઠારાગુણ. [અવ આ૦ દા૦–અવયવ, અવસર, અવલોકન, અવસ્થા.]
ગુલામગીરી(ના.)=ગુલામનીજે હાલત તે. દાસપણું, લુંડાપણું, ગોલાપણું, [ગીરી=પણું પ્ર. ના દા૦ મેહેતાગીરી.]
શાબિત (વિ.) થાય છે.=નક્કી ઠરેછે, પ્રમાણથી સિદ્ધ થાયછે.

પરમૂલક (ના.)=પોતાનો નહિ પણ પારકો મૂલક, પરદેશ. [પર=આ॰ નાદા॰—પરરાજ્ય, પરકાજુ, પરાધીન, પરગામ, પરમુલક, પરસ્ત્રી.]

કાળજી (ના.)=ફિકર, ચિન્તા, ચીવટ, દરકાર. | ઇરાની=ઇરાન દેશનું.

કારભારી (ના.)=કારભાર—કામકાજ કરનાર, કર્ત્તાહર્તા.

પસરી=ફેલાઈ, પથરાઈ ગઈ

લાલચોળ (વિ.)=રતાશવાળું, જેના શરીર ઉપર લોહી ઝગારા મારે તે.

ચડ્ડી=કેડ સુધી આવેલું એવું જે પહેરવાનું શીવેલું વસ્ત્ર તે, ક્રુડતી, બદન.

ખાટ=હેઠે ઉઘાડના ચાંચ વગરના જોડા.

સાર - મહમૂદના ગુણદોષ ઉપરથી નીતિનો ધડો આગવો. શરાતનથી માણસનું જેટલું નામ રહેછે તેના કરતાં વિદ્યાને ઉત્તેજન આપવાથી વધારે રહેછે. લાભ ને નિર્દયતાથી મહમૂદને કલંક લાગ્યુંછે. પરદેશી છતાં અંગ્રેજ સરકાર દેશના ભલા માટે ઘણું કરેછે. આગલા પરદેશી રાજા તેમ કરતા નહિ. ગિજનીમાં ઈરાની ભાષા દાખલ થવાનું કારણ.

પાઠ ૫૮ મો.

અમલ (ના.)=સત્તા, અધિકાર, હુકમ.

ઓલાદ (ના.)=જે કુળમાં પેદા થએલું હોય તે, વંશ. | અફઘાન (ના.)=પઠાણ, અફઘાનીસ્તાનના રહેવાશી.

વખો (ના.)=આફત, મુશ્કેલીનો વખત.

જોગજોગે (અ.)=અનતાકાળે, નશીબ જોગે, દૈવજોગે, એકાએક ઇશ્વરની એમ કરવાની મરજી તે.

ઊગર્યો (ક્રિ.)=બચ્યો. કોઇ દુ:ખમાંથી સલામત નીકળી આવ્યો.

હાકેમ (ના.)=સુબો, અમલદાર.

તખ્ત (ના.)=કચેરીમાં રાજાને બેસવાનું જે ઊંચું ઠેકાણું તે. સિંહાસન.

મમતા (ના.)=મારૂંછે એમ માનવું તે, હેત, પ્યાર. [મમ+તા). તા—પ્ર॰ નાદા॰ યોગ્યતા, લઘુતા, દૃઢતા.]

અધિકાર=રાજ્યકરતા તરફથી મળેલી સત્તા, હક.

મર્યાદશીળ વિ.)=નમ્રતા, વિવેક, રાખવાનો જેનો સ્વભાવ હોયતે. સભ્યતાવાળું. | સોંપ્યો=હવાલેકર્યો.

પેગડું (ના.)=પાગડું, પગ ભેરવવાનું તથા પગ મૂકી ચડવાનું પાઘડું.

બચાવ્યો=સંકટમાંથી ઊગાર્યો.

સાર—ગિજનીવંશની સમાપ્તિ. અને **ગોરી** વંશની ઉત્પત્તિ. ૭ **અલાઉદ્દીને ગિજની** બાળ્યું. તેથી તેનું નામ जहांसोज (જહાં=દુનિયા+સોજ=બાળનાર) પડ્યું.

પાઠ ૫૯ મો;

ભોળો (વિ.)=નિખાલસ, કપટમાં ન સમજે તે, છળકપટ રહિત, મૂર્ખ.

ઘાણ (ના.)=છુંદી નાંખવું તે, નખોદ.

સહિત (અ.)=સાથે, સુદ્ધાં.

દત્તક=જેનો દીકરો નથી એવા. બીજાને ખોળે બેસાડેલો—વારસ કરેલો તે. | ઝેર (ના.)=અદેખાઇ.
નબળા (વિ.)=કમજોર, જોર વગરના.
મોખરે (અ.)=સહુથી આગળ.
ટુકડી (ના.)=આખા લશ્કરનો અમુક કડકો. | દુશ્મન (ના.)=શત્રુ, વેરી.
જખમી (વિ.)=જેને જખમ લાગ્યું હોય તે, શરીરનો કોઇ ભાગ કપાઇ ગએલો એવો, ઘાયલ.
સહીસલામત (વિ.)=જોખમ આવ્યા વીગર, હેમખેમ, સારીપેઠે.

સાર—શહાબુદ્દીનની હિંદઉપર સ્વારીઓ. તેવખતે હિંદુરાજ્યોમાં કુસંપઃ—"પૃથુરાજ દિલ્લીનો રાજા હતો પણ તેને ચોહાણ જાતના રાજાએ દત્તક કરી લીધો હતો માટે અજમેરની ગાદી પણ તેને મળી." આ વાક્ય ખોટું છે. ત્યે નીચે પ્રમાણે સુધારવું.—"પૃથીરાજ અજમેરનો રાજા હતો, પણ તેને તુમાર જાતના રાજાએ દત્તક કરી લીધો માટે દિલ્લીની ગાદી પણ તેને મળી."

પાઠ ૬૦ મો.

નિરાંત=સુખ, ચેન, જંપ.
ખુન્નસ (ના.)=ખૂન કરે તેવો ગુસ્સો, વેર, ઝેર, અદેખાઈ, કીનો.
લશ્કરી (વિ.)=લશ્કર સંબંધી, અહીં લશ્કરમાં પહેરવાની.
બખ્તર (ના.)=તીખાં લોઢાની ઘડેલી ઝીણી ઝીણી કડીઓનો જે જાળી વાળો અંગરખો યુદ્ધમાં યોદ્ધાઓ પહેરેછેતે. | જમાવી=એકઠીકરી.
છાપો=ઘણા માણસો એકઠાંથઇ એકદમ કોઇનાપર ઓચિંતા ધશી પડે તે, હુમલો.
ચીણીકાઢેલા=ચુંડમાંચુંડ, સૌથી સરસ.
ધૂળધાણી=સત્યાનાશ, પાયમાલ, ખરાબ થઇ જવું તે.
કતલ=હથિયારથી નિર્દયપણે કાપી નાંખવું તે.
સેનાપતિ=લશ્કરનો ઉપરી.
પહાડી=ડુંગરમાં વસનાર—(જંગલી)
રઝળતા=રખડતા, આથડતા, ભટકતા.

સાર—હિંદુરાજાઓના કુસંપને લીધે શહાબુદ્દીન તથા તેનો સેનાપતિ કુતબુદ્દીન તેમને દરેકને જીતી લેછે

પાઠ ૬૧ મો.

નામના (ના.)=મોટું નામ, જશનામી, આબરૂ, કીર્ત્તિ.
ફતેહ=જશમળે એવી રીતે કાંઇ કામ પાર પાડવું તે. જીત, જય.
ચાહનાર=પ્રીતિ રાખનાર, મમતાધરાવનાર. | કાળ=વખત, અવસર.
દીકરાનું સુખ નહોતું=દીકરો નહોતો.
કળા=હુન્નર, હિકમત, તદબીર, યુક્તિ.
ગાંઠે=તાબે રહીને હુકમ માને ગણકારે, પતકરે, કહ્યામાં રહે.
ઠારકરવું=જીવથી મારી નાંખવું તે.
ટાંપવું=તાકવું, આતુરતાથી તૈયાર ર-

હેવું, તલપી રહેવું.
સાવધ (વિ.)=હુશિઆર, સાવચેત.
દશા (ના.)=હાલત, હાલ, સ્થિતિ.
ફાંસો (ના.)=પાસ, ફાંદો, કબજો.
સ્વતંત્ર (વિ.)=કોઈ બીજાને તાબે નહિ તે, આપ અખત્યાર, સ્વાધીન.
સાર—મહમૂદ ગીજનવી અને શાહબુદ્દીન(મહમદગોરી)નો મુકાબલો- બન્ને મોટા યોદ્ધા હતા. મહમૂદે વિદ્યાને આશરે આપ્યો અને શાહબુદ્દીને વિદ્યા તરફ મન ન લગાડયું. કુતબુદ્દીન ૧૨૦૬ માં હિંદમાં સ્વતંત્ર પાદશાહ થયો. શાહબુદ્દીનના ઇતિહાસ ઉપરથી શીખામણ લેવાની એ છે કે, શૂરા માણસ થોડાં વર્ષ જીવે ત્યાંસુધી ફતેહ મેળવે છે. વિદ્યાને ચહાનારનું નામ ઘણા વખત સુધી રહેછે. કુતબુદ્દીન પહેલાંના પાદશાહ રાજગાદી કરી હિંદમાં રહ્યા નહોતા. માટે સૌથી પહેલાં હિંદનો પાદશાહ એ થયો. ચોપડીમાં કુતબુદ્દીન ૧૨૧૫ માં સ્વતંત્ર પાદશાહ થયો લખ્યું છે તે ખોટું છે ત્યાં ૧૨૦૬ જોઇએ.

પાઠ ૭૪ મો.

લક્ષ(ના.)=ધ્યાન, ચિત્ત, કંઇ બાબતપર એક નજર તે.
ઓલાદ(ના.)=વંશ, કુળ.
ઉછરેલો=મોટો થએલો, કેળવાએલો.
ગુલામ=પૈસા દઇ વેચાતો લીધેલો ચાકર, દાસ, ગોલો. [જે પોતાની હલકી તાબેદારીમાંથી છૂટો થઇ શકતો નથી તે, આપણા દેશમાં માણસ વેચવાની સરકારની બંધી છે.]
વેઠવું=માથે પડેલું ભોગવવું.
હોશીઆરી (ના.)=ખબરદારી, ચાલાકી. | હકુમત(ના.)=સત્તા.
જોગ(ના.)=તાલ, તાકડો, લાગ, જોગવાઇ દરજ્જો(ના.)=અધિકાર, પદ્દી.
ખૂબસુરત(વિ.) =સારા ચ્હેરાવાળું, દેખાવડું, રૂપાળું, રૂપવંતું, રૂટડું, સુંદર (એથી ઉલટું બદસુરત).
ખારીજમ=એક પ્રાંતનું નામ. [સ્વતંત્રતાતારના ખુરાશાન શહેરની ઉત્તરે |સરકરવું=તાબે કરવું, જીતીલેવું.
મૂળ કાઢવું=જડ કાઢવી. | કાસળ–નખોદ કાઢવું.
મહાકાળેશ્વર=મહાદેવનું એક નામ. ઉજ્જનમાં છે તે. [હિંદુમાં બાર મોટાં જ્યોતિર્લિંગ ગણેછે. તેમાંનું એક.]
મિનારો (ના.)=એક જાતની ગોળથતી જતી કોઠા ઘાટે ઊંચા પહોળા પથરા તથા ચૂનાથી બાંધેલી ઇમારત, ટાવર.(ભુજમાં બજારમાંછે.)
કુતુબમિનાર = કુતુબુદ્દીને બંધાવેલો મિનારો. મૂળ હિંદુ છેલ્લા રાજા પ્રથિરાજ ચહુઆણનો એ બંધાવેલો હતો. પાછળથી કુતુબુદ્દીને તેનો શિખરનો ભાગ પાડી મુસલ-

આની ધારે ફરી ચણાવી પોતાના નામ ઉપરથી એ નામ પાડ્યું.

સાર—નાનપણથી વિદ્યા પર લક્ષ રાખનારને ફાયદો થાયછે તે કુતુબુદ્દીનના ઇતિહાસ ઉપરથી સિદ્ધ થાય છે. બુદ્ધિ વિના એકલું રૂપ નકામું છે.

પાઠ ૭૫ મો.

દૃઢ=પાકું, મજબુત, ફરે નહિ એવું, એક વિચાર પાકો કરી તેમાં ગમે તેટલી અડચણ આવે તોપણ ફેરફાર ન કરે તે. | આધીન=તાબે, વશ.

દમ (ના.)=શક્તિ, જોર, રામ, સત્તા.

બંડ=હુલ્લડ, બળવો, પેટાના અમલદાર સામા થાય તે.

રક્ષણ=સંભાળ, જાળવણી બચાવ.

આડોઆંક=બેહદ, ઘણુંજ, અવધી.

મરદ=પુરૂષ, ભાયડો, આદમી, નર.

બેગમ (ના.)=બાદશાહ કે નવાબની સ્ત્રી. [આ શબ્દ તુર્કી ભાષાનો છે. મશાલચી, તબલચી, બાવરચી, બેલચી એ બધા તુર્કી શબ્દો છે.]

ગુણદોષ=ફાયદો ને ગેરફાયદો.

અમીર=ઉમરાવ, ખાનદાન, રાજદરબારમાં માન પામેલું માણસ.

સંકટ (ના.)=આફત, કષ્ટ, પીડા.

બાજ્યું=અટકાવ્યું, રોક્યું, વચમાંથી બંધ પાડ્યું. **સાર**—રાજા નબળો હોય તો દેશમાં સમાધાની ન રહેતાં બખેડા થાય. અલ્તમસના વખતમાં આખું ઉત્તર હિંદુસ્તાન દિલ્હીના બાદશાહને તાબે થયું પણ તેનો પુત્ર દમ વગરનો હોવાથી બખેડા થતા.

પાઠ ૭૬ મો.

લખામણી (ના.)=લખવાની મહેનત બદલ મળે તે. [આમણી પ્ર૦ ના દાખલા—શીવડામણી, ચણામણી, દોવડામણી.]

ફકીરી (વિ.)=ફકીરની હાલત, ફકીરના જેવી, હલકી.

ખોટ - ચુક, ભૂલ, ખામી, ખોડ.

મુળથી (અ.)=પહેલાથી, પ્રથમથી, અગાઉથી. [માઠું લગાડાય,

દુભાવાય (ક્રિ.)=મન દુખવાય,

વજીર (ના.)=દીવાન, પ્રધાન, મંત્રી, રાજાને સલાહ આપનાર.

એક (અ.) ભેગા, એકઠા, સાથે.

ઠરાવ્યો (ક્રિ.)=મુકરર, નક્કી—બહાલ કર્યો, નીમ્યો. [કાર.

સત્તા (ના.)=અખત્યાર, અધિકામથી દૂર=બરતરફ, કામથી છુટો, ડિસ્ચાર્જ. | બુમાટ (ના)=પોકાર.

હાલહાલ = તેજ વખત, તુરતજ.

ઓલવી = મટાડી, શાંત કરી.

સાર— જે રાજા રાજકાજમાં થોડું ધ્યાન રાખે તેના વજીરનું જોર ઘણું વધી જાયછે, નાસરૂદ્દીનના વજીર ગ્યાસુદ્દીનનું રાજકારભારમાં ચલણ બહુ હતું. નાસરૂદ્દીનની ફકીરી ચાલને કેઇનું મન ન દુખવવા-

ની રીત રાજાને શોભે નહિ. તેણે તો રાજાની ખરી ફરજ બજાવવી જોઇયે. **ચાર દરવેશમાં** એક વાત છે કે એકવખત કોઇ પાદશાહ રાજકામને જંજાળ સમજી ફકીરની અવસ્થામાં ભજન કરવાસાટે પોતાનું રાજ પ્રધાનને સોંપી ગયો. તેને પાછળથી બોધ મળ્યો કે, **રાજા** થઇને **રૈયતને** દુઃખી કરી ફકીરની પેઠે ફક્ત પ્રાર્થના કરવી એ કામ તારૂં નથી, પ્રભુની બંદગી કરનારા ફકીરો તો ઘણા છે. તને **રાજા** બનાવ્યો છે તો અદલપણે રૈયતને સુખ કરે, તો પ્રભુની બંદગી થઇ ગણાય. તે ઉપરથી તેણે પાછો રાજ્યમાં જોડાઇ રૈયતનો આશીર્વાદ લીધો. એ પ્રમાણે માણસ જેની સ્થિતિમાં મૂકાય તેમાં તેણે પોતાની ફરજ બજાવી પ્રભુને રાજી કરવો જોઇયે. આપણી **ગીતામાં** પણ ફરજ માટે એવોજ બોધ છે. [આવકાર.

સન્માન (ના) = આદરસત્કાર, દાવો (ના)=હક્ક, દાપુ, ઇલાખો.

ખૂંચી (ક્રિ.)=છીનવી, ઝૂંટાવી, કોઇની ચીજ તેની પાસેથી જોરથી લેઇ લેવી તે. | વિસામો (ના.)= વિશ્રામ, વચમાં થાક ખાવો તે.

કવિ—કવિતા બનાવનાર. [કવિ કુદરતી હોય છે. ભાગાતૂટા પ્રાસ તાણી તોડી મેળવે તેને કવિ ન સમજવો.] [કો, છીયા, કુંભક.

આશરો (ના.)=આધાર, આશ્રય, ટેસદાચરણી=શુદ્ધ આચરણવાળા, સારી ચાલચલગતવાળા, (ઉલટું દુરાચરણી.) | અસીલ(વિ.) સાલસ, સારા સ્વભાવના, નમ્ર.

ગણકારે (ક્રિ.)= માને, પતકરે, દાદ દે, લેખવે. [વગરના થઇને.

નિર્દયપણે = ઘાતકી, ક્રૂરપણે, દયા ગરદન માર્યા= ઠાર કર્યા. નડી (ગળું) કાપીને મારી નાંખ્યા.

નીવડે (ક્રિ.) = નીકળે, થાય.

અણબનાવ (ના.) = કુસંપ, દિલજૂદાં હોવાં તે. [અણ આદ્યયના દા૦—અણકદ, અણઘડ, અણસમજુ, અણવાકેફ, અણઘટતું.]

સાર—મોટે દરજ્જે ચડવાથી પોતાની પ્રથમની ગરીબી ભૂલી જઇ મગરૂર થવું નહિ. પણ ગરીબોને વધારે ઉપયોગી થઇ પડવું. માફ કરવું એ સારો ગુણ છે, **ગ્યાસુદ્દીનમાં** તે ગુણ ન હોવાથી નિંદા થાયછે. **મેવાતમાં** તેણે એક લાખ માણસ માર્યાં.

પાઠ ૯૮ મો.

ભોગ ફરી વળેછે = નશીબને લીધે દુઃખ આવી પડેછે, કમબખ્તી થાય છે. | **વેરી**=દુશ્મન.

સલાહ (ના.) = મસલત, વિચાર,
ઊંધી (વિ.) = ઉલટી, અવળી, સમજણી નહિ એવી.
ભંભેર્યો (ક્રિ.) = કંઇ કંઈ કહીને ઉલટ સુલટ સમજાવ્યું, કાન ભર્યા, ભમાવ્યો. [અમનચમન.
એશઆરામ (ના.) મોજશોખ,
નાદાન (વિ) = અણસમજુ, બેવકૂફ, અક્કલ વગરનો ડાહ્યો, નહિ તે, એહમક. | મતિ=બુદ્ધિ.
દીવાન=મુખ્ય પ્રધાન, વડો વજીર.
દગોપટકો=છળભેદ, કૂડકપટ, કાવતરૂં. | હોશ=રામ, દમ, હિમ્મત, સત્તા. | છીનવી (કૃ.)=ખૂંચી.

સાર—જે રાજાનો વજીર નઠારો હોય તેના ભોગ ફરી વળે, જેમ કૈકુબાદને નઠારો વજીર હતો, તેણે સાચા સલાહકારોને મસવી નાંખ્યા. તેના બાપથી અણબનાવ કરાવ્યો. આપણને આપણા સ્નેહી કે કુટુંબીથી કોઇ ક્લેશ કરાવે તો તેનાથી રૂબરૂ મળતાં સમાધાન થઇ જાય. ને કુસંપ કરાવનાર પકડાઈ જાય. માટે વહેમમાં ફૂટાવું નહિ. જેમ કૈકુબાદ ને બકારાખાં વચ્ચે થયું. કૈકુબાદ દૃઢ વિચારનો નહોતો. તે દમ વગરનો હતો તેથી તેનું રાજ ગયું.

પાઠ ૭૯ મો.

અધિકાર (ના.)=દરજ્જો. [સરકાર દરબારથી સોંપાયલું કામ.]
અમીરી (વિ.)=અમીરને લગતા, મોટા માણસને છાજતા, ઉમદા.
ખાનદાન=ઊંચું કુળ. [આબરૂ, ધન ઇત્યાદિથી જે કુટુંબ સારૂં ગણાતું હોય તે.] | વારો (ના.)=વખત.
ફતેહ (ના.)=જશ મળે એવી રીતે કોઇ કામ પાર પાડવું તે, જીત.
કટ્ટો (વિ.)=હડહડતો, હરડતો, વેર લેવાને ઘણોજ આતુર હોય એવો.
દયાળુ (વિ.)=રહેમ નજરવાળો, કૃપાળુ, દયાવંત, મહેરબાન, માયાળુ.
કોમળ (વિ.)=નરમ દિલનો, જેને જલદી અસર—લાગણી થાય એવું. [સીર, દોષ.
અપરાધ (ના.)=ગુન્હો, વાંક, તક-
બુદ્ધિમાન (વિ.)=અક્કલવત, બુદ્ધિવાળુ, ડાહ્યું. [ણ, પરિચય.
સહવાસ=સાથે રહેવું તે, ઓળખા-
બળવો=હુલ્લડ, દંગો, બખેડો, બંડ, ફિસાદ, તોફાન, ફિતુર.
ઝાંપો=ગામમાં પેસવા નીકળવાનું સાદું બારણું. શહેરને ભાગળ, અથવા દરવાજા (નાકાં) હોય છે તેમ ગામડાંનો તે ઝાંપો. અહિં તો દિલ્હી શહેરનો દરવાજો સમજવો.

સાર—જલાલુદ્દીનની દયાળુ વૃત્તિ ઘણી હતી, ફક્ત તેણે કૈકુબાદના બાળકને મરાવ્યાનો અપરાધ કર્યો હતો. ગ્યાસુદ્દીન હલ-

કા કુળના માણસની સંગત નહિ કરતાં અમીર વર્ગને જગો આપતો તેથી તેની સત્તા ઘણી હતી.

પાઠ ૮૦ મો.

ચાણુઘટતું (વિ.)=અયોગ્ય, નાલાયક, ઘટે નહિ તેવું. | કુપાત્ર (વિ.)= નઠારાં, નાલાયક, બે અદબ, છકી ગએલ. | ફિતૂરી (વિ.)=ફિતૂર કરનાર, તોફાની, બળવાખોર.

ગુન્હેગાર (ના.)=ગુન્હો કરનાર, અપરાધી. [ગાર પ્ર૦ના દા૦—જુલમગાર, ખીજમતગાર, મદદગાર.]

તકશીર (ના.)=વાંક, અપરાધ, ગુન્હો.

જાસ્તી= સખ્તી, જુલમ.

પચાવી(ક્રૃ.)=દબાવી. | ધોરી(વિ.)= મુખ્ય, મોટું, સરિયામ, જાહેર.

કેવળ(વિ.)=બિલકુલ, તદન, છેક, બધીવાતે. | પરાજય(ના.)=હાર, જીત નહિ તે. [પરા—આદ્યયના દા૦— પરાક્રમ, પરાધીન, પરાભવ]

ઠંડું=શાંત, ધીમું. | ગરબડ=તોફાન, ગેરબંદોબસ્ત. | આડ(ના.)=બે વસ્તુને જૂદી પાડનારી હદની નિશાની. | સમાચાર(ના.) = ખબર, વર્ત્તમાન, ન્યૂસ. | વચગાળે(અ.)= વચલા ભાગમાં.

સાર—જલાલુદ્દીને રૈયતપર ખોટી દયા કરવાથી તે બગડીને દુ:ખી થઇ; માટે ખોટી દયા નુકશાનકારક છે. અલાઉદ્દીનની દક્ષિણની સ્વારી. (મુસલમાનોનું દક્ષિણમાં પહેલું જવું આ વખતે થયું. ત્યાં લગી ઉત્તરહિંદમાંજ હતા.)

પાઠ ૮૧ મો.

દર્શન(ના.)=મૂળ અર્થ દેખવું. પણ ચાલુ અર્થ દેવ, ગુરૂ, સાધુ, પંડિત, અથવા મોટા માણસને ભાવ સાથે જોવું, પગે લાગવું તે.

બેશુમાર(વિ.)=અતિ ઘણું, અડસટ્ટો ન થાય તેટલું, અતિશય. [બે આદ્યયના દા૦—બેભાન. બેહાલ.]

ખોટી(વિ.)=જૂઠી. બનાવટી, અસત્ય.

ગૂણો=અનાજ, સામાન, વગેરે ભરવાના ગૂણપાટના મોટા કોથળા.

નિભાવ (ના.) = ગુજારો, ગુજરાન, ટકાવ. | ઝવેર = જવાહીર, હીરા, માણેક, પોખરાજ, પાનાં, લીલમ વગેરે રત્ન. | **સાર—અલાઉદ્દીને છેતરીને રાજા રામદેવને હરાવ્યો. માટે ઓચિંતા હુમલા સામે બચાવ થઇ શકે એવી તૈયારી રાજાએ હમેશા રાખવી જોઇએ.**

પાઠ ૮૨ મો.

ભૂંડાઇ (ના.) = ખરાબી, ખરાબ કરવું તે. [આઇ પ્ર૦ ના દા૦— ભુરાઇ, લુચ્ચાઇ, પક્કાઇ, ઊંડાઇ, ઉંચાઇ, ખટાઇ, પહોળાઇ.]

ઉમરાવ (ના.) = અમીરલોક. [મોટા ખાનદાન, રાજદ્વારી પદ્દીવાળા માણસ. અંજારના સૈયદ

તથા માંડવીના મલેક કચ્છના અમીર વર્ગમાં ગણાય છે.]

નિશ્ચય (અ.) = નક્કી કરેલું તે, ઠરાવ. | અતિશે (વિ.) = ઘણોજ, બહુજ. | વિશ્વાસઘાતી=આપેલું વચન તોડનાર, ભરોસો આપી દગો દેનાર. | કાળજું = હૈયું, હૃદય, કલેજું | સાન (ના,) = નિશાની, ઇશારત.

સાર–ભૂંડાઇને બદલે ભલાઇ કરવી એ ઉત્તમ ગુણ છે. જલાલુદ્દીને પકડાએલા ઉપર દયા કરી પોતાની ઉદારતા બતાવી. એકવાર પાપ કરીને પછી કોઇ એમ ધારે કે હવે પાપનહિ કરૂં તેથી નવાં પાપ થતાં અટકે એ મોટો ફાયદો છે, પણ કરેલ પાપની શિક્ષા તો ભોગવવીજ પડે. જેમ જલાલુદ્દીને કૈકુબાદના બાળકને મારી રાજ કીધું, તો તેને તેના ભત્રિજાએ મરાવી નાંખ્યો. | અલ્લાઉદ્દીને પોતાના કાકાને વિશ્વાસઘાતથી માર્યો તેમ બીજા ઘણાં માણસોને માર્યા માટે ખૂની કહેવાય છે. એવું દુષ્ટ કર્મ કોઇએ કરવું નહિ. રાજ્યલોભમાં કેટલાક પાપ કરતાં ડરતા નથી. પણ પરિણામે તેને હાનીજ થાયછે.

પાઠ ૯૯ મો.

ઘાતકી (વિ.)=નિર્દય, ખૂની, કમકમાટ ઉપજાવે એવું.

બેશુદ્ધ (વિ.)=શુદ્ધિમાં નહિ હોય તેવું, બેહોશ, અચેતન, ભાન વગરનો. [બે આદ્યયના દાખલા જુવો પાઠ ૮૧.] | ઉડાડી (ક્રિ.)=ફેલાવી.

નિમકહરામી (વિ,)=સારૂં કરનારનું ભુંડું કરનાર, ઉપકારને બદલે અપકાર કરનાર, બેઇમાની, લૂણહરામી.

સાર—એક વાર ખોટું કામ કરેછે તેને પછી બીજાં ઘણાં ખોટાં કામ કરવાં પડેછે. પાપી માણસને ફિકર રહ્યા કરે ને તે પોતે દુઃખી થયા કરે એ તેની એક જાતની શિક્ષા છે. અલ્લાઉદ્દીને કરેલી નિમકહરામીનો તેને પસ્તાવો કરવો પડ્યો

પાઠ ૧૦૦ મો.

ખોરાક=ખાવાની ચીજ, ખાજ.

નિર્દય (વિ.)=દયા વગરનો, ઘાતકી, પાપી, ક્રૂર. | વાઘેલા=રજપૂતની એક જાત. [સોલંકિયો હતા તેજ "વાઘેલ" ગામના નામ ઉપરથી વાઘેલા કહેવાયા. કચ્છમાં ગેડી ને બેલાવાળા વાઘેલા છે.]

અદેખાઇ (ના.)=કોઇનું સારૂં જોઈ બળવું તે, ખાર આવવો તે.

સાર—અલાઉદ્દીનનાં રાજમાં ગુજરાતને દક્ષિણ બે મુસલમાનોને પહેલવહેલાં તાબે થયાં. મુગલોએ ૭ હુમલા કર્યા. કુતલુઘખાંનું નામજ કતલઘણસં છે.

પાઠ ૧૦૧ મો.

વજીર (ના.)=રાજા-પાદશાહને સલાહ આપનાર, વડો કારભારી, પ્રધાન, મંત્રી. [ક્યાં વજીર અને પ્રધાન જૂદા જૂદા હોય છે.]

પાધર (વિ.)=સપાટ, ડુંગરા ડુંગરી વગરનો સીધો, પાધરો.

બાગલાણ= ખાનદેશમાં એક તાલૂકો છે.

કુલ = બધું, સઘળું, તમામ.

મજલ (ના) = એક દિવસનો પંથ.

પાટવી (ના)= ગાદીનો અધિકારી. વડો-મોટો કુંવર, યુવરાજ.

ગ**જનવી**=ગજનીનું. કચ્છના [જાડેજા, સૌરાષ્ટ્રના **ચુડાસમા**, અને જેસલમેરના **ભાટી**ના પૂર્વજ ગજપતે પોતાના નામ ઉપરથી ગજની શહેર સંવત ૧૦૮ (ઇ. સ. ૬૫૨)માં વસાવ્યું. તે શહેરનો રહેવાશી તે ગજનવી માટે ગિજનવીને બદલે ગજનવી જોઇએ.]

પકડીપાડયાં-બેળું તેમ જૂદું સકર્મક ક્રિયાપદ. તેમનં કર્મ, મૂળબંદ ને પાડ ધાતુ.

સાર-દુ:ખને વખતે પણ દીકરી મુસલમાનોને ન સોંપવાનો કર્ણનો ટેક ક્ષત્રીને છાજતો હતો. કમળાદેવીની પોતાની દીકરી દેવળદેવીને તેડાવવાની દરખાસ્ત સ્વાર્થીઓની મૂર્ખતાનો નમુનો છે. તે શુદ્ધ રજપૂતાણીને લજવે છે. કરણવાઘેલાને બે દીકરા હતા. તેના વંશજોનું રાજ **કોઠ** અને **ભાદરવા**માં છે.

પાઠ ૧૦૨ જો.

ફુરસદ(ના)=નવરાશ, અવકાશ.

ખંડણી(ના)=તાબેદાર રાજા પોતાના ઉપરી રાજાને તાબેદારી દાખલ દરવરસે કંઇ (ચોથ—કર) આપતે, છ આની.

ગડાઇ(ના)=હુમલો, લડાઇની સ્વારી.

સમાપ્તિ(ના)=પૂરૂં થવું, આખર, છેડો.

સિંહલદ્વીપ=લંકા, સિલોન, (હિંદની દક્ષિણે બેટ). | **રામેશ્વર**=રામચંદ્રજીએ બેસાડેલા મહાદેવ, એ દક્ષિણમાં હિંદુઓનું મોટું તીર્થનું ઠેકાણું છે. | પડતી દશા=નઠારી હાલતમાં આવવું તે. નબળો દહાડો. (પૈસા જાય, અપજશ મળે, વહાલાં મરે, રોગ આવે ઇ૦ વખત.) | સર=તાબે.

પોંચા=(હથેળીની નીચે તથા આસપાસનો ભાગ.) કાંડું.

સાર-ગુજરાત, ચિતોડ ને દક્ષિણમાં **અલાઉદ્દીન**ની સત્તાનો નાશ થયો. તેથી સિદ્ધ થાયછે કે પાપીને મોડીવહેલી પડતી દશા આવેછે.

પાઠ ૧૦૩ જો.

આહંકાર (ના.)=બીજા સૌથી પોતેજ ડાહ્યો અને હુશિયાર છે એમ

સમજવું તે. અભિમાન, ગર્વ, ફું-
મદ, મગરૂરી.
બુદ્ધિમાન=અક્કલવંત, બુદ્ધિવાળું.
(માન પ્ર૦ ન.દા૦—શક્તિમાન, ભ-
ક્તિમાન, નીતિમાન.)
આબાદી (ના.)=આબાદાની, ચડતી
દશા, પૈસે ટકે સારી હાલત.
ખાનપાન (ના.) ખાવું પીવું.
નીમ (ના.)=કાયદો, અમુકધોરણ, હદ.
સપરમો (વિ.)=રૂડો, હરખનો, ખુ-
શાલીનો, વાર તેહેવારનો.
ગુલામગીરી=ગુલામપણું. (ગુલામ+
ગીરી=પણું) [ગીરી પ્ર૦ના દા૦—
મહેતાગીરી આફતાબગીરી.]
અવિશ્વાસ (ના.)=ભરૂસો (પતીજ)
નહિ તે. ડોળ (ના.)=ખોટોદેખાવ.

સાર—અલાઉદ્દીન બુદ્ધિમાન ને બ-
હાદુર હતો છતાં તે નિર્દય ને વિ-
શ્વાસઘાતી હોવાથી તેના સારા ગુ-
ણ ઢંકાઈ ને ખરાબ ગણાયો. એ-
નો વિચાર (હાલ જેમ ઘણી જ-
ગોએ રાજાનું રાજ એક રાજાની
મુખત્યારીથી ચાલેછે તેમ) એક
ડાહ્યા માણસના મત પ્રમાણે રાજ
ચલાવવાનો હતો. તે વિચાર ભૂલ-
ભરેલો છે, કારણ એકજ માણસ
સર્વગુણસંપન્ન હોતો દુર્લભ છે.
વખતે તેવું જોખમી કામ કોઇ ન-
બળાના હાથમાં આવેછે તો બ-
હુ નુકસાન થાયછે. ઇંગ્લાંડમાં ઘ-
ણા અને ડાહ્યા માણસના વિચાર
પ્રમાણે રાજ ચલાવવાની રીતિ સા-
રી છે. ખાવાપીવામાં નિયમ ન
રાખનારનું શરીર બગડેછે. દગા-
ને પાપની શિક્ષા પરમેશ્વર આપે-
છે. અલાઉદ્દીનને છેલ્લા વખતમાં
તેમ થયું.

પાઠ ૧૦૪ થો.

મારા (ના.)=માણસોને કોઇના કહે-
વાથી મારી નાંખનાર, જલ્લાદ.
કાચો (વિ.)=ઓછી આવડતવાળો.
રંડીબાજી=છીનાળું. [ગમત, ખેલ.
મોજશોખ (ના.)=ચેનબાજી, રમત-
સમાવતાં=દબાવતાં, નરમ પાડતાં.
રીબાવું=ઘણીવારસુધીદુઃખભોગવ્યા
કરવું. લપટાઈ=ફસાઈ, લલચાઇ.
કારભાર (ના.)=રાજ્યનાં કામકાજનો
બોજો. [દીવાનગીરીનું કે કોઇ અ-
મલદારીનું કામ.]
સંતોષ (ના.)=તૃષ્ણા ન રાખવી તે,
પોતાની પાસે વ્યાજબીરીતે મળેલું
હોય તેમાં સુખ માનવું તે. [અયો-
ગ્ય લાલચ ન કરવી તે.]
વગ (ના.)=ફાયદો થાય એવા મોટા
લોકોસાથે સંબંધ—ઓળખાણ—પ-
ક્ષ. | નસંતાન=છોકરૂં (વારસ) ન
હોય તે, નિર્વંશ, નખોદ, સત્યાનાશ.

સાર—૧ પાપી અલાઉદ્દીનનાં પા-
પની શિક્ષા તરીકે આખરે તેનું ન-
સંતાન પરમેશ્વરની ઇચ્છાથી ગયું.

૨ કાફુર નિમકહરામી થયો તો પોતે માર્યો ગયો. ૩ મોજશોખમાં લપટાએલો રાજા રાજનો બંદોબસ્ત કરી શકતો નથી. જેમકે, મુબારક. ૪ ખીલજીવંશમાં કુસંપે એક બીજાની કરેલી ભારે ખુવારી તે.આખા વંશનું કમોતે મરણ થયું.

પાઠ ૧૦૫ મો.

રંગમહેલ (ના.)= રાજા–બાદશાહને રહેવાનો મહેલ.[ભુજના આયનામહેલની પેઠે મોજશોખ ને ગમ્મતને માટે બંધાવેલ સુશોભિત મહેલ.]

દેવડી (ના.)=દરવાજા આગળ સિપાઈને પહેરો ભરતાં બેસવા સારૂ ઊંચો ઓટલો–છાપરી, જડેલી વગેરે જગ્યા હોયછે તે.

દુવાઇ (ના)=આણ, હુકમ, સોગન.

બંદોબસ્ત (ના.)=ગોઠવણ, વ્યવસ્થા.

સાર—નીતિમાન રાજાનું રાજ રાજાપ્રજાને સુખરૂપ નીવડે છે. જેમ ગ્યાસુદ્દીન તઘલખના સારા બંદોબસ્તથી હલ્લો કરનારા મુગલોનો અટકાવ થયો ને રૈયત સુખી થઈ.

પાઠ ૧૦૬ ઠ્ઠો.

સૂબેદાર(ના.)=સૂબો, ઉપરી હાકેમ.

કાયમ (અ.)=મુકરર, બહાલ, નક્કી.

કાવતરૂં (ના.)=દગો, કપટ, ઠગબાજી.

બનાવ (ના.) સંજોગ.

તઘલખાબાદ=તઘલખશાહે વસાવેલું તે. [આબાદ પ્રત્યય લગાડીને વસાવેલા–મુર્શીદાબાદ, અમદાવાદ, એહમદાવાદ, હૈદ્રાબાદ.]

ગ્યાસુદ્દીનનું મરણ કબરેલી રીતે થયું તેથી જુનાખાનમાં શક આવે છે.

પાઠ ૧૦૭ મો.

ધારણ કર્યું (ક્રિ.)=રાખ્યું. ઠરાવ્યું.

ચરિત્ર. (ના.)=કરેલાં કામનો હેવાલ–હકીકત. ૨. કરેલાં કામો.

વેરો=કર, ધંધા, માલ ઉપર સરકારે કે દરબારે જે મૂકેલો કર તે.

વહોરવાને (કૃ. ના.)=ખરીદ કરવાને, વેચાતી લેવાને. ઝીણી(વિ.)બારીક.

રૂપ (ના.)=કાંતિ,ડોળ,સ્વરૂપ.(પ્રકાશ્યુનો કર્મ.) | રૂપપ્રકાશ્યું=પોતાનો ખરો સ્વભાવ–પોત–ખુલ્લું કર્યું.

સાર—૧ કોઈપણ ચીજ સારે કે નઠારે એમ બે માર્ગે વપરાય, વિદ્યાનું પણ તેમજ છે. **મહમદે** નઠારે માર્ગે વાપરી. વિદ્યાનો ઉપયોગ [1]પોતે સુધરવું ને [2]માણુસ જાતનું ભલું કરવું તે, તે કરી શક્યો નહિ, તેથી તેની વિદ્યા નકામી જઈ હાનિકારક નીવડી.

૨ અયોગ્ય અને પૂરા વિચાર વગર આરંભેલા કામ પાર પડતાં નથી. જેમ **મહમદની ચીનની** તથા ઈરાનની સ્વારીનો મનસૂબો.

૩ ખોટે રસ્તે દ્રવ્ય પેદા કરવા જતાં પ્રથમ લાભ જણાય પણ છેવટ હાનિ થાય. જેમ, **મહમદને**

ખોણાનાણું ચલાવતાં થયું.

પાઠ ૧૨૮ મો.

સમ્યો (ક્રિ.) = મટીગયો, દબાઇ ગયો; શાંત થયો.

બળવાખોર = હુલ્લડ મચાવનાર, ફિતુરી. (ખોર પ્ર૦ દા૦—મસ્તીખોર, દગાખોર, હરામખોર.

ભરાઇ (કૃ.) = સંતાઇ

સાર—રૈયતની અપ્રીતિ મેળવનાર ને ગાંડાઇનાં કામ કરનાર **મહુમદ**ના રાજ્યની અવ્યવસ્થા; બળવાખોરો અને સામા થનાર સાથે ક્રૂરપણે વર્તી ઘણી દોડાદોડ કર્યા છતાં પણ તે ગરબડ સમાવી શક્યો નહિ. બળાત્કારે કરેલી શાન્તી ટકતી નથી.

પાઠ ૧૨૯ મો.

બેવકૂફી (ના.) = મૂર્ખાઇ.

દોલતાબાદ = નીઝામના રાજ્યમાં શહેર છે. (પ્રથમનું દેવગીરી.)

સ્વતંત્રતા(ના.)=સ્વતંત્ર એવી જે સ્થિતિ, છૂટ, આપ અખત્યારી, સ્વાધીનપણું. | રદ (ના.)=બાતલ.

ઇજારદાર(ના.)=ઉપજ વસૂલ કરવાનો ઇજારો રાખનાર. [દાર પ્ર૦ના દા૦—કામ-અરજ—મામલત—કીમત—આબરૂ—ઉઘરાતદાર.

રાજકારભાર(ના.)=રાજનું કામકાજ.

બરતરફ(વિ.)=કાઢી મૂકેલું, રજા આપેલું તે, ઉચાકર, નોકરીથી દૂરકરેલું.

સાર—રાજકર્ત્તાની મૂર્ખાઇ પ્રજાને નડે તે વાત રાજધાની બદલાવીને મહમૂદે વસ્તીને કરેલા દુઃખથી સાબીત થાયછે: લડાઇ કર્યા વિના શાંતિથી રાજ્ય ચલાવી શકાય તે સ્તુતિપાત્ર છે. જેમ ફિરોજુદ્દીનની શાંત રાજનીતિ, બંગાળાને દક્ષિણના રાજની સ્વતંત્રતા કબૂલી તેથી જણાય છે કે તે લડાઇને ચહાતો નહિ. રાજ્યમાં ખોટી ગડબડ કરનારને તુરત સખ્ત શિક્ષા કરવી જોઇએ; તેમ પોતાને તથા પોતાના દીકરાને અણબનાવ કરાવનાર વજીરને પકડી મારી નાંખ્યો. (નિમકહરામીપણાનો અચ્છો બદલો)

પાઠ ૧૩૦ મો.

અદલ=વાજબી, રાસ્ત, નેક, બરાબર.

ઉઘરાતદાર=ઉપજ એકઠી કરનાર, તેહસીલદાર, ધ્રુ, તલાટી.

દવાખાનું(ના.)=દવા આપવાની જગ્યા, ઇસ્પિતાલ. [ખાનું પ્ર૦ ના દાખલા. હાથી—તોપ—કારખાનું.]

હમામખાનું (ના.)=ન્હાવાની જગ્યા.

કરનાલ=જમનાનદી ઉપર શહેર.

સતલજ=નદીનું નામ. (હિમાલયમાંથી નીકળી સિંધુને મળેછે.)

તરાપો (ના.)=લાકડાંને મજબૂત બાંધીને નદી પાર ઉતરવાનું સાધન કરેછેતે, પાણીમાં તરવાનેસારૂ વાંસ અથવા લાકડાનો બનાવેલો ઘાટ.

ઉઘરાતદાર(ના.)—વસુલઉઘરાવનાર.

ખાડી=પાણીની નહેર. (તે ખેતીમાં તથા વહાણ ને મછવા ચલાવવામાં તથા જળચક્રી ચલાવવામાં ઉપયોગી છે.) ૨ સમુદ્રની ખાડી જૂદી છે.
પૌત્ર (ના.)=દીકરાનો દીકરો, પોતરો.
અણબનાવ—બનાવ નહિ તે. (અણ ના દા૦ અણસમજુ, અણહદ.
તાબે (ક્રિ.)=તાબે રહી, હુકમ માનો, મરજી રાખી, ગાંઠી.
રાજચિન્હ (ના.)=જેથી રાજા છે એમ ઓળખાઇ આવે એવી જે નિશાની તે. મુગટ, છત્ર, ચમ્મર, છડી વગેરે.
સાર—ફિરોજુદ્દીનનાં રૂડાં કામ; સારા રાજ્યકર્ત્તા પોતાની રૈયતના સુખને માટે કેટલું કરે છે? અયોગ્ય બાદશાહનો અમલ લાંબો વખત ચાલતો નથી. જેમ **ફિરોજુદ્દીન** પછીના અયોગ્ય બાદશાહનો અમલ કેટલોક થોડો થોડો વખત ચાલ્યો.

પાઠ ૧૩૧ મો.

અભયવચન=બીક ન રાખવાનું વચન આપવું તે.
કાપાકાપી (ના.)=હથીઆરથી જોસમાં કાપી નાંખવું તે, ખુના મરકી, ખૂનરેજી, કતલ.
મરણીઉ (ના.)=છલકું, જે રોગમાં હગઓક થવાથી તુરત મરણ થાય તે, કોલેરા.
ગેરબંદોબસ્ત=અબંદોબસ્તથી ઉલટું, અંધેર કારભાર, અવ્યવસ્થા. (ગેર ઉપસર્ગના દા૦—ગેરહાજર, ગેરવર્ત્તણુક, ગેરલાભ, ગેરકાયદે, ગેરવ્યાજબી.) | સામે—કૈંકારણ બતાવનાર ક્રિ. વિ. અ.
સાર—મહમદશાહ નબળો હોવાથી ઓચિંતા હુમલા માટે તૈયારી ન રાખવાથી રાજ્યની ખરાબી થઇ. **તૈમૂર** ક્રૂર ને જંગલી હતો. **અંગ્રેજ** સરકારે મુલક જીત્યા તેમાં વગર કારણે કદી રૈયતને મારી નથી. સુધરેલા રાજા એવી ક્રૂરતા કરે નહિ. જુવો **સિકંદરે પોરસ** પ્રત્યે કેવી ઉદારતા બતાવી છે.

પાઠ ૧૩૨ મો.

ઉપમા (ના.)=કોઇના જેવું છે એમ વખાણીને કહેવું તે. [જેમકે, "આ પાણી ગંગાજળ જેવું છે" એટલે પાણીને ગંગાજળની ઉપમા આપી. "કમળ જેવી આંખ," "દરિયા જેવું પેટ" "ચંદ્ર જેવું મુખ" ઇત્યાદિમાં આંખને કમળની, પેટને દરિયાની અને મુખને ચંદ્રની ઉપમા આપી.]
ઢોંગી (વિ.)=બહાનાં જોડી કાઢનારો, ઢોંગ કરનાર, ધુતારો.
આસ્તિક (વિ.)=પરમેશ્વરને માનનાર, આકીનવાળો, ઇમાનદાર.
નાહક (અ.)=હક વગર, ગેરવાજ-

થી રીતે, લેવાદેવા વગર મિથ્યા.
સ્તુતિ(ના.)=પ્રાર્થના,વખાણ, તારીફ.
ગુણગાવા તે. | બહાનું(ના.)=ઢોંગ.
બાદશાહી (ના.)=બાદશાહની જાહો-
જલાલી. હાકમી, પાછળ નામ આ-
વે તો તેનું વ્યાકરણવિશેષણ થાય.
જેમ બાદશાહી સિક્કો એમાં બાદ
શાહી વિશેષણ થાય.
એકલપેટા (વિ.)=સ્વાર્થી.
સાર—તૈમૂરના હુમલાનો હેતુ; તે-
ના ગુણ દોષ—લડાઈમાં શૂરો, રા-
જકારભારમાં ખબરદાર, ધર્મને બ-
હાને કામ કાઢી લે એવો, નિર્દયને
ઢોંગી, એવા માણસ પર પરમેશ્વર
નારાજ થાયછે ને લોકો ધિક્કારેછે.
મહમૂદ ગુજર્યાપછી ૩૬ વરસ હિં-
દમાં બાદશાહ વગરની ગાદી રહી.
(**અરાજ્ય**) પંજાબમાં ખી-
જરખાંની હાકમી હતી તેણે લો-
ભ કરવાથી દિલ્હી લેતાં પંજાબ
ખોયું.(**લોભીને શિક્ષા**) મા-
ટે ખોટો લોભ રાખવો નહિ. દિ-
લ્હીની મોટી બાદશાહીની અલાઉ-
દ્દીનના વખતમાં કેટલી ટૂંકી હદ.

પાઠ ૧૪૯ મો.

અમલ (ના.) સત્તા, હાકમી.
અદલ (વિ.)=બરાબર, વ્યાજબી.
જય (ના.)=ફતેહ, જીત.
તિરસ્કાર (ના.)=તરછોડી નાંખવું તે.
ધિક્કાર, તુચ્છકાર.

આકીન (ના.)=યકીન, દૃઢ વિશ્વાસ.
અહંકારી (વિ.)=હુંજ મોટો, મારૂં-
જ ખરૂં એમ કહેનાર. મગરૂર.
શખ્સ (ના.)=એકજણ, અમુક ખ-
લાણું માણસ.
છઠ્ઠોપુરૂષ=છઠ્ઠી પેઢીએ વંશજ.
સમાધાની (ના.)=શાંતિ.
દશા (ના.)=સ્થિતિ. હાલત.
સાર—સિકંદર લોદીએ કર્યું તેમ
જે બાદશાહ રૈયતને સુખ આપ-
તો હોય તેનીજ જય થાય છે, એ-
મ દરેક રાજાએ સમજવું જરૂરનુ
છે. પોતાના ધર્મમાં ન હોય તેને
દુઃખ ન દેવું. આપણો ધર્મ ઉત્તમ
હોય તો તે વિષે સામા માણસને
ખાત્રી કરવી. ને તે ખુશીથી આ-
પણો ધર્મ પાળે તો ભલે, સૌ કર-
તાં ધર્મ સંબંધી જૂલમ માણસો-
ને ભારે ખરાબ લાગેછે. મુસલ-
માની રાજ નાશ પામવામાં એ
કારણ મુખ્ય હતું. હિંદના ઇતિ-
હાસના એવા અભ્યાસથી ઇંગ્રેજ-
સરકાર કોઇના ધર્મમાં વચ્ચે પડ-
તી નથી. તેથી તેનું રાજ સૌ ઇચ્છે
છે. સિકંદરે રૈયતપર જુલમ કર્યો
એ તેનો અન્યાય હતો. અહંકા-
રીને જુલમીને કોઇ ચહાતું નથી,
ઈબ્રાહીમ લોદી એવો હતો તેથી
તેની ખરાબી થઈ.

પાઠ ૧૫૦ મો.

બાળચરિત્ર (ના.)=બચપણનો ઇતિહાસ, નાનપણનું વૃત્તાંત–હકીકત.

શોક (ના.)=ખરો શબ્દ શોખ, ચરસ, લત, કોડ, ઇચ્છા, ચાહના. અને ૨ શોક=એક પરણેલી સ્ત્રી ઉપર બીજી આણે તે. અને શોક=દિલગીરી અર્થ છે. એ શબ્દ લખવાને જૂદાં ચિન્હનો વહીવટ થયા વગર એના અર્થ સંબંધ ઉપરથી સમજવાનોજ રસ્તો છે.

આદિ=સિવાય, વગેરે, [જે શબ્દ પછી એ મૂકાય તેનો અર્થ તે અને તેવાં બીજાં એવો થાય છે, જેમકે ફળાદિ=ફળ વગેરે.]

કુદરતી (વિ.)=ઇશ્વરે બનાવેલાં કામ, સ્વાભાવિક, ઇશ્વરકૃત.

બાકત્રીઆ—**સ્વ**તંત્ર તાતારમાં એક પ્રાંત. (બીજું નામ **બલ્ખ**).

કંદહાર—અફઘાનીસ્થાનમાં કોટબંધ પ્રખ્યાત શહેર.

સમરકંદ—રૂશીઆઈ તાર્તરીમાં દક્ષિણે સૌથી પ્રખ્યાત શહેર. (**તૈમૂરની** રાજધાની.) | **અવિચારી** (વિ.)=વિચારવાળો નહિ તે, ઉ ત, સારૂં નરસું સમજવાને **અશક્ત.**

સાર—હિમ્મત તથા ઉદ્યોગથી માણસને ફતેહ મળે છે. **બાબર**નું ચરિત્ર તેનો **પૂરાવો છે.** તેણે પંદર વર્ષની ઉમ્મરે **સમરકંદ** લીધું. વિપત્તિમાં તેણે બતાવેલી ધીરજ ધડો લેવા જોગ છે. કાબુલની ગાદી મળ્યાબાદ ૨૨ વર્ષે હિંદ જેવો બળવાન મૂલક જીત્યો. પહેલા ખેંગારજી સાથે મુકાબલો કરાવવો.

પાઠ ૧૫૧ મો.

અંકોડાબંધ=અંકોડા એક બીજાસાથે વળગેલા હોય તેવું, હારદાર, હારોહાર.

પાયદળ(ના.)=પગે ચાલી લડનાર લશ્કર, પેદળ. | કાળજું=દિલ, હૈયું.

મોખરો(ના.) = લશ્કરનો આગળનો ભાગ. મોખરે = આગળ અવ્યય સ્થળવાચક કરે તો થાય.

ધળીઓ=ધૂળનો. [આમતેમ વેરાઈ, વીખરી=જૂદી પડી, છાતુંવણું થઇ,

ભરતખંડ=હિંદુસ્તાન [**ભરત** રાજા ઉપરથીનામપડ્યું. બહુમોટોછેઅને ઘણા ઘણા લોકો તેમાં વસેછે તેથી એક દેશ છતાં ખંડ કહેવાયછે.]

મેવાત=દિલ્લીથી દક્ષિણે **ચંબલ** નદી તરફ એ મૂલક છે.

સાંકડે=સંકડાશમાં, કબજે. સંકોચવાળી સ્થિતિ–મુસીબતમાં, કાંસામાં, સંકડામણમાં.

ધડકવા(ક્રિ.)=થરથરવા, ધજવા, જોશને ઝડપમાં ઊંચા નીચા થવા.

કુરાન = મુસલમાનનું ધર્મપુસ્તક. (અરબી ભાષામાં છે.)

બારેવાટ(વિ.)=વેરાન, બેદાનમેદાન.

સરહદ(ના.)=સિમાડો, હદ, સીમા.
તૂટીપડ્યા=અરણીઆ થઇ એકદમ હુમલો કર્યો.... [રાનગતી.
નોબાક્કાકાર·થઇને બોલવું તે, હે-
સાર—આત્માની જીતમાં આબર-ની દૃઢતા ધડો લેવા યોગ્ય છે. શૂરવીર ક્ષત્રીઓ પોતાની સ્ત્રીઓને શત્રુના હાથમાં કદી જવા દેતા નહિં. તે સારૂ ચદેરીની લડાઇ (ઈ. સ. ૧૫૨૭) માં પ્રથમ તેમને મારી નાંખી પછી પોતે મરતાંલગી લડ્યા. એ પ્રમાણે ઘણી લડાઇમાં બનેલું છે. તે શિક્ષકે બતાવી પ્રજાના ઉંચા સદ્‌ગુણો જાગૃત કરવા.

પાઠ ૧૫૨ મો.

આયુષ્ય(ના.)=આવરદા, જીંદગાની. જીવતર [જન્મથી તે મોત લગી-નો વખત,]
હોશ=સાસ, મડદું.
ઘોર(ના.)કબર.
સપરમ (વિ.)=સારૂં.
આરસ (ના.)સંગેમરમર.
વૃત્તાંત=વર્ણન, બયાન, હેવાલ.
ઇબારત=લખાણનીઢબ, જુક્તિ, શૈલી, રીતિ, તરેહ, ભાષા.
મળતિઓ=ગોઠીઓ. જેનો સ્વભાવ મળતો આવે તે, સોબતી.
રમજાન = રોજા મહિનો, મુસલમાની ૯મો મહિનો.
નહેરો (ના.) =નીક, નદી કૂવા તળાવ વગેરે ગમે ત્યાંના જથાબંધ પાણીમાંથી ખાઇ ખોદી જે રસ્તે પાણી છેટે લઇજવાયતે. [**માનકૂવા**-ની **ખારીરોહર** તથા ગઢશીશાની નીકો યાદ કરાવવી.]
કળકળાદિ=લીલોમેવો. ફ્લફૂળ વગેરે.



કવિતાના પાઠો.

પાઠ ૧૦ મો. અખાના છપ્પા.

અખો—કવિનું નામ. (વેદાંતી ભક્ત, **અશંદાવાદનો** સોની.) | છપ્પો—છ પદવાળી કવિતા. (**પિંગળના** છપ્પા જેવું એનું પદ નથી, પણ તેમાં **ચોપાઈની** પેઠે પંદર માત્રા છે.) | અફીણ—ખસખસના ડોડામાંથી નીકળતો ચીકણો રસ. (એ સડ કે કેફ માટે વપરાય છે; ઓસડ તરીકે તે ઘણું કામનું છે.)

આળસ=સ્તુતી. (મેહેનત કરવાનો અણગમો.) | રસ=ખૂબી, ચડસ, સ્વાદ, પ્રેમ. | આધકુ (વિ.)=ઘણું, વધારે. | **હીણો** (વિ.) = નબળો, મંદ, ઓછો. | સરે (ક્રિ.)= થાય, પાર પડે. | **અહાર** (ના.)=ખાવું.

સ્વપ્ન (ના.)=સોણું, ઉંઘમાં જે વિચાર થાય ને કંઈ દેખાય તે.[જાગૃત અને સુષુપ્તિ સિવાયની ત્રીજી અવસ્થા.] | વશ(વિ.)=તાબે,આધીન. (નામ વશીકરણ.)

સ્વપ્નવશ=સ્વપ્નામાં ઊંઘમાં સ્વપ્નું આવતું હોય તેવખતે. | તન=શરીર.

ભક્ષ (ના.)=ખાવું, અહાર.

ઠાલી=ખાલી, ભરેલી નહિ તે.

કૂખ (ના.)=પાસળાંની નીચેની પેટની બાજુ, પડખું, પાસું.

ભણતર=ભણવાનું તે, વિદ્યા.

મિથ્યા (વિ.)=ફોકટ, નકામું, ખાલી.

લજ્જા (ના.)=લાજ, આબરૂ.

શીટીજાય = જતું રહે, નાશ પામે.

રાય=રાજા.

પલક (ના.) = આંખનું બંધ થઈને ઉઘડવું એટલો જરા વખત, પલવાર. | રંક=રાંક, ગરીબ.

બનીયા=થયા. (બન્યા ને બદલે કવિતામાં લખ્યું છે.)

માયા=પૈસો જેમાં માણસને પ્રીતિ લાગે એવી દુનિયાની ચીજો, સગાંવહાલાં વગેરે. (માબાપ, બાઈડી, છોકરાં, સગાં, સંબંધી ધન દોલત વગેરે દુનિયાની જંજાળ, ઇશ્વરની લીલા.) | મહિમાય (**ના.**) =પ્રતાપ, મોટાઇ, ('ય' કવિતા**માં** મેળવવા.) | **રિદ્ધ**(ના.)=રિદ્ધિ, દોલત, પૈસો, આબાદાની.

સિધ (ના.)=સિદ્ધિ, મનની ધારણા પાર પડે તે, કંઇ કામ થાય તે. (યોગક્રિયાથી મનમાં ધારે તે થાય એવી શક્તિ આવે તે.)

વના (ના.)=સેવાલા, સાએલા. (વરઘોડામાં વરરાજાની આગળ છોકરાને શણગારી ઘોડાપર બેસાડી ચલાવેછે તે.)

ફના (ના.)=નાશ, અહીંજતા રહેવું, દેખાય નહિ તે. | પ્રજોત = આબરૂ

જાય તે. | ઓછું પાત્ર=હલકો માણસ. | અદકું=વધારે.

મર્કટ=વાંદરો, માંકડું.

મહાલ્યો (ક્રિ)=ચર્યો, કંઈ પણ ફિકર વગર સુખ ભોગવ્યું.

લકવા (ના.)=એક જાતનું વાયુનું દરદ, વાઇ. | સૌકો=બધા, સર્વકોઇ. | મદિરા=પીવાનો દારૂ,

સાર—૧ છપ્પામાંઅજીર્ણઅનેઆળસના દોષ બતાવ્યાછે. અજીર્ણ વધારે ખાય અને આળસ ખાય=વધારે કરે એમ સમજવું, શરીરે અને અક્કલમાં નબળો થાય=શરીરમાં દૂબળો થાય, અને બુદ્ધિ પણ બગડે—(સારાં અક્કલનાં કામો તેને સૂઝેનહિ.) ખાતો ખાતો મરે=કોઈ દિવસ એની જાનને નુકસાન થાય. હીણો થાય એમાં થાયનું કર્ત્તા ખાનારો.

૨ નો ભાવાર્થ કે—વગર વિચારનું ભણતર નકામું છે. જેમ સ્વપ્નામાં ખાવાથી ખાનારની ભૂખ જતી નથી, તેમ વિચાર કર્યા વગર ભણી જવાથી ભણનારને કંઇ ફાયદો થતો નથી. ભણેલા હોઇને જે લોક, દેશ, કાળ, રીતિ, સ્થિતિ ઇ૦ નો યોગ્ય વિચાર કરી જાણતાં ન હોય, તેને લોકો **વેદીઆ ઢોર** કહેછે.

૩ સુખીઆં દુઃખીઆં ઇ.—સંસારમાં સુખી દુઃખી માણસો ઘણાં દેખાય છે પણ તે બધાં માયાનાં સુખી દુઃખી છે, માયાનું બંધન તોડે તો સુખી થાય.

૩–૪ માં માયાની મોટાઈ બતાવી છે; અને તે કેવી છે? તે સમજાવ્યું છે. માયા ખાતાં (એટલે પ્રથમ સ્વાદ લેતાં) ખાંડ જેવી મીઠી (સુખકર) પણ ચાવતાં (એટલે તેનું પરિણામ ભોગવતાં) રેતી જેવી (દુઃખકર) જણાય છે, એટલે જ્યારે એને બધી રીતે વેઠીએ છીએ ત્યારે મહાદુઃખ પ્રાપ્ત થાય છે. કવિના આ વિચાર વૈરાગ્યના બોધ અર્થે છે. જે માણસ નીતિને રસ્તે ચાલી દુનિયાની ઉપર કહી તેવી માયામાં પણ લપટાઇ ફસે નહિ તેજ બહાદુર. કારણ પ્રભુને જગત ચલાવવું છે.

૫ છપ્પામાં કહેલાં પાંચ જણાં બીજાને ભય કરનારાં છે. મતલબ કે મૂળ ખરાબ સ્વભાવ વાળાં તેને વળી તેવાં કારણો મળે તો પછી ખરાબ થવામાં શું મણા રહે?

પાઠ ૨૩ મો. પ્રાણીપર દયા રાખવા વિષે.

નારાચ=એક છંદ [એ શબ્દનો અર્થ બાણ—તેના દરેક ચરણમાં એક લઘુ ને એક ગુરૂ એ ક્રમે સોળ અક્ષર, ને ૮ તાળ, દરેક ગુરૂ અક્ષર ઉપર છે. છોકરાં કવિતા બરા-

ધર તાળ ઠોકીને બોલે તેમ કરવું.]

પિંડ(ના.)=શરીર. | આપડો(સ.)= આપણો. (પ્રાસ મળવા ણો ને બદલે ડો લખ્યું. | મદાંધ (વિ.)= અહંકારમાં આંધળા જેવો થઈ ગમે તેમ વર્તનાર, બહેકેલો. (મદથી વિવેકને ભૂલી ગએલો.)(મદ+ અંધ.) | દયા(ના.)=રહેમ, મહેર, કરૂણા. (એકનું દુઃખ જોઈ બીજાના મનમાં મદદ કરવા લાગણી—દુઃખથાય તે.) | અવેવ (ના.)=શરીરના ભાગ, અંગ. (સં.અવયવ.)

લગીરના (વિ.)=લગાર પણ. (પ્રાસ મળવા માટે "ના") | અધિક હીક=વધારે સારૂં | ચર્ણ=પગ.

ધોબ (અ.)=ધબ દઈને, એકદમ.

પ્રયત્ન=મહેનત, શ્રમ. | મિત્ર=ભાઈબંધ, દોસ્તદાર, સ્નેહી, દોસ્ત.

ઘાત (ના.)=મારી નાખવું તે.

વિશેષ (વિ.)=વધારે. | ઈશ=પરમેશ્વર, પ્રભુ, ઈશ્વર. | ઉદાર (વિ.)= મોકળે દિલે ખર્ચ કરનારો, દાતાર, મોટા મનનો, સખી. | માણીને (કૃ.)=સુખ ભોગવીને.

ગજું (ના.)=શક્તિ, પહોંચ, તાકાદ. | કર્મ=કામ. | પિછાણી = જાણી, ઓળખી. | અધર્મ (વિ.)=પાપ, ધર્મ નહિ તે, દુરાચાર, અનીતિ.

જંતુ (ના.)=નાનાં જીવડાં.

પાય=પગ. | પરોવી=ઘોંચી.

વિનાશ (ના.)=નાશ, મારી નાખવું તે. | તીર (ના.)=બાણ. (નેતરની સોટીમાં એક છેડે લોઢાનું તીણું ધારવાળું ફળ બેસાડેલું, એવું જે હથિયાર કામઠામાં ચડાવી મારે છે તે.) | બીક ઉર ઈ૦=(પરમેશ્વર નો) ડર મનમાં રાખીને. આ કવિતા પ્રાણી ઉપર દયા રાખવા અને તેમને ઇજા નહિ દેવા વિષે છે. તેનાં કારણઃ—૧ આપણી પેઠે તેનામાં જીવ છે. ૨ તેનો વાળ જેવો એક અવયવ આપણે કરી શકીયે નહિ તો મારી કેમ શકીયે? ૩ તેમનો પિતા પણ ઈશ્વર છે તેથી તેમને ગરીબ ને અપોચીયાં કેમ ગણાય? ૪ તેમ કરવામાં મોટું પાપ છે. ૫ આ છંદમાં પ્રાણી ઉપર ગજાથી ઉપરાંત બોજો ભરનારને તથા પ્રાણીને દુઃખ દેવામાં રમુજ માનનારને શીખામણ છે.

પાઠ ૩૫ વિચારી બોલવું.

સુવાકય=સારૂં વાકય-વચન. (વેણ.)

સદૈવ (અ.) હમેશાં, સદા. (સદા+ એવ=જ—નક્કી બતાવ્યું.)

વાધે=વધે. | કુવાકય=નઠારૂં વાક્ય.

લાધે (ક્રિ.)=મળે, થાય, જડે.

યાર (ના.)=ભાઈબંધ, વીર, દોસ્ત, સ્નેહી, મિત્ર. (યારને બદલે વી શબ્દ વાપર્યાથી કવિતા શોભે છે.)

ભાર તોલ તો ઈ૦=દલપતરામ કવિ

કહેછે કે સારા માણસો તમારો ભાર તોલ=માન રાખે.

ચડેચડે ઇ૦=માણસની પડતી ચડતી જીભવડેજ થાયછે. | રાજકુમાર=રાજાનો કુંવર,

બુરી(વિ.)=નઠારી, ખરાબ, નરસી, ભૂંડી [નામ, બુરાઇ, બુરાશ.]

અમૂલ્ય(વિ.)=બહુ કીમતી. જે વસ્તુની કીમત પણ કરી શકાય નહિ તેવી, (કીમત નહિ એવો અર્થ ન કરવો.) ઉમદી.

પળી(ના.)=અહીં અંજલી, પસલી, મૂળ અર્થ ટોપરી, પાવરૂં, [સાંકડા મોઢા વાસણમાંથી ઘી, તેલ વગેરે કાઢવાનું લોઢાનું સાધન.]

વેણ(ના.)=શબ્દ, શકન. [સં.વચન]

વિમાસશો=પસ્તાશો, હાથ ઘસશો, શોચ કરશો. [જાન, બગાડ.

હાણી(ના.)=નુકશાન, હાનુ, નાશ,

છેદ (ના.)=કાપ, જખમ, ઘા.

માનવી=માણસ, મનુષ્ય, આદમી. (મનુથી ઉત્પન્ન થયેલો તે.)

રૂઝે=રૂઝાય, ઘા ઉપર નવી ચામડી આવે, આરામ થાય.

ભડાકો (ના.)=તોપ, બંદૂક વગેરે ફૂટવાથી જે મોટો અવાજ થાય તે. (વસ્તુ ઊંચેથી પડે તેનો ધડાકો, કે ધબાકો કહેવાય)

હડાકો(વિ.)=દોડયો, સડસડાટ કરતો (હડકોનું પ્રાસમળવવાનેવાપર્યુંછે.)

વદો (ક્રિ.)=બોલો, કહો. | વણશે=બગડે, ખરાબ થાય. આ. વ. કા. વણસ ધાતુ છે.

પ્રજા જુઓ ઇ.=તમે જુઓ. રૈયત (માણસો) પોપટને પોતાને ઘેર પાળે છે, અને ઘુવડ (તેના પોતાના) માળામાં પણ સુખે સુઇ શકતું નથી; એ કારણ ઉચ્ચારનું જાણીને વિચારીને ઇ૦.

ભલી જીભે ઇ૦—હે ભાઇ! ભલેને ગરીબ કે રાજાનો છોકરો હોય કે રાજાની રાણી હોય, તોપણ લોકો સારાઇ તો સારી જીભે લે; નઠારી જીભે તો તેનું પણ નઠારૂં બોલે.

અરે માણસો મોઢેથી જે વચન મૂક્યું—બોલ્યું તે તારાથી જેમ થુકેલું ગળાશે નહિ, તેમ બોલેલું ફરીથી પાછું લેવાશે નહિ અને તેમાંથી પસ્તાશો એવું નુકશાનથશે.

છરાના છેદનો ઉપાય જડે, પણ જેમ કાચની કોડી ભાગે તે સંધાય નહિ; તેમ કુવાક્યનો ઘા રૂઝાય નહિ. મતલબ આપણે કોઇને નઠારૂં વચન કહ્યું હોય તે અસર સાંભળનારના મનમાંથી કોઇ પણ કાળાજે જાય નહિ. જેમ તોપનો ભડાકો હવામાં દોડયો જતો હોય તે પાછો તાણી લેવાય નહિ, તેમ સારૂં કે નઠારૂં વચન કાઢયુ તે પણ પાછું ખેંચી લેવાય નહિ.

(બોલ્યું ન બોલ્યું થાય નહિ.)

સાર—૧ મોઢામાંથી પડેલો શબ્દ પાછો ગળાતો નથી, ૨ માણસની ચડતી પડતી જીભથી થાયછે, ૩ નઠારા વચનનો ઘા રૂઝાતો નથી. ૪ બોલવા ઉપરથી માણસનો તોલ બંધાય છે, માટે બરાબર વિચાર કરીને બોલવું, કે પાછળથી પસ્તાવું ન પડે ૫ સારાં વચનથી સ્નેહ વધે, કીર્ત્તિ ને ચડતી થાય ને સારો લાભ મળે.

પાઠ ૪૧-૪૨ માનો ગુણ.

અન્વય=વાક્ય રચનાના નિયમ મુજબ વાક્ય ન બોલતાં શબ્દો આડા અવળા મૂકવાની કવિતામાં કેટલીક છૂટ છે, તેથી તેનો અર્થ કરતાં તે શબ્દોને ગદ્યરચનાના ખરા નિયમ મુજબ બોલવા તે. જેમ હતો હું ઇ૦ એનો અન્વય—"હું જ્યારે નાનો છોકરો હોઇને પારણે સૂતો હતો ત્યારે છેક રડું તો કોણ છાનું રાખતું ?" આ અન્વય કર્યો.

પારણું=બાળકને સુવાનું નેતર કે પાટી ભરેલું લાકડાનું ચોકઠું. [ઘોડીઆ ને પારણાનો ફેર સમજાવવો.]

છેક=તદન, ઘણો, બહુ.

દયાળી=દયાવાળી, મહેરવાળી. પહેલા ત્રણ ચરણમાં એ સવાલ પૂછ્યાછે ને ચોથામાં જવાબ દીધોછે.

પોઢવું=સુવું, ઊંઘ લેવી. [મોટા માણસોની વાત કરતાં એમ બોલાય]

પંડે=(સ્ત્રી. પું. નાન્ય.) પોતે, જાતે.

તજે=છોડે, મૂકે. સકર્મક ક્રિ. કર્ત્તા તે, કર્મ સ્વાદ. [દ્રજવૂ જેવું.]

કડુ=કડવું.[સ્વાદમાં એળીઆ કે ઇ-

બચી=ચુંબન, ગાલે ચુમી કરવી તે.

ખાજું=પરસુદીના લોટમાં ઘણું ઘી નાંખી તળીને બનાવેલું એક જાતનું પકવાન થાય છે, [મૂળ અર્થ ખાવાનું—જમણમાં ખાજાનું જમણ વખણાય છે, માટે અહીં એનું નામ આપ્યું છે.] દહથરાંથી ખાજાં જૂદાં છે.

ખડું=આખડું, ઠેસ લાગે. [એનો કર્તા હું, અધ્યાહાર.]

ખમા=મારી મળો એવો આશીર્વાદ દેવા તે. [છોકરો પડ્યો તે કાંઈ ઇશ્વરી ગુસ્સો થયો એમ જાણી મા પરમેશ્વર પાસે માફી માગેછે તે]

પ્રેમ=હેત, વહાલ, પ્રીતિ,સ્નેહ,પ્યાર.

પૂરપાણી=પાણીનોજથો,ઘણાં આંસુ.

ટળે=દૂર થાય.[અક૦ક્રિ.તાપઅનેપાપ કર્ત્તા] | દુ:ખી=દુ:ખવાળો.

તાપ=કોઈ કારણથી મનને પીડા થાય તે. [ભય, શોક કે ચિંતા થકી મનમાં જે અકળામણ—વ્યાકુળતા—બળતરા—પીડા થાય તે.]

મુક્તિ=મોક્ષ. [દુનિયાના દુ:ખથી મૂકાવાપણું. આ દુનિયાના બંધનમાંથી મૂકાવું તે,જન્મ મરણનાં ફે-

રામાંથી છૂટવું તે; માયાના પાસ-
માંથી છૂટી બ્રહ્મમાં મળીજવું તે.]

પાઠ ૬૪ મો. ભાગ ૨ જો.

ગણિત = હિસાબ ગણવાની વિદ્યા, અંકગણિત. | આકરી(વિ.)=કઠણ, કપરી, મુશ્કીલ.

અમૂલ=(સં.) અમૂલ્ય, ઘણીજ કીમતી. જેની કિમત થઇ શકે નાહ એવી. (એ બન્નેનું વિશેષ્ય ચાકરી છે.) | દેવનાદેવ=જગતકર્ત્તા.(હિંદુ ધર્મના જૂદા જૂદા મનાતા બ્રહ્મા, વિષ્ણુ, વાયુ, વરૂણ, માતા, ગણપતિ, શિવ ઇ૦ દેવતાઓ તેનો દેવતા પરમેશ્વર.)|પાઠે=મોઢે.

આનંદ=હરખ, સંતોષ, ખુશી. મનનું ખુશી થવું તે.

દાતા=દેનાર, આપનાર. (તા પ્ર૦ ના દા-ત્રાતા, ધાતા,જનેતા, વિધાતા.)

માતા=મા, જનની, જનુની, માડી.

સમો=વખત,લાગ,જોગ,યોગ્યસમય

રીઝી=ખુશી થઈ, પ્રસન્ન થઈ, રાજી થઈ. | ૬ અને તારૂં હેત આજ પણ જેવું જળમાં માછલીનું હેત જડ્યું છે તેવું છે.(એટલે પાણી વગર માછલી જેમ જીવી શકતી નથી, તેમ મા છોકરાને ચાહેછે. એમ માનાં હેતને ઉપમાઆપીછે.)

૭ માએ જે આકરી અને અમૂલ્ય ચાકરી મારે માટે લીધી છે અરે એ બધું (તારૂં સારૂં કરેલું શું? હું) ભૂલી જઇશ? હમેશાં (તારો) ચાકર થઇતારૂંસારૂંવાળી આપીશ.

૮ મને ગુણ ઇ૦ = મને મારી મા જેવો ફાયદો કરેછે તેનો બદલો વાળવાનો યોગ્ય વખત મને તું હમેશાં દેજે. આ બે પાઠપરથી **સાર-મા** પોતાનાં બચ્ચાંને કેટલી કાળજીથી, કેટલાં કષ્ટ વેઠીને, કેટલા પ્યારથી ઊછેરેછે તે જાણી તેનો ઉપકાર માનવો. કેટલાક મૂર્ખ મોટપણે તેમનું અપમાન કરે છે તે કદી ન કરવું.પોતાની સ્થિતિ સુધરી હોય તો ગર્વ રાખ્યા વગર અને ખૂબ હોંશ રાખી માની ચાકરી કરી બદલો વાળવા તજવીજ કરવી. (માના ઉપકારનો ખરેખરો બદલોતો કદી વળી શકેજ નહિ એ ઉપકારો આ પાઠમાં યાદ કર્યા છે)

પાઠ ૬૫ સામળભટ્ટનીસમસ્યા.

સમસ્યા (ના.) = છાનો ભેદવાળોસવાલ, જેનો જવાબ ઝટ નસૂજે તેવો પ્રશ્ન, કોયડો, પિરોલી(કચ્છી) ઇશારતથી સમજાવવું તે.

નર=માણસ, પુરૂષ. (નરજાતિ માટે વપરાતો શબ્દ.)

તન (ના.) = શરીર, દેહ, વપુ,અંગ.

સજ્જન (વિ.) = સારા માણસ. ભલું, ઠાવકું,પ્રમાણિક, સદાચારી,

ઉત્તર (ના.) = જવાબ.

ઉત્તમ (વિ.) = સહુથી સારૂં, શ્રેષ્ઠ-

ત્રાત (ના,) = બાપ, બાપા, પિતા.
તણો = નો (છઠ્ઠી વિ. પ૦ નો.)
ફાળભરે = ફૂદકો-છલંગ મારે.
મૃગ = હરણ. | શ્વાન = કૂતરો.
સુજાણ (વિ.)=સારી પેઠે જાણનારા હુશિયાર, પ્રવીણ, ડાહ્યા, ચતુર.
નારી = બાઇડી, સ્ત્રી, બઇરી.
નિર્બળ(વિ.) = કમજોર, બળવગરનું,
કોકિલ =કોયલ, મીઠા રાગવાળું કાળા રંગનું એક પક્ષી. (એ આંબાની રખવાળ ગણાયછે. કેમકે બીજાં પંખીને ફૂલેલ આંબા ઉપર આવવા દેતી નથી.) પઢતો = ભણતો.
ચેતજો = જાણીજજો, ઇશારતમાં સમજીજજો. (ભવિષ્યકાળ.)
નમો – (જુવો પાઠ ૧૬૧ પૃ. ૪૬)
મધુરો (વિ.) = કાનને મીઠા લાગે તેવા શબ્દ બોલનાર.
છાશનું ઉત્તમ કુળ દૂધ. તેનો બાપ દહીં, તેનો બાપ દૂધ. દૂધમાં છાશ નાંખે ત્યારે લગ્ન થયાં ગણ્યાં. ગાયમાંથી છાશ થાય માટે તેને તેનું કુળ ગણે છે.બકરીભેંસપણદૂધદેછે.
પ્ર—પોપટને ત્રીજી ચોપડીમાં લીલા રંગનો કહી આ કવિતામાં પીળો કેમ કહ્યો ?
ઉ.—ભમરો ઊડેછે ત્યારે જેમ પડખાનો રંગ પીળો દેખાય છે, તેમ ઊડતાપોપટનીપાંખો નીચેનો તથા પડખાનો રંગ પીળો દેખાયછે માટે એમ લખ્યું છે.

પાઠ ૧૭૩ ભલું બૂરું કરવા વિષે.

ભલું બૂરું=સારૂં ને નઠારૂં, ઘજખરાબ. | માનવી=માણસ, મનુષ્ય, આદમી. (મનુ મૂળ પુરૂષ ઉપરથી ઉત્પન્ન થએલા તે.) [ઇવખતે.
કદાપિ (અ.)=કોઇ દહાડો પણ, કો-
આશ (ના)=આશા, ઉમેદ.
લેશ(વિ.)=જરાએ થોડુંક, લગરીક.
વિવેક=સારૂં ખોટું પારખીને તેને તજવીજથી વાપરવાની સમજણ તે.
પ્યાર=હેત,ચાહના.| સુણો=સાંભળો.
ખાર=અદાવત, વેર.|દોષ=વાંક, ચૂક.
વંદન (ના.)=નમવું, નમસ્કાર.
નિંદક (વિ.)=નિંદા કરનાર, આપણામાં જે ખામી ન હોય તેવી ખોટી ખામી કાઢનાર [ખરી ખામી કાઢે તે ભૂલ બતાવનારો ગણાય.]
સાલસ (વિ.)=સારૂં, ભલું અસીલ, નિષ્કપટી. | ખંધું (વિ.)=લુચ્ચું, ઠગબાજી કરનાર. | ગંદુ=મેલું,ગોબરૂં. | પડછંદો (ના.)=પડઘો. [ડુંગર, કૂવો કે મોટા મકાન પાસે બોલ્યાથી સામો અવાજ થતાં તે બધો કે તેનો કેટલોક ભાગ પાછો સંભળાયછે તેને કચ્છીમાંપડઘોકહેછે.]
વાણીવદેઇ.—માણસમાં માણસ જેમ વાણી બોલે તેમજ તરત પડઘો પડે. (એટલે માણસ પોતે જેવું બો-

લે તેવુંજ તેને સામો માણસ સંભળાવે. સારૂં બોલે તો સારૂં ને નરસું બોલે તો નરસું.)

સારઃ—મોગરાનાં કંઇ બીજ થતાં **નથી** તે મીઠામાં મીઠીવાસવાળો સુગંધીદાર ઉત્તમ ફૂલનો છોડ હોવાથી મીઠા–**સારા**.માણસાઇનાબોલને મોગરાના બીજની ઉપમા આપી છે. અને કૌવચ ખરાબ (તેના પાંદડા શરીરે અડતાં ચળ આવેછે માટે) છોડ છે, તેથી કડવા બોલને કૌવચના બીજની ઉપમાદીધીછે.

પાઠ ૮૪. મહારાણીજીની ગરબી.

મહારાણી=મોટાં રાણી સાહેબ, અહીં * વિકટોરિઆ[પુરૂષરાજ્ય કરનાર હોયત્યારે મહારાજા કહેવાય.]

કૃપાનાથ=દયા રાખનાર ધણી, પરમેશ્વર. | વડી (વિ.)=મોટી. (વિશેષ્ય વિકટોરિઆ) | કૃપા=મહેર, રહેમ નજર, અમીદૃષ્ટિ.

હૈડું (ના.)=દિલ, હૃદય, હૈયું.

હર્ષ=ખુશી, આનંદ. હરખ, ઉલટ.

અચલ (વિ.)=જે ખસે નહિ તે. હમેશાં કાયમ (ઉલટું ચલ.)

કુશળ=રાજીખુશી,સુખરૂપ,ક્ષેમ, સુખીથવુંતે.કલ્યાણ=મંગળ,શુભ,સારૂં.

દિનદિન (અ)=દિવસે દિવસ; દહાડે દહાડે, દરરોજ.

ચઢતી કળા=વધતું તેજ ને વધતું સુખ.(જેમ ચંદ્રની કળા વધવાથી તેનો પ્રકાશ વધે તેમ રાજાનો પ્રતાપ આબાદી વધવી તે રાજાની ચઢતી કળા કહેવાય.)

---

* આપણા ઉપર **હિંદ**માં અને **પૃથ્વી**ના ઘણા ભાગમાં એનું રાજ છે. **ઇંગ્લાંડ**માં આવેલા **લંડન**માં તે રહેછે; તે સને ૧૮૧૯ ના મે માસની **ચોવીશમી** તારીખે જન્મ્યાં. સને ૧૮૩૭ માં ઇંગ્લાંડમાં અને સને ૧૮૫૮ માં હિંદની ગાદિયે બેઠાં. (સને ૧૮૯૯) માં તેની ઉમર વર્ષ ૮૦ ની છે. તેને ૫૦ વર્ષ રાજ્ય કરતે થયાં ત્યારે **જુબીલી** અને તેને સાઠ વર્ષ રાજ્ય કરતે થયાં ત્યારે તેની **ડાયમંડ જુબીલી**ની **ભારે** ધામધૂમ થઇ હતી. તે ઘણાં દયાળુ, માયાળુ, ભલાં અને **હુશિયાર** ભાગ્યવાન રાજ્યકર્ત્તા છે. તેમનું કુટુંબ ઘણું મોટું છે. **ઇંગ્લાંડમાં પારલામેંટ** કાયદા બાંધેછે. અને **પ્રધાનમંડળ** કારભાર કરેછે. **અમલ** ઘણોખરો ઠરાવેલા કાયદા પ્રમાણેજ થાયછે.

વિધવિધ (વિ.)=તરેહતરેહનું, અનેક પ્રકારનું, ભાતભાતનું.
સંહાર (ના.)=મારી નાંખવું તે, નાશ, કચરઘાણ.
દુષ્ટ (વિ.)=પાપી, નીચ, (આ કવિતા હિંદની ફોજે સને ૧૮૫૮ સંવત ૧૯૧૫માં બળવો કર્યો હતો) તેની શાંતિ સમે કરી હતી માટે, બળવાખોરો.
થાજો દુષ્ટના અફળ ઉદ્યોગ ૪૦=એમ પણ અર્થ થાય કે કેટલાક દુષ્ટ માણસ રાજ્યમાં હાની કરવા જે વખતાવખત ઉદ્યોગ કરે તે અફળ જજો.
અફળ=ફળ વગરનું, ફોકટ, વ્યર્થ, નકામું, એળે, મિથ્યા, નિષ્ફળ.
વિજયાકુંવરી=વધારે જીત કરનારી કુંવરી. (મહારાણી છતાં એમને કુંવરી કહેવા સબબ કે તેઓ પોતાના કાકાની ગાદીએ બેઠેલાં છે. માટે એ રાજ્યનાં કુંવરી કહેવાય.)
વિજય=વધારે ફતેહ, જીત.
જગતપતિપણું (ના.)=આખી દુનિયાનું ધણીપણું—રાજ્ય.
અખૂટ (વિ.)=ખૂટે–ઘટે નહિ તેવું, ઘણુંજ, જેમાં તંગી પડે નહિ તે.
સમય=વખત, વેળા, કાળ, સમો, ટાણું
કૃપાનિધિ=દયાના ભંડાર. અતિશય દયાવાળા. | દીસે છે=દેખાય છે.
અખંડ (વિ.)=ખંડિત ન થાય એવું આખું, સદાકાળ–હમેશા રહે તેવું.
સોહાગ (ના.)=સૌભાગ્ય, ધણી જીવતો હોય ત્યાંસુધી ચૂડી, ચાંદલો વગેરે સધવાનાં ચિન્હ રહે છે તે. અહેવાતણ. (એ ચિન્હ વિધવા સ્ત્રીથી રાખી શકાય નહિ.)
હજો એનો અખંડ સોહાગ=એનો સૌભાગ્યનો શણગાર હમેશ કાયમ રહેજો=પતિ હમેશ જીવતો રહેજો, એ આશીર્વાદ છે પણ હાલ તેમનો પતિ (પ્રિન્સ આલ્બર્ટ) હયાત નથી. કવિતા બની ત્યારે હતો. માટે હવે એ વાક્ય નકામું છે.
ઉપજ્યો=થયો. | અથાગ (વિ.) = ઘણોજ, જેનો પાર નહિ તે.
સુજશ=સારો જશ, સારીકીર્તિ (સંસ્કૃત સુયશ.) | જામજો=બંધજો, ફેલાજો, સ્થિર થજો. [માણસ.
ગુણીજન=સારા ગુણવાળો, ચતુર.
દયાવંત (વિ.)=દયાવાન, દયાળુ.
દીપાવડો (વિ.)=શોભિતો, શોભાયમાન, સુંદર. | રાજસમાજ (ના.) =રાજકારભાર ચલાવનારી મંડળી, રાજસભા. [ઇંગ્લાંડમાં પાર્લામેંટ નામે સભા છે, તે રાજા અમીર અને રૈયત તરફના મુખત્યારો મળીને થએલી છે.] | હામ (ના.)=હિંમત | રક્ષા (ના.)=રક્ષણ કરવું તે, બચાવ. | અમરવેલ (ના.)=સુકાય નહિ એવો એક જાતનો પીળા રં-

ગનો તાંતણા જેવો વેલો. [થોર ઉ-પર એ વધારે થાય છે. બને ત્યાં નજરે બતાવવો.]
પરિવાર (ના.)=છોકરાંછૈયાં, કુટુંબ, વંશ, તથા તેનો વિસ્તાર.
જયજયકાર (ના,)=જીતનો પુકાર, ફતેહ ફતેહ.

પાઠ. ૯૭–૯૮ પિતાની સેવા.

છડો=(પે. વિ.) એકલો [છોકરાં છૈ-યાં વગરનો.] | છેક (વિ.)=તદન, તમામ, બિલકુલ. (ક્રિ વિ. અ.અ-ગર વિશેષણ.) | છોટો (વિ.)=નાનો. | પાળીપોષી=(કૃ. અ.) ખવ-રાવી પીવરાવી. | કીધ (ક્રિ.)=કીધો[ગણમળવાસારૂએરૂપલખ્યુંછે.]
જી–બી. પ્ર. ના+જી–માનવાચક ક્રિ. વિ. અ | કોટીકોટી=ક્રોડ ગણી, ઘણીજ. (કોટી=ક્રોડ, સો લાખ.) [આ શબ્દ હ્રસ્વ અને દીર્ઘ બે રીતે સંસ્કૃતમાં લખાયછે.]
સહી=(સ. ક્રિ.) સહન કરી, ખમી. ભોગવી. (કર્મ–કષ્ટ.)
છત્રછાયા=છત્રની પેઠે છાયા–બચાવ.
પ્રાણથીપ્યાર=પોતાના પ્રાણથી પણ વધારેહેત | આનંદલેતા=ખુશીથતા
અત્યંત=ઘણુંજ, ખૂબ,અપાર,અથાગ. (અતિ+અંત. અતિ=પેલીમેર+અંત=છેડો.છેડાથી પણ પેલીતરફ)
મુખે માગી=જે હું મોઢેથી માગું તે.
પાજી (વિ.)=નીચ, નઠારો, બેશરમું, બેઅદબ, હલકા પેટનો, કુપાત્ર. (કોઈ મૂર્ખાઇથી આનો અર્થ પા જી=હલકી કીમતનો એવો કરેછે તે ખોટો છે. પ્યાજ–ડુંગળી ઉપરથી પાજી થયું છે.) | વડા=મોટા.
રાંક (વિ.)=ગરીબ, રંક, બિચારો.
દેહ (ના.)=શરીર, કાયા, તન, બદન.
વડાઈ=હું મોટા વાંકમાં આવું તો મને રાંક જાણીને શિક્ષા કરી, તો-પણ તે કરતાં દિલમાં દયા રાખી અને હેત છોડી દઇને (વેરભાવથી) મારે શરીરે દુઃખ દીધું નહિ. કેટલાક મૂર્ખ છોકરા પોતે કંઇ વિદ્યા, ધન કે અધિકાર મળે તો મોટપણે માવિતરના ઉપકાર ભૂલી જઇતેનુ અપમાન કરેછે તેવાએ આ પાઠ ઉપરથી ખાસશીખામણલેવાનીછે.

પાઠ ૯૮ મો.

ગણાવી = અનુભવ આપી. (અ-નુભવ વગર ભણેલું ખરેખરૂં ઉપયોગી થતું નથી માટે ભણવા સાથે ગણતું જોઇએ.) | તુચ્છ(વિ.) =હલકી. | તુચ્છ જેવી=ધિક્કારવા જોગ. | બુરી(વિ.)=ખરાબ,નઠારી
ટાળી = મટાડી, સારી કરી.
મધ્યે (અ) = માંહે, વચ્ચે..
લાવ (ના.) = [ઇચ્છેલા કોડ–સુખ, આનંદનો ભોગવટો,મજા,લાભ,] ઓરીઓ, લ્હાવો.
નિરખવું=સારી પેઠે ધારીધારીનેજો-

વું, નિહાળવું. [નેત્ર=આંખ.]
જગન્નાથ (ના.)=જગતનો, ઇશ્વર.
હયાતી(ના.)=જિંદગાની, આવરદા, જીવતર.
સજવું=બનાવવું, કરવું,
સેવના (ના.)=સેવા–ચાકરી–કરવી તે. [અહિં બાપનો હુકમ માનવો, તેનું માન રાખવું વિગેરે, તેને ખુશી ઉપજે એમ વર્તવું.]
પિતુભક્તિ (ના.)=બાપ ઉપર પુત્રની જે ભક્તિ–પ્યાર હેત રાખવું તે, બાપની ચાકરી કરવી તે. [સં. પિતૃભક્તિ.]
પિતુભક્તિ પામી=બાપની સેવા કરે એવી બુદ્ધિ પામી.

પાઠ ૧૧૨. ચોરીના માલવિષે.

[1]પારો (ના.)=એક જાતની પ્રવાહી લપશી જાય તેવી સફેદ ભારે ધાતુ.
કાચો પારો=પારો અમુક ક્રિયાથી મારી (ખાખ કરીને) તેને ઓસડ તરીકે વૈદ્ય લોકો ખવરાવેછે, પણ જો તે મારવામાં કાચો રહી ગયેલો હોય ને ખવાય તો તમામ શરીરમાં ફૂટી નીકળેછે.
હરતાળ (ના.)=એક જાતનો પીળા રંગનો બંધાએલો રસ. કાળ(ના)=મોત, નાશ. | ખાલ (ના.)=ચામડી.
ગાણું (ના.)=[વિવાહ વગેરે આનંદના પ્રસંગમાં ગવાય છે તે.] ગીત.
કૂડું (વિ.)=જૂઠું, ખોટું, ભૂંડું. [કવિતામાં, હ્રસ્વ માત્રા મળવા સારૂ વાપર્યું છે] | અગ્નિ(ના.)=દેવતા, વસ્તેન. | કેરી=ની, (છ. વિ. પ્ર.) કે=ની. પ્ર. વિ. વિશેષ્ય પ્રણી.
લખમી=ધન, દોલત, પૈસો, નાણું, દ્રવ્ય [સં. લક્ષ્મી.]
તાલ (ના.)=રમુજ [કોઇપણ કામમાં મજા આવે એવી જે યુક્તિ હોય તે] | સાહે=ઝાલે, પકડે.
છછુંદર=અંધીછુંછ, ચેણ.
મુખ=મોં, મોઢું. | તજતાં=(કૃ.અ.) છોડી દેતાં. | છીંડું (ના.)=વાડમાંથી જવા આવવાનું રાખેલ બાકું.
ફાંસ=લાકડું, કાચ, વાંસ, વગેરેની ઝીણી કરચ ચામડીમાં પેસી જાય તે. [ઘીની ફાંસ પણ નખમાં લાગે છે.] | સાલ(ના.)=એકાદ વેહમાં અથવા ખૂણામાં સજ્જડ બેસતો આવે એવો લાકડાનો જે છોલી તૈયાર કરેલો ભાગ–છેડો તે. [નાનાઇ બતાવવા **ફાંસ**, તેથી ઉલટું મોટાઇ બતાવવામાં **સાલ** શબ્દ લીધો છે.] | થોભ=(બી. પ્ર. ના.) અટકાવ. | ૧ મારતાં કાચો રહેલો પારો કે કાચી હડતાળ ખાધાથી જેમ શરીરમાં ફૂટી નીકળે છે, અને માંદાઇ વગેરે નુકસાન થાય છે તે-

---

[1] પારો હરતાળ, ફાંસ, ને સાલ નજરે બતાવવાં.

૧ ચોરીનો માલ રાખવાથી આ- ખરૂ ધન ઈ. નું નુકસાન થાયછે.
૨ માથા ઉપર મોતની બીક હમેશા સર્વેને છે તેમજ ચોરીનો માલજ- વાની કે ચોરી પકડવાની બીકપણ સમજવી. ૩ દેવતાની ઝાળમાં જે પડે તે બળીજાયછે, તેમજ ચોરી- નોમાલ લેનારને નુકસાન થાયછે.
૪ કોઇ માણસ જીવતી માખ ગળી જાય તો જેમ ઉલટી થઇ માખની સાથે બીજું આગળનું ખાધેલું અનાજ વગેરે પણ નીકળી જાયછે તે મુજબ ચોરીની દોલત રાખના- રનો તે દોલત આપ્યા ઉપરાંત દંડ, કેદ વગેરે શિક્ષા થાયછે એટલે મૂ- ળની છતમાં પણ એમ્હું થાયછે.
૫ શાક મોળી રાખ્યું હોયતેમાં આ- ખું કોળું કોઇ રાખી દેજ નહિ, ને તેનું શાક થઇ જાય એમતો બને- જ નહિ, તેમજ વાસીદામાં ઝીણી વસ્તુ જાય પણ સાંબેલું તો કાંઇ ન ખાયજ નહિ, પણ ખબર પડી- જાય; અને કદાચ એ ભૂલ થાયતો જોવા જેવો તાલ (તમાશો) થાય, તેવોચોરીનોમાલ છે.એટલે ચોરી નામાલનીપણખબરપડીજજાય છે.
૬ સર્પ છછુંદરને મોઢેથી પકડે પછી જો તેને ગળી જાય તો મરી જાય અને છેડી દેતો આંધળો થાય;એમ ચોરીનો માલ પણ લીધો હોય અ- ને એ તે પોતે રાખે તોપણ હરકત થાય અને બીજાને આપે તો પણ હરકત થાયે (મતલબ કે ચોરીના માલને અડકવુંજ નહિ.)
(જ્યારે કોઇ માણસને કંઇ કામ ક- રતાં બે રસ્તે પીડા હોય ત્યારે "સર્પ છછુંદર થઇ" એમ કહેવાયછે.) [લોક કહેછે કે સાપના મોમાંથી છૂટેલું છછુંદર તુરત તેની આંખો ફોડી નાંખેછે.]
૭ બકાલી જનાવર કાઢવાને એક છીંડા જેટલી વાડમાં છૂટ (ગલી) રાખે તો બકરૂં કાઢવાને ઠેકાણે ઊંટ પેસે તેવો ચોરીનો માલ છે. એટ લે ચોરી કરનાર માણસ પોતાની- ભૂખ અથવા જરૂરીઆત ગટાડ- વાને જૂજ રકમ ચોરવાની છૂટ રાખે તો તેમાંથી તેની આદત વ- ધી મોટી ચોરીઓ કરવાની ઇચ્છા થાય—અથવા ચોરી કરી થોડું દુઃ- ખ દૂર કરવા જાય પણ તેમાં પ- કડાઇને વધારે દુઃખ ભોગવવું પડે.
૮ ચોરીની વાત છે તે રાતે કે દહા- ડે છાની રહે નહિ, તે વા વડે ઊડી જાયછે. એટલે ફેલાઇ જાયછે જેમ બિલાડી એક મોભથી બીજે મો- બે કૂદી જાયછે તે અટકવાતી ન- થી તેમ તેનો પણ અટકાવ કરતાં થતો નથી.
આ પાઠમાં ચોદ રીતો જણાવી ચો-

રીથી દુઃખ થવાનું વર્ણવ્યું છે.

પાઠ ૧૨૨. સપૂત કપૂત વિષે.

આપરળેલું=પોતાનું કમાએલું, ખાટેલું, પેદા કરેલું. (બાપદાદાની વારસામા મળેલી મિલ્કત નહિતે (રળેલું—કૃ. વિશે.) | દાઝે=બળે, દુઃખલાગે

૧ સવાઇ =(બી. પ્ર. ના.)સવાગણું આબરૂ પૈસા વગેરેમાં ચઢીઆતાપણું. કરે ક્રિયાપદનું કર્મ છે. (એક કરતાં બીજો વધારો કરે તો **સવાઇ** ને ઓછું કરે તો **પોણી**.)

કલંક =(બી. પ્ર. ના.) છિદ્ર, એબ.

વાપરીને=(કૃ. અ.)કામમાં આણીને.

અંગ નિત્યે નહેવાઈ = અંગને રોજ નહેવડાવીને – કામમાં આણીને.

પૂઠ (અ.)=પાછળથી, ગેરહાજરીમાં, પછવાડે. | જૂઠ (ના.)=જૂઠાણું.

દાતા=દાતાર, સખી, ઉદાર મનનો, દાનેશરી. | નૂર=મૂળ અર્થ તેજ. પણઆંહિંતેજવાળો માટે વિશેપણ.

મનલજ્જ્યો લાજે=શરમમાં નાંખીએતો મનમાં શરમાઇ જાય એવો.

કવિજન (ના.)=કવિતા કરનાર માણસ, કવિ લોક. | સકળ (વિ.)=બધા, સઘળા, દરેક, સર્વ, તમામ, સહુ, સૌ. | સપૂત=સારો છોકરો. (ઉલટું કપૂત) | બાપીકો (પે. પ્ર. ના.)=બાપનો. (કચ્છમાં બાપુકો.)

બોળે=બૂડાડે, પાળે નહિ તે.

છિદ્ર (ના.)=છાની રહેલ એબ, કલંક.

ખોલે (ક્રિ.)=ઉઘાડું–પાધરૂં કરે. ઉઘાડે. મરજાદા (ના.)=અદબ, સભ્યતા, વિવેક.

આપરળેલુંઇ=જે પોતાનું કમાએલું ખાય અને બાપથી સવાઈ આબરૂ કરે અને હમેશાં પોતાનું શરીર કામમાં આણીનેમહેનત કરીનેપોતાના કુળની એબ હોય તે ઢાંકે, દુનિયા જેને પરપૂઠે વખાણે અને જૂઠું દેખીને જેનું મન બળે એટલે નારાજ થાય, વળી જે સારો માણસ દાતાર, શૂરો, તેજવાળો, અને જેને શરમમાં નાંખીએ તો મનમાં શરમાય એવો હોય. [છોકરાને સપૂત થવા તથા આવી વર્તણુક રાખવા બોધ કરવો.]

કુળનું કહે ઇ૦=પોતાના કુળની જે એબ હોય તે કહેતો ફરે, (ઉઘાડી કરે), પોતાના બાપનું જે વચન હોય તે બોળે (બરાબર પાળે નહિ), સારા માણસને દુઃખ દે, અને પોતાની એબ ખુલ્લી કરે, વળી જે કોઇને વશ રહીને–પરાધીનપણે અન્ન ખાય–પેટ ભરે, અને તેમાં લાજ, અદબ કાંઇપણ રાખે નહિ.

થઇ–(કૃ૦–અ.)=થઇને.

નર (અ.)=નહિ.

પાઠ ૧૪૫ મો. સંપવિષે.

સૃષ્ટિ (ના.)=દુનિયા, જગત, વિશ્વ. [એકલી પૃથ્વી તે સૃષ્ટિ નથી.]

મોઝાર (શ. અ.)=અંદર, માંહે,માં.
પહેરણુ (કૃ. ના.)=પહેરવાનું.
અતુળ વિ.)=વર્ણુંન [જેની તુલ-
ના (તોલ)ન થઇ શકે તેટલું, સં.
અતુલ્ય] | સંપતણી=સંપની(છ-
ઠ્ઠી વિ.) | મતિ (ના.)=બુદ્ધિ, સ-
મજ, અક્કલ. | સાર (વિ.)=સા-
રીનું ટુંકું રૂપ [કવિતામાં.]
સુસંપ[સુ+સંપ]=સારો સંપ.[સુ-
આ. ના. દા.–સુબુદ્ધિ સુજશ, સુ-
માર્ગ, સુગંધ.]
અબળ=બળ વગરનું, નબળું.
સબળ=[સ+બળ] બળ સાથેના,બ
ળવાળા, જબરા, બળવાન, જોરા-
વર, સમર્થ. | સંપતિ=અતિ વૈ-
ભવ–દોલત–ધન–દ્રવ્ય.
સાંપડે (ક્રિ.)=મળે, જડે,પ્રાપ્તથાય.
તાંતણો (ના.)=ત્રાગડો, દોરો.
જૂથ (ના.)=જથ્થો, ટોળું, સમુદાય.
ઝુંડ (ના.)=ઝાડનો જથ્થો, ટોળું.
એકલ (વિ.)=એકલું, જથા વગરનું.
છેદે=કાપે, કટકા કરે. | ભેદે=આર-
પાર કાણું પાડે. | નિજ(સ.) પો-
તાની. | તસ્કર (ના.)=ચોર,ચોટ્ટો.
ત્રાસ (ના.)=ભય, બીક, ધાક, ડર.
ધકાવે (ક્રિ.)=ધકેલે, ઘસડી જાય,
તાણી જાય, હડસેલે.[ધકાવ ધાતુ.
અનિ૰ વર્ત્ત૰ કા.]
મુ૰વે૯૦—વર્ષાદનો ઉઠાવ ઉપજે છે
તે મૂળને ધોઇ અને હડસેલી નાં-
ખે છે. પણ પાળ થતાં તેનો સંપ
થાયછે તો તેજ પાણીને પોતાને
કબજે લે છે એટલે તેનો એક સં-
પ થતાં તેનું તળાવ બને છે
પ્રૌઢી (વિ)=ઊંચી, જબરી, ભારે,
મોટી. | ભાગેભગતાં=તમારાભા-
ગમાં આવે તે પ્રમાણે, વહેંચાતાં.
સાર:—૧ દુનિયાની શરૂઆતમાં
લોકોની સ્થિતિ કેવી હતી તે પહે-
લા બે દોહરામાં બતાવ્યું છે. ૨ સં-
પના ફાયદા પછી સમજાવ્યા છે.
૩ દરેક વસ્તુ એકલી કેવી નિર્બળ
હોય ને જો તે સંપ કરે તો કેવાં
ભારે કામ કરે છે, તેના પાંચ દા-
ખલાં આપ્યા છે. [સંપ વિષે દ
ષ્ટાંતિક ઉપદેશનો આ પાઠ છે.]

પાઠ ૧૪૮. બોલ્યું પાળવું.

બોલ્યું પાળવું=જેમ બોલે તેમ કરવું.
ટેક (ના.)=માર, બોજ, આબરૂમાં
રહેવું તે,બોલેલું પાળવુંતે,પણ,વટ.
એકે=એક પણ. | વેણજવું=મોઢા-
માંથી કહ્યું હોય કે "હું આમ ક-
રીશ" તેમ ન થવું તે.
ધીર (ના.)=ધીરજ, સબુરી.
શૂરવીર (ના.)=શૌર્યવાળા, બહાદુર
માણસ. | સત્યવાદી=સાચું બો-
લનાર, સાચો. | અનાદિ (વિ.)=
જેનીશરૂઆત નહિ તે, અસલ-
નું, પ્રાચીન. (અન+આદિ) ["દિ"
માત્રા મેળવવા દીર્ઘ કવિતામાં ક-

ચું છે.] | લાભકારી (વિ.)=ફાયદો કરે તેવું, ગુણકારી, નફાકારક.

કાટે (ક્રિ)=ક્ટરે ડે. [હિંદુસ્તાની શબ્દ કાટ ધાતુ અનિ. વ. કા.]

લબાડી (વિ.)=જૂઠું બોલવાની ટેવવાળો, તડાકી, ગપી

વારી (ના)=વખત, સમય.

વેણ (ના.)–કહેણ મોટું=ન થઈ શકે એવું વચન. | (શક્તિ) કાચી=થોડી જે પોતામાં મોટું કામ કરવાની શક્તિ ન હોયતો.

ઊંચ (વિ.)=લોકોમાં મોટું મનાય એવું. ઉત્તમ, ઊંચું, ઉમદા.

પૂરે બોલ ઇ.= જે પોતાનો બોલપૂરે પાળે. (જેમ કહે તેમવર્ત્તે)તેનો વક્કર વધે=તેનું માન વધે. અને જેનો બોલ ખોટો પડે એટલે જે કહ્યા મુજબ નવર્ત્તી શકે તેનો તોલ ઘટે=તેનું વજન ઘટે. અને કોઈ પુરૂષ કે સ્ત્રી તેનો ભરોસો ન રાખે. શરીરનું બળ વધે ઘટે એમ સમજવું નહિ.

નહિવેણ ઇ૦=મારૂં નાણું એટલે પૈસો ભલે જાય, પણ મારૂં વચન જાશે નહિ. હું તે પૈસા જવાનો કોઈપણ શોક આણું નહિ. એવી ટેક તમેમનમાં ધીરજધરીનેધરો.

વચનસારૂ દુઃખભોગવેલાના ૫ દાખલા:–૧ રામચંદ્રજી પોતાનાપિતાનું વચન પાળવા સારૂ રાજ્ય છોડી વનવાસ ગયા. ૨ દશરથે પોતાનું આપેલું વચન ખરૂં કરવાપોતાના જીવથી પ્યારા પુત્ર રામને વનવાસ મૂક્યા. તેથીતેનું મરણનીપજ્યું તે કબૂલ્યું. ૩ હરિશ્ચંદ્રે વિશ્વામિત્રને આપેલું વચન ખરૂં કરવા રાજ છોડી પોતાનાં સ્ત્રી છોકરાંને વેચી ચંડાળનેઘેર પંડે વેચાઇ અત્યંત દુઃખ ભોગવ્યું. ૪ નળરાજાએ પુષ્કરને રાજપાટ આપી દીધું. ૫ યુધિષ્ઠિર વગેરે પાંડવોએ કૌરવોને રાજ આપ્યું.

મુઆવેણમાં–વચન આપેલું હોય તે પાળવામાં મરણ પામ્યાએવી રીત અસલથી છે. એટલે આ કંઈ આપણને નવું શીખવાયછે એમ નથી. જૂના વખતની આપણી એજ રીતિ છે તો તે ન પાળવાથી તો ખોટુંજ ગણાય.

ખૂએવેણ=પોતાનું કહેલું ન કરે.

ભસે ઇ.–કરડનારોકૂતરો ઘણું કરીચુપચુપ કરડે છે. જે કૂતરો ભસે તે પગે કરડે નહિ.એટલાજ માટે લબાડી(બહુ બોલનાર)ને એ ઉપમા અપાય છે. તે માણસ બકે એજ તેનો લાજ જવાનો વખત છે. (બકેલું પળે નહિ એટલે પછી લાજ જાય.) | સરે સુ. ઇ.–શરીરે સુખ થાય કે દુઃખ થાવ તોપણ જે પ્રમાણે બોલો તેજરંગમાં (ટેકમાં)

રાત દહાડો રહો. (મતલબકે એ-
લખું પાળો.)

પાઠ ૧૫૯ મો. કષ્ટ નષ્ટાષ્ટક.

કષ્ટનષ્ટાષ્ટક= (કષ્ટ + નષ્ટ + અષ્ટક)
=દુઃખ નાશ કરે એવા આઠ છંદ.
(છું)તો–ક્રિ. વિ. અ. [ભાર બતાવ
છે માટે એની પહેલાં જ્યાં જે
મૂકી શકાતો હોય ત્યાં ઉભયાન્વયી
અવ્યય.] | પૂર્ણ(વિ.)=પૂરેપૂરો.
પ્રભુ = ઇશ્વર, પરમેશ્વર, ધણી.
અત્યંત (વિ.)=ઘણોજ.
છેક=(ક્રિ. વિ. અ.) તદ્દન.
તથાપિ=(ઉ. અવ્યય) તોપણ.
આપછાપો=મને તમારો કરો, કોઇ
માણસ કોઇને બહુ લગતા હોય તો
તે તેનો છે એટલે તેને તેની છાપ
છે, એમ કહેવાય. | શી=પ.પ્ર વિ.
વૃથા=(બી. વિ.) ફોકટ, મિથ્યા, એ-
ળે, ખાલી, અમસ્તું, અમથું, ફા-
લતું. | શ્રેષ્ઠ (વિ.)=ઉત્તમ, મોટા.
સિંધુ=દરિયો, સાગર. | સદ્ય (વ.
ક્રિ. અ.) તુરત, હમણા, જલદી.
પ્રલે=(બી. પ્ર. ના) નાશ. ક્ષ્ના [સં-
પ્રલય य નો અપભ્રંશમાં ए થઇ
જાયછે. ક્ષયનો ખે. ભયનો ભે.]
સર્વથા=(રી. ક્રિ. અ.) બધી રીતે,
સર્વપ્રકારે. [થા.પ્ર.નાદા.–તથા,યથા.]
સર્વદા=(વ. ક્રિ. અ.) હમેશાં,દરરોજ.
[દા. પ્ર. ના દાખલા–એકદા, સદા,
કદા.] | શુદ્ધ=(બી. પ્ર.ના) ખબર,
ભાળ, સંભાળ. | કૃપાળુપણું =
દયાળુપણું. | સહાય(ના.)=મદદ.
વિલાપ(ના.)=વધારે શોક કરીને–
બોલીને રડવું તે, દુઃખનો પોકાર.
દીન(વિ.)=ગરીબ, દયામણી, રાંક.
[દિનકહેવ=દિવસ.]
માપો=તોલો, તોલકરો, બરાબરકરો.
વેગ(ના.)=ઝડપ.
વારે=(બી. પ્ર. ના.) મદદે, સહાયે,
ઉપરાણે, રક્ષણ કરવા, કુમકે.
દૃષ્ટિ=નજર, કૃપાની નજર.
કશા(વિ.)=કાંઇપણ.
કળાપા=(પે. પ્ર. ના.)અફસોસ, બ-
ળાપા, લોહીઉકાળો, કંકાસ.
થીર=હાલે ચાલે–ડગે નહિ તે, અ-
ચળ. (એથી ઉલટું અસ્થિર)પર-
મેશ્વર પાસે રહેવું તે થીર ઠામ. અ-
ને આદુનિયામાં રહેવું તે અસ્થિર.
વડોવેગ ઇ૦—મોટી ઝડપ લાવીને
તમે મારી મદદે આવો, આપની
જ્યારે કૃપાદૃષ્ટિ—રહેમની નજર
થશે, ત્યારે મારો શોક–દિલગીરી
નાશી જશે; અને કોઇ પણ પ્રકા-
રના કલેશથી મને બળાપા કેમ
રહેશે ? | પ્રાણથી પૂર્ણપ્યારો—
કહેવાનું કારણકે માણસ જગતની
બધી વસ્તુથી પોતાના પ્રાણને વ-
હાલો ગણેછે તે પ્રાણની પણ ઈ-
શ્વર મેળવવા દરકાર કરતો નથી
માટે એમ કહ્યું. | આ કવિતામાં

બધા ૯ ભુજંગી છંદ છે. તેમાં પહેલા ૮ કહી રહ્યા પછી કવિ કહે છે કે જે કોઇ પ્રાણી આ દુઃખનો નાશ કરે એવા આઠ છંદવડે પ્રભુનીસ્તુતિ જે પૂરૂં હેત રાખી કરે, તો તેની બધી મતલબ સરે, અને તે સ્થિર ઠેકાણે બેસે; એવા રૂડા છંદ દલપતરામ (કવિએ) બનાવ્યા છે.

પાઠ ૧૭૪. નામ વિષે.

વિરલો (વિ.)=કોઇકજ, જવલ્લે.
વનિતા (ના.)=સ્ત્રી, બાયડી.
બંધછોડ=બંધનમાંથી છોડાવનાર, કષ્ટથી બચાવનાર. | ભોગી(ના.)=ભાગી. | જોગી=ત્યાગી. (જે સ્ત્રી ના પરણે એવો) ભમણી તો ચરબાઝી જોગીનાં જુદાબેદ પણ થયા છે.
સુરઈ=સુરજ ઉપરથી પડેલું નામ.
જશું=જેવું. (વિશેષણ કરતું અવ્યય નહિ.) નેર (ના.)=રીત.
કડવી=ખારી, જે સાંભળતાં દુઃખ-ગુસ્સો ઉપજે એવી. [રત્ન.
ઝવેર=હીરા, પોખરાજ, માણેક વગેરે
દામ=પૈસો. | મંગળ (ના) કલ્યાણ, સારૂં | સુખમલ (વિ.)=સુખવાળો, સુખનોજ મલ
દાવાનળ=[દવ+અનળ]વગડાનો અગ્નિ સળગવાથી ઘણું દુઃખ થાય તે. | પૂઠપલાણ=(દુઃખ)તેની પીઠપર પલાણ કરી બેઠું હોય. મતલબ કે દુઃખ હાજરનું હાજર. ધણો દુઃખી. દેવકૃષ્ણ અને રામે ઇ૦ દેવકૃષ્ણ અને રામ જેવા પતાપી પુરૂષ જગતને જાણીતા છે તેવાં નામવાળો માણસ ન જાણે. શુંએ કામ કરતો હોય તે કોઈ જાણે નહિ. | પતોગા (વિ.)=પરિવારવાળો. | સુતાર=સુથાર.
સુતરને સંચે-સુતરથી કામ ચલાવે.
ધનપાળ (વિ.)=ધનને સાચવનાર પૈસાવાળો. | ધરણીધર (વિ.)=પૃથ્વીને ધરનાર. | ગિરધર=પર્વત ઉપાડનાર. [કહે છે કે કૃષ્ણે ગોવર્દ્ધન-પર્વત ઉપાડ્યો તે ઉપરથી એ નામ પડ્યું] [ના અર્થનું નામ.
દેવોભાઇ=દેવ અથવા પરમેશ્વર એ-
શીખ (ના.)=શીખામણ.
પ્રતાપ=કીર્ત્તિ-મોટાઇવાળો.
પીછે=જાણે. | મેડક (ના.)=દેડકો. [નાગ દેડકાને ખાઇ જાય છે]
નીર (ના.)=પાણી. | નામનું નીર=નામ પ્રમાણે કામ કરી બતાવવું તે.
(૧) નામની મોટાઇ ને કામ રાખે એવો પુરૂષ તો કોઈ વિરલોજ હોય. નામ તો પ્રીતિ (હરિ=ભગવાન જે મરેજ નહિ તે) પાડે પણ તે બાળપણમાં મરી જાય. (અર્થાત્ નામનો મહિમા તેણે ન રાખ્યો.

સાર.—આ કવિતામાં ૩૨ નામના દાખલા આપ્યા છે. તેવાં બીજાં ઉદાહરણ ગામમાં જાણીતાં મળી-

આને તે પરથી છોકરાઓને સમ-જણ પાડવી કે નામ તેવા ગુણ તો ક્વચિત્‌માંજ હોય. પોતાનું નામ સારૂં હોય અને વળી તેવાજ ગુણ-વાળો નીવડે તો તે વધારે સ્તુતિ-પાત્ર ઠરેછે. તેવાં ઉત્તમ નામ પ્ર-માણે ગુણ તો ઇશ્વરકૃપાથી થાય છે.નામકંઇગુણપ્રમાણેપાડતાનથી.

પાઠ ૧૭૭ આબુનું વર્ણન.

આબુ (ના.)=પર્વતનું નામ.
વીજ=વીજળી [સં. વિદ્યુત.]
ગિરિરાજ (ના.) = પર્વતનો રાજા. (ગિરિરાજ કહેવાનું કારણ-ગૂજ-રાતમાં તેનાથી મોટો કોઇ પર્વત નથી.) | તિથિ=એકદિવસ,ચોવીસ કલાક. [ચંદ્રની કળા એક પૂરી થઇ બીજી થવા માંડે ત્યાંસુધીનો વખત. એક મહિનામાં તિથિ ૩૦ હોયછે.સંસ્કૃતમાંઆશબ્દતિથિઅનેતિથી એમ બન્ને રીતે લખાય.]
પૂનેમ=પૂર્ણિમા,મહિનો પૂરોથવાની તિથિ. [સાંજ ટાણે ચંદ્રઊગતા વ-ખતે અને સૂરજ આથમવાવખતે આકાશમાં જે દહાડે તે બન્ને સા-મસામા દેખાયછે તે. છોકરાંને તેનું અવલોકન કરાવવું.] | સોમ=ચંદ્ર.
દેવ હાથી=દેવનો હાથી, [ઈંદ્ર રા-જાનો ઐરાવત હાથી સાત સૂંઢ વાળો ધોળો કલ્પ્યો છે. [છે.
ઝુકી (ક્રિ.)=નમી આવી, આવી રહી
સ્વાદુ(વિ.)=સ્વાદ વાળો, લહેજતવા-ળો, સ્વાદિષ્ટ. | મિષ્ટ (વિ.)=મીઠા.
ઝરે=ટપકે, સ્રવે. | નિર્મળાં (વિ.)= ચોખ્ખાં, સાફ, સ્વચ્છ.
નિત (અ.)=હમેશાં. | ઝરણાં=ડુંગ-રમાંથી પાણી ઝરેછે તે, ઝરણું.
શીળાં (વિ.)=ઠંડાં, ટાઢાં.
સુગંધી (વિ.) = સારી ગંધવાળો, એથી ઉલટું દુર્ગંધી. [સુગંધના અર્થમાં કેટલાક ગધ બોલે છે તે ખોટું છે.] | વાવ=સેલાર વાવ. જે માં ઊતરવાનેપગથીઆંબાંધ્યાંહો-ય તે. (પગથીઆં વગરનો તે કૂવો.)
ઓપે=શોભે. | દેવળ=દેરૂં, મંદિર.
વાસ (ના.) વસે=રહે.
રોજગારી (ના.) = રોજગાર કરના-રા, ધંધો કરનાર.
પ્રસેવા (ના.) = પરસેવો, પસીનો. [કવિતામાં ગાવા માટે "પ"માં "ર" ભેળવી દીધો છે.]
ન્યારાં (વિ.)=દૂર, છેટે, વેગળે,આઘેના.
જતાંવેંત = જ્યારે ત્યારેજ, જતાં-વારંતજ. [ચલિત વ કૃ.
ટેવા = ધારે, ટેવ પાડે. | જૈન - શ્રાવક, બૌદ્ધને મળતો ધર્મ. જિન એટલે પારસનાથ વગેરે ૨૪ તિર્થંકરોને માનનારા તે જૈન; ઘણા વાણીઆ તે ધર્મમાં છે.
સ્થાન=ઠેકાણું, જગ્યા.
ખ્યાત (વિ.)=જણાયેલો, પ્રખ્યા-

ત, જેની નામના ધણી છે એવો.

અર્બુદા દેવી=એક દેવીનું નામ.[અંબા, કાળી, ભદ્રકાલી, વગેરે માતાનાં નામ છે.]

(૧) દૂરથી દેખતાં જાણે આકાશમાં વરસાદ ચડી આવ્યો હોય તેવો આબુ પર્વત મારા દિલમાં સારો ગમ્યો. તે ઉપરના કુંડ (આબુ પર્વત ઉપર બાવાઓ હોય છે. તે દેવતાના કુંડા કરે છે તે) નો દેવતા વીજળી જેવા દેખાય છે. એવો પર્વતનો રાજા આબુ મેં દીઠો. આ છંદમાં આબુને મેઘની ઉપમા દીધી, કારણ આબુ પર્વત કાળો છે ને મેઘ પણ કાળો હોય. વળી મેઘમાં જેમ વીજળીના ચમકારા થાયછે તેમ આબુ ઉપર જોગીઓનાં કુંડા છે તેના દેવતાના ઝળકારાને વીજળીની ઉપમા આપી છે;

બીજા છંદમાં આબુને દેવતાના હાથી એટલે ઇંદ્રના હાથી ઐરાવતની ઉપમા આપી:કારણકે હાથી સામાન્ય રીતે કાળોને આબુ પણ કાળો; હાથીની બન્ને બાજુએ જેમ બે ઘંટ લટકેછે તેમ પૂનમને દિવસે સાંજે ચંદ્રને સૂર્ય આબુની બે તરફ લટકી રહ્યા હોય એવું દેખાયછે. એ પર્વત ઉત્તર દક્ષિણ લાંબો હોવાથી પૂર્વ પશ્ચિમમાં બે તરફ સૂરજ ચાંદ્ર દેખાય છે, તેને કવિએ ઘંટ કલ્પ્યા છે. (૨) પુનેમની તિથિએ સાંઝને વખતે સૂરજને ચંદ્ર જાણે શોભિતા ઘંટ બન્યા હોય એવો દેવના હાથી ઐરાવત કહેકે કેવો દીપે છો તેવો આજ પર્વતનો રાજા આબુપર્વત દીઠો. પેલા બે છંદમાં આબુપર્વતને જોઈ કવિએ કલ્પના ચલાવી છે. હવે બીજા છંદોમાં આબુનું વર્ણન શરૂ થાયછે.(૩)ત્યાં તેર ગાઉ જેટલે એક તળાવછે તેમાં અગ્યાર ગામના લોક પાણી પીવા (ભરવા) સારૂ આવેછે. જ્યાં જેઠ માસ (ખરા ઊનાળામાં પણ) જરાએ પરસેવો જણાતો નથીએવો તળેટીથી તેર ગાઉ ઊંચા ચાલ્યા પછી **નખીતળાવ** આવેછે, તે મોટું છે. અને ઋષિઓએ નખથી ખોદેલું કહેવાયછે (તે ઉપરથી એ નામ) તેના કિનારા પર તથા કિનારા નજીકના ગળી નાનાં નાનાં અગીઆર ગામ હોવાનું કહેછે. તેર ગાઉ વિસ્તારનું તળાવ નથી. આષાડ મહિનામાં આથે રહેલાં વાદળાં પાસે આવેછે તે જતાં વેત જોવાની સારી જુક્તિ દેખાડેછે. એટલે જોતાં રમુજ પડેછે. તે જોઇને તમે એવું ધારો કે તે જોગીઓના ધુણીનો ધુમાડો હશે. આબુપર ટાઢ બહુ પડે છે ત્યાં ઊનાળામાં પણ ઠંડી ઘણી હોય છે.

માટે અંગ્રેજો વગેરે હવા માટે ત્યાં **જાયછે.** **આબુ** પર્વતઉપરજેદેરાંછે તેમાં **વસ્તુપાળતેજપાળ** નામના વાઘેલા **વીરધવળ**ના પ્રધાનનાં દેરાં સૌથી સારાં છે, તે આરસપહાણનાં છે, અને હાલ પણ જાણે ગઇ સાલે નવાં કરાવ્યાં હોય તેવાં દેખાયછે. **આબુ** પર્વત ઉપર ઘણાં ગામ છે, તેમાં **આબુગામ** સૌથી મોટું છે; ત્યાં **એજંટ** રહેછે. તે નખીતળાવ પણ ત્યાંથી શરૂ થાયછે. **દેલવાડા**માં જૈનનાં દેરાં ઘણાં સરસછે **અચિળગઢ** નીચે **અચલેશ્વર** મહાદેવ કે જેનો બહુ મોટા સોનાનો પોઠીઓ છે તથા ઉપર **જૈનમાંદરો** અને **શ્રાવણ ભાદ્રવા** નામે તળાવ છે તે શિખર તથા બીજું **ગુરૂ શિખર** બહુ ઊંચાં છે.



ડિકટેશન તેજ અનુલેખન કે શ્રુતલેખન.

શિક્ષકે ધ્યાનમાં લેવાની સામાન્ય વાતો:—૧. ઘણીવાર **ડિકટેશન** લખાતી ગયાથી એ વિષય શીખવ્યો ન ગણવો. ૨. કદી પણ વર્ગના કોઇપણ છોકરાને **ડિકટેશન** લખાવવા આપવું નહિ. ૩. પરીક્ષા રૂપે ડિકટેશન લખાવવું એટલુંજ બસ ન ગણતા; પણ છોકરાને **દરેક શબ્દની જોડણી** આવડે એમ કરવું. ૪. ઇંગ્રેજી જોડણી જેવી શીખવી અઘરી છે, તેવીજ ગૂજરાતી જોડણી સહેલી છે. માટે તેમાં છોકરા ભૂલે તો **મુખ્ય વાંક તમારો પોતાનો છે.** એકની એક ભૂલ ઘણા જણા કરે ત્યારે **શિક્ષણનોજ કંઇ દોષ હશે,** તે શોધી કાઢી સુધારવો. ૫. છોકરાના કાન અને જ્ઞાન એવાં કેળવવા કે શબ્દ સાંભળતાંજ તે ઝટ **શુદ્ધ રીતે લખી શકે.** ૬. ડિકટેશન લખતાંજ શુદ્ધ લખવું એટલું બસ નથી. કોપી, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વ્યાકરણ, વગેરે **સર્વ પાઠ, કાગળપત્ર ને વ્યવહારમાં પણ** છોકરાં **શુદ્ધજ** લખે, એવી તેમને ટોકીટોકીને ટેવ પાડવી. ૭ માત્ર વાંચન પાઠોના શબ્દોનું જ નહિ પણ ધોરણમાં ચાલતા **સર્વ વિષયોના કઠિણ શબ્દોનું ચોકસ વારણ** ચિત્તાકર્ષક રંગિત શાહીવડે મોટે અક્ષરે લખી સ્કૂલમાં નકસા રૂપે દૂરથી નિત્ય નજરે પડે તેમ ટાંગવું. વળી તે બાળકની નોટોમાં પણ ઉતરાવવું—કે તેને ઘેર જોવું સુગમ પડે. ૮. ડિકટેશન લખાવીને તેમ શબ્દોની જોડણી મ્હોડે પૂછીને શીખવવી. ૯. છોકરાં વગર લીટીએ વાંચી શકાય તેવું સ્પષ્ટ લખી શકે, એ ડિકટેશન પાઠનો મુખ્ય હેતુ છે. તેથી **ત્રીજા ધોરણમાં** લીટી આંકવાની છૂટ છે. પણ **ચોથા ધોરણ**-

માં તો **વગર આંકેજ** લખાવવું. લીટી આંકવા દેવાની છૂટ તેનું લખાણ વાંચવું સુગમ થવા માટેજ છે. એ વાત વીસારવી નહિ.

૫ ડિકટેશન લખાવવા વિષે—૧ જેટલો ભાગ લખાવવાનો હોય તે બાળકો બહુ સંભાળથી પ્રથમ જોઇ રાખે તેમ કરવું. ૨ શિક્ષકે **શુદ્ધ**[1] **ઉચ્ચારે, એકજવાર સ્પષ્ટ અને વાજબી**[2] **ઉતાવળે** બોલીને છોકરાં યાદ રાખી શકે તેટલું લખાવવું.

ડિકટેશનની તપાસણી—૧. સગવડ હોય તો શિક્ષકે જાતે ઘણી સંભાળથી તપાસવું કે તેમાં ભૂલો રહી જવા ન પામે; નહીતર વિદ્યાર્થીના મનમાં શિક્ષકની આવડતનો અગર બેદ્રિકરાઇનો ખોટો ખ્યાલ ઠસશે. ૨. બધી સ્લેટો જાતે તપાશી શકવા સગવડ ન હોય તો છોકરાઓમાં સ્લેટ અરસપરસ ન બદલાવતાં વર્ગને વર્તુળાકાર ગણી ઉપલાને નીચલા ને અગર બબ્બે કે ચચ્ચાર જણ મૂકીને બદલાવવી. અને છોકરાએ તપાશેલી અમુક સ્લેટો નીમતાણા તરીકે શિક્ષકે પંડે જોવી.

છોકરાંએ ડિકટેશન લખતાં કરેલી ભૂલોનો સુધારો:—ડિકટેશનમાં ભૂલનારો નંબર ઊતર્યો એટલે એ પાઠ પૂરો થયો ને બીજો વિષય શરૂ થાય એવું કદી કોઇયે પણ કરવું નહિ. થયેલ ભૂલો

---

૧. કેળવાયલો માણસ જે પ્રમાણે બોલતો હોય તે પ્રમાણે સ્વાભાવિક બોલવું. હસવું આવે તેમ સ્વરોને લાંબા ટૂંકા કદી કરવા નહિ.

૨. પોતે લખી રહીને છોકરો બીજી સ્લેટ જોવા માંડે તેટલો વખત રહેવા ન પામે તેમ છેલ્લા છોકરાને લખવું રહી ન જાય પરંતુ મંદ હોય તે પણ ઝડપ શીખતો જાય તેટલી ઉતાવળે બોલવું, પણ કૂદી ન થવા પામે તે ખાસ સમાલવું.

કેમ પડી? અને તેની ભુલો ફરી કેમ ન થાય? તેના યોગ્ય ઉપાય કર્યા વગર આટલે સુધી કરેલું સર્વે નકામુંજ છે.

૧. ઓછામાં ઓછો પાઠનો અર્ધો વખત બાળકે કરેલી ભૂલો શોધી ને સુધારવા માટેજ રાખવો. ૨. અનુલેખન તપાશીને અગત્યના શબ્દો ચોખ્ખે અક્ષરે પાટીઆ ઉપર લખી બતાવવાથી શબ્દનું ખરૂં ચિત્ર વિદ્યાર્થીના મનપર ઠસશે. અને જોડણી શુદ્ધ લખતાં આવડશે. ૩. જોડણીની ભુલો મ્હોડે બોલીને નહિ પણ લખાવીને સુધારવી. કારણ, કાને સાંભળેલી કરતાં નજરે જોયેલી અને હાથે લખેલી વાત યાદ વધારે રહેશે! ૪. ભુલો પડી હોય તે શબ્દો સ્લેટ ઉપર કે નોટમાં પાંચ વાર ઘેરથી બીજે દહાડે છોકરા લખી લાવે તેમ કરવું ઠીક પડશે. ઘેરથી પાઠ લખાવી મંગાવવાથી પણ છોકરાને જોડણી યાદ રહેછે.

અનુલેખન (ડિકટેશન)[1] લખતાં વિદ્યાર્થીએ ધ્યાનમાં રાખવાની સાદી પણ વારંવાર ઘણાથી ભૂલી જવાતી વાતો.

૧. બોલનારના ઉચ્ચાર ઉપર પૂરતું લક્ષ રાખો.

૨. ફરી તેનો તે શબ્દ લખી ન જવો; તેમ લખતાં શબ્દ છોડી ન દેવો.

૩. લખતાં ગભરાટમાં ન પડો. સ્થિર ચિત્ત રાખી પોતાને આ-

---

૧. ડિકટેશન સિવાય પણ જ્યાં જ્યાં લખવું ત્યાં શુદ્ધજ લખવું અને ભણી રહ્યા પછી પણ શુદ્ધ લખવાનોજ રીવાજ રાખવો.

વડતું હોય તેમ લખો. બીજાનું જોઇ કે પૂછી, ખરૂં લખવા તજવીજ ન કરો. ખરેખરૂં તમેજ લખી શકો તેમ કરો. આગળ ભૂલ લાગવા તમે શીખો છો.

૪. ડિકટેશન ફરી બોલે ત્યારે ચોકશીથી તપાસી ભૂલ રહી ગઇ હોય તો સુધારો. બેદરકારીથી આડુંઅવળું ન જુવો.

૫. ગૂજરાતી ભાષામાં **શુદ્ધ સંસ્કૃત, અપભ્રંશ** (બગડેલા) **અને પરભાષા (ફારસી, અરબ્બીને** ઇંગ્રેજી વગેરે)ના શબ્દો હોય છે. તે અસલમાં હોય તેમ લખો. જેમ **સૂક્ષ્મદર્શક, દૂરબીન, કમિટી, દુનિઆ, એશિઆ, દરિયો, કદાચિત્‌. અર્થાત્‌**, જગત્‌ ઇ૦

૬. **ગૂજરાતી શબ્દો** લખવામાં નીચેના નિયમો ધ્યાનમાં રાખો.

અ ઇ. જેમાં આવે છે તેવા શબ્દો.

(**અ**) શબ્દના છેડાની "ઇ" હમેશાં **દીર્ઘ** છે. જેમકે, ધોબી, મોચી, જોઇ, થઇ, કોઇ, ઇ૦

વેપારી અને ઘણા સરકારી દરબારી નોકર જોડણી તરફ લક્ષ આપતા નથી એ ખેદની વાત છે.

૧. અસલની જોડણીથી ઉચ્ચાર જૂદો હોય તો ઉચ્ચાર પ્રમાણે લખો ઇંગ્રેજીમાં નીચેના અક્ષરો વપરાયા હોય તેને ગૂજરાતીમાં **નીચે પ્રમાણે લખાયછે.**

T નો ટ, જેમ માજિસ્ટ્રેટ, આસિસ્ટંટ.
D નો ડ. } જેમ **ન્યુઝીલાંડ.**
Z નો ઝ. }
ટૂંકા A નો આ. જેમ એશિઆ.
(......) નો ઉચ્ચાર કોઇ **એને** કોઇ **આઇ** લખે છે પણ **આઈ** લખવો.

☞ કેટલાક ભૂલથી આ નિયમ **સંસ્કૃત શબ્દને લગાડી દેછે** તેમ ન કરવું. જેમકે નીતિ લખતાં કોઇ તિ દીર્ઘ લખે છે તે ભૂલછે.

ब. એક અક્ષરના શબ્દમાં "ई" દીર્ઘજ લખવી. જેમ, ઘી, બી, શી, જી. ઇ૦

क. દીર્ઘ "ई"કારાંત શબ્દની જોડે "अ" લખિયે તો દીર્ઘ ई અને "य" લખિયે તો "હ્રસ્વ ઇ" લખવી. છોકરી એનું બહુ વચન છોકરીઓ અથવા છોકરિયો. દીકરી એનું બ૦ વ૦ દીકરીઓ અથવા દીકરિયો; રળીઆત કે રળિયાત એ શબ્દો બન્ને રીતે લખાય.

☞ કેટલાક આ નિયમ **શુદ્ધ ફારસી** કે **સંસ્કૃત** શબ્દને લગાડવાની ભૂલ કરેછે તેમ ન કરવું. જેમ, દરિયો, એશિઆ, ઇંડિયન કમિટી, એ શબ્દોને આ (क વાળો) નિયમ ન લાગે.

ड. વિશેષણના છેડાનો ઈ અને નામ કરનારો આઈ પ્રત્યય પણ **દીર્ઘ** છે. જેમ. નાની, મોટી, પાપી, કચ્છી, ગૂજરાતી, **સુ**રતી, દક્ષિણી, મરાઠી, બંગાળી, હિંદુસ્તાની; ઊંચાઇ, ઊંડાઇ, મોટાઇ. વગેરે.

इ. જોડાક્ષરની પહેલાં **ई હ્રસ્વ** હાયછે:–જેમ, જિલ્લો, કિલ્લો, ઇ.

એफ. इ સાથે બીજી इ મળે તો દીર્ઘ ई થાય. જેમ પરિ+ઇક્ષા=પરીક્ષા. અતિ+ઇત=અતીત. ઇ૦ (**આમાં હ્રસ્વ ઘણા ભૂલીને લખે** છે તેમ ન કરવું.)

जी—નિઃ+રોગી મળીને નીરોગી શબ્દ થાયછે તેમાં **ની** દી લખો. (આમાં નિ હ્રસ્વ ઘણા લખે છે તે ભૂલ કદી ન કરવી.)

નોંધ—નીચેના આદય સંસ્કૃતમાં હ્રસ્વ ઇ પ્રમાણે છે; તે તેમજ લખવા.

આદ્ય.	તે સાથેના શબ્દો.
अति-	અતિશય, અતિસાર, અતિતિક્ષ.
अधि-	અધિકાર, મહારાજાધિરાજ.
અભિ-	અભિપ્રાય, અભિરામ, અભિમાન.
ત્રિ—	ત્રિમાસિક, ત્રિભુવન, ત્રિકાલ.
નિ—	નિત્ય, નિબંધ, નિયમ, નિદ્રા.
નિસ્-	નિર્જળ, નિષ્ફળ, નિષ્કપટ, નિરપરાધી
પરિ-	પરિણામ, પરિપક્વ, પરિવાર.
પ્રતિ-	પ્રતિદિન, પ્રતિનિધિ, પ્રતિકૂલ.
વિ—	વિશેષણ, વિવેક, વિયોગ, વિશેષ્ય.

નીચેના પ્રત્યયમાં ઇ હ્રસ્વ છે.

પ્રત્યય.	તે સાથેના શબ્દો.
ઇક	માસિક, ત્રિમાસિક, વાર્ષિક.
ઇત	સુશોભિત, પ્રકાશિત, ગણિત.
ઇષ્ઠ	લોભિષ્ઠ, રોગિષ્ઠ, ગર્વિષ્ઠ.
[1]તિ	ભક્તિ, નીતિ, ગતિ, મતિ, બુદ્ધિ.
અપિ	કદાપિ, તથાપિ.
આદિ	ઇત્યાદિ.

નીચેના પ્રત્યયની ઈ દીર્ઘ છે.

પ્રત્યય.	તે સાથેના શબ્દો.
ઈય	સજાતીય, ભિન્નતીય.
અનીય	રમણીય.
આમણી	પહેરામણી, હળામણી, શીવડામણી.
આરી	કંપારી, ધ્રૂજારી,
દાની	ગુલાબદાની, અત્તરદાની.
ચી	તબલચી, મશાલચી, બીગલચી.
ઈલો	રસીલો, હઠીલો, રંગીલો.

૧. ઘણુંકરીને તેની પેહેલાં દીર્ઘ ઈ હોયછે. જેમ, નીતિ, પ્રીતિ, રીત ઇ૦.

'ઉ' જેમાં આવેછે તેવા શબ્દો.

(૧) શબ્દને છેડે ઉ હ્રસ્વ છે અને તેપર અનુસ્વાર હોય તોપણ હ્રસ્વ લખો. જેમ, ધીમું, કાંસું, રાતું, વાંચવું, ઊતાવળું, મોટું, ભાડું, ઇ૦ પણ જો તે ઊં ઉચ્ચારવાચક હોય તો દીર્ઘ. જેમ–ચૂંચૂં. ભૂંભૂં. ઉકરાંતને સ્વર પ્રત્યય લાગે ત્યાં ઉ જ રાખો. જેમ, લીંબુ, લીંબુઓ, જૂ, જૂઓ.

(૨) એકાક્ષરી શબ્દનો અંત્ય ઊ દીર્ઘ લખો. જેમ, જૂ, લૂ, ઇ૦

(૩) બે અક્ષરના શબ્દોમાં "ઉકાર" પછીનો અક્ષર "હ્રસ્વ" અગર દીર્ઘ હોય તો "ઉ" "દીર્ઘ" લખો. જેમ, દૂધ, ધૂળ, ચૂક, મૂક, ઇ૦ અને ચૂનો, ખૂણો ઇ૦

(૪) એથી વધારે અક્ષરના શબ્દોમાં ઉ પછીનો અક્ષર હ્રસ્વ હોય તો ઉ દીર્ઘ લખો અને દીર્ઘ હોય તો હ્રસ્વ લખો. જેમ, ફૂટડો, ખુશાલ.

(૫) નીચેના આગમ તથા પ્રત્યયમાં ઉ હ્રસ્વ છે.

પ્રત્યયાદિ

સુ	સુકાળ, સુગંધ, સુનીતિ.
કુ	કુમાર્ગ, કુચાલ, કુનીતિ.
ઉપ	ઉપકાર, ઉપસાગર, ઉપદેશ.
આઉ	ઉડાઉ, વેચાઉ, વગડાઉ.
આતુર	–ચિંતાતુર, શોકાતુર.

(૬) તાલવ્ય શ આવે તેવા શબ્દો.

અ. ભવિષ્યકાળનો શ્ પ્રત્યય. જેમ, કરીશ, લખશો, વાંચશું. ઇ૦


બ. નામ કરનારો આશ પ્રત્યય. જેમ, ખટાશ, રતાશ, મોળાશ, ઇ૦

क. જગ્યા બતાવનારો **શાળા** પ્રત્યય. જેમ, કન્યાશાળા, પુસ્તકશાળા ઇ૦.

ख. ગૂજરાતી શબ્દોમાં દંત્ય **स** ની જોડે **ई** કે **य** લાગે ત્યારે દંત્યને બદલે **તાળવ્ય श** થઈ જાય છે. જેમ, માસો–માશી. ડોસો–ડોશી. ફાંસો–ફાંશી ઇ૦ પીરસ્યોનું પીરશ્યું.

(૭) શહેર વાચક **પુર** પ્રત્યય **હ્રસ્વ** છે. જેમ, નાગપુર, જોધપુર, જયપુર ઇ. પણ પૂર=પૂરેલું, **ભરેલું**. એવો અર્થ થાય ત્યાં **દીર્ઘ** છે. જેમ, માણસપૂર, રતિપૂર. તલપૂર ઇ૦

(૮) મૂળ સંસ્કૃત શબ્દનો इ કે उ **હ્રસ્વ** હોય અને તેની પાછળ જોડાક્ષર હોય તે અપભ્રંશ થતાં છૂટો પડી તે **દીર્ઘ** થાય છે. જેમ વિદ્યુત ઉપરથી અપભ્રંશ વીજળી, દુર્બળ, ઉપરથી દૂબળો ઇ૦



पांचमी चोपडीमांथी तारवी काढेला डिक्टेशनना [1]शब्दो.

જે શબ્દ બન્ને રીતે લખાય તે કૌંસમાં લખી બતાવ્યા છે.

खूणो.	हिसाब.	पक्की.
मिजाज.	रोष.	यत्न.
पूछशे.	स्लेट.	छिद्र.
नाहि. (नहीं.)	विचार.	सुधारो.
गुस्सो.	विषे.	हांसी.

१ શબ્દ લખાવવા; વાક્ય લખાવવાં અને કાગળ ઉપર લખાવવું એ ત્રણ **ડિક્ટેશન** શીખવવાનાં પગથીઆં છે. શરૂઆતમાં એકલા શબ્દજ લખાવાય છે પણ **લીટીબંધ અનુલેખન** જે ધોરણમાં માગ્યું છે તેમાં શરૂઆતમાં **બે દહાડા શબ્દો** લખવવા **તો એક દહાડો વાક્યો** લખાવવાં ઠીક પડશે. લીટીઓ લખાવવામાં ભાગ્યે અઘરા ચાર પાંચ શબ્દો આવે પણ ભણનારે તો પાઠના જાણવા લાયક તમામ **શબ્દોની** જોડણી શીખવાની છે માટે આવા ચૂંટી કાઢેલા શબ્દો લખાવવાથી ઘણો ફાયદો થશે.

ધોરણોમાં અનુલેખન બાળબોધમાં કે અર્ધા બાળબોધ ને અર્ધા ગૂજરાતીમાં માગ્યાં છે માટે અમે શબ્દો બાળબોધ લખ્યા છે, પણ ગૂજરાતી અનુલેખનનીજ સામાન્ય વ્યવહારમાં જરૂર છે એ વાત ધોરણકારે જોવાની છે.

ऊंध्या.	डोलची.	चप्पु.
परीक्षा.	सिंधव.	घुमट्टुं.
मालूम.	यूरोप.	हुंफाळी.
सुधी.	छुसें.	चोंटी.
महिनो.	छूटां.	वच्चोवच्च.
डाह्यो.	रस्तो.	जगत्कर्त्ता.
दुर्गुण.	ऊंदु.	लाती.
दुनिया.	एशिआ.	माजी.
परमेश्वर.	स्पेन.	सूरत.
मश्करी.	झुम्मर.	दक्षिण.
स्वभाव.	अछत.	किनारो.
हिंमत.	मूर्त्ति.	मेल.
कदापि.	उपयोगी.	पश्चिम.
ऊन.	वस्तु.	हिंदुस्तान.
पक्षी.	आफ्रिका	नामीचुं.
बच्चां.	मुलक.	नाख्यो.
श्वास.	उतरत्न.	सुद्धां.
ऊंचुं.	दुर्बळ.	किल्लो.
घवड.	ऋतु.	पुल.
लक्कड्खोद.	पांदडां.	कलेक्टर.
सारस.	सूकाय.	माजिस्ट्रेट. (स्त्र)
देवतरस्यो.	कुंपळ.	आसिस्टंट.
चित्र.	टोशीओ.	बक्षी.

अमलदार.	महिमा.	बरछी.
दरियामहेल.	मर्कट.	रंदो.
शरियाम.	अहार.	आरी.
म्युनीसिपाल.	लज्जा.	ओजार.
स्टेशन.	रिधसिध.	स्थितिस्थापक.
बाजू.	पात्र.	पांगस.
रेलवे.	मदिरा.	इतराजी.
यूरोपीअन.	अमेरिका.	बार्तील.
लक्कड.	वेंत.	बंदीखानुं.
फुरजो.	भींगडां.	लाटूर.
टक्को.	बंदूक.	पात्रोश.
निरुपयोगी.	इंडां.	असार.
गूजरान.	इकुन्यूमन.	विश्वास.
मूल.	सेंकडो.	समागम.
मार्फत.	अद्भुत.	दारोगो.
छप्पा.	शिकार.	बाकुं.
अधिकुं.	स्थिर.	स्वाद.
स्वम.	दुर्गंध.	जुक्ति.
कूख.	व्याधि.	घुंटणीआ.
निरधार.	मूर्ख.	डोळ.
फीटी जवुं.	हुकम.	हिमायती.
रंक.	भट्ठी.	सूग.
मिथ्या.	हथियार.	एकांत.

सारांश.
दुःख.
निरांत.
विजोग.
(આવૃ. ૧૭ પાઠ ૧૭ મે વિજોગ ખોટુંછે.)
हाडछेड.
हीजरायो.
नर्या.
रीझववुं.
सूडी.
अस्त्रा.
कापकूप.
वर्णन.
इंग्लांड.
चक्कर.
मिनिट.
शेफील्ड.
मरामत.
खोदवुं.
रळियामणुं.
मजबूत.
मुश्केली.

हिंदु.
जास्ती.
कमिटी.
नर्मदा.
गूजराती.
सूतराउ.
विलायती.
विद्वान्.
मूछ.
घट्ट.
सूंढ.
चूशी.
मदांध.
ईश.
अवयव.
उदार
विड.
खून.
क्रूर.
शूळ.
निशान.
विनाश.
बुंदेलखंड.

महाराष्ट्र.
कर्णाटक.
पर्वत.
अग्नि.
नैर्ऋत्य.
हद्द.
अहीं.
हिमालय.
लश्कर.
विकट.
फळादि.
पूर.
विंध्याचळ.
कलकत्ता.
ब्रह्मपुत्रा.
मूखड.
नाळिएरी.
करिआणुं.
चित्ता
वनस्पति.
झ झा.
ब्राह्मण.
वाणीआ.

क्षत्री.	कृष्णे स्थाप्युं.	कवि.
रजपूत.	द्वारिका.	कालिदास.
व्यवहार.	दिल्ली.	भवभूति.
शूरो.	काश्मीर.	पुस्तक.
ज्ञान.	चंद्रगुप्त.	सेंकडो.
सत्तावीसें.	अशोक.	कवितारूप.
अयोध्या.	बुद्ध.	देवस्थान.
पदवी.	विक्रम.	सद्गुण.
हकूमत.	पराक्रमी.	पहोंच्युं.
वहीवटदार.	अजीत.	उद्यम.
अधिकारी.	गांज्यो.	स्थावर.
वसूल.	संवत्.	हिस्सा.
वसवायां.	दैवगति.	अवस्था.
इन्साफ.	वल्लभीनगर.	पृथ्वी.
मिलकत.	खंडियेर.	हुन्नर.
साजवाळा.	अणहिलवाड.	तृतीयांश.
पडाव.	ई. स.	लूण.
हाकेम.	संस्थान.	गचीओ.
विद्या.	चालुक्य.	पाहाणा.
युनान.	कन्या.	पारदर्शक.
सिकंदर.	दैवयोग.	तीर्थ.
राज्यनीति.	वैभव.	धोधवा.
जूना ग्रंथ.	कीर्त्ति.	रूपिया. (पोआ)

जुलम.	अंगज्ञान.	बुद्धि.
धमकी.	तर्कशक्ति.	क्षण.
बळात्कार.	जन्म्युं.	पारणुं.
अर्थ.	झीलाशे.	पोढवुं.
हुकम.	कडाकूट.	मुक्ति.
इच्छा.	मरुडी.	चित्त.
शब्द.	राफडो.	चिंता.
विनति.	अधूरो.	गणित.
उमंग.	शोचना.	प्रीति.
कठार.	वांकांचूकां.	अंगूठो.
अणगमो.	वादविवाद.	संघाडो.
मायनो.	वेंढुं, वैद्य.	डोळीआं.
उपेंद्रवज्रा.	वृत्ती.	बिलोरी.
सुवाक्य.	प्रेरणा.	चित्रामण.
स्नेह.	मनुष्य.	फ्रान्स.
कुवाक्य.	शक्ति.	लोंढो.
क्लेश.	उद्योग.	फूंक.
विवेक.	चल्लीओ.	धर्मशाळा.
विश्व.	भक्ति.	जिल्लो.
अमूल्य.	बिलाडी.	पारशनाथ.
थूंक्युं.	सिवाय.	प्रतिष्ठा.
विमासशो.	पंक्ति.	गणपति.
वटेमार्गु.	उत्तम.	पथ्थर.

सूरत.	अफघान.	सिद्धपुरपाटण.
हेमाचार्य.	उंझा.	लांछन.
विद्याशाळा.	अरुणप्रकाश.	मुद्दल.
सहस्रलिंग.	× सैबीरिआ.	इन्साफी.
सिद्धराजजयसिंह.	शियाळो.	समाप्ति.
शिवलिंग.	अतिशे.	महासमर्थ.
जैन.	ईशान.	गिरनार.
रुद्रमाळो.	कामस्चाटका.	क्षत्र.
सरस्वती.	किरण.	सरस्वती.
मूळ स्थान.	उत्पत्ति.	श्रीस्थळ.
कुमारिका.	झींझुवाडा.	सिहोर.
कुळदेवी.	कच्छ.	गिजनी.
इरानी.	जयशिखरी.	चिता.
तरकी.	फुटडी.	तुटी.
रशीअन.	लश्कर.	तुर्की.
कोकेशीअन.	शूर.	अरबस्तान.
सरकेशीयन.	भूवड.	ब्राह्मणाबाद.
जापानीस.	जोद्धा.	नगरठठ्ठा.
टीबेटन.	रूपसुंदरी.	तुर्कस्तान.
बरमीस.	गर्भवंती.	कुमक.
बलुची.	फळादि.	खरची.

* પાઠ ૧૦૭ માં બન્ને ઉત્તર છે. તે ભૂલ છે. શિક્ષકે આ અને બીજી ભૂલ સુધારવી.

सबक्तगीन.	फारशी भाषा.	टूकडी.
दिल्ली.	मर्यादशीळ.	खून्नस.
कालिंजर.	अल्लाउद्दीन.	बख्तर.
महमूद.	मबक्तगीन.	निरांते.
सिपाइ.	अफघान.	हल्लो.
द्रव्य.	पर्वत.	धूळधाणी.
हरडता.	डूबी.	सेनापति.
थाणेश्वर.	सिपाइ.	कुतुबुद्दीन.
मंदिर.	ग्यासुद्दीन.	अस्वार. (घोडे सवार)
मूळराज.	शहाबुद्दिन.	सिरोही.
सत्तावीस.	साहित.	स्वतंत्र.
प्रसन्न.	संतोष.	जोद्धो.
लूंटवो.	सोंप्यो	पाथाकूटीआ.
प्रार्थना.	अधिकार.	शत्रु
दुर्लभ.	पृथुराज.	मिजाज.
सूबो.	झेर.	सुस्त.
फर्दुसी.	नबळा.	बद्दो.
पूर्वे.	दत्तक.	दयामणुं.
पाठशाळा.	टूकडी.	दाथरो.
इतिहास.	स्थानेश्वर.	डसको.
कीर्त्ति.	कर्नाळ.	दडदड.
कवि.	तिरौरी.	बडबडतो.
साबित.	अस्वार.	

वीजळी.	मल्हारराव.	महोल्ला.
मुंधवातुं.	गणपति.	स्वधर्मी.
शामळ.	विश्वामित्री.	सद्गुणी.
उलट.	दक्षिणी.	प्रीति.
समश्या.	दांडीउं.	दृष्टांत.
सज्जन.	लक्ष्मीविलासमेहेल.	निंदक.
मृग.	पूर्वजो.	कवित.
श्वान.	प्रख्यात.	होशियारी.
वीणा.	मस्तुबाग.	अल्तमश.
सूक्ष्मदर्शक.	आषाढ.	जंघिसखां.
यंत्र. [પૂરો છે તે ભૂલ છે.)	यूरल.	फक्त.
विद्वान्. (ચોપડીમાં ન	झगझगे.	उज्जन.
संख्या.	ठहेल.	महाकालेश्वर.
गळीएर.	निर्मळ.	औलाद.
कोथळीओ.	पुष्कळ.	लक्ष.
भक्ष.	आल्प्स.	मिनारो.
रमणीय.	शिखर.	पक्को.
गेंडी.	लिपि.	दृढ.
पुण्यशाळी.	[1] ख्रिस्ति.	स्त्री.
वडोदरुं.	पुल.	रजीआबेगम.
सरशीउं.	जगत्.	बदचाल.

૧ પાઠ ૧૩૩ માં " સ્તી " દીર્ઘ ખોટું છે.

रुकनुद्दीन.	वायव्य.	लंडन.
फकीरी.	जलालुद्दीन.	विक्टोरिआ.
मवज्जुद्दीन.	कट्टो.	कृपा.
नासरुद्दीन.	झवेर.	दिनदिन.
दूआबाय.	विश्वासघाती.	विधविध.
मना.	काळजुं.	दुष्ट.
बुगाट.	द्रव्य.	विजयाकुंवरी.
एलची.	शिक्षा.	जगतपतिपणा.
सन्मान.	मलकज्याजु.	अखूट.
ग्यासुद्दीन बुलबुन.	फितूरी.	कष्ट.
विसामो.	इलीचपुर.	कृपानिधि.
[1] भत्रीजो.	देवगिरि.	न्याय.
निर्दय.	दर्शन.	परिवार.
तोग्रल.	गुणो.	तुर्कस्तान.
अक्कल.	निभाव.	शियाम.
निजामुद्दीन.	काबूल.	शिकल.
मति.	कदाचित्.	झांझीबार.
कैकुबाद.	निश्चय.	नामांकित.
छेल्लो.	हुनर.	फूटडाई,
खिलजी.	ग्रेटब्रिटन	बूठ.
एशआराम.	टक्म.	वर्ण.

૧ પાઠ ૭૮ માં "त्रि" હ્રસ્વ છે તે ભૂલ છે.

खुंदणां.
आरासैकोर.
सिंहासन.
चोघडीउं. (ચોપડીમાં દીર્ઘ કરી છપાયું છે તે ખોટું છે)
गृहस्थो.
विमळशा.
जग्यासद्धां.
पाळीआ.
आरसपाहाण.
कराळा.
दशांश.
पोटेश्वर.
अर्पण.
कुंभारीउं.
ज्वाळामुखी
बेत.
दोस्तदार.
आपस्वार्थी.
काळुमाछली.
अवघडवाळुं.
भोजनक्रिया.

अंगुठो.
धूणाव्युं.
गटगटावी.
संघ.
टूक. (-હસ્વ ખોટું)
सिद्धाचल.
शत्रुंजो.
राळियामणो.
श्रावक.
तीर्थ.
शिलालेख.
आदीश्वर.
पाळीताणा.
हिमाभाई.
वनस्पति.
धर्मशाळा.
सदाव्रत.
भूमध्यसमुद्र.
संयोगीभूमि.
किरण.
मिसर.
मूर.

गूंछळी आळी.
निमकहलाल.
होशीआ (शिया)र.
केप आफ गुडहोप.
संस्थान.
हिंसारि.
झांळझोळां.
पिता.
तुच्छ.
निरखवुं.
जगन्नाथ.
हयाती.
फीकर.
शिकार.
वेशुद्ध.
निमकहरामी.
बुद्धिमान.
पुलुघवां.
रोहिलखंड.
अलिफखां.
अलाउद्दीन.
वरंगुळ.
तैलंगण.

देवगिरी.	नाळिएर.	मूठ.
सिंहलद्वीप.	भूत.	हींग.
रामेश्वर.	वंत्री.	वशीकरण.
महाराष्ट्र.	झोदझपट.	अपशकुन.
कर्णाटक.	प्रकार.	प्रसिद्ध.
विना	धुमाडा.	वच्चं नच्च
खुशरूपां.	कुहडी.	तख्ता.
हरपाळ.	प्रयोग.	सिंहासन.
खूनी	युक्ति	झाकझमाळ.
चितोड.	शोभा.	छपरखाट.
बेवकूफ.	लाळचोळ.	पूनम
मालिक.	सुगंध्या.	दर्शन.
सुबेदार.	धुनवा.	तलपूर.
ओंचितो.	मंत्री.	वडोदरा
देवडी.	राण.	गोध्रा.
नीति.	मृत्यु	नडीआद.
गोळार्द्ध.	विगत.	गौशाळा.
वहाणवटी.	विख्यात.	चोरशी.
समधात.	दूधपाक.	स्वच्छ.
कोलम्बस.	अश्वास्वामी.	लक्ष्मी.
अज्ञानी	फारफारस.	देवस्थळ.
वहेम.[હોયતેસુધરાવવું).	पगळ.	वसूल.
नूनी. (ચોપડીમાંહસ્વ	लींबु.	शुक्रवार.

तुर्च्या.	निभाव.	मुद्दत.
इस्पिताल.	शिक्षक.	राज्यचिन्ह.
दाक्तर.	प्रकाश्युं	सत्ता.
डुवी. रेडरेड.	अभ्यास.	आस्तिक.
कस्तर.	कल्पना.	नाहक्क.
श्वासोच्छ्वास.	कूदाकूद.	स्तुति.
आस्ट्रेलिआ.	अधूरो.	खिजरखां.
न्युझीलांड. (ચોપડીમાં ન્યુ દીર્ઘ હોય ત્યાં સુધરાવવું [ર્ધ ખોટું છે.)	पासिफिक.	सैयदवंशी.
	आट्लांटिक.	भाषा.
	हिंदी.	इशारत.
जुलमी.(ચોપડીમાં દી·	उत्तर.	इंडिअन.
कुकर्म.	दक्षिण.	कंडीआ.
कोर्ट.	कबूल.	सिसोळीआ.
तरफदारी.	ऐनुलमुल्क.	घूमटा.
न्यायाधीश.	(वा) पादशाह(બન્ને)	चिराजी.
आतुर.	शमसुद्दीन.	दिलगीरी.
उमराव.	ग्यासुद्दीन.	बेडोळ.
निर्भयपणुं	फिरोजुद्दीन.[1]	बेढंगुं.
वरमाया.	नासरुद्दीन.	छींट.
दुराचरणी.	तापा.	शामिल.
दुष्ट.	पौत्र.	बहादरूं.
शिवशंकर.	हमायलानुं.	दिंग.

१. પાઠ १३० ની દીર્ઘ ખોટું છે.

घूंटणपुर.	उभयान्वयी.	लुधियाना.
दिलासो.	शब्दयोगी.	धूळीओ.
खुंध.	केवळप्रयोगी.	इब्राहीम.
सरभरा.	क्रियाविशेषण.	हुमायुं.
दोहिली.	अव्यय.	झाडुस.
दूरबीन.	अत्यार.	छक्को.
वखूटा.	सृष्टि.	पुरुष.
दरिया.	माझार.	बाळचरित्र.
निश्चय.	अतुळ.	तैमुर.
सढ.	निज.	सिकंदर.
विभक्ति.	तस्कर.	मग्र.
संबोधन.	जूथ.	बाकुत्रिआ.
इत्यादि.	धूळ.	समरकंद.
विशेषण	चांल्लो.	उस्बेक.
क्रियापद.	भजंगी.	फरघान.
सकर्मक.	वस्तु	लुधिआ(या)ना.
अकर्मक.	कावतरुं.	कुश्ती.
मूळभेद.	सत्यवादी.	आयुष्य.
वाक्यभेद.	वक्कर	इमारत.
भूत.	बहिलोलखां.	दोस्तदार.
वर्त्तमान. (र्त)	हिमालय.	प्रदक्षिणा.
भविष्य.	तिरस्कार.	प्राथना.

वृत्तांत.	सर्वथा.	उदकप्रवाह.
अतिलोभ.	शुद्ध.	वूमराण.
विशात.	विलाप.	चर्चा.
फेंदी.	दीन. (गरीब.)	मगतरुं.
क्षमा.	दिन. (दिवस.)	मच्छर.
निर्धन.	दृष्टि.	वातप्रवाह.
स्वभाव.	वस्तारी.	जिकर.
नियम.	दैत्य.	उष्णतावाई.
टट्टु.	डामाडोळ.	स्वाधीन.
सामर्थ्य.	गारक.	वेंतीआ.
चोळाचोळ.	चमत्कारी.	विठ्ठल.
पस्ताय.	विहामणु.	संघर्या.
कदापो.	निहाळो.	विगतवार.
फेंदीनांखवुं.	राक्षस.	ब्राह्मण.
कष्टनष्टाष्टक.	होइयां.	विमासवुं.
विलाप.	पृछपरछ.	वराळीओ.
पूर्ण.	स्वाधीन.	मळचक्को.
तथापि.	मजुरी.	विरला.
वृथा.	मंघर्या.	वनिता.
शिर.	सूरण.	दावानळ.
श्रेष्ठ.	जूज.	मेडक.
सद्य.	अलमस्त.	गिरधर.
सर्वदा.	मस्तान.	जन्तु.

प्रताप.	चिठ्ठी.	मिष्ट.
शामळभट्ट.	फगवुं.	स्वादु.
हौंसेहौंसे.	डगमगतुं.	अर्बुदा.
कदाचित्.	मरद.	कुंड.
श्वास.	फिटकार.	दलपत्तराम.
आशीर्वाद.	गिरिराज.	
ईर्षा.	ख्यात.	

ભળતા ઉચ્ચારનો પણ જૂદો જૂદો અર્થ જેનો થાય તે સાધન થવું જોઇયે તેવા શબ્દોની જોડણી જૂદી પાડવા સાધન નથી.

દૃષ્ટાંત.

મોર—૧ (મોરપક્ષી.) ૨ આંબાનો મોર.

કોઠી—૧ (દાણા ભરવાની.) ૨ કોઠીનું ઝાડ.

ગોળ—(પૃથ્વી) ૨ (લાડુમાં પડે તે.)

કેરી--૧ (છઠ્ઠીનો પ્રત્યય.) ૨ ફળ.



લેખન–કાપી લખાવવા વિષે.

શિક્ષકના અક્ષર **ઘણા સારા** હોવાજ જોઇયે. આ વિષય શીખવવા જેવું **સહેલું કામ** બીજું નથી. પાઠના આરંભ અને અંતમાં **ડ્રિલ** કરાવવી. છોકરાં કોપી ઘરેથી લખી લાવે તેમાં માર્ક આપી નંબર ચડાવ્યા એટલે પાઠ શીખવ્યો એમ સારો શિક્ષક કદી ગણુશે નહિ.

લખવાનાં સાધનો—સ્લેટ કે કાપી, કલમ, ખડિયો, પેન, પાટી કે આંકણી, પુઠ્ઠી વગેરે હાજર રાખો. **ખડીઓ** જમણા હાથ તરફ મૂકો. ખડીઆ સાથે કલમ લૂછવા માટે **લૂગડાનો કટકો** જરૂર બાંધો. ખડીઓ મ્હોટા મ્હોનો રાખો કે કલમ ખરડાય નહિ, તથા આંગળીઓ બગાડે નહિ, કોપી **ડેસ્ક**પર મૂકી લખવાનું ન હોય તો નીચે **પુઠ્ઠા** મૂકો. **કલમ**—આઠ દશ આંગળી લાંબી રાખો તેથી નાની કદી રાખતા નહિ. તેનો **કાપ**–અક્ષરની જાડાઈ પ્રમાણે રાખો. બે પાંખડેથી અક્ષર નીકળે તેમ **કલમ પકડો**; ખડીઆમાં કેટલી બોળી હમેશ કેમ પકડી લખવું, તે શિક્ષકે સમજાવી તેમ થવું તપાશી જોવું. છોકરાં લખતાં કલમપર ભાર ન દે અને ખંખેરીને જમીન ન બગાડે તેવી ટેવ પાડવી.

બેઠક—અયોગ્ય હોય તો શરીર તથા આંખને હરકત થાય છે (પ્રત્યેક લખાણુ વખતે એ વાત ધ્યાનમાં રાખવાની છે) માટે કેમ બેસવું? અને કોપી કેમ પકડી લખવું? અજવાળું કેણી ગમથી, અને કેટલું આવવા દેવું તે શિક્ષકે સમજાવવું.

એ રીતે સર્વ તૈયારી કરી બાળકોનું ધ્યાન પાટીઆ તરફ ખેંચી કાપીબુક પ્રમાણે લીટીઓ દોરી શિક્ષકે જાતે કોપી લખી બતાવવી. તેમાં નીચેની બાબત સુધારવી. દરેક અક્ષર ક્યાં ઝીણો? ક્યાં

જાડો? લીટીથી કેટલો છેટો? કયાં વાંકો, કયાં ગોળ? ઈ. તેના યોગ્ય મરોડની વાતો છોકરાં બરાબર સમજી લખે તેમ કરવું. ઘાટ, કદ, અંતર અને સુઘડતા ઉપર ધ્યાન આપવું. લખતાં ડાઘો ન પડે, તથા ચેરચૂંથ ન થાય તેમ કરવું જે ભૂલો ઘણાં છોકરાં કરે તે તરફ બધાનું ધ્યાન ખેંચી પાટીઆ ઉપર સુધારી કરી તે ભૂલ ન કરે તેમ કરવું. "આવી ભૂલો ન કરજો." એટલું મ્હોડે કહી દીધાથી પતશે નહિ પણ તમે જે કહો તે પ્રમાણે છોકરાં વર્ત્તે ત્યારેજ તમે શીખવ્યું ગણજો. કાપીનો વખત પૂરો થઈ રહે એટલે સઘળો સામાન ક્રમમાં ગોઠવાવી દેવો.

કોપીબુક ગંદી કે ડાઘાડૂઘીવાળી ન થવા દેવી; આખા વર્ષના કોપીબુકો શિક્ષકે પોતાપાસે એકઠી કરી પરીક્ષા વખતે દેખાડવી. આ ધોરણ માટે માટીની કોપી એક વખત ઘેરથી લખાવી મંગાવવાથી અક્ષર સુધરશે. દસ્કત સારા સુધર્યા પછી માટીની કોપી બંધ કરો તો અડચણ નથી. ઘણા ખરાબ અક્ષર લખનારને યોગ્ય હાસ્યથી ટોકવા અગર તેથી નીચલા વર્ગના સારા અક્ષર લખનાર જોડે બેસાડી નંબરમાં ઊતારી શરમાવવા એ પણ કાપી સુધારવાનો સારો રસ્તો છે.

ફાઈલ.

છાપેલા અક્ષરો કરતાં **લખેલા** વાંચવાની જરૂર વ્યવહારમાં વિશેષ પડવાની, તેથી આ વર્ગથી આ વિષય નવો દાખલ થાય છે. ફાઈલમાં જે વિદ્યાર્થી જે કાગળ વાંચે તેનો **સાર, સમજણ ને શબ્દાર્થ** શિક્ષકે પૂછવાં જોઈએ. તે સારૂ આ નોંધ તેને અગત્યની થશે.

દરબારી સરકારી લખાણુમાં વપરાતા બાંધેલા શબ્દો.

અ૦ જ૦=અકૌન્ટંટ જનરલ.
આ૦=આવક. ૨ આકિટંગ ૩ આજમ. ૪ આસિસ્ટંટ. ૫ આસાર.
આ૦ એ૦ ઇ૦=આસિસ્ટંટ એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. | આ૦ તા. સ્કૂ. મા.=આજમ તાલુકા સ્કૂલમાસ્તર. | આ. ના૦=આવક નંબર.
આ. મે.=આજમ મેહેરબાન.
આસિ૦=આસિસ્ટંટ.
ઇ૦=૧ ઇન્ચાર્જ. ૨ ઇન્સ્પેકટર. ૩ ઇજાજતે. ૪ ઇ-વી. | ઇ૦ આ૦=ઇજાજતે આસાર. (સારી આબરૂવાળા).
ઇ૦ સ૦=ઇસ્વી સન.
ઉ. વિ.=ઉત્તર વિભાગ.
એ૦=૧ એકાઉન્ટ. ૨ એજ્યુકેશનલ.
એ૦ ઇ૦=એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.
એ. જ. સા.=એકૌંટંટ જનરલ સાહેબ. | એ. વી. સ્કૂ=એંગ્લો-વર્નાક્યૂલર સ્કૂલ. | અં. લે. નં=અંગ્રેજી લેટર નંબર.
કા૦=કારભારી, કામદાર, કારકુન.
કે૦=કેળવણી.
કે. આ. ન.=કેળવણી આવક નંબર.
કે. જા. ન.=કેળવણી જાવક નંબર.
ખા. બા.=ખાન બહાદુર.
ખા. સા.=ખાન સાહેબ.
ગો. તે. ધ.=ગોકળદાસ તેજપાલ ધર્મખાતું. | ગો. ધ.=ગોકળદાસ ધર્મખાતું. | ગો. ધ. સે.=ગોકળદાસ ધર્મખાતાનો સેક્રેટરી.
ગ્રાં નં.=ગ્રાંટ નંબર. | ઘો. સુ.=ઘોડાર સુપરિન્ટેડંટ.
જા૦=જાવક. | જા. નં.=જાવક નંબર.
જો. ના૦ દી૦=જોઇંટ નાયબ દીવાન. | ડે.=ડેરાત.
ડે. નં.=ડેરાવ નંબર.
ડે.=૧ ડેપ્યૂટી, ૨ ડીપો, ૩ ડેમી.
ડે. આ૦=ડેમી ઑફીસ્યલ.
ડે. એ. ઇ૦=ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર. | ડે. કી૦=ડેપોકીપર
તા૦=તારીખ. | ત. ક૦=તાજે કલમ. | દ૦=દરબારી. [શાળ.
દ. ગૂ. નિ૦=દરબારી ગૂજરાતી નિ
દી. ક૦=દીવાન કચેરી.
દી. કા નંબર. | દી. જા. નં.=દીવાની જાવક નંબર. | દી૦બા૦=દીવાનજી બહાદુર | દી. સા૦=દીવાનજીસાહેબ. | ના૦દી૦=નાયબ દીવાન. | નિ૦=નિશાળ.
નં૦=નંબર. | પો૦=પોલીસ, ૨ પોલિટિકલ. | પો૦ એ૦ ક૦=પોલિટિકલ એજંટ કચેરી.
પો૦ ક૦=પોલીસ કમિશનર.
પો૦ ફો૦=પોલીસ ફોજદાર.
પો૦ મા૦=પોસ્ટ માસ્તર.

પો૦ મે૦=૧પોલીસમેન, ૨ પોસ્ટ મેન. | પો. સુ૦=પોસ્ટલ સુપરિન્ટેંડેંટ. | ફે૦ નં=ફેંસલા નંબર.
બ્રા૦ પો૦ મા૦=બ્રાંચ પોસ્ટમાસ્તર.
ભા૦=ભાયાતી. | ભા. ગૂ૦ નિ૦= ભાયાતી ગૂજરાતી નિશાળ.
મા. આ. નં.=મહાલી આવક નંબર.
મા. જા. નં. =મહાલી જાવક નંબર.
મીમો=યાદી, સ્મરણી. | મુ.=મુકામ. | મે.=મહેરબાન, ૨ મહેતાજી.
મે. નં.=મેમો નંબર. | રા૦=રાજેશ્રી (રાજ્યશ્રી). | રા૦ બા૦=૧ રાવ બહાદુર, ૨ રાય બહાદુર.
રા૦ રા૦=રાજમાન રાજેશ્રી.
રા૦ સા૦=રાવસાહેબ. | રે૦=રેવન્યું. | રે૦ આ૦ નં૦ =રેવિન્યુ-આવક નંબર. | રે૦ ક૦=રેવિન્યુ-કમિશનર. | રે૦ જા૦ નં૦=રેવિન્યુ જાવક નંબર.—લા૦=૧ લાઇબ્રેરી, ૨ લાઇબ્રેરિયન, | વ૦ કે૦ જ૦=વરિષ્ટ કોર્ટના જજ્જ.
વિ૦=વિનંતિ, | વિ૦ પો૦ મે૦=વિલેજ પોસ્ટમેન.
સ=૧ સરકારી. ૨ સત.
સ. ગૂ. નિ.=સરકારી ગૂજરાતી નિશાળ. | સ. ડે. એ. ઇ=સબ ડેપ્યૂટી એજ્યુકેશ્નલ ઇન્સ્પેકટર.
સ. નં.=સરક્યુલર નંબર.
સ. ન્યા.=સર ન્યાયાધીશ.
સ. પો. મા.=સબ પોસ્ટમાસ્ટર.
સા.=સાહેબ. | સ્વ.=સ્વસ્થાનય.
હ. આ. નં.=હુઝૂર આવક નંબર.
હ. જા. નં.=હુઝૂર જાવક નંબર.
હુ=હુકમ. | હુ. આ.=હુઝૂર આસિસ્ટંટ. | હુ. સે.=હુઝૂર સેક્રેટરી.
હે. પો. મા.=હેડ પોસ્ટ માસ્તર.

લખાણના શબ્દોના અર્થ.

અકૌંટ=હિસાબ.| અકૌંટંટ જનરલ =એકંદર હિસાબ ખાતાના ઉપરી.
અજ તર્ફે=અહીંથી; અત્રેથી.
અનામત=કોઇના નામથી કંઇ રાખવું, થાપણ. | અરજ=વિનંતિ.
આજમ=૧ મોટા માણસને લખાય છે. ૨ તાલૂકામાસ્તરને પેટા મહેતાજી માન માટે એ શબ્દ લખે છે.
આંગ્લો વર્નાક્યુલર—ઇંગ્રેજી તથા દેશી ભાષાની. | આયદે=હવે પછી.
આવક નંબર=આવેલા કાગળનો નંબર. | આસિસ્ટંટ = મદદ—ગાર—નીશ. | ઇજ્જત આસાર=આબરૂદાર. સારી આબરૂવાળા. (આ ઇલકાબ મેહેતાજીને લખાય છે, એવું બતાવવા કે તેમનો ધંધો બહુ આબરૂવાળો છે.) | ઇન્ચાર્જ=ખલીમાં થોડી મુદતને માટે કામ કરનાર. | ઇન્ડેન્ટ=જોઇતી ચીજો-

નું માગણીપત્રક.
ઇન્સ્ટ્રકશન=કેળવણી.
ઇન્સ્પેકટર=તપાસ રાખનાર.
ઇન્ફીરીઅર=નીચલા વર્ગની, ગામડાની. | એડવાન્સ=અગાઉથી, તઅદ. | એડીટર=મુખી, પ્રવર્ત્તાવનાર. (ન્યૂસ કે ચોપાનિયાનો)
એજ્યુકેશનલ=કેળવણી સંબંધી.
એબ્સ્ટ્રાકટ–પગારપત્રક.
એલાવન્સ–ઉપલક રકમ, ભથ્થું.
ઓડીટર=હિસાબ તપાસનાર.
ઓફીસ=અધિકારીને કામ કરવાની જગ્યા. | ઓર્ડર=હુકમ.
કમિટી=તપાસ રાખનાર મંડળી.
કલેકટર–એકઠું કરનાર. ૨ જિલ્લાનો મહેસૂલ ઉઘરાવનાર વડો અધિકારી.
કસબો–શહેરથી નાનું અને ગામડાથી મોટું ગામ. | કારકુન=મુત્સદ્દીનું કામ કરનારો. (ઈંગ્રેજીમાં કલાર્ક.)
કિફાયત=થોડે ખર્ચે, કરકસરથી ફાયદો કરીને. | કીપર—રાખનાર. | કુરનસ=સલામ.
કેજ્યુઅલ=પરચૂરણ, એકાએક આવી પડેલ કામની.
કોપી=નકલ. | કોલેજ=પાઠશાળા, ઊંચી કેળવણી આપનારી શાળા.
કંટીજંટ=પરચૂરણ ખર્ચ.
ગુદસ્ત=ગયેલો. | ગ્રાંટ નંબર=અકૌંટ ખાતાની મંજુરીના નંબર.
ચાર્જ=હવાલો, કબજો.
ચેરીટીઝ=ધર્મખાતું. | ચેરીટેબલ=ધર્માદા. | જડ્જ=ન્યાયાધીશ.
જાવક નંબર=મોકલેલા કાગળનો નંબર. | જનાબ=સેવા.
જ્યુરી=પંચાયત. | ટીચર=શિક્ષક.
ટ્રેનિંગ કોલેજ=મહેતાજીના કામ માટે તૈયાર કરનારી પાઠશાળા.
ટ્રેન્ડ=કેળવાયલા. | ડાયરી=નોંધબુક, રોજકામની બુક.(પોલીસ ડા)
ડિપાર્ટમેંટ=ખાતું. | ડિરેકટર.–દોરનાર, રસ્તો દેખાડનાર, કેળવણી ખાતાનો સૌથી વડો હાકમ.
ડિવિઝન=ભાગ.
ડેડસ્ટાક=સામાન. | ડેપો=વખાર, માલ, કે ચોપડી વેચવાની દુકાન.
ડેપ્યુટી=પ્રતિનિધિ. કોઇના તરફથી કામ કરનાર. | ડેર=ઢીલ.
તાજેકલમ=તારીખ તથા સહી કર્યા પછી લખવું તે. | તુમાર=સેરોથયેલો કાગળ. | ત્રિમાસિક=ત્રણ ત્રણ મહિને મોકલવાનું.
ત્રીજોરી (ટ્રેઝરી)=નાણું સાચવવાની જગ્યા. | દર=એક.
દરેક=અકેક. | દરમીયાન=વચ્ચે.
દસ્તૂર=ધારો. | દાખલ=પહોંચવું તે.
દિગર=બીજું. | ડુપ્લીકેટ=બેવડી.
દેર=ઢીલ. | નિરાકરણ=નિકાલ, નીવડો. | નેમણુક=કોઇ જગોએ મુકરર થવું, બહાલી. | નોટ=ચીઠ્ઠી, ૨ સ્મરણ માટે નોંધ કરવાની બુ-

ક.ઉન્યાયાધીશ યાદદાસ્ત માટે નોં-
ધે તે. | નોટીસ=જાહેરખબર.
પત્રક=આંકેલો કાગળ. (ફાર્મ ઇ.)
પદર=પોતાની ગાંઠનું. | પબ્લિક=
જાહેર,સાર્વજનિક. પાકિટ=પરબી-
ડીઉં, કોથળી. | પાવતી=પહોંચ.
પેસ્તર=અગાઉનું, પહેલાનું.
પ્યૂપિલ=નિશાળીઓ. | પ્રત્યુત્તર=
સવાલનો જવાબ. | પ્રાક્ટિસિંગ=
ભણાવવાનો મહાવરો કરાવના-
રી નિશાળ.
પ્રાઇમાફેસી=કેસ માંડ્યા પહેલાંની
તપાસ. | પ્રોબેશનરી–અજમાય-
શપર રાખેલી.
પ્રોસિક્યૂટ=ન્યાયકોર્ટમાંકામચલાવવું.
પ્રોસીડિંગ=મુદ્દા. [હાવનાર.
ફરમાન બરદાર=તાબેદાર, હુકમ ઉ-
ફરમાવ્યું=હુકમ કર્યો.
ફાઇલ=જથ્થાબંધ ગોઠવેલા કાગળો.
ફિદી = તાબેદાર, સેવક.
ફુલ્સકેપ=સારાઉંચાસફાઇદારકાગળ.
ફેલો=યૂનિવરસિટિનો એક ખિતાબ.
ફંડ=એકઠું કરેલું ભંડોળ.
ફ્રેંચપેપર=હલકા–ઝીણા કાગળ.
બજેટ=બાર માસિક ખર્ચનો અજ-
માયશી આંકડો.
બલ્કે–વળી, ઘણુંકરીને.
બારોબાર=પરબારા, કોઇના મારફતે
નહિ. | બુકપોસ્ટ=ચોપડી ટપાલ-
માંમુકેતે.કાગળથીવધારેવજનજાય

એંગી=ગાંસડી, બીંદડી.
બ્રેંચ=કોઇના પેટામાં હોયતે.
મજકુર=૧ મતલબ. ૨ એનુંએ.[લો
મજમુન=મતલબ|મર્હૂમ=મરીગયે-
મહેરબાન=કૃપાવાળો.[મું,મેળવવુંતે.
માજીસ્ટ્રેટ=ફોજદારી ન્યાયાધીશ.
મીનહુ=ચાલતો.| મીસાલે=રીતે,પઠે.
મુકાબીલ = એકઝામીન, સામસા-
મુદ્દામ=નક્કી, ખાસ.[મું મેળવવું તે.
મુનાસિબ=લાયક, ઘટારત.
મુલ્તવી=માફૂક રાખવું, અટકાવવું.
મેનેજર=દેખરેખ રાખનાર.
મેમો=ઉપલક ખબરની યાદ, (પૂર્ણ
હકીકતનો કાગળ નહિ.)
મેમ્બર–સભાસદ, સભાનું એકઅંગ.
માનીટર=ભણવું ને ભણાવવું એ બે
કામ કરનાર. | મોસુફ=પોતે.
મંજુરી=કબુલત, હુકમ.
મંથલી=મહિનાનું, માસિક.
રજીષ્ટર=હાજરી નોંધવાની બુક.
રજુ=ભેગા. | રસીદ=પહોંચ. (રિ-
સીપ્ટ.) | રહેમ=દયા.
રાવસાહેબ=ડેપ્યૂટીને તથા મામલ-
તદારોને જિલ્લામાં એ ખિતાબ લ-
ખાય છે. | રાહે=રસ્તે.
રિપોર્ટ=હકીકત જાહેર કરવી તે.
રીપેર=ભાગેલું સાજું કરાવવું તે.
રેકર્ડ (રિકાર્ડ)=દફતર.
રેકાર્ડ કીપર=દફતર સાચવનાર.
રોજમેળ=રોજનું નામું લખવાનો

ચોપડો. | રોશન=જાહેર.
લગાયત=સાથે, જોડે.
લવાજમ=ચાલુ રકમ.
લાઇબ્રેરી=પુસ્તકશાળા.
લીસ્ટ=ટીપ. | લેટર=કાગળ.
લોકલ=અમુક ઠેકાણાનું, સ્થાનિક.
લોકલ સેલ્ફ ગવર્નમેંટ=સ્થાનિક સ્વરાજ્ય. | વર્નેક્યુલર=દેશી ભાષાની. | વાકેફ=જાણીતું.
વાર્ષિક હિસાબ=વર્ષ દિવસનો હિસાબ. | વિદિત=જાહેર, જણાવવું.
વિલેજ=ગામડું. | વૃત્તાંત=હકીકત.
શેરો=આવેલા કાગળ નીચે અધિકારી જવાબ કે હુકમ લખે તે.
સદરહુ=એનું એ. | સરક્યુલર=ઘણા ઉપર લાગુ પડે તેવા સામાન્ય હુકમ. | સર્ટિફિકેટ=ખાત્રીનો કાગળ. | સર્વિસ=ચાકરી.
સર્વિસબુક=સરકારી નોકરી સંબંધી હકીકતની ચોપડી.
સર્વિસ સ્ટાંપ=દરબારી સરકારી કાગળો ઉપર ચોડવાની ટીકીટ.
સસ્પેંડ=કોઇ ઉપર ગુન્હો આવતાં તપાસ થતાં લગી નોકરીથી દૂર કરાય તે. | સિફારસ=ભલામણ.
સિલિક=પ્રાંત. | સુપરીન્ટેંડંટ=ખાતાના ઉપરી. | સુપીરીઅર=ઉપલા વર્ગનું. | સેવીંગ=બચાવેલું.
સેવીંગબેંક=બચાવેલું સંઘરી રાખવાની પેટી. | સેંકસન=મંજુરી.
સેંટ્રલ=મધ્ય. | સોસાઇટી=મંડળી.
સંભવ=પોસાવું, ધારવું તે.
સ્કોલર=નિશાળીઓ, ૨ સ્કોલરશિપ લઇ ભણનાર. | સ્કોલરશિપ=વિદ્યાર્થીના ગુજરાન માટે માસિક લવાજમ આપવામાં આવે છે તે.
સ્પેશ્યલ=ખાસ, વિશેષ. પ્રસંગ કરેલું તે.
હેડ=સર્વથી મોટું, સર્વોપરી, માથું.
હેડમાસ્તર=મોટા માસ્તર.



જાહેર ખબર.

નીચે લખેલે ઠેકાણેથી નીચેનાં પુસ્તકો રોકડી કીંમતે મળશે— ઉધાર કોઇને અપાશે નહિ. વલ્યુપેબલ પોસ્ટથી મોકલાશે.

અગાઉથી પૈસા આપી પચાસ અને તેથી વિશેષ પ્રત ખરીદશે તેને પંદર ટકા કમીશન મળશે.

તાલુકા સ્કૂલમાસ્તરો—જાણીતા બુકસેલરો—સરકારી ડીપો— ભુજ વ્રજભાષા પાઠશાળા—અમારે ઘેર—ભુજ.

મારા પિતા રા. રા. દયાશંકર શામજીનાં પુસ્તકો. કીં.

હંટરકૃત હિંદના ઇતિહાસનો શબ્દાર્થકોષ.		૧॥
કચ્છશાળોપયોગી દેશીહિસાબ ભાગ ૧ લો.		૦।
,, ,, ,, ૨ જો.		૦॥
,, ,, ભાગ ૩ જો	તૈયાર થાયછે.	
,, ,, કોઠાકાવળી.		,,
કચ્છનાં જાણવા જોગ્ય સ્થળોનું વર્ણન.		,,
કચ્છની વસ્તીનું વર્ણન.		,,
વ્રજભાષાનો રસરાજ સટીક.		,,

સ્વર્ગવાસી કચ્છ કવિરાજ પ્રાણજીવન મોરારજી ત્રિપાઠીનાં છપાવેલાં.

શ્રી શિવરાજભાવની સટીક.	૧॥
કિશનબાવની સટીક.	૨)

મારાં છપાવેલાં.

વિદ્યા વિજય.	૧)
ગુજરાતી પાંચમી ચોપડીનો ભોમિયો.	૧)
ગુજરાતી ચોથા ધોરણનો ભોમિયો	છપાયછે.

મુ૦ કચ્છ—ભુજ.
ડોશાવાળી વાવ પાસે હવેલી નજીક. } **કૃપાશંકર દયાશંકર ત્રિપાઠી.**